# વિશ્વના ધર્મો...

લેખક:- ગો. હ. ભટ્ટ

P.P. Ac. Gunratnasuri M.S.
Jin Gun Aaradhak Trust

# વિશ્વના ધર્મો

પ્રો. ગોવિન્દલાલ હરગોવિન્દ ભટ્ટ, એમ. એ.,
અધ્યક્ષ,
રામાયણ વિભાગ,
મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરા.

एकं सद्विप्रा बहुधा वदन्ति ।
એકને વિપ્રો બહુધા વદે છે.
( ઋગ્વેદ ૧. ૧૬૪. ૪૬)

[ બીજી આવૃત્તિ ]

ગુડ કમ્પેનીઅન્સ
બુકસેલર્સ અને પબ્લિશર્સ
વડોદરા.

૧૯૫૮ ] [ કિમ્મત રૂ. ૪-૦-૦

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પ્રકાશક :
ના. કૃ કાટે, બી. એ.
ગુડ કમ્પેનીઅન્સ
રાવપુરા, વડોદરા.

બીજી આવૃત્તિ

મુદ્રક :
કસ્તુરચંદ સી. શાહ
'નૂતન પ્રિન્ટરી'
ટાવર ઇલેક્ટ્રીક સબસ્ટેશન પાસે,
રાવપુરા—વડોદરા.

P. P. Ac. Gunratnasuri M.S.
Jin Gun Aaradhak Trust

# પ્રસ્તાવના

આ પુસ્તકની પ્રથમ આવૃત્તિ ઈ. સ. ૧૯૫૫ ના સપ્ટેંબરમાં પ્રસિદ્ધ કરવામાં આવી હતી. તેની નકલો ખપી જવાથી આ દ્વિતીય આવૃત્તિ પ્રસિદ્ધ કરવામાં આવે છે. આ આવૃત્તિમાં ખાસ ફેરફાર કરવામાં આવ્યો નથી. પુસ્તક સર્વને રુચિકર થઈ પડયું છે એ જાણી મને સંતોષ થાય છે. જે વિદ્વાનોએ અને મિત્રોએ પુસ્તકને આવકાર આપ્યો છે તેમનો હું ઋણી છું.

મારા સ્નેહી શ્રી. કાટેએ જે ઉત્સાહથી આ આવૃત્તિ પ્રસિદ્ધ કરી અને નૂતન પ્રિન્ટરીના માલીક શ્રી. શાહે જે ત્વરા દર્શાવી તેને માટે હું તેમનો આભાર માનું છું.

'શાકુન્તલ',<br>
ખાંરીવાવ રોડ,<br>
વડોદરા<br>
તા. ૧૫-૭-૧૯૫૮.

ગોવિન્દલાલ હરગોવિન્દ ભટ્ટ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧ | ધર્મ અને તેનાં વિશિષ્ટ સ્વરૂપો ... ... | ૧– ૨૦ |
| ૨ | હિન્દુધર્મ ... ... | ૨૧– ૪૫ |
| ૩ | જૈનધર્મ ... ... | ૪૬– ૬૨ |
| ૪ | બૌદ્ધધર્મ ... ... | ૬૩– ૭૯ |
| ૫ | શીખધર્મ ... ... | ૮૦– ૯૭ |
| ૬ | કૉન્ફ્યૂશ્યસધર્મ ... ... | ૯૮–૧૧૫ |
| ૭ | તાઓધર્મ ... ... | ૧૧૬–૧૩૬ |
| ૮ | શિન્તોધર્મ ... ... | ૧૩૭–૧૫૫ |
| ૯ | યાહુદીધર્મ ... ... | ૧૫૬–૧૭૭ |
| ૧૦ | ઝોરોસ્ટરધર્મ ... ... | ૧૭૮–૧૯૫ |
| ૧૧ | ઇસ્લામધર્મ ... ... | ૧૯૬–૨૧૬ |
| ૧૨ | ખ્રિસ્તીધર્મ ... ... | ૨૧૭–૨૪૪ |
| ૧૩ | વિદ્યમાન ધર્મોની સંક્ષિપ્ત તુલના ... | ૨૪૫–૨૫૯ |
| ૧૪ | પ્રાચીન અવિદ્યમાન ધર્મો ... ... | ૨૬૦–૨૭૨ |
| ૧૫ | ઉપસંહાર ... ... | ૨૭૩–૨૮૪ |


P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# વિશ્વના ધર્મો

## પ્રકરણ પહેલું

### ધર્મ અને તેનાં વિશિષ્ટ સ્વરૂપો

**ધર્મમાં માનવજાતિનું સામાન્ય તત્ત્વ**

ધર્મ એ મનુષ્યનું મુખ્ય ભેદક લક્ષણ છે અને તેથી તે બીજા પદાર્થોથી મનુષ્યને જૂદો પાડી શકે છે. કેટલાંક પ્રાણીઓમાં મનુષ્યોના કરતાં પણ અમુક શકિતઓ વધારે પ્રમાણમાં જોવામાં આવે છે. દાખલા તરીકે ઇન્દ્રિયોની ગ્રહણશક્તિની તીવ્રતા, વ્યાવહારિક રચનાશક્તિ, મળતાવડાપણું અને વ્યવહારના ઉપયોગી પદાર્થો પૂરા પાડવાની શક્તિ. પણ કોઇ પણ પ્રાણીમાં ધાર્મિક જીવનનાં ચિહ્નો હજુ સુધી જોવામાં આવ્યાં નથી. તેમ જ કોઈપણ પ્રાણીએ એવું કરી બતાવ્યું નથી કે જેથી આપણે માની શકીએ કે તે મરણોત્તર અવસ્થાની તૈયારી કરે છે. કેટલાંક મનુષ્યોમાં જેવી રીતે માનસિક અને નૈતિક બળ જોવામાં નથી આવતું તેવી રીતે કેટલીક વાર ધાર્મિક ભાવના પણ જો કે જોવામાં આવતી નથી, છતાં અખિલ માનવ જાતિમાં સામાન્યતઃ ધાર્મિક ભાવના રહેલી છે એમ કહેવામાં કોઇ પણ જાતનો બાધ નથી.

માનવ જાતિના ઇતિહાસમાં એવું જોવામાં નથી આવ્યું કે કોઇ પણ પ્રજા કોઇ પણ પ્રકારના ધર્મ વગરની હોય વર્તમાન કાળમાં મધ્ય ઑસ્ટ્રેલિયાના જંગલવાસીઓ અને પેટાગોનિયાના હિન્દીઓ જેવા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તદ્દન હલકી જાતિના મનુષ્યોમાં પણ અમુક જાતની ધાર્મિક ભાવનાઓ જોવામાં આવે છે. દાખલા તરીકે તેઓ ભૂતયોનિ સ્વીકારે છે અને તેમાં તેમને ઘણી શ્રદ્ધા હોય છે અને તેથી તેઓ તેની એક પ્રકારની પૂજા પણ કરે છે. ઇજીપ્તના પિરામિડો અને હિન્દુસ્તાનના વૈદિક સાહિત્યના આધારે પ્રાચીન કાળની જે સંસ્કૃતિ કલ્પી શકાય છે તે સંસ્કૃતિમાં ધાર્મિક ભાવનાઓ, ધાર્મિક આદર્શો અને આચારનાં તત્ત્વો સ્પષ્ટ જણાઇ આવે છે.

માનવ જાતના ઇતિહાસમાં ધર્મ એ અતિ બળવાન તત્ત્વોમાંનું એક તત્ત્વ છે. મનુષ્યજીવનની બીજી કેટલીક બાજુઓ જો કે અગત્યની છે, છતાં પણ આખા માનવજાતિના ઇતિહાસમાં ધર્મ એ મનુષ્યનું મુખ્ય અને ઉદાત્ત લક્ષણ જોવામાં આવે છે. મનુષ્ય ખાત્રીપૂર્વક માને છે કે હું કેટલાંક દૈવી તત્ત્વો સાથે જોડાએલો છું; અને મને જ્યારે મદદની જરૂર હોય છે ત્યારે દૈવી મદદ પણ મળે છે. આ માન્યતાથી એને પરમ સંતોષ થાય છે.

### ધર્મનું કાર્ય

મનુષ્યને બીજા કોઈ પણ સાધન વડે જે નથી મળતું તે ધર્મ વડે મળે છે. ધર્મને પરિણામે જગતમાં દેખાતી ઉત્તમ અને અલૌકિક શક્તિ અથવા શક્તિઓ સાથે તેનો અંગત સંબંધ બંધાય છે અને તેથી જીવનની મારામારીના અંતમાં કોઇપણ પ્રકારનો લાભ મળનારો છે એવી શ્રદ્ધા એનામાં ઉત્પન્ન થાય છે. અર્થાત્ તે એમ માનતો થઇ જાય છે કે જીવનના સુખદુઃખના પ્રસંગોને અંતે ચિરસ્થાયી સુખ રહેલું છે અને આ આશાવાદ તે જ ધર્મનું ફળ છે. દરેક ધર્મ ધર્મિષ્ઠ પુરુષને ઘણા લાભો આપે છે, પણ તે ઉપરાંત સામાન્ય રીતે આખા સમાજને પણ ઉપકારક થાય છે. દાખલા તરીકે ધર્મને લીધે ધર્મિષ્ઠ પુરુષમાં વધારે બળ અને સંતોષ આવે છે; ધર્મને લીધે જીવનનાં દુઃખો શાન્તિથી તે માણસ સહન કરે છે; ધર્મને લીધે પાપનો પ્રશ્ન પણ ઉકલી જાય છે; ધર્મને લીધે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ જીવનનું સ્વરૂપ ઉત્તમ પ્રકારનું થાય છે અને બીજો જન્મ ઘણો સારો થશે એવી આશા ઉત્પન્ન થાય છે; ધર્મને લીધે સમાજ આદર્શભૂત થાય છે અને મોક્ષ મેળવવાની યોજના સફળ થતી જોવામાં આવે છે.

આ પ્રમાણે ધર્મનું ખાસ કાર્ય તત્ત્વજ્ઞાન અથવા નીતિશાસ્ત્ર, અથવા તો જગતની ભાવનામય અને સંસ્કૃતિજનક પ્રવૃત્તિઓના કાર્ય કરતાં તદ્દન જૂદી જ જાતનું છે. જગતમાં મનુષ્ય જેને દૈવી શક્તિ અથવા શક્તિઓ તરીકે માને છે તેની સાથે તેનો ગાઢ સંબંધ થાય છે અને તેથી આખા જીવનમાં તેને ઘણો સંતોષ રહે છે. આ જ ધર્મનું ખાસ કાર્ય છે.

**ધર્મનું પૃથક્કરણ**

ધર્મનું સ્વરૂપ એટલું બધું સાદું છે કે ગમે તે બુદ્ધિમાન બાળક અથવા તો કોઈ પણ મોટો માણસ ધર્મનો ખરેખરો અનુભવ કરી શકે છે. વળી ધર્મ એટલો બધો વ્યાપક અને જટિલ છે કે તેનો અર્થ બરાબર સમજવાને અને તેનો પૂરેપૂરો લાભ મેળવવાને માટે તેના પૃથક્કરણની જરૂર છે. ધર્મનું લક્ષણ સરળ ભાષામાં નીચે પ્રમાણે આપી શકાય. જેને મનુષ્ય દૈવી ધારે છે અર્થાત્ જગતમાં જે અત્યુત્તમ અને માનનીય નિયામક શક્તિ છે તેની સાથે સંબંધ બાંધવાનો તે પ્રયત્ન કરે છે; આ પ્રયત્નની અંદર સાધનભૂત થતો મનુષ્યનો અનુભવ—અને આ અનુભવમાં તેના વિચારો, ભાવનાઓ અને ક્રિયાઓનો સમાવેશ થઇ શકે છે—તેને જ ધર્મ કહેવામાં આવે છે.

માનસશાસ્ત્રની દૃષ્ટિએ વિચાર કરતાં જણાય છે કે ધર્મ કેટલેક અંશે બુદ્ધિનો વિષય છે, કેટલેક અંશે લાગણીનો વિષય છે અને કેટલેક અંશે ઇચ્છાશક્તિનો વિષય છે. પણ ધર્મની અંદર આત્માનુભવ ઉપરાંત બીજાં કેટલાંક વધારાનાં તત્ત્વો જોવામાં આવે છે. જે પદાર્થમાં શ્રદ્ધા રાખવામાં આવતી હોય અને તેથી જે પદાર્થની પૂજા કરાતી હોય તે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પદાર્થ હંમેશાં ધર્મમાં જોવામાં આવે છે. કોઇ પણ ઈશ્વિર અથવા દેવોમાં મનુષ્યની જે શ્રદ્ધા અને તે ઇશ્વિર અથવા દેવોનો તે મનુષ્યને થતો અનુભવ એને જ આપણે મનુષ્યનો ધર્મ કહીએ છીએ. ધર્મનું આ સામાન્ય સ્વરૂપ છે. જગતમાં જે જુદા જુદા ધર્મો જોવામાં આવે છે તેમાં ઉપર જણાવેલું ધર્મનું સાધારણ તત્ત્વ હોય છે જ. ફેર માત્ર એટલો જ હોય છે કે જુદા જુદા ધર્મોમાં મનાતા દેવોનાં સ્વરૂપ જુદાં જુદાં હોય છે અને તેથી કરીને તે તે ધર્મના અનુયાયીઓનો પોતાના ઇષ્ટ દેવો સાથેનો અનુભવ ભિન્ન ભિન્ન પ્રકારનો જોવામાં આવે છે.

**દેવનાં મુખ્ય લક્ષણો**

જે પદાર્થ ઉત્તમ પ્રકારની ધાર્મિક ભાવના, પૂજા અને અનુભવનો વિષય બને છે તે પદાર્થમાં ઓછામાં ઓછાં પાંચ લક્ષણો જોવામાં આવે છે :—

(૧) તે પદાર્થનાં સ્વરૂપ અને શકિત અલૌકિક હોય છે, જો કે કેટલીક વાર કોઇક દેવ કેટલેક અંશે મનુષ્યના જેવો પણ જોવામાં આવે છે.

(૨) તે અતીન્દ્રિય હોય છે અને તેથી તે જોવામાં આવતો નથી, જો કે કેટલીક બાબતોમાં તે દેવને ભૌતિક પદાર્થની માફક વર્ણવવામાં આવે છે.

(૩) તે નિયામક હોય છે; એટલે કે જગતના ભૌતિક પદાર્થો અને મનુષ્યોનાં કલ્યાણ અને ભાવી ઉપર દેવની સત્તા રહેલી હોય છે.

(૪) જે કોઇ મનુષ્ય ધાર્મિક ભાવનાથી કાર્ય કરે છે તે મનુષ્યના પ્રયત્નોનો બદલો દેવ આપે છે.

(૫) તેની પૂજા કરવામાં આવે છે અને તે પૂજાને યોગ્ય પણ છે. આ પૂજાના પરિણામે પૂજા કરનારની અંદર કેટલીક ભાવનાઓ અને કેટલાંક આચરણો જોવામાં આવે છે. દાખલા તરીકે દેવનો ભય, દેવ પ્રત્યે પૂજ્યભાવ, વિશ્વાસ, અધીનતા, સહકાર અને આત્મનિવેદન.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જેમ દરેક પૂજકમાં જુદાં જુદાં તત્ત્વો એકત્રિત થએલાં જોવામાં આવે છે તેમ દરેક દેવની અંદર અનેક તત્ત્વોની સંકુલતા જોવામાં આવે છે. પણ જે માણસ ખરેખરો ધાર્મિક ભાવનાવાળો છે તેને દેવનો સાક્ષાત્કાર થાય છે જ અને તે માને છે કે મારા ઇષ્ટ દેવમાં ઉપર જણાવેલાં પાંચે ય લક્ષણો રહેલાં છે.

## દેવની ભાવનામાં કેટલાક વિકલ્પો

ધર્મને કોઈ પણ પ્રકારના દેવની આવશ્યક્તા હોય છે જ અને વળી સાથે સાથે એ પણ ખરૂં કે દેવની અંદર ઉપર જણાવેલાં પાંચ લક્ષણો હોય છતાં પણ તે દેવ વિષેની મનુષ્યની ખરેખરી ભાવનાઓમાં ફેર જોવામાં આવે છે. દાખલા તરીકે

(૧) દેવોની સંખ્યા વિષે. કેટલાક ધર્મો અનેકેશ્વરવાદી છે અને તેથી તેમાં ઘણા દેવો હોય છે; જ્યારે ચાર ધર્મો એકેશ્વરવાદી છે અને તેથી તેમાં એક જ દેવ સ્વીકારવામાં આવે છે.

(૨) દેવતાના સ્વરૂપ વિષે. હિન્દુ ધર્મના અને ચીન દેશના 'તાઓ' ધર્મના તત્ત્વવિજ્ઞાનમાં એમ માનવામાં આવ્યું છે કે પરમાત્મા અલૌકિક સત્ પદાર્થ છે, અને તેને શરીર નથી; અર્થાત્ તે ભાવાત્મક તત્ત્વ છે; જ્યારે પ્રચલિત હિન્દુ ધર્મમાં અને 'તાઓ' ધર્મમાં અને જગતના બીજા બધા ધર્મોમાં એમ માનવામાં આવે છે કે પરમ દેવમાં–પરમાત્મામાં–અનેક ગુણો રહેલા છે.

(૩) દેવના સામર્થ્ય વિષે.

ઇસ્લામ ધર્મ પ્રમાણે એક જ પરમાત્મા–અલ્લા–સગુણ અને નિઃસંકોચ રીતે સર્વ શક્તિમાન છે. ઝોરોસ્ટર કહે છે કે એક જ સગુણ ઈશ્વરમાં શક્તિઓ છે પણ જગતની વિરોધી શક્તિ તેનો બહારથી સંકોચ કરે છે. ખ્રિસ્તી ધર્મમાં એમ કહેવામાં આવ્યું છે કે એક જ પરમાત્માની શક્તિનો સંકોચ બે કારણોથી થાય છે. એક તો પરમાત્માને પોતાના

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તરફની જવાબદારીની ધાર્મિક ફરજ હોય છે અને બીજું મનુષ્યોના તરફ પણ તેવા જ પ્રકારની ધાર્મિક ફરજ રહેલી હોય છે.

(૪) દેવની નૈતિક ફરજ વિષે.

ઇસ્લામ ધર્મ માને છે કે પરમાત્મા પોતાની ફરજો બજાવવામાં તદ્દન સ્વતંત્ર અને બીનજવાબદાર છે; જ્યારે કૉન્ફ્યૂશ્યસ અને ક્રાઇસ્ટના ધર્મમાં પરમાત્મા પહેલેથી તે છેલ્લે સુધી હમ્મેશાં જવાબદાર છે.

(૫) દેવના ગુણ વિષે.

ઝોરોસ્ટર અને કૉન્ફ્યૂશ્યસના ધર્મોમાં દેવને ઘણો ન્યાયી માનવામાં આવે છે, જ્યારે ખ્રિસ્તી ધર્મમાં પરમાત્માને ઘણો પ્રેમાળ માનવામાં આવે છે.

આ મુખ્ય વિરોધી તત્ત્વોને આધારે ખ્રિસ્તી ધર્મની જગતના બીજા ધર્મો સાથે સારી તુલના કરી શકાય એમ છે. ઉપર જણાવેલા પરમાત્મા વિષેના સંભવિત પાંચ પ્રકારોમાંથી પહેલા ચાર પ્રકારોના સંબંધમાં ખ્રિસ્તી ધર્મ અપૂર્વ અને અદ્વિતીય નથી; છતાં પણ દરેક સંભવિત વિકલ્પમાં ખ્રિસ્તી ધર્મે વધારે મુશ્કેલ અને વિલક્ષણ વિકલ્પ સ્વીકાર્યો છે.

જો કે આધ્યાત્મિક દૃષ્ટિએ ઈશ્વરની શક્તિ પોતાનાથી બીજા પદાર્થો વડે મર્યાદિત થતી નથી, છતાં પણ નીતિના સિદ્ધાન્તને માન આપવાનો જે દિવ્ય ધર્મ છે તે ધર્મથી ઈશ્વરની શક્તિ મર્યાદિત થાય છે. આ જ ખ્રિસ્તી ધર્મમાં સ્વીકારાએલી ઇશ્વરની ભાવનાનું ખાસ અપૂર્વ લક્ષણ છે. ખ્રિસ્તી અને હિન્દુ ધર્મ પાળનારો માણસ માને છે કે પરમાત્મા મનુષ્યો પ્રત્યે મુક્તિદાયક પ્રેમ રાખે છે.

## ધર્મની ભાવનામાં જુદાં જુદાં તત્ત્વો ઉપર મૂકાતો ઓછો વત્તો ભાર

ધર્મ એટલો બધો વિશાળ અને વ્યાપક છે કે જુદી જુદી મનોવૃત્તિવાળા માણસોને તેનાં જુદાં જુદાં તત્ત્વો મુખ્ય લાગે છે અને તે તદ્દન સ્વાભાવિક છે. દાખલા તરીકે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(૧) મૅક્સ મુલર ધર્મના બૌદ્ધિક સ્વરૂપ ઉપર ભાર મૂકે છે.

(૨) ઇમેન્યુઅલ કાન્ટે અને મૅથ્યુ આર્નોલ્ડે ધર્મનાં બે ઇતિહાસ-પ્રસિદ્ધ લક્ષણો આપ્યાં છે, અને તેમાં તેઓએ નીતિ અને સદાચાર ઉપર ભાર મૂકયો છે.

(૩) શ્લાયેરમાખર નામના મહાન ધર્મ તત્ત્વવેત્તાએ ભાવના અથવા લાગણી ઉપર ભાર મૂક્યો છે.

(૪) આલન મેન્ઝિસ પૂજા ઉપર ભાર મૂકે છે.

(૫) ધર્મનો ઇતિહાસ લખનારા અર્વાચીન વિદ્વાનોમાંના એક આલ્બર્ટ રેવિલ નામના વિદ્વાન આત્મલાભ અથવા આત્મોન્નતિ ઉપર ભાર મૂકે છે.

(૬) વર્તમાન સમયમાં સામાજિક દષ્ટિએ ધર્મનાં તત્ત્વો ઉપર ભાર મૂકવામાં આવે છે અને આ મત ઘણો પ્રચલિત થયો છે.

(૭) તદ્દન જુદી જ દષ્ટિએ વ્યક્તિત્વ ઉપર ભાર મૂકવામાં આવે છે.

(૮) ધર્મ એ ઉત્તમ પ્રકારની આદર્શો સિદ્ધ કરવાની ક્રિયા છે એ પ્રમાણેનું દષ્ટિબિન્દુ પ્રો. જી. ડબ્લ્યુ સ્ટ્રેટન સ્વીકારે છે.

(૯) ઉપર જણાવેલાં દષ્ટિબિન્દુઓ સિવાયનાં જેટલાં જેટલાં દષ્ટિબિન્દુઓ જોવામાં આવે છે તે બધાને એકત્રિત કરી તેના ઉપર પ્રો. વિલિઅમ એડમ્સ બ્રાઉન ભાર મૂકે છે.

**ધર્મનો અભ્યાસ કરવાના જુદા જુદા માર્ગો**

ધર્મ એ એટલો બધો મોટો વિષય છે કે એક જ પ્રકારના સંશોધનથી તે પૂરેપૂરો ગ્રહણ થઈ શકતો નથી. અનેક દષ્ટિબિન્દુઓથી તેનો અભ્યાસ કરવાની જરૂર છે. દાખલા તરીકે

(૧) એક મુખ્ય દષ્ટિબિન્દુ તે ઐતિહાસિક. મનુષ્યના ઇતિહાસમાં જીવનમાં–અસર કરનારાં તત્ત્વોની–અર્થશાસ્ત્રવિષયક, ભૌગોલિક, રાજકીય, સંસ્કૃતિજનક અને એવાં બીજાં તત્ત્વોની સાથે સાથે ધર્મનો પણ અભ્યાસ કરવાની ખાસ જરૂર છે. એનું વિશેષ કારણ એ કે કોઇ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એક અથવા અનેક દૈવી તત્ત્વો ઉપર ધાર્મિક શ્રદ્ધા હોવાને લીધે ઘણાં માણસોનાં યૂથો બંધાય છે. અર્થાત્ આવા જુદા જુદા સમૂહો ઉભા કરવાની શક્તિ ધર્મમાં રહેલી છે અને તેથી ઐતિહાસિક દૃષ્ટિએ તેનો અભ્યાસ આવશ્યક છે.

(૨) એક નવીન પણ વધારે લોકપ્રિય માર્ગ માનસશાસ્ત્રનો છે. આ દૃષ્ટિબિન્દુ પ્રમાણે મનુષ્યનાં મનન, સાક્ષાત્ અનુભવ અને દૃઢ સંકલ્પ એ ત્રણેયનાં પૂરેપૂરાં સાધનો એકત્રિત કરી મનુષ્યનું જે સ્વરૂપ અથવા લક્ષણ પ્રાપ્ત થાય તે જ ધર્મ કહેવાય.

(૩) ઉત્તમોત્તમ પદાર્થનું-પરમાત્માનું—જ્ઞાન મેળવવાની મનુષ્યની જે લાલસા છે તેના અંગ તરીકે તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ ધર્મનો અભ્યાસ આવશ્યક છે. તત્ત્વજ્ઞાનમાં માત્ર પરમાત્માને જાણવાની જ વાત હોય છે, જ્યારે ધર્મમાં પરમાત્માનું જ્ઞાન મેળવવું એટલુંજ નહિ પણ તેની સાથે ગાઢ સંબંધ બાંધી તેનો આનંદ લેવાનો હોય છે. અર્થાત્ ધર્મ તત્ત્વ-જ્ઞાનથી ઉપર જણાવ્યા પ્રમાણે ભિન્ન થઈ શકે છે.

(૪) ધર્મ એ મનુષ્યની અનેક સામાજિક પ્રવૃત્તિઓમાંની એક પ્રવૃત્તિ છે. આ દૃષ્ટિબિન્દુથી પણ ધર્મનો અભ્યાસ કરવો જોઇએ. જગ-તના નિયામક એક અથવા અનેક તત્ત્વોની સાથે ગાઢ સંબંધ બાંધી ધર્મ-દ્વારા આદર્શ સમાજ ઉભો કરવાના પ્રયત્નો મનુષ્યો કરે છે અને તેટલા પૂરતો જ સામાજિક દૃષ્ટિથી ધર્મનો અભ્યાસ કરવો પ્રાપ્ત થાય છે.

(૫) પરમાત્મા વિષેના આદર્શો અને અનુભવો જે વાણીથી પણ કેટલીક વાર વર્ણવી શકાતા નથી, તેને વાણીમાં પ્રદર્શિત કરવાના પ્રયત્નો મનુષ્ય કેટલાક ગ્રન્થોમાં કરે છે; અને આવાજ ગ્રન્થોમાં ધર્મનો કેવી દૃષ્ટિથી અભ્યાસ કરવો એ દર્શાવનારાં અનેક તત્ત્વો જોવામાં આવે છે. વળી દરેક સુવ્યવસ્થિત ધર્મના ગ્રન્થોના આધારે ધર્મનો અભ્યાસ કરવામાં આવે તો અવશ્ય લાભ થાય છે જ.

(૬) સૌન્દર્યની દૃષ્ટિથી પણ ધર્મનો અભ્યાસ કરવાની પદ્ધતિનો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ત્યાગ કરવા જેવો નથી. કેવળ વાઙ્મય દ્વારા નહિ, પણ સંગીત, શિલ્પ, સ્થાપત્ય અને બીજી બધી કળાઓ દ્વારા પણ સૌન્દર્યનું મહત્ત્વ સમજવાના, તેને પ્રગટ કરવાના અને તેને ઉત્પન્ન કરવાના મનુષ્યો જે અનેક પ્રકારો સ્વીકારે છે તેમાંનો ધર્મ એ એક પ્રકાર છે. આનું કારણ એ કે પરમાત્મા રૂપી તત્ત્વને વિશેષતઃ અતિ સુન્દર માનવામાં આવે છે.

(૭) નીતિશાસ્ત્રની દૃષ્ટિથી પણ ધર્મના અભ્યાસની આવશ્યક્તા છે. આ દૃષ્ટિએ વિચારતાં લાગે છે કે મનુષ્યનાં કાર્યો ઉપર સત્તા ધરાવનાર પોતાના ઇષ્ટ દેવની સાથેના ગાઢ સંબંધ દ્વારા પોતાને માટે અત્યુત્તમ પ્રકારનું જીવન પ્રાપ્ત કરવાને માટે મનુષ્ય જે પ્રયત્ન કરે છે તે જ ધર્મ છે.

(૮) ધર્મ સમજવાને માટે આત્માનુભવ એ ઘણું ઉત્તમ સાધન છે. મનુષ્યના જીવન ઉપર સત્તા ધરાવનાર એક અથવા અનેક તત્ત્વોની સાથેના ગાઢ અંગત સંબંધ દ્વારા મનુષ્ય મુક્તિ મેળવી શકે એ પ્રકારનો એક વિશેષ માર્ગ દરેક ધર્મમાં હોય છે.

(૯) વર્તમાન કાળમાં વિદ્વાનોની શોધોના પરિણામે ધર્મનો તુલનાત્મક અભ્યાસ કરવાની પદ્ધતિ સુલભ થઇ પડી છે અને આ પદ્ધતિ એટલી બધી રસમય છે કે એની ઉપેક્ષા કરવી યોગ્ય નથી.

એક અથવા અનેક પરમ તત્ત્વોના સંબંધમાં મનુષ્યો અત્યાર સુધી જે અભિપ્રાયો સ્વીકારતા આવ્યા છે તેમાં કેટલું સામ્ય અને કેટલું વૈષમ્ય છે, અને એ માન્યતાઓની અસર વ્યક્તિના અને સમાજના જીવનમાં કેવી થાય છે તેનો વિચાર કરવાથી આપણે ચકિત થઇ જઇએ છીએ અને બીજા અનેક લાભો મેળવીએ છીએ.

આ ઉપરથી એટલું તો સ્પષ્ટ સમજાય છે કે જો ધર્મનું શુદ્ધ અને પૂર્ણ સ્વરૂપ અને રહસ્ય સમજવું હોય તો ઉપર ગણાવેલા બધાય દૃષ્ટિબિન્દુઓથી અને બીજા જેટલા સંભવિત પ્રકારો છે તે પ્રકારોથી પણ ધર્મનો અભ્યાસ કરવો આવશ્યક છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**ધર્મોના અભ્યાસ કરવાનું મુખ્ય સાધન**

હાલના સમયમાં ઘણા ધર્મો સુવ્યવસ્થિત જોવામાં આવે છે અને તેઓનું પૂરેપૂરૂં રહસ્ય સમજવાને માટે તે ધર્મોના પવિત્ર ગ્રન્થોનો સમ્પૂર્ણ અભ્યાસ કરાય છે. આને પરિણામે ધર્મોના અભ્યાસમાં આપણે વર્તમાન સમયમાં સારી પ્રગતિ કરી શક્યા છીએ. જો કે બધાય ધર્મોના શાસ્ત્રોનાં અંગ્રેજી ભાષાન્તરો થયાં નથી, પણ ઘણા ખરા ધર્મોનાં શાસ્ત્રોનાં અંગ્રેજી ભાષાન્તરો તો મળે છે જ. જગતમાં અત્યારે અગીઆર ધર્મો પ્રચલિત છે. તેમાંના ગમે તે એક ધર્મનું શુદ્ધ સ્વરૂપ નક્કી કરવાનું કામ ઘણું મહત્ત્વનું છે. એ કાર્યમાં ધાર્મિક ગ્રન્થોનાં અંગ્રેજી ભાષાન્તરો ઘણાં ઉપયોગી થઇ પડે છે. દાખલા તરીકે ખ્રિસ્તી ધર્મનાં અનેક સ્વરૂપો છે; જેમકે ગ્રીક લોકો જે પ્રકારે ખ્રિસ્તી ધર્મ સમજ્યા તે, રોમ દેશના લોકોનો ખ્રિસ્તી ધર્મ અને પ્રોટેસ્ટંટ લોકોએ ખ્રિસ્તી ધર્મનું જે સ્વરૂપ સમજાવ્યું તે. આ બધામાંથી કયો પ્રકાર ખ્રિસ્તી ધર્મને શુદ્ધ સ્વરૂપમાં સમજાવે છે એ કોઇને જાણવું હોય તો તે શું કરે? આના માટે ધર્મના પ્રાચીન ગ્રન્થોનો સૂક્ષ્મ દૃષ્ટિએ અભ્યાસ કરવો આવશ્યક છે.

દરેક ધર્મની અંદર તે ધર્મના સ્થાપકોના જે ઉપદેશો અને સિદ્ધાન્તો હોય તે જ તે ધર્મના અનુયાયીઓને માટે સર્વથા પ્રમાણભૂત છે. જેમ જેમ સમય જાય છે તેમ તેમ આ મૂળ સિદ્ધાન્તોનો નૈસર્ગિક રીતે વિકાસ અને ઉપયોગ થાય છે. છતાં પણ અર્વાચીન ઐતિહાસિક અને ભાષા સંબંધી શોધોના આધારે સિદ્ધાન્તોના મૂળ સુધી જવાનું સંભવિત બને છે અને તે પદ્ધતિ આવશ્યક પણ છે.

જુદા જુદા ધર્મોની માહિતી આપવાનું જે કોઇ પણ સર્વસાધારણ સાધન હોય તો તે ધાર્મિક ગ્રન્થો છે. જગતના અગીઆર પ્રચલિત ધર્મોમાંના દરેક ધર્મમાં પોતપોતાના ધાર્મિક ગ્રન્થોને જ સર્વોત્તમ પ્રમાણ માનવામાં આવે છે. આ ગ્રન્થોમાં, જો ધર્મનો મૂળ સ્થાપક એક જ હોય તો, તેના ઉપદેશો અને સિદ્ધાન્તોનો સંગ્રહ કરેલો હોય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ધર્મોના ઐતિહાસિક અને તુલનાત્મક દૃષ્ટિથી થતા અભ્યાસમાં મૂળ ધાર્મિક ગ્રન્થોને બરાબર સમજવાની મુશ્કેલી હમ્મેશાં ઉભી જ રહે છે. પોતાના ધર્મનું યથાર્થ રહસ્ય સમજાવવાને માટે ભાષા અને ઇતિહાસના અગાધ જ્ઞાનની જરૂર છે. જગતના પ્રચલિત ધર્મોની સંખ્યા અગીઆર છે. તે બધા ધર્મોના ગ્રન્થો જુદી જુદી સોળ ભાષાઓમાં લખાએલા છે.

## ધર્મોની તુલના કરવામાં વિવિધ દૃષ્ટિબિન્દુઓ

ધર્મનો દરેક અભ્યાસક તે ધર્મનો અભ્યાસ હમ્મેશાં કોઇ પણ એક દૃષ્ટિબિન્દુથી કરે છે. તે કેટલીક વાર અજાણતાં જ અમુક દૃષ્ટિબિન્દુ સ્વીકારે છે, તો કેટલીક વાર તેના દૃષ્ટિબિન્દુમાં અસંગતિ પણ હોય છે. પણ એટલું તો સાચું કે તેણે જે ધર્મનું રહસ્ય સમજાવેલું હોય છે તે આ દૃષ્ટિબિન્દુથી રંગાયેલું જોવામાં આવે છે.

(૧) બધાય ધર્મો, કોઈ પણ પ્રકારના અપવાદ વિના વહેમ, દુરાગ્રહ, પરમ્પરા અથવા અજ્ઞાન ઉપર રચાયેલા છે એમ કહી તે બધાનો તિરસ્કાર કરવો એ એક દૃષ્ટિબિન્દુ છે. આ પ્રકારની બધા ધર્મો પ્રત્યે તિરસ્કાર દર્શાવવાની વૃત્તિ અનેક ધર્મોના વિશાળ અભ્યાસ કરનારા પુરુષોમાં જોવામાં આવે છે.

(૨) ખ્રિસ્તીધર્મ સિવાયના બીજા બધા ધર્મોનો તિરસ્કાર કરવો એ બીજું દૃષ્ટિબિન્દુ છે. પહેલા દૃષ્ટિબિન્દુમાં જેમ વિવેચન શક્તિ જોવામાં આવતી નથી તેમ આમાં પણ એ શક્તિ નથી. ખ્રિસ્તી ધર્મના કેટલાક આગેવાનો અને જેમણે બીજા ધર્મોનો સારો અભ્યાસ કરેલો છે એવા પુરુષો પણ આ દૃષ્ટિબિન્દુ સ્વીકારે છે.

(૩) બાઇબલના આધારે રચાએલા ધર્મો સિવાયના ધર્મોનો તિરસ્કાર કરવો એ ત્રીજું દૃષ્ટિબિન્દુ છે. આમાં સ્વીકારેલી માન્યતા જરાક વધારે ઐતિહાસિક છે. ઇતિહાસ પ્રમાણે ખ્રિસ્તી ધર્મ યાહુદી ધર્મ સાથે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છૂટો ન પડી શકે એવી રીતે ગાઢ જોડાએલો છે અને આખું ખ્રિસ્તી બાઇબલ ધર્મના વિકાસનો એક સળંગ ઇતિહાસ આપે છે.

(૪) પોતાનો જે ધર્મ હોય–ભલે પછી તે ગમે તે હોય–તે ધર્મ વિનાના બીજા બધા ધર્મોનો તિરસ્કાર કરવો એ પણ એક દૃષ્ટિબિન્દુ છે. જે માણસોએ બીજા ધર્મોનો અભ્યાસ કર્યો નથી, તેમ જ પોતાના ધર્મનો પણ અભ્યાસ કર્યો નથી તે જ માણસોમાં સામાન્ય રીતે આવા પ્રકારની મનોવૃત્તિ હોય છે. આ ભાવના જેવી ખ્રિસ્તી લોકોમાં સાધારણ થઇ પડી છે તેવી જ રીતે બીજાઓમાં પણ ઘર ઘાલી બેઠી છે.

(૫) એક બીજું દૃષ્ટિબિન્દુ, જરા વધારે ઉદાર પણ વિવેક વગરનું જોવામાં આવે છે. આ દૃષ્ટિબિંદુ પ્રમાણે બધા ધર્મોમાં કાંઇ પણ સારૂં તત્ત્વ બલ્કે સરખા પ્રમાણમાં હોય છે જ; અને એટલું તો ખરૂં જ કે તે તે ધર્મોના અનુયાયીઓને માટે તે ધર્મોમાં ઓછામાં ઓછું જરૂર જેટલું સારૂં તત્ત્વ તો મળી જ આવે છે. આ મનોભાવના ખાસ કરીને થિઓસૉફીના અનુયાયીઓમાં જોવામાં આવે છે, અને વધારામાં, જે માણસોને ધર્મના પ્રચારમાં શ્રદ્ધા નથી હોતી તેઓનું માનસિક વલણ પણ એ જ પ્રકારનું હોય છે.

(૬) બધા ધર્મોમાં કાંઇ પણ સારૂં તત્ત્વ રહેલું છે, જો કે સરખા પ્રમાણમાં નહિ, છતાં પણ જગતને ઉત્તમોત્તમ ધર્મ પસંદ કરવાની જરૂર છે. આ છેલ્લું દૃષ્ટિબિન્દુ છે. વર્તમાન કાળમાં એવા અસંખ્ય બુદ્ધિમાન અને આગળ પડતા ખ્રિસ્તી કાર્યકર્તાઓ છે કે જેઓ ઘણા ઉત્સાહથી પોતાના ધર્મનો પ્રચાર કરવામાં તત્પર રહે છે. આવા માણસોમાં આ છેલ્લું દૃષ્ટિબિંદુ જોવામાં આવે છે. વળી ખ્રિસ્તી ધર્મ સિવાયના બીજા ધર્મોના કેટલાક આધુનિક નેતાઓ પણ આ જ વૃત્તિ સ્વીકારતા થયા છે. આનું એક સુંદર દૃષ્ટાન્ત એક અર્વાચીન પ્રસિદ્ધ હિન્દુ લેખકના ગ્રન્થમાં નીચે પ્રમાણે મળી આવે છે :—

"પશ્ચિમના દેશોની સંસ્કૃતિનો અભ્યાસ કરતાં મને જણાય છે કે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એમાં એક વસ્તુની ખોટ રહી છે. આ વસ્તુ હિન્દુસ્તાન પાસે છે. જો આપણે ભવિષ્યનાં યુદ્ધો તદ્દન દૂર કરવાં હોય, અરે! યુદ્ધનો સંભવ પણ દૂર કરવો હોય, તો હમ્મેશાં મોટરોમાં બેસી દોડધામ કરવા કરતાં આપણે પ્રભુની પ્રાર્થના કરવાને માટે ઘણા નમ્ર ભાવથી આસન ઉપર બેસવું જોઇએ." ( હરેન્દ્રનાથ મૈત્ર, હિન્દુઇઝમ, ધી વર્લ્ડ આઇડિયલ." ૭-૮ )

## ધર્મોના અશાસ્ત્રીય વિભાગો

અત્યારે સામાન્ય રીતે ધર્મોના જે વિભાગો કરવામાં આવે છે તે કોઈ પણ પ્રકારના શાસ્ત્રીય નિયમને અનુસરતા નથી, તેમ કોઇ પણ રીતે આપણને ખરેખરો લાભ આપી શકતા નથી.

(૧) ધર્મોના બે વિભાગ કરવામાં આવે છે—ખરા અને ખોટા. આ પદ્ધતિમાં કોઇ પણ પ્રત્યક્ષ, શાસ્ત્રીય અથવા તો સામાજિક પ્રમાણનો ઉપયોગ કરવામાં આવતો નથી. આ વિભાગ વ્યક્તિગત હોય છે અને તે મુખ્યત્વે મનુષ્યના અજ્ઞાન અથવા સહાનુભૂતિ—અભિરુચિ—ને આધારે થએલો હોય છે. ધર્મની પ્રથમ બરોબર કિમ્મત આંકીને પછી જ તેના જુદા જુદા વિભાગો કરવા જોઇએ.

(૨) મનુષ્યકૃત અને ઈશ્વરકૃત એવા બે પરમ્પરાગત ધર્મના વિભાગો છે. પણ આ બે શબ્દો તદ્દન નિરપેક્ષ અને સ્વતંત્ર નથી પણ એક બીજાની સાથે જોડાએલા છે. દરેક ધર્મ કેટલેક અંશે મનુષ્યકૃત અને કેટલેક અંશે ઈશ્વરકૃત હોય છે. સત્ય મેળવવું એ સ્વાભાવિક અને સાધારણ ક્રિયા છે અને આ ક્રિયા જે મનુષ્યને સત્ય મેળવવું છે તેની શક્તિથી મર્યાદિત થએલી હોય છે. બીજી દૃષ્ટિથી વિચાર કરીએ તો આપણને જણાય કે ધર્મ એ ઈશ્વરનો સાક્ષાત્કાર કરવાની ક્રિયા છે અને સાક્ષાત્કાર વખતે જ પરમાત્મા મનુષ્યને સત્યની ઝાંખી વધારે ને વધારે કરાવે છે.

(૩) વ્યક્તિગત અભિરુચિને, આધારે ધર્મના વિભાગો કરવામાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આવે છે તે વધારે સ્વાભાવિક હોય છે. પોતાના ધર્મ પાસેથી દરેક માણસે સમ્પૂર્ણ આત્મસંતોષની તો આશા રાખવી જ જોઇએ. છતાં પણ અતિ ધાર્મિક માણસો પોતાના ઇષ્ટ ધર્મની કસોટી કરવાને માટે સામાજિક અને વૈયક્તિક પ્રમાણો શોધી કાઢે છે. ધર્મની સમ્પૂર્ણ કસોટી તો બે દૃષ્ટિબિન્દુઓથી થવી જોઇએ. પ્રથમ તો એ કે ધર્મ બીજાઓને હિતકારક છે, અને બીજો એ કે ધર્મ પોતાને પણ હિતકારક છે. દરેક માણસે પોતાની જાતને અને બીજાઓને પ્રશ્ન પૂછવો જોઇએ કે " આ ધર્મ જેવી રીતે મને સંતોષ આપે છે તેવી રીતે બધા માણસોને પણ સંતોષ આપી શકશે ?"

## અનેક વાસ્તવિક વિભાગો

અશાસ્ત્રીય વિભાગોનું અવલોકન આપણે ઉપર કરી ગયા. હવે કેટલાક પ્રત્યક્ષ વિભાગોનું નિરીક્ષણ કરવામાં આપણને ઘણો રસ પડશે. આ બધા પ્રત્યક્ષ વિભાગો ઘણા મહત્ત્વના છે, પણ સાથે સાથે એટલું પણ કહેવું જોઇએ કે કેટલાક વિભાગો ધર્મનું ખરૂં રહસ્ય અને મૂલ્ય સમજ્યા વિના જ કરવામાં આવ્યા છે.

(૧) ધર્મો બે પ્રકારના હોય છે, અવિદ્યમાન અને વિદ્યમાન. નીચે જણાવેલા બાર ઐતિહાસિક ધર્મો અત્યારે અસ્તિત્વમાં નથી :–આફ્રિકાનો એક–પ્રાચીન ઇજીપ્તનો ધર્મ; અમેરિકાના બે–પ્રાચીન પેરૂ અને મેક્સિકોના ધર્મો; એશિયાના પાંચ-મિશ્રધર્મ, મેનીધર્મ, બેબિલોનિયાનો ધર્મ, ફિનિશિયાનો ધર્મ અને હિટાઇટોનો ધર્મ; યુરોપના ચાર–પ્રાચીન ગ્રીક લોકોનો ધર્મ; પ્રાચીન રોમનો ધર્મ; પ્રાચીન ટયુટનોનો ધર્મ અને પ્રાચીન સ્કેન્ડિનેવિયનોનો ધર્મ.

વિદ્યમાન ધર્મોની સંખ્યા અગિઆર છે. જો કે આ ધર્મોના અનુયાયીઓની સંખ્યા ઉપરથી તે તે ધર્મોની શક્તિ વિષે આપણે નિર્વિવાદ રીતે કહી શકીએ નહિ, છતાં પણ નીચે જણાવેલી વિગતો બતાવી આપે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છે કે આ અગિયાર ધર્મો કેટલે અંશે ખરેખરા વિદ્યમાન છે. અનુયાયીઓની સંખ્યાની દૃષ્ટિએ જૈનધર્મ, શિન્તો અને ઝોરોસ્ટર ધર્મ અત્યારે પડતી દશામાં છે. બૌદ્ધધર્મ, યાહુદી ધર્મ, તાઓ ધર્મ અને શીખ ધર્મ સરખામણીમાં જરા મંદ જણાય છે. કૉન્ફ્યુશ્યસનો ધર્મ, હિન્દુ ધર્મ, ઇસ્લામ અને ખ્રિસ્તી ધર્મ હમ્મેશાં વધતા જાય છે.

એક જ ધર્મની અંદર પણ મહત્ત્વના ભેદો હોય છે. જેમકે ઝોરોસ્ટર ધર્મ અત્યારે ઇરાનમાં લગભગ નહિ જેવો જ છે, છતાં હિન્દુસ્તાનમાં તે વધતો જાય છે; સિલોન, તિબેટ અને બર્માંમાં બૌદ્ધધર્મ વધતો નથી તેમ ઘટતો પણ નથી, પરંતુ ચીન અને જાપાનમાં તે વધારે પ્રગતિ કરતો જાય છે.

(૨) જે દેશોમાં ધર્મો ઉત્પન્ન થયા હોય તે દેશોના આધારે ધર્મોનો એક પ્રકારનો વિભાગ સંભવિત છે. જગતના વર્તમાન ધર્મોમાંનો દરેક ધર્મ એશિયાખંડમાં જ ઉત્પન્ન થયો છે. છતાં પણ દેશની દૃષ્ટિએ નીચે પ્રમાણે તે ધર્મોની વ્યવસ્થા થઇ શકેઃ—હિન્દુ ધર્મ, જૈન ધર્મ, બૌદ્ધ ધર્મ અને શીખ ધર્મ દક્ષિણ એશિયામાં થયા; કૉન્ફ્યુશ્યસ ધર્મ, તાઓ ધર્મ અને શિન્તો પૂર્વ એશિયામાં થયા; અને યાહુદી ધર્મ, ઝોરોસ્ટર ધર્મ, ઇસ્લામ અને ખ્રિસ્તી ધર્મ પશ્ચિમ એશિયામાં ઉત્પન્ન થયા.

(૩) સ્થાપકોના સમય પ્રમાણે ધર્મોના વિભાગો કાળગણનાને આધારે થઇ શકે છે. જે બે ધર્મોમાં સ્થાપન કરનારી કોઈ વ્યક્તિ નથી તેનો સમય અનુમાનને આધારે આશરે આપવામાં આવ્યો છે, અથવા તો પરમ્પરાથી તે ધર્મનો સમય ગણાતો આવ્યો છે તે આપ્યો છે,

હિન્દુધર્મ ૪૦૦૦–૧૫૦૦ ઈ. પૂ. (વૈદિક સંસ્કૃતિ)
યાહુદી ધર્મ ૧૫૦૦–૧૨૦૦ ઈ. પૂ. (મોઝીઝનો સમય, આશરે)
શિન્તો ૬૬૦ ઈ. પૂ. (જાપાનનો પહેલો સમ્રાટ)
ઝોરોસ્ટર ધર્મ ૬૬૦ ઈ. પૂ. (ઝોરોસ્ટરનો મોડામાં મોડો સમય)
તાઓ ધર્મ ૬૦૪ ઈ. પૂ. (લાઓત્ઝે)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જૈનધર્મ ૫૯૯ ઈ. પૂ. (મહાવીર)
બૌદ્ધધર્મ ૫૬૦ ઈ. પૂ. (બૌદ્ધના જન્મનો સમય આશરે)
કૉન્ફ્યુશ્યસધર્મ ૫૫૧ ઈ. પૂ. (કોન્ફ્યુશ્યસના જન્મનો સમય આશરે)
ખ્રિસ્તીધર્મ ૪ ઇ. પૂ. (જીસસ ક્રાઈસ્ટના જન્મનો સમય, આશરે)
મુસલમાનધર્મ ૫૭૦ ઈ. સ. (મહમદના જન્મનો ચોક્કસ સમય)
શીખધર્મ ૧૪૬૯ ઇ. સ. (ગુરુ નાનકના જન્મનો ચોક્કસ સમય)

ઇ. પૂર્વેના છઠ્ઠા સૈકાની લગભગનો સમય ઘણો આકર્ષક છે, કારણ કે તે વખતે ધર્મોની ઉત્પત્તિ અને પ્રવૃત્તિ અસાધારણ પ્રમાણમાં જોવામાં આવે છે. આજ સમયે જગતના વર્તમાન ધર્મોમાંના છ ધર્મો ઉત્પન્ન થયા છે. એ જ શતક યાહુદીધર્મની અંદર ઘણા મહત્ત્વનું છે.

(૪) અનુયાયીઓની સંખ્યાને આધારે ધર્મોના વિભાગો પડી શકે છે. આ સંખ્યા બતાવનારાં કોઠકો મેળવવાં કઠિન છે અને કદાચિત્ મળે તો તેનો ખરો અર્થ સમઝવો તે પણ કઠિન છે. કોઈ પણ ધર્મની અંદર અનુયાયીઓની સંખ્યા મહત્ત્વનું તત્ત્વ ગણાતું નથી. છતાં પણ ધર્મનું અમુક સાધારણ વલણ સમજવામાં તે અલબત ઉપયોગી છે. ચીન અને જાપાનની અંદર ત્રણ અ-ખ્રિસ્તી ધર્મો સામાન્ય રીતે આખા દેશમાં જ નહિ પણ દરેક વ્યક્તિની અંદર પણ છૂટા ન પાડી શકાય એવી રીતે એક બીજા સાથે ગાઢ જોડાએલા છે.

વર્તમાન ધર્મોની અંદર ખ્રિસ્તી ધર્મના અનુયાયીઓની કહેવાતી સંખ્યા સૌથી મોટી છે; અર્થાત્ બીજા કોઇ પણ ધર્મના અનુયાયીઓની સંખ્યાથી બમણી કરતાં પણ વધારે સંખ્યા ખ્રિસ્તીઓની છે. પણ સાથે સાથે આટલું યાદ રાખવાનું છે કે જે ખરેખરા ખ્રિસ્તીઓ છે એમની સંખ્યા કાઢવાને માટે કોઇ પણ પ્રકારનું સાધન નથી. દાખલા તરીકે દક્ષિણ અમેરિકાની ખ્રિસ્તી દેશ તરીકે ગણના કરવામાં આવી છે છતાં પણ ત્યાંની વસ્તીનો ઘણો ભાગ અ-ખ્રિસ્તી છે.

(૫) ધર્મોના કાર્યક્ષેત્ર પ્રમાણે તેના વિભાગો કરવામાં આવે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અત્યારે ત્રણ જ ધર્મો એવા છે કે જે ખરેખરી રીતે વિશ્વવ્યાપી થવાનો ઉદ્દેશ રાખે છે; અને તે કાળાનુક્રમ પ્રમાણે બૌદ્ધધર્મ, ખ્રિસ્તીધર્મ અને મુસલમાનધર્મ છે. બાકીના આઠ ધર્મો પરંપરાગત અથવા તો પ્રજાકીય છે અને પોતાના અનુયાયીઓથી જ સંતોષ માને છે.

(૬) જે દેવવિષયક ભાવનાથી ધર્મો શરૂ થયા છે તેને આધારે પણ ધર્મોના વિભાગ થઇ શકે છે. શીખ, તાઓ, યાહુદી, ઝોરોસ્ટર, ખ્રિસ્તી અને મુસલમાન આ છ ધર્મો શરૂઆતમાં સ્પષ્ટ રીતે ઈશ્વરવાદી હતા. જૈન અને બૌદ્ધ ધર્મો દેવના પ્રશ્નને મહત્ત્વ આપ્યા વિના જ શરૂ થયા છે, જ્યારે બાકીના ત્રણ–હિન્દુ, કૉન્ફ્યુશ્યસ અને શિન્તો–ધર્મો અનેકેશ્વરવાદ ઉપર રચાએલી પ્રકૃતિપૂજામાંથી ઉત્પન્ન થયા છે.

(૭) વર્તમાન સમયમાં જે દેવતાઓ સ્વીકારવામાં આવે છે તે દેવતાઓની સંખ્યાને અનુસરીને ધર્મોના વિભાગો પાડી શકાય. જગતના વિદ્યમાન ધર્મોનો ઇતિહાસ તપાસીએ છીએ તો માલમ પડે છે કે કેટલાક ધર્મો તો જુદે જુદે સમયે ઈશ્વરવાદની જુદી જુદી ભૂમિકાઓમાંથી પસાર થએલા છે, દાખલા તરીકે યાહુદીધર્મ. આ ધર્મમાં પ્રથમ પોતાનો 'યહોવાહ' નામનો જે સત્યનિષ્ઠ દેવ હતો તેના પ્રત્યે સમ્પૂર્ણ ભક્તિ રાખવામાં આવતી અને પછીથી ધીમે ધીમે જગતનો એક જ પરમાત્મા અને તેના ઉપર જ શ્રદ્ધા રાખવી એવો સિદ્ધાન્ત પ્રચલિત થયો; અને સાથે સાથે એમ પણ કહેવામાં આવ્યું કે બીજી પ્રજાઓને પોતપોતાના દેવો ભજવાનો સમ્પૂર્ણ હક્ક રહેલો છે. આ જ પ્રમાણે હિન્દુ ધર્મમાં પણ જોવામાં આવે છે. પ્રથમ હિન્દુધર્મમાં અનેકેશ્વરવાદવાળી પ્રકૃતિપૂજા હતી; ત્યાર પછી અનેક ભૂમિકાઓમાંથી પસાર થતાં અન્તે લોકપ્રિય અનેકેશ્વરવાદથી રંગાએલી મૂર્તિપૂજા આવી, અને તેની સાથે સાથે એક જ ઉત્તમ તત્ત્વ અથવા પરમાત્માનો તત્ત્વજ્ઞાનનો સિદ્ધાન્ત પણ ચાલુ રહ્યો. આ બધી પરિસ્થિતિનો સાર આ પ્રમાણે છે :—

ચાર ધર્મો–શીખ, યાહુદી, ખ્રિસ્તી અને ઇસ્લામ–ખરેખરા એકેશ્વરવાદી



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છે. ઝોરોસ્ટરધર્મના આધ્યાત્મિક શાસ્ત્રમાં દ્વૈતનો સ્વીકાર કરેલો છે અને તેના ધર્મગ્રંથોમાં અનેક તત્ત્વોની પૂજા કરવાનું કહેલું છે, છતાં પણ તે ધર્મ લગભગ એકેશ્વરવાદી છે; બાકીના બીજા છ ધર્મો વ્યવહારમાં અનેકેશ્વરવાદી છે.

(૮) ધર્મ સ્થાપનાર પુરુષોનાં વ્યક્તિત્વને આધારે ધર્મોના વિભાગો પાડી શકાય છે. ધર્મના સ્થાપનારાઓમાં ત્રણ પ્રકારે રહસ્ય રહેલું હોય છે–ધર્મના ઉત્પાદક, વિશિષ્ટ લક્ષણ અને ઉપદેશક તરીકે. કૉન્ફ્યુશ્યસધર્મ, મહમદધર્મ અને ઝોરોસ્ટરધર્મ– એ ત્રણ ધર્મોનાં નામોમાં તે ધર્મના સ્થાપનારનાં નામ આપેલાં છે. બીજા ત્રણ ધર્મોનાં–જૈન, બૌદ્ધ અને ખ્રિસ્તીનાં–નામો તે તે ધર્મના સ્થાપનારાઓની પ્રતિષ્ઠિત પદવીઓ ઉપરથી પાડવામાં આવ્યાં છે. જૈનધર્મને જૈન કહેવામાં આવ્યો, કારણ કે તેના સ્થાપનાર મહાવીરને જીન-જીતનાર–કહેવામાં આવતું હતું. બૌદ્ધધર્મમાં બૌદ્ધનું નામ આવ્યું છે તેનું કારણ એ કે તે ધર્મના સ્થાપનાર ગૌતમને બુદ્ધ-જ્ઞાનવાળા–કહેવામાં આવતું હતું. ખ્રિસ્તી ધર્મને ખ્રિસ્તી એ નામ આપવાનું કારણ એ કે તે ધર્મ સ્થાપનાર જીસસને ક્રાઇસ્ટ–તૈલલિપ્ત–અભિષિક્ત–કહેવામાં આવતું હતું. ચાર ધર્મોનાં–તાઓ, શિન્તો, ઇસ્લામ અને શીખ ધર્મોનાં–નામો તે તે ધર્મ સ્થાપનારના મુખ્ય સિદ્ધાન્ત ઉપરથી પાડવામાં આવ્યાં છે. તાઓધર્મ એટલે 'દૈવી માર્ગ;' શિન્તોનો અર્થ 'દેવોનો માર્ગ;' મુસલમાનધર્મને ઇસ્લામ કહેવામાં આવે છે કારણ કે ઇસ્લામ એટલે અલ્લાને શરણે જવું; અને શીખ ધર્મ એટલે 'શિષ્યોનો ધર્મ.' હિન્દુ ધર્મને જે 'હિન્દુ' કહેવામાં આવ્યો છે તેનું કારણ એ કે તે ધર્મ પાળનારી પ્રજા સિન્ધુ નદીની આસપાસ રહેતી હતી અને ઇરાની લોકો 'સ' ને બદલે 'હ' વાપરતા હોવાથી 'સિન્ધુ' ને 'હિન્દુ' કહેતા હતા. આને પરિણામે 'આર્યાવર્ત' 'ભારત' 'આર્ય અથવા વૈદિક ધર્મ' ઇત્યાદિ શબ્દોને બદલે 'હિન્દુસ્તાન,' 'હિન્દુ ધર્મ' જેવા શબ્દો વ્યવહારમાં પ્રચલિત થઇ ગયા. આજે કેટલાક વિચારકો 'હિન્દુધર્મ'

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એ શબ્દને બદલે 'આર્યધર્મ' અથવા 'વૈદિકધર્મ' એ શબ્દનો પ્રયોગ કરે છે. અનેક દૃષ્ટિએ આ પ્રયોગ વધારે ઉચિત છે.

## ઉપયુક્તતા અને અભિપ્રાયને આધારે કરાતા ધર્મોના વિભાગો

દરેક ધર્મ દરેક વ્યક્તિને અને આખા સમાજને જે પ્રમાણમાં લાભ અને જવાબદારી આપે છે તે પ્રમાણે જો ધર્મોના વિભાગો કરવામાં આવે તો તે ઉત્તમોત્તમ છે. જગતના વિદ્યમાન અગિયાર ધર્મોમાંનો દરેક ધર્મ વ્યક્તિની અને સમાજની કિમ્મત આંકે છે. ઘણાખરા અ-ખ્રિસ્તી ધર્મો મુખ્યત્વે વ્યક્તિને મોક્ષ આપવાને માટે તત્પર હોય છે, જો કે આ ધર્મોમાં મનુષ્યના વ્યક્તિત્વની વ્યક્તિત્વ તરીકેની કિમ્મત નહિ જેવી જ ગણવામાં આવેલી છે. આના અપવાદ રૂપે ઇસ્લામ ધર્મ છે, કારણ કે એમાં ધર્મ-પ્રચારનું કાર્ય ઘણા ઉત્સાહથી કરવામાં આવે છે. હિન્દુધર્મમાં પણ આજે આર્યસમાજ જેવી સંસ્થાઓ દ્વારા ધર્મનું પ્રચારકાર્ય ચાલે છે.

## ધર્મોના અભ્યાસ અને તુલનાને માટે આવશ્યક સામગ્રી

બીજા વિષયોમાં જે બધી સામાન્ય પદ્ધતિઓ ઉપયોગી થઇ પડી છે તે બધી ય પદ્ધતિઓ ધર્મોના અભ્યાસને માટે જરૂરી છે. જે માણસને જગતના ધર્મોનો અભ્યાસ કરવો છે તેણે નીચે જણાવેલી પદ્ધતિઓમાંથી કેટલીક પદ્ધતિઓનો ઉપયોગ કરવો જોઇએ :—

(૧) અનેક પ્રકારની માહીતી મેળવવાને માટે સાચા અને તલસ્પર્શી શાસ્ત્રીય જ્ઞાનની આવશ્યક્તા છે. દરેક ધર્મનાં શાસ્ત્રોનો કાળજીપૂર્વક અભ્યાસ કરવાની જરૂર છે. કોઇ પણ ધર્મના વિષયમાં સામાન્ય વિધાનો કરવાનું કામ જરા કઠિન છે, છતાં પણ તે ઘણી ચોકસાઇથી કરવું જોઇએ.

(૨) દરેક ધર્મ પોતાના અનુયાયીઓને એક જાતનો જે સંતોષ આપે છે તે બરોબર સમજવાને માટે તે ધર્મ તરફ સહાનુભૂતિ રાખીને તેની કિમ્મત આંકવી જોઇએ.

(૩) જીવનના વિવિધ અનુભવો અને આદર્શોની જુદા જુદા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ધર્મોએ જે જુદી જુદી કિમ્મતો આંકી છે તેનો અભ્યાસ ન્યાય અને વિવેકદૃષ્ટિથી કરવાની ખાસ જરૂર છે.

(૪) વિશ્વવ્યાપક રચનાત્મક યોજના સ્વીકારવાથી જગતના ધર્મોએ જુદા જુદા પદાર્થોની જે જુદી જુદી ઉપયોગિતા બતાવી છે તે બધીની સુંદર એક્તા સાધી શકાશે.

(૫) આધ્યાત્મિક દૃષ્ટિથી જે વસ્તુ મહત્ત્વની હોય અને ગમે તે સ્થળમાં મળતી હોય તો તેમાં નિર્ભયતાથી વિશ્વાસ રાખવો, અને તેમ કરવાથી વિશ્વવ્યાપક સત્યસ્વરૂપ ઇશ્વરના તરફ અભ્યાસીઓનો પૂજ્યભાવ વધશે અને મનુષ્યોની ધાર્મિક મહત્ત્વાકાંક્ષાઓને માટે તેમને માન થશે.

(૬) બધા ધર્મો અને બધી વ્યક્તિઓના સંબંધમાં સમ્પૂર્ણ સમવૃત્તિ રાખવાની આવશ્યકતા છે. શોધખોળના કામમાં, તેમજ બીજાં કામોમાં, સત્યપરાયણતા અને ગુણગ્રાહિતાની ખાસ જરૂર હોય છે.

જગતના વિદ્યમાન ધર્મોના અભ્યાસ અને તુલનાથી દરેક વિચારકના પોતાના જીવન અને વિચારને ઘણો લાભ થશે. વળી જે માણસ સત્ય-નિષ્ઠાથી ધર્મોના તુલનાત્મક અભ્યાસનું કામ ઉપાડી લેશે તેને પણ લાભ જ થશે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ બીજું

## હિન્દુ ધર્મ

### પરમાત્માની વ્યાપકતા અને પરંપરાગત ઉચ્ચ નીચ સામાજિક રચનાનો ધર્મ

#### જગતના વિદ્યમાન ધર્મોમાં સ્થાન

હિન્દુધર્મ અથવા આર્યધર્મ લગભગ ઇ. સ. પૂર્વે ૪૦૦૦ થી શરૂ થયો છે, અને તે આખા જગતમાં જુનામાં જુનો, જીવંત અને વ્યવસ્થિત ધર્મ છે. હડાપા ને મોહેંજો–દડોમાં ખોદકામ કરીને શ્રી. રખલદાસ બૅનરજી અને સર જહૉન માર્શલે જે પદાર્થો શોધી કાઢચા તેના ઉપરથી સિન્ધુ સંસ્કૃતિનો પરિચય શકય બન્યો છે અને ભારતીય સંસ્કૃતિના ઇતિહાસ ઉપર અપૂર્વ પ્રકાશ પડયો છે. સિન્ધુ સંસ્કૃતિ વૈદિક સંસ્કૃતિથી પ્રાચીન છે, અને છેલ્લા ભાગમાં આ બન્ને સંસ્કૃતિ સમકાલીન બની ગઇ છે. સિન્ધુ સંસ્કૃતિની પૂર્ણાહુતિ લગભગ ઈ. સ. પૂર્વે ૨૮૦૦ માં થઇ એમ સામાન્ય રીતે માનવામાં આવે છે. ધર્મના ઇતિહાસની દષ્ટિએ એક મહત્ત્વની બાબત એ છે કે સિન્ધુ સંસ્કૃતિમાં લિંગપૂજાનો પ્રચાર હતો એ દર્શાવનારાં પ્રમાણો મળી આવે છે. હમણાં જ ભારત સરકારના પ્રાચીન વસ્તુશોધ ખાતાએ ધોળકા તાલુકાના સરગવાળા ગામ આગળ ખોદ કામ કર્યું છે અને તેમાં હડાપાના જેવા જ પદાર્થો મળી આવ્યા છે, અને હજુ પણ મળી આવે છે. આ ઉપરથી જણાય છે કે હડાપા સંસ્કૃતિનો પ્રચાર ગુજરાતમાં હતો, અને આ સંસ્કૃતિવાળી પ્રજા આ જગ્યા છોડીને ચાલી ગયા પછી આ સ્થળ ઉજ્જડ પડી રહ્યું. સિન્ધુ સંસ્કૃતિ અને વૈદિક સંસ્કૃતિનો તુલનાત્મક અભ્યાસ બહુ રસપ્રદ છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હિન્દુસ્તાનમાં હિન્દુધર્મના અનુયાયીઓની સંખ્યા લગભગ ત્રીસ કરોડ છે, અને તેથી તે જગતના મોટા ધર્મોમાંનો એક ધર્મ છે. વસ્તીનો સ્વાભાવિક વધારો થતાં આ ધર્મના અનુયાયીઓની સંખ્યા દરેક દસકે દસ લાખ પ્રમાણે વધતી જાય છે. હિન્દુધર્મ એ વંશપરંપરાગત ધર્મ છે, અને તે હમ્મેશાં હિન્દુસ્તાનમાં જ પ્રસરેલો છે. ખ્રિસ્તી અને ઇસ્લામ એ બે પ્રચારક ધર્મોનો સ્વીકાર કરનારા માણસોની સંખ્યા હિન્દુસ્તાનમાં ઘણી વધતી જાય છે. તેથી હિન્દુસ્તાનની આખી વસ્તીના પ્રમાણમાં હિન્દુઓની સંખ્યા ખરેખરી રીતે ઘટતી જાય છે. આજે તો ભારત અને પાકીસ્તાન એમ બે વિભાગો થવાથી ભારતમાં બીજા ધર્મોના પ્રચારને હવે બહુ અવકાશ રહ્યો નથી.

જગતના ધર્મોની અંદર હિન્દુધર્મ વર્ણવ્યવસ્થાને લીધે અપ્રતિમ છે. આ ધર્મમાં પ્રાચીન કાળથી ચાલી આવેલી ચાર વર્ણો છે. દરેક વર્ણના માણસે પોતપોતાનો વંશપરંપરાગત ધંધો સ્વીકારવો જોઇએ અને બીજી વર્ણના માણસ સાથે લગ્નવ્યવહાર અને ભોજનવ્યવહાર પણ રાખવો જોઇએ નહિ એમ અત્યાર સુધી માનવામાં આવતું હતું; પણ આજે સ્વતંત્ર ભારતમાં એ બધાં બન્ધનો શિથિલ થતાં જાય છે. તે ચાર વર્ણો આ પ્રમાણે છે :—

બ્રાહ્મણો, યજ્ઞ કરાવનાર અને જ્ઞાન આપનાર વર્ગ; ક્ષત્રિયો, રાજ્ય અને યુદ્ધ કરનાર વર્ગ; વૈશ્યો, ખેતી અને શિલ્પ વિગેરેનો ધંધો કરનાર વર્ગ; અને ઉતરતા વર્ગના શૂદ્રો. આ ચાર વર્ણોના બીજા ઘણા વિભાગો કાળક્રમે થયા, તે એટલે સુધી કે ૫૮ જ્ઞાતિઓમાં દરેક જ્ઞાતિમાં અત્યારે દસ લાખ કરતાં વધારે માણસો જોવામાં આવે છે. એકંદરે હિન્દુઓમાં બે હઝારથી વધારે સ્વતંત્ર પેટાજ્ઞાતિઓ છે, પણ હવે તે તિરોહિત થતી જાય છે, સમાજની નવી રચનાં થતી જાય છે.

હિન્દુઓની શ્રદ્ધાને સૂક્ષ્મ રીતે તપાસતાં માલમ પડે છે કે તેમનામાં પોતાના ધર્મના સિદ્ધાન્તો વિષે જુદા જુદા અભિપ્રાયો અને અનિશ્ચિતતા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઘણા પ્રમાણમાં જોવામાં આવે છે.

હિન્દુ ધર્મની મુખ્ય ધાર્મિક માન્યતા એ છે કે બ્રહ્મ નામનો એક સર્વવ્યાપક દિવ્ય સત્ પદાર્થ છે. હિન્દુઓનાં શાસ્ત્રોમાંના વેદો અને બ્રાહ્મણો નામના બે પ્રાચીન ગ્રન્થવિભાગોમાં આ સર્વેશ્વરવાદની ભાવના સૂક્ષ્મ સ્વરૂપમાં જોવામાં આવે છે. ખરી રીતે જોતાં તો પરંપરાગત ધર્મ પાળનારા હિન્દુઓ ઈશ્વરવાદ, અનેકેશ્વરવાદ અને સર્વેશ્વરવાદનો દરેક પ્રકાર સ્વીકારતા આવ્યા છે. તેમણે ગમે તે અભીષ્ટ પદાર્થની પૂજા કરી છે, તેમણે નીતિનું ગમે તે ધોરણ સ્વીકાર્યું છે. છતાં પણ જ્યાં સુધી આ બધા હિન્દુઓએ વર્ણોના અને જ્ઞાતિના નિયમોનો પ્રસિદ્ધ રીતે ભંગ કર્યો નથી અને તેમને જ્ઞાતિની બહાર કાઢવામાં આવ્યા નથી ત્યાં સુધી તો એ બધાને એક સરખી રીતે હિન્દુ તરીકે ગણવામાં આવે છે.

હિન્દુધર્મ એ જુદા જુદા સ્વભાવવાળા અને તીવ્ર ધાર્મિક ભાવનાવાળા માણસોનો સંકીર્ણ અને ક્રમિક વિકાસ છે. હિન્દુધર્મ વાસ્તવિક રીતે બહુ ઉદાર છે, તેણે અનેક સજાતીય અને વિજાતીય વિચારધારાઓને અપનાવી પોતાનામાં અદ્ભુત રીતે ઓતપ્રોત કરી દીધી છે. હિન્દુધર્મને ભરૂચ પાસે નર્મદાતટે આવેલા કબીરવડની સાથે સરખાવીએ તો ખોટું નથી. હિન્દુધર્મની આ એક અપૂર્વ શક્તિ છે, અને તેમાં જ તેની સનાતનતા રહેલી છે. અન્ય ધર્મોના સ્થાપકો અને ઉપદેશકોને પરમાત્માના અવતારો અને વિભૂતિઓ માની હિન્દુધર્મે વિશ્વને પ્રેમથી જીતી લીધું છે. આમાં ઘણી વિવિધતા છે, પણ સર્વની અંદર રહેલો વિશ્વવ્યાપક અને સર્વને પવિત્ર કરનાર એક પરમાત્મા છે એ સિદ્ધાન્તને લીધે અને વર્ણવ્યવસ્થા દ્વારા સમાજ ઉપરના નિયન્ત્રણને લીધે એક પ્રકારની એકતા પણ છે. હિન્દુધર્મમાંથી ધર્મનાં જુદાં જુદાં રૂપો વિકાસ પામ્યાં છે અને જુદે જુદે સમયે રચાએલાં શાસ્ત્રોમાં તે જોવામાં આવે છે. આ બધા ગ્રન્થોને એકઠા કરીએ અને જે સમૂહ થાય તે હિન્દુધર્મનાં શાસ્ત્રો કહેવાય છે. આ બધાં શાસ્ત્રો જુનામાં જુની–ઘણી ખરી હિન્દીયુરોપીય ભાષાઓની

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઘરડી મા જેવી–સંસ્કૃત ભાષામાં લખાએલાં છે. હિન્દુધર્મનું સંપૂર્ણ અને પ્રામાણિક જ્ઞાન મેળવવું હોય તો આ શાસ્ત્રોનો અભ્યાસ આવશ્યક છે.

## પ્રાચીન પ્રકૃતિપૂજા : ચાર વેદો

હિન્દુધર્મનાં શાસ્ત્રોમાં પ્રાચીન શાસ્ત્ર વેદો છે. વેદનો અર્થ જ્ઞાન થાય છે. અર્થાત્ વેદો એટલે જ્ઞાનથી ભરેલા અને જ્ઞાન આપનારા ગ્રન્થો. હિન્દુધર્મમાં જુદી જુદી શાખાઓ છે અને તે દરેક શાખાને પોતાનો વેદ હોય છે. આવી પ્રાચીન શાખાઓ ચાર છેઃ–ઋચાઓનો–સ્તુતિઓનો–વેદ, **ઋગ્વેદ**; પવિત્ર મંત્રોનો વેદ, **યજુર્વેદ**; ગાનનો વેદ, **સામવેદ**; અને વ્યવહારોપયોગી મંત્રોનો વેદ **અથર્વવેદ**. આમાંનો પહેલો વેદ ઘણો મહત્ત્વનો છે. જગતના વિદ્યમાન ધર્મોના ગ્રન્થોમાં તે જુનામાં જુનો ગ્રન્થ છે. ઋગ્વેદ પછી રચાએલાં શાસ્ત્રો પ્રમાણે અને હિન્દુધર્મની રૂઢ માન્યતા પ્રમાણે તો ઋગ્વેદ જગતની ઉત્પત્તિ થઈ તે પહેલાં રચવામાં આવ્યો હતો. પણ ભારત, યુરોપ અને અમેરિકાના વિદ્વાનો ઋગ્વેદનો જે સમય આપે છે તે ઈ. સ. પૂર્વે ૪૦૦૦ થી તે ઈ. સ. પૂર્વે ૧૫૦૦ સુધીમાં આવી જાય છે. ઋગ્વેદની અંદર ૧૦૨૮ સૂક્તો છે. હિન્દુઓ માને છે કે ઋગ્વેદનો દરેક અક્ષર પ્રમાણભૂત છે અને તેમાં કોઈ પણ જાતની ભૂલ નથી. તેઓએ આખો ઋગ્વેદ અત્યાર સુધી મુખપાઠ વડે એવી આબાદ રીતે જાળવી રાખ્યો છે કે જુના કરારના હિબ્રુ ગ્રન્થમાં અને નવા કરારના ગ્રીક ગ્રન્થમાં જેટલા પાઠભેદો છે તેના કરતાં ઋગ્વેદમાં ઘણા ઓછા પાઠભેદો છે. ઋગ્વેદનો એક મંત્ર ગાયત્રીને નામે સુપ્રસિદ્ધ છે. અત્યારે પણ ઉચ્ચ વર્ણના ધર્મિષ્ઠ હિન્દુઓ દરરોજ સવારમાં સૂર્યની પૂજા વખતે આ મન્ત્રનો પાઠ કરે છે. મન્ત્રનો અર્થ આ પ્રમાણે છે :—

> " સવિતા દેવના પૂજ્ય તેજનું આપણે ધ્યાન ધરીએ; તે દેવ આપણી બુદ્ધિને પ્રેરે ! " (ઋગ્વેદ, ૩. ૬૨. ૧૦)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હિન્દુધર્મના આ જુનામાં જુના ગ્રન્થોમાં જે ધર્મ જોવામાં આવે છે તે ઘણે ભાગે પ્રકૃતિપૂજાનો છે ઋગ્વેદમાં લગભગ ૭૬ જુદા જુદા પદાર્થોની સ્તુતિઓ અને પ્રાર્થનાઓ છે. આ પદાર્થોનું સ્વરૂપ તપાસતાં જણાય છે કે સૃષ્ટિમાં રહેલી કેટલીક શક્તિઓમાં ચેતન ધર્મનો આરોપ કરીને તે પદાર્થોની સ્તુતિ કરવામાં આવી છે; દાખલા તરીકે સૂર્ય, ચંદ્ર, આકાશ, વાયુ, પર્જન્ય, ઉષા, પૃથ્વી, પ્રાણ, અગ્નિ વગેરે.

વૈદિક દેવતાઓમાં સૌથી મોટો દેવતા ઇન્દ્ર છે અને તે અન્તરિક્ષ અને વર્ષાનો નિયામક અધિપતિ છે. હિન્દુઓના આ પ્રાચીન દેવતાઓની જે પ્રાર્થનાઓ કરવામાં આવી છે તેમાં ઘણે ભાગે દીર્ઘાયુષ્ય, પુત્ર, પશુ, ધાન્ય, આરોગ્ય, શત્રુનો પરાજય અને બીજી બધી જાતના ઐહિક સુખની ઇચ્છા પ્રદર્શિત કરેલી છે. પ્રજાનાજીવનમાં આનન્દ, આશાવાદ અને હૃદયની સરલતા જોવામાં આવે છે. વળી કેટલાક સુન્દર અને ઉદાત્ત નીતિના સિદ્ધાન્તો પણ જોવામાં આવે છે. આકાશના એ દેવતાઓમાંના એક દેવતાનું નામ દ્યૌઃ પિતર્–આકાશરૂપી પિતા–છે. પણ દ્યૌઃ પિતર્ને જે પિતા કહેવામાં આવે છે તે તદ્દન સ્થૂલ દૃષ્ટિથી જ કહેવામાં આવે છે, કારણ કે આ દ્યૌઃ પિતર્ એ પુરુષ દેવ છે અને તેનો સંબંધ પૃથ્વી માતર્ નામની સ્ત્રીદેવતા સાથે નિયમપૂર્વક વર્ણવવામાં આવ્યો છે. આ પ્રમાણે દ્યૌઃ પુરુષ અને પૃથ્વી સ્ત્રી છે. કેટલાક મંત્રોમાં બધા દેવો એક જ તત્ત્વનાં રૂપો છે એમ કહેવામાં આવેલું છે. આ પ્રકારે વેદમાં અદ્વૈતવાદનું બીજ જોવામાં આવે છે.

બધા વૈદિક દેવતાઓમાં નીતિનું સૌથી વધારે પાલન કરનાર દેવતા **વરુણ** છે. વરુણ એટલે સર્વને વ્યાપી રહેલું આકાશ. વરુણની સર્વજ્ઞતા અને સર્વવ્યાપકતાનું વર્ણન કરનારૂં સ્તોત્ર ચારે વેદોમાં સૌથી વધારે સુંદર છે ( અથર્વવેદ, ૪. ૧૬ ). વરુણ અને લગભગ બીજા બધા વૈદિક દેવતાઓ કાળે કરીને હિન્દુ ધર્મમાં જોવામાં આવતા નથી, છતાં પણ સૃષ્ટિમાં આવેલી શક્તિઓની આરંભમાં જે પૂજા થતી હતી અને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તેનાથી જે ભય ઉત્પન્ન થતો હતો તે તો અત્યારે હિન્દુધર્મમાં પ્રચલિત જ છે.

ઋગ્વેદમાં એક જ સ્થળે એક વાર ચાર વર્ણોનાં નામ જોવામાં આવે છે. હિન્દુધર્મના આ પ્રાચીન ગ્રન્થમાં જનસમાજના ચાર મુખ્ય વિભાગોને અનુક્રમે વિરાટ પુરુષનાં અંગો તરીકે વર્ણવવામાં આવ્યા છે:—

"તેના મુખમાંથી બ્રાહ્મણો ઉત્પન્ન થયા, બાહુઓમાંથી ક્ષત્રિયો થયા; જાંઘમાંથી વૈશ્યો થયા અને પગમાંથી શૂદ્રો થયા." (ઋગ્વેદ, ૧૦. ૯૦. ૧૨) આ પ્રમાણે ચારેય વર્ણો, સમાજના ચારેય વિભાગો, એક જ પરમાત્માનાં અંગો છે એ ઉદાત્ત સિદ્ધાન્તનું અહીં પ્રતિપાદન કરવામાં આવેલું છે. ઋગ્વેદમાં મોક્ષ મેળવવાનુ મુખ્ય સાધન પ્રાર્થના છે. આ પ્રાર્થના યજ્ઞોમાં એક રૂપે કે બીજા રૂપે હોય છે જ. વેદમાં મુખ્યતઃ કર્મ અને ગૌણતઃ ભક્તિ અને જ્ઞાનના પ્રવાહો જોવામાં આવે છે અને આ ત્રણ વિચારધારાઓ હિન્દુધર્મમમાં આ જ સુધી ચાલુ રહી છે.

**યજ્ઞપ્રધાન હિન્દુધર્મ: બ્રાહ્મણગ્રન્થો** ( ૧૫૦૦–૮૦૦ ઇ. સ પૂર્વે )

જયારે આર્ય લોકો હિન્દુસ્તાનમાં પહેલ વહેલા આવ્યા ત્યારે યુદ્ધના પ્રસંગોએ ઘણી પ્રાર્થનાઓ અને યાગો થયા. આ પદ્ધતિ ચાલુ જ રાખવી એમ કહેવામાં આવ્યું ખરૂં પણ તે માત્ર નામનું અને ઉપરથી જ. યુદ્ધમાં અને ધર્મમાં પહેલાં જે વિજય મેળવેલો તેનો અમુક પ્રકારે જ અર્થ કરવામાં આવ્યો અને તેને પરિણામે ધર્મનું એક રીતે વિચિત્ર સ્વરૂપ જ ઘડાઈ ગયું. વૈદિકકાળનો જે તદ્દન સાદો ધર્મ તે આ સમયમાં ફરી ગયો. આ કાળમાં એવા પ્રકારની પદ્ધતિ પ્રચલિત થઇ કે મોટા મોટા યાગો અને વિધિઓ, વિવિધ આહુતિઓ અને વળી પશુઓના યાગો જોવામાં આવ્યા: અને બધામાં બ્રાહ્મણ ઋત્વિજોની સત્તા ચાલવા માંડી.

એક નવા પ્રકારનું સાહિત્ય અને નવા પ્રકારનો ધર્મ આ સમયે ઉત્પન્ન થયાં. આ સાહિત્યને **બ્રાહ્મણ** કહેવામાં આવે છે; બ્રાહ્મણ એટલે ઋત્વિજોનો ગ્રન્થ. આ ગ્રન્થોમાં સંસ્કૃત ભાષાના ગદ્યની અંદર ધર્મ વિષે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સવિસ્તર ચર્ચા કરવામાં આવી છે. જે જુદા જુદા યાગોનાં વિધાન કરવામાં આવ્યાં છે તે વિષેની સૂચનાઓ અને કેટલીક ધાર્મિક કથાઓ આ ગ્રન્થોમાં મુખ્યત્વે આપેલી છે. જગતના સાહિત્યમાં હિન્દુ લોકોના વેદના બધા મંત્રોનો વિનિયોગ યજ્ઞમાં જ કરવામાં આવ્યો અને યજ્ઞ એ જ વિષ્ણુ છે, પ્રજાપતિ છે, સર્વસ્વ છે એ પ્રમાણે માનવામાં આવ્યું. આ બ્રાહ્મણ ગ્રન્થો અત્યારે પ્રાપ્ય હિન્દુયુરોપીય ગદ્ય સાહિત્યમાં સૌથી વધારે પ્રાચીન છે.

બ્રાહ્મણોમાં યજ્ઞ ઉપર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે.

"જો ઋત્વિજે યજ્ઞ ન કર્યો હોત, તો ખરેખર આ સૂર્ય ઉગી શકત નહિ." (શતપથ બ્રાહ્મણ ૨. ૩. ૧. ૫.)

સૌથી વધારે મહત્ત્વનો અને વિસ્તારવાળો અશ્વમેધ યજ્ઞ છે. આ યજ્ઞ એક વર્ષે પૂરો થાય છે. તેના આરંભમાં જ ૬૦૯ પ્રાણીઓનો અમુક ક્રમ પ્રમાણે વધ કરવામાં આવે છે. આ યાગની શક્તિ ખરેખર અનન્ત અને અદ્‌ભુત છે અને યાગ કરવામાં આવે કે તરત જ આ અપૂર્વ શક્તિ પ્રગટ થાય છે એમ કહેવામાં આવ્યું છે.

દક્ષિણાઓ આપીને ઋત્વિજો પાસે જે યાગો કરાવવામાં આવતા હતા તે ધીમે ધીમે ધર્મની એક મહત્ત્વની ક્રિયા છે એમ માનવામાં આવ્યું અને તેને પરિણામે જુના વૈદિક દેવતાઓની કિમ્મત ઘટતી ગઈ. તેઓ મનુષ્યોની માફક મૃત્યુને વશ છે અને યજ્ઞો કરવાથી તે અમર થતા હતા એમ કહેવામાં આવતું.

ખરેખર, બ્રાહ્મણ ઋત્વિજો કર્મકાણ્ડમાં ઘણા હોંશીઆર હતા અને તેથી તે દેવતાઓના જેવું જ માન ભોગવતા થયા. આ બ્રાહ્મણગ્રન્થોમાં વળી કહેવામાં આવ્યું છે કે યજ્ઞ કરાવનારા ઋત્વિજોને દક્ષિણા આપવાથી મનુષ્યને મોક્ષ મળે છે. આ માન્યતામાં તો જગતનાં બધાં શાસ્ત્રોમાં બ્રાહ્મણગ્રન્થો ચઢી જાય છે.

બ્રાહ્મણગ્રન્થોમાં કેટલાક નવા વિચારો પ્રવેશ પામ્યા અને તે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હિન્દુધર્મના પછીના ઇતિહાસમાં ચાલુ રહ્યા. બ્રાહ્મણ ઋત્વિજોથી શરૂ થતી હિન્દુધર્મની વર્ણવ્યવસ્થા ઉપર જેમ જેમ વધારે ભાર મૂકવામાં આવ્યો અને તે જેમ જેમ વધારે મહત્ત્વની ગણાવા લાગી તેમ તેમ નીચ વર્ગના શૂદ્રોની સ્થિતિ બગડતી ગઈ. દેવતાઓ, તેમ જ મનુષ્યો, હવે શૂદ્રો સાથે વાતચીત કરતા અટકી ગયા. હિન્દુધર્મમાં પહેલી જ વાર ગાયના માંસનું ભક્ષણ ન કરવું એવા પ્રતિબંધો મૂકવામાં આવ્યા અને પુનર્જન્મનો સિદ્ધાન્ત પહેલવહેલો સ્પષ્ટ રીતે બ્રાહ્મણગ્રન્થોમાં જોવામાં આવ્યો.

પણ બ્રાહ્મણગ્રન્થોમાં ખાસ કરીને જે ધર્મ વિકાસ પામ્યો છે તે કર્મકાણ્ડનો છે અને તે પ્રકાર હિન્દુધર્મનાં પછીનાં વર્ષોમાં પણ હમ્મેશાં જોવામાં આવે છે. બ્રાહ્મણગ્રન્થોનો સિદ્ધાન્ત એવો છે કે મુખ્યત્વે બ્રાહ્મણ ઋત્વિજો પાસે યાગ કરાવવાથી મોક્ષ મળે છે.

**તત્ત્વજ્ઞાનવાળો હિન્દુધર્મ : ઉપનિષદો ( ૮૦૦–૬૦૦ ઈ. સ. પૂર્વે )**

તત્ત્વજ્ઞાનના વિચારો કરવાનો શોખ એ હિન્દુઓનું હમ્મેશનું ખાસ લક્ષણ છે. ઋગ્વેદ જેવા પ્રાચીન ગ્રન્થમાં પણ જગતના મૂળ કારણ વિષે જે અદ્ભુત વિચારો કરવામાં આવ્યા છે તેમાં હિન્દુઓનું આ લક્ષણ જોવામાં આવે છે. ( ઋગ્વેદ ૧૦ : ૭૨; ૧૦ : ૮૧; ૧૦ : ૧૨૧; ૧૦ : ૧૨૯; અથર્વવેદ ૧૦ : ૨; ૧૦ : ૭). પણ આ લક્ષણ હિન્દુઓનાં શાસ્ત્રોના ત્રીજા વિભાગમાં, ઉપનિષદોમાં, વધારે પ્રમાણમાં જોવામાં આવે છે. ઉપનિષદોમાં યુવાન પુરુષો અને સ્ત્રીઓ પણ તત્ત્વજ્ઞાનની ચર્ચામાં ઘણો રસ લે છે.

ઉપનિષદોમાં તદ્દન નવીન પ્રકારનો ધર્મ જોવામાં આવે છે. એમાં બ્રહ્મની ભાવના મુખ્ય છે. 'વેદો અને બ્રાહ્મણોમાં બ્રહ્મ શબ્દનો અર્થ 'સ્તુતિ, પવિત્ર ઉચ્ચાર, અથવા તો પવિત્ર જ્ઞાન' થાય છે. પણ ઉપનિષદોમાં તે શબ્દનો અર્થ 'એક પરમ સત્ પદાર્થ'' થાય છે. અનેક વાર ત્યાં એમ પણ કહેવામાં આવ્યું છે. કે વૈદિક દેવતાઓને બ્રહ્મનું જ્ઞાન નથી, ઉપનિષદોમાં તત્ત્વજ્ઞાન વિષેના વિચારો અનેક રૂપે પ્રગટ થયા છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બધા વૈદિક દેવતાઓ, અરે ! બધી વસ્તુઓ અને બધા બનાવો, જગતમાં રહેલી એક અપૂર્વ સત્તાનાં રૂપો છે. અનાદિ કાળથી ચાલી આવેલા ધર્મની પરિભાષામાં કહીએ તો જે તત્‌–તે પદાર્થ છે તેને પ્રાર્થનાની–બ્રહ્મની–શક્તિ કહેવામાં આવે છે. પણ તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ બ્રહ્મ સ્વયંભૂ. અનન્ત, નિત્ય, સર્વવ્યાપક, નિરાકાર અને અનિર્વચનીય સત્‌ પદાર્થ છે. તે આત્મા, પરમાત્મા છે અને તેની અંદર દરેક જીવાત્મા મળી જવાનો છે એમ પણ કહી શકાય એમ છે. ઉપનિષદોનું જે એક વાક્ય વધારે પ્રચલિત થયું છે તે નીચે પ્રમાણે છે :

"તે આત્મા, તું તે છે!" (છાન્દોગ્ય ઉપનિષદમાં, ૬.૮. ૭–૧૬, આ ઉપદેશ શ્વેતકેતુને નવ વાર આપવામાં આવ્યો છે.)

આ જ્ઞાન વેદના અનેકેશ્વરવાદ કરતાં પણ ચઢી જાય છે એમ સ્પષ્ટ રીતે કહેવામાં આવ્યું છે. આમાં જ અદ્વૈતવાદનું મૂલ બીજ રહેલું છે અને તે કાળક્રમે વિકસિત થયું છે. યાજ્ઞવલ્કય મૈત્રેયી સંવાદ (બૃ. ઉ. ૨.૪) નારદસનત્કુમાર સંવાદ (છા. ઉ. ૭) વગેરે સંવાદોમાં અદ્વૈત તત્ત્વનું સુંદર પ્રતિપાદન કરવામાં આવેલું છે.

એક તરફ અનન્ત અને નિત્ય એક સત્‌ પદાર્થ છે તો બીજી તરફ આ વૈવિધ્યથી ભરેલું જગત અને તેનાં વિકારી અને અનિત્ય રૂપો બ્રહ્મનું કાર્ય છે.

આ ઉપરથી એવો સિદ્ધાન્ત નીકળે છે કે પોતાનો આત્મા વિકાર-રહિત છે; અને તે બ્રહ્મ–આત્મા–ની સાથે તદ્દન એક જ થઈ ગયેલો છે એવો શાન્તિથી જે સાક્ષાત્કાર કરવામાં આવે તે જ મોક્ષ કહેવાય છે.

પણ વ્યવહારમાં ઉપર જણાવેલા જ્ઞાનમાર્ગને પુષ્ટિ આપવાને માટે સવિકલ્પ અને નિર્વિકલ્પ સમાધિ સાધનારા યોગમાર્ગની જરૂર રહે છે. પહેલેથી જ દરેકના હૃદયમાં અનિર્વચનીય, નિત્ય, સર્વથા નિષ્ક્રિય અને પરમ આનન્દમય બ્રહ્મ રહેલું હોય છે; અને આ બ્રહ્મનું

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નિરન્તર ધ્યાન કરવામાં ઇન્દ્રિયોની વૃત્તિ અને પ્રાણનો શાન્તિથી કરેલો નિરોધ ઘણો ઉપયોગી છે

નૈતિક દષ્ટિએ વિચાર કરીએ તો આપણને જણાય છે કે બ્રહ્મ-જ્ઞાનીની દષ્ટિએ સારા અથવા ખોટાનો, પાપ અથવા પુણ્યનો અર્થાત્ કોઇ પણ પ્રકારનો ભેદ સંભવી શકતો નથી, કારણ કે જીવાત્મા શાન્ત, અલૌકિક, લગભગ અગ્રાહ્ય, નિરાકાર પરમાત્માથી જુદો નથી.

"'મેં સારૂં કામ કેમ ન કર્યું?' 'મેં ખરાબ કામ કેમ કર્યું?'–" આવા પ્રશ્નો બ્રહ્મવેત્તાને ત્રાસ આપતા નથી. જે માણસ આ પ્રમાણે જાણે છે તેને આ વિચારો પજવતા નથી. કારણ કે જેણે આ પ્રકારનું જ્ઞાન પ્રાપ્ત કર્યું છે તે ખરેખર આ બે વિચારોથી મુક્ત રહે છે. આ જ ઉપનિષદનું રહસ્યજ્ઞાન છે." ( તૈત્તિરીય ઉ. ૨. ૯ ).

ઉપનિષદોમાં જ્ઞાન, કર્મ, જ્ઞાનકર્મસમુચ્ચય અને ભક્તિ–પરમાત્માની કૃપા–ઇત્યાદિ વિચારધારાઓ જોવામાં આવે છે. સાંખ્ય, યોગ, બૌદ્ધ, જૈન વગેરે દર્શનોનાં બીજ પણ જોવામાં આવે છે. ઉપનિષદો એ એક તત્ત્વચિંતકની કૃતિ નથી પણ ભિન્ન ભિન્ન કાલના ભિન્ન ભિન્ન તત્ત્વવેત્તા ઋષિઓના વિચારોની ધારાઓ છે. તેથી ઉપનિષદોના તત્ત્વજ્ઞાનમાં વૈવિધ્ય રહેલું છે. આજ કારણથી ભારતીય તત્ત્વજ્ઞાનનાં બધાં વૈદિક દર્શનો એક-સરખી રીતે ઉપનિષદોનો આધાર લઈ શકે છે. ઉપનિષદો વેદના અન્તભાગ–સંહિતા, બ્રાહ્મણ, આરણ્યક અને ઉપનિષદ્ એ ક્રમ પ્રમાણે છેલ્લો ભાગ–હોવાથી તેમને **વેદાન્ત** કહેવામાં આવે છે. ઉપનિષદોના તત્ત્વજ્ઞાનનું મુખ્ય તાત્પર્ય જ્ઞાનમાં રહેલું છે. જીવ અને પરમાત્માનું અદ્વૈત, પરમાત્મામાંથી જગતની ઉત્પત્તિ, ચારે ય વર્ણોની બ્રહ્મમાંથી ઉત્પત્તિ અને તેથી સમાજની ગાઢ એકતા; કર્મ, ઉપાસના, યોગ અને બ્રહ્મના જ્ઞાનથી મળતો મોક્ષ–આ છે ઉપનિષદોના મુખ્ય સિદ્ધાન્તો.

ઉપનિષદોની સંખ્યા બસોથી પણ વધારે છે, પણ મુખ્ય ઉપનિષદો દસ બાર છે, આ ઉપનિષદોનાં ભાષાન્તર જગતની ઘણીખરી ભાષાઓમાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

થએલાં છે. કેવળ ભારતના વિદ્વાનોએ નહિ પણ યુરોપ અને અમેરિકાના પંડિતોએ પણ ઉપનિષદોની મુક્તકંઠે પ્રશંસા કરેલી છે. આ છે ઉપ-નિષદોની મહત્તા; એમાં રહેલી છે ભારતની વાસ્તવિક પ્રતિષ્ઠા.

## સ્મૃતિવિહિત હિન્દુધર્મ

ઋગ્વેદ, બ્રહ્મણો અને ઉપનિષદોએ હિન્દુધર્મનાં ત્રણ ભિન્ન સ્વરૂપો આપ્યાં છે અને તેનાથી ત્રણ ભિન્ન સ્વભાવવાળા મનુષ્યો આકર્ષાય છે. કાળક્રમે થયેલા આ ત્રણ પ્રકારના ગ્રન્થોએ ધર્મનું મુખ્ય રહસ્ય અનુક્રમે ત્રણ જાતનું આપ્યું–પ્રાર્થના, યજ્ઞ અને તત્ત્વજ્ઞાન. આ જ ગ્રન્થો ઉપરથી બીજી એક વાત સ્પષ્ટ થાય છે, અને તે એ કે જેવી રીતે સમાજમાં ચાર વર્ણો હતી તેવી રીતે પ્રથમ સમાજના બેજ આશ્રમો–બ્રહ્મચર્ય અને ગૃહસ્થ–, પછી ત્રણ આશ્રમો–બ્રહ્મચર્ય, ગૃહસ્થ અને વાનપ્રસ્થ–, અને ત્યાર પછી ચાર આશ્રમો–બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સંન્યાસ–અસ્તિત્વમાં આવેલા છે. કાળક્રમે આ ચાર વર્ણો અને આશ્રમોના દૈનિક કાર્ય માટે વિધિરૂપ અને નિષેધરૂપ સવિસ્તર નિયમોની આવશ્યકતા ઉભી થઇ અને નવા પ્રકારનું સાહિત્ય રચાવા લાગ્યું.

સામાન્ય રીતે પ્રાચીન સંસ્કૃત સાહિત્યના બે મુખ્ય વિભાગો કરવામાં આવેલા છે, શ્રુતિ અને સ્મૃતિ. સંહિતા, બ્રાહ્મણ, આરણ્યક અને ઉપ-નિષદ આ ચાર પ્રકારના સાહિત્યને **શ્રુતિ**–ગુરુપરંપરાએ જેનું શ્રવણ થએલું છે તે–કહેવામાં આવે છે, અને બાકીના બધા પ્રકારના સાહિત્યને **સ્મૃતિ**–જેનું સ્મરણ કરવામાં આવે છે તે–કહેવામાં આવે છે. શ્રુતિને અપૌરુષેય અને સ્મૃતિને પૌરુષેય માનવામાં આવે છે, અને તેથી સ્મૃતિ કરતાં શ્રુતિ વધારે બળવાન અને પ્રમાણભૂત ગણાય છે. શ્રુતિની સાથે જે સ્મૃતિનો વિરોધ ન આવતો હોય તે જ સ્મૃતિ પ્રમાણ તરીકે સ્વીકારવામાં આવે છે. શ્રુતિ, સ્મૃતિ, સદાચાર અને પોતાને જે પ્રિય લાગે તે એ ચાર બાબતો ધર્મની બાબતમાં પ્રમાણ છે. આ ચારમાં પૂર્વ પ્રમાણ ઉત્તર

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પ્રમાણ કરતાં વધારે બળવાન છે.

જે ગ્રન્થોમાં હિન્દુઓના વિધિ, નિષેધ, આચાર, વ્યવહાર અને પ્રાયશ્ચિત્તનો વિચાર કરવામાં આવ્યો છે તેને સામાન્ય રીતે સ્મૃતિ અથવા ધર્મશાસ્ત્ર કહેવામાં આવે છે. આવી સ્મૃતિઓ અનેક છે, પણ તે બધામાં મનુસ્મૃતિ (લગભગ ૨૫૦ ઇ. સ. પૂર્વે) વધારે પ્રમાણભૂત ગણાય છે અને તેથી હિન્દુસમાજમાં તેનો પ્રભાવ ઘણો છે.

મનુસ્મૃતિ એ ધર્મશાસ્ત્રનો મુખ્ય ગ્રન્થ છે. તે કહે છે કે વેદો પવિત્ર છે અને તેમની શક્તિ અપાર છે (૨: ૧૪–૧૫, ૧૦૭–૧૧૩, ૧૫૬; ૧૧: ૨૪૬, ૨૫૭, ૨૬૨–૨૬૪; ૧૨: ૯૪–૧૦૭), હિન્દુઓએ જ યજ્ઞો કરવા જોઇએ (૩: ૬૯–૮૧; ૪:૨૫–૨૮; ૧૧ : ૨૬૧), યુદ્ધ કરવું જોઇએ (૭ : ૮૭–૨૦૧ ), બ્રહ્મ=આત્માનું ઉપનિષદોમાં જે સ્વરૂપ વર્ણવામાં આવ્યું છે તેનું જ્ઞાન મેળવવું જોઇએ ( ૬ : ૨૯, ૭૯; ૧૧ : ૨૬૩; ૧૨: ૧૨૩–૧૨૫), અને અંતમાં સંસારમાંથી મોક્ષ મેળવવો જોઇએ (૨ : ૨૪૯ ).

મનુંસ્મૃતિમાં ચાર વર્ણોનું વર્ણન ઘણા વિસ્તારથી આપવામાં આવ્યું છે. "જગતના સુખને માટે" પરમાત્માએ પ્રથમ ચાર વર્ણો ઉત્પન્ન કરી અને તેમને ચાર જુદા જુદા ધંધાઓ આપ્યા (૧ : ૩૧; ૮૭ : ૯૩; ૧૦ : ૪૫; ૧૧ : ૨૩૬ ). બ્રાહ્મણો જન્મથી જ દેવતાઓનો અવતાર છે એમ માનીને તેમને હમ્મેશને માટે ઊંચું સ્થાન આપ્યું. (૧ : ૯૩;–૧૦૦; ૯ : ૩૧૭–૩૧૯; ૧૧ : ૩૫). દેવાલયો અને દેવના પૂજારીઓની હકીકત જોવામાં આવે છે. ( ૩ : ૧૫૨, ૧૮૦; ૮ : ૨૪૮; ૯ : ૨૮૦, ૨૮૫ ). મૂર્તિ વિષે કેટલોક અસ્ફુટ પણ સંભવિત નિર્દેશ છે ( ૪ : ૩૯; ૧૩૦, ૧૫૩; ૭ : ૫૪; ૮ : ૮૭ ); તેની સાથે પહેલવહેલો સ્ફુટ નિર્દેશ પણ જોવામાં આવે છે ( ૯ : ૨૮૫ ). કયા પદાર્થો ખાવા અને કયા ન ખાવા તેની યાદી આપેલી છે ( ૫ : ૧૧, ૧૭ ). વળી પ્રથમ અપરોધોની અને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પ્રાયશ્ચિત્તોની ક્રમવાર યાદી આપી છે ( ૧૧: ૪૯–૨૬૬ ). વેદથી વિરુદ્ધ જેટલા નવા ફેરફારો કરવામાં આવે તે તદ્દન ખોટા અને નકામા છે ( ૧૨: ૯૫–૯૬ ). અંતમાં મનુસ્મૃતિ કહે છે કે મુખ્યત્વે ધર્મનું પાલન કર્યાથી, અને તેમાં ખાસ કરીને વર્ણના ધર્મોના પાલનથી મોક્ષ મળે છે.

જેમ જેમ સમય જાય છે તેમ તેમ સમાજના આચારવિચારમાં કુદરતી રીતે ફેરફારો થયા કરે છે, અને નવા આચારવિચારોની ચર્ચા કરનારા ગ્રન્થો પણ રચાતા જાય છે. આ કારણથી મનુસ્મૃતિ પછી અનેક સ્મૃતિઓ રચવામાં આવેલી છે અને જુદે જુદે સમયે જુદી જુદી સ્મૃતિઓને પ્રમાણ તરીકે માનવામાં આવેલી છે. સત્યયુગમાં મનુએ કહેલા ધર્મો, ત્રેતાયુગમાં ગૌતમે કહેલા ધર્મો, દ્વાપરયુગમાં શંખ અને લિખિતે કહેલા ધર્મો અને કલિયુગમાં પરાશરે કહેલા ધર્મો પ્રમાણભૂત છે ( પરાશર સ્મૃતિ ૧. ૨૪). કેટલીક બાબતોમાં સ્મૃતિઓ શ્રુતિની વિરુદ્ધ જઈને નવા આચાર વિચાર પ્રતિપાદન કરે છે અને સમાજમાં તેનો સ્વીકાર પણ થએલો છે. આ છે સ્મૃતિઓની સમાજની સાથે રહેવાની વૃત્તિ અને પ્રગતિશીલતા. આ દૃષ્ટિએ સ્મૃતિઓ ધર્મ અને સમાજશાસ્ત્રના અભ્યાસને માટે મહત્ત્વનું સાધન છે.

## ભગવદ્ગીતાનો ધર્મ.

હિન્દુધર્મનાં અનેક શાસ્ત્રોમાં ભગવદ્ગીતા ( આશરે છઠ્ઠું શતક, ઈ. સ. પૂર્વે ) એ એકલો જ એવો ગ્રન્થ છે કે જેનાં કેવળ હિન્દુઓએ જ નહિ પણ બહારના બીજા વિદ્વાનોએ પણ મુક્તકંઠે વખાણ કર્યાં છે. સંસ્કૃતનો પહેલ વહેલો અભ્યાસ કરનારા અંગ્રેજોમાં ચાર્લ્સ વિલ્કિન્સ એક હતો. તેણે ઈ. સ. ૧૭૮૫ માં ભગવદ્ગીતાનું અંગ્રેજીમાં ભાષાન્તર કર્યું અને વૉરન હેસ્ટિંગ્સે તેની પ્રસ્તાવના લખી. આ પ્રમાણે કોઈ પણ સંસ્કૃત પુસ્તકનું પહેલ વહેલું અંગ્રેજીમાં ભાષાન્તર થયું હોય તો તે ભગવદ્ગીતા છે. સર એડવિન આર્નોલ્ડે પણ 'દિવ્ય ગાન' એ નામથી ગીતાનું



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભાષાન્તર કર્યું, કારણ કે "તેના વિના અંગ્રેજી સાહિત્ય અપૂર્ણ રહેત". આ ભાષાન્તર હારવાર્ડમાં પ્રસિદ્ધ થએલી પુસ્તકમાલામાં દાખલ કરવામાં આવેલું છે. હિન્દુઓના આ પ્રિયતમ ધર્મગ્રંથનાં અંગ્રેજીમાં ચાળીસથી વધારે ભાષાંતર થએલાં છે. જગતની ઘણી ખરી ભાષાઓમાં ભાષાંતર થએલું છે. આ પ્રમાણે ગીતા વિશ્વના ધાર્મિક સાહિત્યમાં અપૂર્વ સ્થાન ભોગવે છે.

ભગવદ્‌ગીતા એ એક સંવાદાત્મક કાવ્ય છે. તેનો પ્રારંભ યુદ્ધની શરૂઆતના એક રોમહર્ષ પ્રસંગથી થાય છે. અર્જુન નામનો એક વીર ક્ષત્રિય હિન્દુ ધર્મના ઇતિહાસમાં પહેલી જ વાર પ્રશ્ન કરે છે કે–'યુદ્ધમાં માણસોને મારી નાખવાથી શો લાભ થાય છે?' (૧: ૨૮–૪૫; ૨:૪–૮) તેનો સારથિ કૃષ્ણ આત્માની અમરતા અને દેહની વિનાશિતા ઉપર સુંદર વિવેચન કરે છે અને અર્જુનના હૃદયની શંકાઓ દૂર કરે છે. આ વિવેચનની શરૂઆતમાં કૃષ્ણ કઠોપનિષદમાંથી ( ૨. ૧૮–૧૯ ) નીચેનાં વાકયો બોલે છે :

"આત્મા કોઇને મારતો નથી, તેમ તે કોઇનાથી મરાતો નથી; તે કદાપિ જન્મતો નથી, તેમ તે મરતો નથી. શસ્ત્રો તેને છેદી શક્તાં નથી, તેમ અગ્નિ તેને બાળી શકતો નથી. પાણી તેને ભીંજવી શકતું નથી, તેમ પવન તેને સૂકવી શકતો નથી. તેથી, આત્મા આ પ્રકારનો છે એમ જાણી તારે કોઇ પણ સંયોગોમાં તેને માટે શોક ન કરવો." (૨. ૧૯–૨૫).

આ પ્રમાણે અર્જુનનો બીજી વર્ણનો—ક્ષત્રિયનો—મુખ્ય ધર્મ કોઇ પણ સંયોગોમાં બદલાતો નથી.

"ક્ષત્રિયને માટે ન્યાયી યુદ્ધ કરતાં બીજું કાંઇ પણ વધારે સારૂં નથી. જો તું આ ન્યાયી યુદ્ધ નહિ કરે તો સ્વધર્મ અને કીર્તિનો ત્યાગ કરવાથી તું અપરાધી બનીશ." ( ૨. ૩૧, ૩૩ )

ભગવદ્‌ગીતામાં સારથિનું કામ કરનાર ભગવાન કૃષ્ણ મુખ્ય વક્તા છે. અહીં પરમાત્માને મનુષ્યના રૂપમાં વર્ણવાથી હિન્દુધર્મમાં એક મહત્ત્વનો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ફેરફાર થાય છે. કૃષ્ણ પોતે જ કહે છે કે સારા માણસોનું રક્ષણ કરવાને, દુષ્ટોનો નાશ કરવાને અને ધર્મનું સ્થાપન કરવાને દરેક યુગમાં હું જન્મ લઉં છું. ( ૪. ૮ ). આ પ્રમાણે અવતારવાદનો આરંભ થાય છે.

જે માણુસ કૃષ્ણની અનન્યભાવે ભક્તિ કરે છે તે " મારામાં રહે છે, ભલે ને તે ગમે તે પ્રકારે રહેતો હોય." ( ૬. ૩૧). " જેઓ મારી ભક્તિ કરે છે તેઓ મારામાં છે; અને હું તેમનામાં છું. તમે ધ્યાનમાં રાખજો કે મારું ભજન કરે છે તે કોઈ દિવસ નાશ પામતો નથી." ( ૯. ૨૯, ૩૧. )

હિન્દુધર્મની એક અપૂર્વ બાબત એ છે કે ભગવદ્ગીતાના સિદ્ધાન્ત પ્રમાણે બધા પાપીઓને પણ એક સરખી રીતે મોક્ષ મળી શકે છે ( ૪. ૩૬; ૯. ૩૦ ), એટલુંજ નહિ પણ સ્ત્રીઓ અને શૂદ્રો મોક્ષ મેળવી શકે છે ( ૯. ૩૨ ). સાથે સાથે પ્રાચીન અને પારમ્પરિક હિન્દુધર્મના લક્ષણ તરીકે ગણાએલી વર્ણવ્યવસ્થાનો ભગવદ્ગીતામાં ફરીથી પુરસ્કાર કરેલો છે. ગીતા કહે છે કે ચાર વર્ણો નિત્ય અને સ્વાભાવિક છે અને તેનાં અમુક કર્તવ્યો છે :

" ક્ષત્રિયોનો ધર્મ સ્વભાવથી જ વીરતા, ઉત્સાહ, દઢતા, બુદ્ધિ, યુદ્ધમાં મનોબળ, ઉદારતા અને રાજ્ય કરવાની શક્તિ એ બધા ગુણો દર્શાવવાનો છે. વૈશ્યોનો ધર્મ પણ સ્વભાવથી જ ખેતી, પશુપાલન અને વ્હેપાર કરવાનો છે. શૂદ્રોનો ધર્મ સ્વભાવથી જ સેવા કરવાનો છે." ( ૧૮. ૪૩-૪૪. ) " કર્મમાં જ તારો અધિકાર છે, ફલમાં કદાપિ નહિ; ફલની તું આશા રાખીશ નહિ અને કર્મનો ત્યાગ કરીશ નહિ " ( ૨. ૪૭ ). એ પ્રમાણે અનાસક્તિયોગનો ઉપદેશ કરવામાં આવ્યો છે, અને આમાં જ ગીતાનું વિશિષ્ટ તત્ત્વ રહેલું છે. ભગવદ્ગીતાનું ખાસ લક્ષણ એ છે કે તેણે ધર્મને ભક્તિનું નવું રૂપ આપ્યું.

" તું મારામાં મન રાખ, મારો ભક્ત થા, મને ઉદ્દેશીને યજ્ઞ કર, મને નમસ્કાર કર; આ પ્રમાણે કરવાથી તું ખરેખર મને જ પામીશ એમ હું

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પ્રતિજ્ઞા કરૂં છું. બધા ધર્મોનો પરિત્યાગ કરી મારા એકલાને જ શરણે આવ. હું તને સર્વ પાપોમાંથી મુક્ત કરીશ; તું શોક મા કર" (૧૮. ૬૫, ૬૬).

આ પ્રમાણે કૃષ્ણે અર્જુનને ભક્તિમાર્ગ અને શરણમાર્ગ—પ્રપત્તિમાર્ગ—નો ઉપદેશ આપ્યો અને સર્વને માટે મોક્ષનાં દ્વાર ખુલ્લાં મૂકી દીધાં. ગીતાના આ સિદ્ધાન્તે હિન્દુધર્મને વધારે પ્રાણવાન્ બનાવ્યો છે.

ગીતાએ પોતાના ઉપદેશમાં ઉપનિષદોના તત્ત્વજ્ઞાનને વણી દીધું છે અને તેથી તેને 'લોકભોગ્ય ઉપનિષદ્' એવું જે નામ આપવામાં આવેલું છે તે સર્વથા યોગ્ય છે. ઈશોપનિષદના અનાસક્તિ કર્મયોગનો ઉપદેશ આપી ગીતાએ બ્રાહ્મણગ્રન્થોના કર્મકાણ્ડને એક નવીન રૂપ આપ્યું છે; અને ભક્તિ અને પ્રપત્તિનો ઉપદેશ આપી ગીતા ભક્તિમાર્ગનો મહાન્ ગ્રન્થ બની જાય છે. ગીતાએ જ્ઞાન, કર્મ અને ભક્તિ એ ત્રણેનો અવિરોધ સાધી ત્રણેય સાધનોનો સ્વીકાર કર્યો છે અને એ પ્રકારે ભિન્ન ભિન્ન રુચિવાળા માણસોને સંતોષ આપ્યો છે. તેણે અવતારવાદ અને વિભૂતિવાદથી બધા દેવોનો અને બધી વિચારધારાઓનો સુંદર સમન્વય કરી વિશ્વમાં અદ્વૈત, પ્રેમ અને આનન્દનો અનુભવ કરાવ્યો છે. તેણે અર્જુનદ્વારા સમસ્ત વિશ્વને જીવવાની કલા દર્શાવી અપૂર્વ લોકપ્રિયતા મેળવી છે. તેનો જ આધાર લઇ અનેક આચાર્યોએ, સાધુસંતોએ, અને લોકમાન્ય ટિળક, મહર્ષિ અરવિન્દ, મહાત્મા ગાંધી, અને ડૉ. રાધાકૃષ્ણન જેવા અર્વાચીન વન્દનીય દેશનેતાઓએ બ્રહ્મવિદ્યાનો ઉપદેશ કરી જનસમાજને ઉન્નત માર્ગે લઇ જવા પ્રયત્ન કર્યો છે. ગીતા એ વસ્તુતઃ ભારતનો જ નહિ પણ અખિલ વિશ્વનો અદ્ભુત ગ્રન્થ છે.

### દર્શન યુગ

ભગવદ્ગીતાના સમય પછી અનેક વિચધારારાઓનું જે સાહિત્ય રચાયું છે તે હિન્દુધર્મના ઇતિહાસમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. પશ્ચિમમાં જેમ તત્ત્વજ્ઞાન અને ધર્મનો ભેદ માનવામાં આવે છે તેમ ભારતમાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

માનવામાં આવતું નથી. તત્ત્વજ્ઞાન અને ધર્મ એ બન્ને અપૃથક્ છે; તત્ત્વજ્ઞાનમાં વિચારની ભૂમિકા છે જ્યારે ધર્મમાં આચારની ભૂમિકા છે અને તેથી અન્યોન્ય ઉપકારક છે એમ ભારતીય પ્રજા માને છે. ગીતાના સમય પછી દર્શનોનો યુગ શરૂ થાય છે. પરમતત્ત્વને ઓળખવાનું અને પ્રાપ્ત કરવાનું જે સાધન તેનું નામ **દર્શન**: અર્થાત્ પરતત્ત્વનો સાક્ષાત્કાર કરાવવો એ દર્શનોનું મુખ્ય પ્રયોજન છે.

સાંખ્ય, યોગ, ન્યાય, વૈશેષિક, પૂર્વમીમાંસા અને ઉત્તરમીમાંસા એ છ આસ્તિક દર્શનોએ હિન્દુધર્મનો વિકાસ કર્યો છે. જૈન અને બૌદ્ધ દર્શનો પણ આ જ સમયમાં અસ્તિત્વમાં આવેલાં છે અને તેમાં ભારતીય વિચારધારાઓનાં નવીન સ્વરૂપો જોવામાં આવે છે. સાંખ્ય દર્શનના સ્થાપક **કપિલ** છે, યોગના **પતંજલિ** છે, ન્યાયના **ગૌતમ** છે, વૈશેષિકના **કણાદ** છે, પૂર્વમીમાંસાના **જૈમિનિ** છે; અને ઉત્તરમીમાંસા (બ્રહ્મમીમાંસા અથવા વેદાન્ત) ના સ્થાપક **બાદરાયણ** છે. આ છ દર્શનોમાં એક પ્રકારનો ક્રમિક વિકાસ અને સંગતિ રહેલાં છે. **સાંખ્યે** જગતના પદાર્થોને પ્રકૃતિ અને પુરુષ એ બે ભાગમાં વહેંચી નાખ્યા અને પ્રકૃતિ અને પુરુષ એ ભિન્ન છે એમ દર્શાવ્યું. આ પ્રકૃતિપુરુષવિવેક સિદ્ધ કરવાનાં જે સાધનો જોઇએ તે **યોગે** આપ્યાં. પ્રકૃતિ અને પુરુષ એ બન્નેને યથાર્થ રીતે સમજવા માટે સર્વ પદાર્થોના સ્વરૂપને જાણવા માટે જે પદ્ધતિ સ્વીકારવી જોઇએ તે **ન્યાયે** આપી. બધા પદાર્થોનાં વિશિષ્ટ લક્ષણો **વૈશેષિકે** આપ્યાં. આટલાં સાધનો સિદ્ધ થયા પછી યજ્ઞો કરી સ્વર્ગ પ્રાપ્ત કરવાનો ઉપદેશ **કર્મમીમાંસાએ** આપ્યો અને અંતે જ્ઞાનથી પરમતત્ત્વની–બ્રહ્મની–પ્રાપ્તિ કેવી રીતે થઇ શકે છે, બ્રહ્મસાક્ષાત્કાર કેવી રીતે શક્ય બને છે અને જીવનનું પરમ ધ્યેય કેવી રીતે સિદ્ધ થાય છે એ વાત **ઉત્તરમીમાંસાએ** અથવા **વેદાન્તે** દર્શાવી. આ કારણથી જ હિન્દુધર્મમાં વેદાન્તનું સ્થાન અનુપમ છે.

આ છ દર્શનોના સિદ્ધાન્તો સૂત્રશૈલીમાં વર્ણવવામાં આવેલા છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સંસ્કૃત સાહિત્યના ઇતિહાસમાં આ સૂત્રસાહિત્યે મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. આ સૂત્રો ઉપર અનેક ભાષ્યો અને ટીકાઓ રચાઈ છે, અને સૂત્રોમાં પદાર્થોનું સવિસ્તર વર્ણન શક્ય ન હોવાથી ભાષ્યકારોએ સૂત્રોના જુદા જુદા અર્થો કર્યા છે અને તેને પરિણામે અનેક શાખાઓ અસ્તિત્વમાં આવી છે. બાદરાયણનાં બ્રહ્મસૂત્રોમાં ઉપનિષદોનો–વેદાન્તનો–વિચાર કરવામાં આવેલો છે. બ્રહ્મ, જીવ, જગત્, બ્રહ્મપ્રાપ્તિનાં સાધનો અને મોક્ષ–આ વિષયોની ચર્ચા બાદરાયણે કરેલી છે. બ્રહ્મસૂત્રો ઉપર જુદા જુદા આચાર્યોએ ભાષ્ય રચેલાં છે અને વેદાન્તની અનેક શાખાઓ ઉત્પન્ન થઇ છે. અત્યારે જે બ્રહ્મસૂત્રભાષ્યો મળે છે તેમાં શંકરાચાર્યનું ( ૭૮૦–૮૨૦ ઈ. સ. ) સૂત્રભાષ્ય પ્રાચીન છે. પણ શંકરાચાર્યની પહેલાં અનેક ભાષ્યકારો થઇ ગયા છે એમ પ્રાપ્ત ભાષ્યો ઉપરથી જણાય છે. આ પ્રાચીન ભાષ્યકારોમાં બોધાયન, બ્રહ્મનન્દી, દ્રવિડાચાર્ય, બ્રહ્મદત્ત અને ભર્તૃપ્રપંચનાં નામો સુપ્રસિદ્ધ છે. શંકરાચાર્ય પછી ભાસ્કરાચાર્ય (લગભગ ૯૦૦–૯૪૦ ઈ. સ. ), રામાનુજાચાર્ય ( ૧૦૧૭–૧૧૩૭ ઈ. સ. ), શ્રીકણ્ઠ ( ઈ. સ. અગીઆરમું શતક ), શ્રીપતિ પણ્ડિત ( ૧૧૬૦ ઈ. સ. ), નિમ્બાર્કાચાર્ય (ઈ. સ. બારમું શતક ), મધ્વાચાર્ય ( ઈ. સ. તેરમા શતકનો આરંભ ), વિજ્ઞાનેન્દ્રભિક્ષુ ( ઈ. સ. પંદરમું શતક ), વલ્લભાચાર્ય ( ૧૪૭૩–૧૫૨૫ ઈ. સ. ), બલદેવ વિદ્યાભૂષણ ( ઈ. સ. અઢારમા શતકનો આરંભ ) ઇત્યાદિ આચાર્યોએ બ્રહ્મસૂત્રો ઉપર ભાષ્યો રચેલાં છે અને જુદા જુદા સંપ્રદાયોની સ્થાપના કરેલી છે. લગભગ બધા આચાર્યોનો પ્રાદુર્ભાવ દક્ષિણ હિન્દુસ્તાનમાં થએલો છે.

## શૈવ અને વૈષ્ણવ ધર્મ

મહાભારત, રામાયણ, વિષ્ણુ, ભાગવત ઇત્યાદિ અઢાર મહાપુરાણો; નારદ, કાલી ઇત્યાદિ અઢાર પુરાણો; દક્ષિણના આલ્વારોનું દ્રાવીડ ભાષાનું સાહિત્ય–આ બધા સાહિત્યે હિન્દુધર્મ ઉપર બહુ ગાઢ છાપ પાડી છે. ઉપનિષદ્, ગીતા અને બ્રહ્મસૂત્ર એ ત્રણ પ્રસ્થાનોને પ્રમાણ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

માનીને શંકરાચાર્યે કેવલાદ્વૈત મતનું પ્રતિપાદન કરેલું છે. આ સંપ્રદાય પ્રમાણે જીવ અને બ્રહ્મ એક છે, અનિર્વચનીય અવિદ્યા અથવા માયાને લીધે જગત્ દેખાય છે અને વ્યાવહારિક અવસ્થામાં તેનો અનુભવ થાય છે; પણ હું આત્મા છું એ પ્રકારે જ્યારે જ્ઞાન થાય છે ત્યારે જગત્ દેખાતું બંધ થઇ જાય છે. કર્મ અને ઉપાસનાથી ચિત્તને શુદ્ધ કરી બ્રહ્મ અને આત્માની એકતાના જ્ઞાનથી કૈવલ્યરૂપી મોક્ષ સિદ્ધ થઇ શકે છે. શંકરાચાર્યના મતને માયાવાદ પણ કહેવામાં આવે છે. શંકરાચાર્યના પરમગુરુ ગૌડપાદાચાર્ય હતા અને ગુરુ ગોવિંદાચાર્ય હતા. તેમણે બાલ્યાવસ્થામાં જ સંન્યાસ લઇ ધર્મનું કામ આરંભ્યું હતું. તેમણે પોતાના સમ્પ્રદાયના પ્રચારાર્થે ભારતની ચાર દિશાઓમાં ચાર પીઠો સ્થાપી પોતાના ચાર મુખ્ય શિષ્યોને એ સ્થાન ઉપર બેસાડ્યા. આ પ્રમાણે શંકરાચાર્યે હિન્દુધર્મને બળ આપી તેનો પ્રચાર કરેલો છે અને તેથી આજે પણ ભારતમાં શંકરાચાર્યના અનુયાયીઓ ઘણા મોટા પ્રમાણમાં મળી આવે છે. શંકરાચાર્યના અદ્વૈત સિદ્ધાન્તે પશ્ચિમના તત્ત્વચિન્તકોને પણ મુગ્ધ કરી નાખેલા છે. આ સિદ્ધાન્ત એટલો બધો પ્રચલિત થઇ ગયો છે કે ઘણા ખરા લોકો 'વેદાન્ત' શબ્દનો અર્થ શંકરાચાર્યનો સમ્પ્રદાય એ પ્રમાણે કરે છે. હિન્દુધર્મના ઇતિહાસમાં શંકરાચાર્યનું સ્થાન અદ્વિતીય છે.

શંકરાચાર્ય પછી તરત જ જ્યારે ઉત્તરમાં કાશ્મીરમાં શૈવદર્શનનો ઉદ્ગમ થયો ત્યારે દક્ષિણમાં વૈષ્ણવ સમ્પ્રદાયો અને વીરશૈવમતનો પ્રાદુર્ભાવ થયો. તેમાં રામાનુજાચાર્ય પ્રથમ વૈષ્ણવ આચાર્ય છે. તેમણે ત્રણ પ્રસ્થાનો ઉપરાંત પુરાણોને પણ પ્રમાણ તરીકે સ્વીકારી વિશિષ્ટાદ્વૈતનું પ્રતિપાદન કરેલું છે. આ મત પ્રમાણે પરમાત્મામાં–નારાયણમાં–સર્વ કલ્યાણ ગુણો રહેલા છે, અને કોઇ પણ પ્રકારનો દોષ રહેલો નથી. જગતના અચિત્–જડ–અને ચિત્–ચેતન–પદાર્થો પરમાત્માનું શરીર છે. તેથી જગત્ સત્ય છે. પરમાત્મા ચેતન અને અચેતન પદાર્થોથી વિશિષ્ટ હોવાથી આ સિદ્ધાન્તને વિશિષ્ટાદ્વૈત કહેવામાં આવે છે. જ્ઞાન અને કર્મના

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સમુચ્ચયથી ભક્તિ ઉત્પન્ન થાય છે, અને ભક્તિથી જ સાયુજ્ય વગેરે ચાર પ્રકારની મુક્તિ મળે છે. રામાનુજાચાર્યે પ્રપત્તિ–શરણ–નો ઉપદેશ આપી જનસમાજનાં બધાં અંગોને માટે મુક્તિનાં દ્વાર ખુલ્લાં કરી આપ્યાં છે. આગળ જતાં રામાનન્દે આ જ માર્ગ સ્વીકારી ભક્તિનો અને વૈષ્ણવધર્મનો પ્રચાર કરેલો છે.

વીરશૈવદર્શનના ઇતિહાસમાં શ્રીપતિ પણ્ડિત અને બસવ (૧૧૬૦ ઈ. સ.) જેવા તત્ત્વચિન્તકોએ પોતાના સમ્પ્રદાયના સિદ્ધાન્તોને વ્યવસ્થિત રૂપ આપેલું છે. આ મતમાં શિવની–શિવલિંગની–ઉપાસનાનો ઉપદેશ છે, અને જાતિનો ભેદ સ્વીકારવામાં આવેલો નથી, અને તત્ત્વજ્ઞાન કરતાં નીતિમય અને આધ્યાત્મિક જીવનને વધારે પ્રાધાન્ય આપવામાં આવેલું છે.

શ્રીકણ્ઠ એ રામાનુજાચાર્યના સમકાલીન આચાર્ય છે. તેમણે શિવની ભક્તિનો ઉપદેશ કરી શિવાદ્વૈતનું પ્રતિપાદન કરેલું છે. તેમની અને રામાનુજાચાર્યની વિચારપદ્ધતિમાં ઘણું સામ્ય રહેલું છે. રામાનુજાચાર્ય પછી નિમ્બાર્કાચાર્યે જે દ્વૈતાદ્વૈતનો ઉપદેશ કર્યો છે તેમાં પણ રામાનુજાચાર્યના સિદ્ધાન્તની અસર જોવામાં આવે છે. આ મતમાં પરમાત્મા સવિશેષ અને દિવ્યગુણોવાળા છે, ચેતન અને જડ એ બે પરમાત્માનાં સ્વરૂપો છે, પણ પરમાત્માથી સ્વતંત્ર રીતે ન રહી શકવાથી પરતંત્ર છે; અને ભક્તિ અને પ્રપત્તિથી મોક્ષ મળે છે. મધ્વાચાર્યે જીવ અને પરમાત્માને તદ્દન ભિન્ન માની દ્વૈતસિદ્ધાન્તનો ઉપદેશ કરેલો છે. નિમ્બાર્કાચાર્ય અને મધ્વાચાર્ય એ બે વૈષ્ણવ આચાર્યોના અનુયાયીઓ દક્ષિણ હિન્દુસ્તાનમાં વધારે છે.

ઇ. સ. ના પંદરમા શતકમાં વલ્લભાચાર્યે ભાગવતને ચતુર્થ પ્રસ્થાન સ્વીકારીને શુદ્ધાદ્વૈત અને પુષ્ટિમાર્ગનો ઉપદેશ આપ્યો. શ્રીકૃષ્ણ પરબ્રહ્મ છે અને તેમને આનન્દમય અને રસમય વિગ્રહ છે. તેમનામાં અનેક દિવ્ય ગુણો રહેલા છે. જ્ઞાન, ક્રિયા, માયા વગેરે તેમની શક્તિઓ છે. બ્રહ્મ પોતે જ જગદ્રૂપે પરિણામ પામે છે એટલે જગત્ સત્ય છે, સ્વપ્ન જેવું

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મિથ્યા નથી. અહંતામમતાત્મક સંસાર મિથ્યા છે અને તેનો બાધ જ્ઞાન અને ભક્તિથી થઇ શકે છે. જીવ એ બ્રહ્મનો અંશ છે. બ્રહ્મ પોતે જ, અવિદ્યા અથવા માયા જેવા અનિર્વચનીય પદાર્થની મદદ વિના, સ્વતંત્ર રીતે બધું જ થાય છે, કારણ કે તે સર્વભવન સમર્થ છે. આથી વલ્લભાચાર્યના અદ્વૈતને શુદ્ધાદ્વૈત કહેવામાં આવે છે અને તેથી શંકરાચાર્યના માયાવાદથી સ્પષ્ટ રીતે ભેદ સિદ્ધ થાય છે. કર્મ, જ્ઞાન અને ભક્તિ એ પરમાત્માને પ્રાપ્ત કરવાનાં સાધનો છે. તેમાં શાસ્ત્રીય ભક્તિ મુખ્ય છે. આ બધાં સાધનો વર્તમાન કાળમાં સુશકય ન હોવાથી વલ્લભાચાર્યે ભગવાનને શરણે જઇ તેની કૃપા ઉપર સર્વથા આધાર રાખવાના ઉદાત્ત સિદ્ધાન્તનો ઉપદેશ કર્યો છે. આ સિદ્ધાન્તને પુષ્ટિમાર્ગ કહેવામાં આવે છે. પુષ્ટિ એટલે ભગવાનની કૃપા. ભગવાનનું જ અહર્નિશ ચિન્તન કરી પ્રભુમય જીવન ગાળવું એવો વલ્લભાચાર્યનો સદાગ્રહ છે. તેમના અનુયાયીઓ ગુજરાત, સૌરાષ્ટ્ર અને રાજસ્થાનમાં જોવામાં આવે છે. દક્ષિણ હિન્દુસ્તાનમાં વલ્લભાચાર્યની પહેલાં તિરુવલુવર નામના સંતે ( નવમું શતક ) ' પવિત્ર કુરલ ' એ નામનું કાવ્ય તામિલ ભાષામાં રચી ઈશ્વરની કૃપા ઉપર જ આધાર રાખવાનો ઉપદેશ કર્યો હતો.

આ જ સમયમાં બંગાળમાં ચૈતન્ય મહાપ્રભુ ગૌરાંગનો પ્રાદુર્ભાવ થએલો છે. તેમણે વલ્લભાચાર્યની માફક કૃષ્ણભક્તિનો ઉપદેશ આપી ભગવાનના માધુર્યનું પાન અનેક આત્માઓને કરાવ્યું છે. બારમા શતકમાં ભરૂચના વિશાલદેવ નામના રાજાના પુત્ર ચક્રધરે મહારાષ્ટ્રમાં મહાનુભાવ સમ્પ્રદાયની સ્થાપના કરી અને તેરમા શતકમાં જ્ઞાનદેવના પ્રાદુર્ભાવ પછી વારકરી સંપ્રદાયનો આરંભ થયો અને પંઢરપુરનું મહત્ત્વ વધવા લાગ્યું. નામદેવ, એકનાથ, મુક્તેશ્વર, તુકારામ, રામદાસ વગેરે અનેક સાધુસંતોએ જનસમાજને પ્રભુના માર્ગે લઇ જઇ મહાન્ ઉપકાર કરેલો છે. આજે પણ મહારાષ્ટ્રમાં આ માર્ગના અનુયાયીઓ ઘણા છે. ગુજરાતમાં પણ નરસિંહ મહેતા, મીરાંબાઇ, દાદૂ જેવા ભક્તોએ સાહિત્ય

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અને સદાચારથી વૈષ્ણુવ ધર્મનો સારો પ્રચાર કરેલો છે. ઉત્તર હિન્દુસ્તાનમાં નાનક, કબીર, તુલસીદાસ અને સુરદાસ જેવા સંતોએ પોતાની કૃતિઓ દ્વારા સમાજના ઉપર ઉપકાર કરેલો છે. આ પ્રમાણે હિન્દુસ્તાનના બીજા ભાગોમાં પણ સાધુસંતોનો પ્રવાહ અવિછિન્ન રીતે ચાલ્યો આવ્યો છે, અને તેને પરિણામે આજે પણ ભારતના જનસમાજમાં એક પ્રકારની ધાર્મિકતા રહેલી છે. મહાત્મા ગાંધીજીનો રાજકીય બાબતમાં જે અપૂર્વ વિજય થયો છે તેનું મુખ્ય કારણ એ કે ગાંધીજીએ આપણા જનસમાજની સ્વાભાવિક ધાર્મિક વૃત્તિને ગીતાના ઉપદેશથી વધારે જાગૃત કરી સમસ્ત પ્રજાને મુગ્ધ બનાવી આત્મવશ કરી, અને દેશની એકતા સાધી.

**હિન્દુધર્મના સુધારકો.**

ઇતિહાસનો વિકાસ ઘડીઆળના લોલકની માફક એક છેડાથી બીજા છેડે એમ આઘાતપ્રત્યાઘાતથી થાય છે. હિન્દુધર્મમાં પણ એ પ્રમાણે બન્યું છે. વૈદિક અથવા બ્રાહ્મણ ધર્મની યજ્ઞમાં થતી પશુહિંસા જેવી કેટલીક બાબતો સામે જૈન અને બૌદ્ધ દર્શનોએ વિરોધ ઉઠાવી હિન્દુ-ધર્મને નવું રૂપ આપ્યું છે. વાસ્તવિક રીતે જૈન અને બૌદ્ધ મત એ વૈદિક-મતનો વિરોધ કરનારા હોવા છતાં હિન્દુધર્મની શાખાઓ જ છે. શીખ-ધર્મ પણ હિન્દુધર્મની જ શાખા છે. અંગ્રેજોના શાસનકાલમાં વસ્તી-ગણત્રીનાં પત્રકોમાં આ બધા ધર્મોને જુદા ગણવામાં આવ્યા અને તે દ્વારા હિન્દી સમાજમાં ભેદ ઉભો કર્યો. હવે દૃષ્ટિ બદલવાની જરૂર છે. અભ્યાસની અનુકૂલતાની ખાતર આ મતોનો વિચાર સ્વતંત્ર પ્રકરણોમાં કરવામાં આવેલો છે.

વૈદિકધર્મની અંદર વૈષ્ણવ અથવા ભાગવત સંપ્રદાય અને સાધુ સંતોના સંપ્રદાયો એ વૈદિકધર્મના કર્મકાણ્ડની રૂઢ પ્રણાલિકા અન વર્ણ-ભેદ સામેનો એક પ્રકારનો વિરોધ જ દર્શાવે છે. સહજાનન્દ સ્વામીએ ( ૧૭૭૯–૧૮૩૦ ઇ. સ. ) વિશિષ્ટાદ્વૈતનું તત્ત્વજ્ઞાન અને પુષ્ટિમાર્ગની સેવાપદ્ધતિ સ્વીકારી ભક્તિમાર્ગમાં જીવનની પવિત્રતા ઉપર બહુ ભાર

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મૂકયો અને સમાજના પાછળ રહેલા વિભાગોનો ઉદ્ધાર કર્યો. આ રીતે તેઓ એક પ્રકારના સુધારક હતા. તેમનો વર્ગ ઉદ્ધવસંપ્રદાય અથવા સ્વામીનારાયણ સંપ્રદાય તરીકે ઓળખાય છે અને તેમના અનુયાયીઓ સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં વધારે છે.

ઓગણીસમા શતકના આરંભમાં બંગાળમાં રામમોહનરાયને જણાયું કે મૂર્તિપૂજા, અનેકદેવવાદ, સતીનો રીવાજ, ફરજીયાત વૈધવ્ય, અનેક પત્ની પરણવાની રીત, જ્ઞાતિનાં બન્ધનો, પ્રજાકીય અને ધાર્મિક સંગઠનનો અભાવ જેવાં હિન્દુધર્મનાં લક્ષણો દેશને બહુ હાનિકારક છે: આ બધા રૂઢ વિચારોનું ખણ્ડન કરી તેમણે ઇ. સ. ૧૮૨૮ માં બ્રહ્મ-સમાજની સ્થાપના કરી. આ સમાજનો વિકાસ દ્વારકાનાથ ટાગોર, તેમના પુત્ર દેવેન્દ્રનાથ ટાગોર અને તેમના પુત્ર રવીન્દ્રનાથ ટાગોર દ્વારા થયો છે. આ જ પ્રમાણે મુંબઇમાં ઇ. સ. ૧૮૬૭ માં ડૉ. આત્મારામ પાણ્ડુરંગે પ્રાર્થનાસમાજની સ્થાપના કરી અને ચાર વર્ષ પછી અમદાવાદમાં શ્રી. સરદાર ભોળાનાથ સારાભાઇ દીવેટીઆએ પ્રાર્થનાસમાજની સ્થાપના કરી. ઇ. સ. ૧૮૭૫ માં મહર્ષિ દયાનન્દ સરસ્વતીએ (૧૮૨૪–૧૮૮૩ ઇ. સ.) આર્યસમાજની સ્થાપના કરી હિન્દુધર્મનું શોધન કરી વૈદિકધર્મનો પુનરુદ્ધાર કર્યો. આ જ વર્ષમાં થિઓસૉફિકલ સોસાયટીની સ્થાપના થઇ અને તે દ્વારા સર્વ ધર્મો પ્રતિ સમભાવ રાખવાના સુન્દર સિદ્ધાન્તનો પ્રચાર થયો. ઇ. સ. ૧૮૮૨ માં વડોદરામાં શ્રીમન્નૃસિંહાચાર્યજીએ શ્રેયઃ-સાધકઅધિકારીવર્ગની સ્થાપના કરી કર્મ, ભક્તિ અને જ્ઞાન એ ત્રણનો સમન્વય સાધી હિન્દુધર્મની મૂળ વિશાલતાને સજીવન કરી અને આ ત્રિવેણીમાં અનેક આત્માઓને સ્નાન કરાવી મોક્ષને માર્ગે ચઢાવ્યા. સ્વામી રામકૃષ્ણ પરમહંસે (૧૮૩૪–૧૮૮૬ ઇ. સ.) હિન્દુધર્મની વ્યાપ-કતાને સચેતન કરી કેશવ ચન્દ્ર સેનને, અને તેમના દ્વારા જગતને, સર્વધર્મોનું પ્રયોજન એક જ છે એમ કહી સર્વધર્મસમન્વયનો ઉપદેશ આપ્યો. પરમહંસના જ પટ્ટશિષ્ય સ્વામી વિવેકાનન્દે (૧૮૬૨–૧૯૦૨ ઇ. સ.)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અમેરિકાની સર્વધર્મપરિષદમાં હિન્દુધર્મના શુદ્ધ સ્વરૂપનું સરસ પ્રતિપાદન કરી વેદાન્તને વિશ્વવ્યાપક બનાવ્યું. આજે રામકૃષ્ણ મિશનના કાર્યની સર્વત્ર મુક્તકણ્ઠે પ્રશંસા થઇ રહી છે.

મહર્ષિ અરવિન્દે (૧૮૭૨–૧૯૫૦ ઇ. સ.) પૂર્વ અને પશ્ચિમના તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરી વડોદરાના તેર વર્ષના નિવાસકાળમાં યોગનો અભ્યાસ કર્યો. પૂર્ણયોગદ્વારા પરમચેતનાનું અવતરણ કેવી રીતે સાધવું એ તેમણે જગતને દર્શાવ્યું. વેદ, ઉપનિષદ્ અને ભગવદ્ગીતાનું રહસ્ય સમજાવવા તેમણે અનેક ગ્રન્થો લખ્યાં, અને વર્ણનો ભેદ રાખ્યા વિના ધ્યાનથી આધ્યાત્મિક પ્રવૃત્તિ કરી દિવ્યજીવન કેવી રીતે સિદ્ધ કરવું એ તેમણે દર્શાવ્યું. આજે પોંડીચેરીના અરવિન્દ આશ્રમમાં જગતના જુદા જુદા ભાગના માણસો સાધના કરી રહ્યા છે એ મહર્ષિ અરવિન્દના અપૂર્વ તત્ત્વજ્ઞાનની સિદ્ધિ છે. હિન્દુધર્મમાં સુધારો કરી નવી ચેતના લાવવાનો યશ મહર્ષિ અરવિન્દને ઘટે છે.

મહાત્મા ગાંધીજીએ (૧૮૬૯–૧૯૪૮ ઇ. સ.) હિન્દુધર્મનું શોધન કર્યું છે. વર્ણો અને જાતિઓના ભેદ, અસ્પૃશ્યતા, સ્ત્રીઓની પરાધીનતા અને કર્મકાણ્ડની જડતા—આ અને આવાં બીજાં રૂઢ થઈ ગએલાં અનિષ્ટ તત્ત્વોને હિન્દુધર્મમાંથી દૂર કરવા ગાંધીજીએ અનેક ઉપવાસો દ્વારા તપશ્ચર્યા કરી. તેને લીધે દેશના કાયદાઓમાં યોગ્ય ફેરફારો કરવામાં આવ્યા અને હિન્દુસમાજ પ્રગતિને પંથે ચઢ્યો છે. ગાંધીજીના પ્રયત્નોથી હિન્દુધર્મને નવી શક્તિ મળી છે. ગાંધીજી પોતે પોતાનો સંપ્રદાય સ્થાપવાની વિરુદ્ધ હતા, છતાં આજે ભારતની પ્રજાનો ઘણો મોટો ભાગ ગાંધીજીની જ વિચારપ્રણાલિકા સ્વીકારતી થઈ ગઇ છે અને તેથી જ ભારતની બીનસામ્પ્રદાયિક રાજનીતિ સંપૂર્ણ સફલ થઈ છે.

વિશ્વવિખ્યાત તત્ત્વચિન્તક ડૉ. રાધાકૃષ્ણને પોતાના ગ્રન્થો, વ્યાખ્યાનો અને જીવન દ્વારા આખા જગતમાં હિન્દુધર્મનું ખરું રહસ્ય સમજાવી લોકોની અનેક પ્રકારની ભ્રાન્તિ દૂર કરી છે, અને હિન્દુધર્મને અસાધારણ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બળ આપ્યું છે. તેઓ કેવળ ભારતરત્ન નથી પણ જગદ્રત્ન છે. આજે જ્યારે તેઓ ભારતના ઉપપ્રમુખ છે અને સાધુચરિત ડો. રાજેન્દ્રપ્રસાદ રાષ્ટ્રના પ્રમુખ છે ત્યારે હિન્દુધર્મનાં સનાતન તત્ત્વો જીવનમાં ઉતારી શાશ્વત શાન્તિ અને સુખનો અનુભવ સુશક્ય બને છે એ આનન્દની વાત છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ત્રીજું

## જૈનધર્મ : તપશ્ચર્યાનો ધર્મ

### જગતના વિદ્યમાન ધર્મોમાં સ્થાન

પ્રાચ્ય ધર્મોમાં જૈનધર્મ એવો ધર્મ છે કે તેના વિષે આપણે ઘણું થોડું જાણીએ છીએ. છતાં પણ હિન્દુસ્તાનના, બલ્કે અખિલ વિશ્વના, ધર્મોમાં અને તત્ત્વજ્ઞાનોમાં તે કેટલેક અંશે મુખ્ય સ્થાન ભોગવે છે.

હિન્દુસ્તાનમાં મહાપુરુષોથી સ્થપાએલા ધર્મોમાં જૈનધર્મ સૌથી પ્રાચીન છે. કેટલા ય સૈકાઓ પછી હિન્દુધર્મમાં સંગીન સુધારો કરવાનો એક સમર્થ નેતાએ જે પહેલ વહેલો વ્યવસ્થિત પ્રયત્ન કર્યો તે જ આ જૈનધર્મ. હિન્દુસ્તાનમાં લોકોએ આપોઆપ જે ધર્મો સ્વીકાર્યા છે તેમાં પણ જૈનધર્મ પ્રથમ સ્થાન ભોગવે છે. બત્રીસ વર્ષ પછી બીજી એક સુધારાની હીલચાલ શરૂ થઈ અને તે જ બૌદ્ધધર્મ. આ બન્ને ય શાખાઓએ હિન્દુસ્તાનમાં સારી અસર કરી છે અને હિન્દુધર્મના પશુયાગો અને જ્ઞાતિભેદો દૂર કરવા પ્રયત્ન કર્યો છે, પરંતુ આ બન્ને ય વિરોધી ધર્મોનું મુખ્ય પરિણામ એ આવ્યું કે હિન્દુધર્મમાં સુધારો કરવાને બદલે એ નવા જ ધર્મો ઉભા થયા.

હિન્દુસ્તાનની શિલ્પકળા અને પ્રાચીન વસ્તુવિદ્યાના સંબંધમાં જૈન ધર્મનું સ્થાન મહત્ત્વનું છે. મથુરામાં એક જૈનસ્તૂપ છે, અને તેના ઉપર ઈ. સ. ની શરૂઆતમાં કોતરેલો શિલાલેખ જોવામાં આવે છે. આ શિલાલેખમાં એવું લખવામાં આવ્યું છે કે તે સ્તૂપ દેવોએ જ બાંધેલો છે અને તેથી ઘણો પ્રાચીન છે. આ ધાર્મિક સ્તૂપ ઇંટોનો બનાવેલો છે અને તે લગભગ હિન્દુસ્તાનમાં પ્રાચીનમાં પ્રાચીન ઇમારત હોય એમ જણાય છે. પશ્ચિમ હિન્દુસ્તાનમાં અમદાવાદ, એલોરા, અજમેર અને આબુનાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જૈન મંદિરો અને દક્ષિણ હિન્દુસ્તાનમાં કલિંગમલઈમાં આવેલું એક જ પત્થરનું સુંદર જૈનમંદિર એ હિન્દુસ્તાનની શિલ્પ કળાના અત્યુત્તમ નમૂના છે. વિશ્વના મુસાફરો હમ્મેશાં આ સ્થળો જોવા જાય છે અને તેમાંથી તેમને ઘણું નવું જાણવાનું મળે છે.

લગભગ એક જ વખતે શરૂ થએલી સુધારાની બે હિલચાલોમાં પહેલી પ્રવૃત્તિ જૈનધર્મની છે, પરંતુ આગળ જતાં તેનું જોર બીજી હીલચાલ કરતાં કમી થયું છે. જેમ બૌદ્ધધર્મ હિન્દુસ્તાનની બહાર પ્રસર્યો તે પ્રમાણે જૈનધર્મ હિન્દુસ્તાનની બહાર પ્રચારમાં આવ્યો નથી; અને હિન્દુસ્તાનમાં પણ તે થોડા ભાગમાં, ખાસ કરીને દક્ષિણ અને પશ્ચિમ ભાગોમાં જોવામાં આવે છે. જૈનો વેપારમાં ઘણા હોંશિયાર હોય છે અને તેથી તેમણે ઘણો પૈસો મેળવ્યો છે, અને પોતાની સંખ્યા થોડી હોવા છતાં પણ તેઓ સમાજમાં મહત્વનું સ્થાન ભોગવે છે. હિન્દુસ્તાનની કુલ વસ્તીના પ્રમાણમાં તેમની વસ્તી હમ્મેશાં ઘટતી જાય છે. આ પ્રમાણે ઈતિહાસની દૃષ્ટિએ જૈન ધર્મનું સ્થાન હિન્દુસ્તાનમાં મહત્ત્વનું છે, પણ બીજી રીતે તે ધર્મ ગૌણ અને અલ્પ બની ગયો છે.

## બીજા ધર્મો અને તત્ત્વજ્ઞાનોની અપેક્ષાએ

જે સમયે જગતમાં કેટલાક સૈકાઓ સુધી નવા વિચારો અને નવી પ્રેરણાઓ ઉત્પન્ન કરવાની મહત્ત્વની પ્રવૃત્તિ ચાલી રહી હતી, તે જ સમયમાં જૈન ધર્મના સ્થાપકે પોતાનું કામ કર્યું છે. મહાવીર ગૌતમ-બુદ્ધના સમકાલીન હતા એટલું જ નહિ પરંતુ જગતમાં પ્રવર્તેલા ત્રણ ધર્મોના સ્થાપનારાઓના પણ સમકાલીન હતા. આ ત્રણ મહાપુરુષો તે ચીનના કૉન્ફ્યૂશ્યસ અને લાઓ-ત્ઝે, અને ( ઝોરોસ્ટરનો મોડામાં મોડો સમય લઈએ તો ) ઈરાનના ઝોરોસ્ટર. જૈનધર્મના સ્થાપનાર મહાવીરના જ સમયમાં બેબિલોનીઆમાં ઇસ્રાએલનો પ્રસિદ્ધ યુગ ચાલતો હતો અને તે જ વખતે એકસઝાઈલના જેરેમિયાહ, એઝેકિયલ અને ઇસાઇયાહ જેવા સંત પુરુષો થયા હતા. આજ સમયે ગ્રીસ દેશના છ પ્રાચીન તત્ત્વવેત્તાઓ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

—થેલિસ, એનાકિઝમેન્ડર, એનાકિઝમિનિસ, કઝેનોફેનિસ. પાયથાગોરાસ અને હેરેકિલટસ—પોતપોતાનું કામ કરી રહ્યા હતા. પણ તત્ત્વજ્ઞાન અને સૌન્દર્યને માટે વખણાતા એ ગ્રીસ દેશમાં તે છયે અગ્રગણ્ય વિચારકો-માંથી એક પણ વિચારકે પોતાની સતેજ ચિરસ્થાયી યાદગીરી મૂકી નથી. પણ હિન્દુસ્તાનમાં અત્યારે દસ લાખ કરતાં વધારે માણસો મહાવીરને પૂજે છે અને તેમની મૂર્તિ સ્થાપી સેવા કરે છે. આ બધા અનુયાયીઓ પોતાના ધર્મના સ્થાપકને હમ્મેશાં મહાવીર કહે છે. (મહાવીર એટલે મોટો યોદ્ધો.) અને પોતાની જાતને જૈન=જીનના અનુયાયીઓ—તરીકે ઓળખાવે છે. 'જીન' શબ્દનો અર્થ પણ જીતનાર થાય છે.

જૈનધર્મની ખ્રિસ્તીધર્મ સાથે બે વાતમાં સારી સરખામણી કરી શકાય એમ છે. મનુષ્યના દેહ અને આત્મા વચ્ચે એક જબરજસ્ત યુદ્ધ ચાલ્યા કરે છે. આ સિદ્ધાન્તનું રહસ્ય જૈનો સમજ્યા છે અને કેટલાક સૈકાઓ પછી રોમનો ઉપર પોતે જે પત્રો લખ્યા તેમાંના સાતમા અને આઠમા પ્રકરણોમાં પૉલે આ જ સિદ્ધાન્તને ઘણી સારી રીતે સમજાવ્યો છે. બીજી વાત વિશ્વ ધર્મની ભાવનાની. જેમ ખ્રિસ્તીધર્મનું મુખ્ય કર્તવ્ય જગતમાં ધર્મનો પ્રચાર કરવાનું છે તેમ જૈનોનું પણ ધ્યેય એજ છે. બે જૈન શાસ્ત્રોમાં ત્રણ સ્થળે કહેવામાં આવ્યું છે કે ક્રાઇસ્ટથી લગભગ પાંચસો છસો વર્ષો પૂર્વે થએલા મહાવીરને દૈવી પ્રેરણા થઇ કે જગતમાં બધાયને ઘણો લાભ આપી શકે એવા ધર્મનો પ્રચાર કરવાની જરૂર છે, પણ શરૂઆતમાં જણાતી આ વિશ્વધર્મની ઉદાત્ત ભાવના કાળક્રમે લુપ્ત થઇ ગઇ.

**મહાવીરનું જીવન ( ૫૯૯–૫૨૭ ઈ. સ. પૂર્વે )**

જૈન શાસ્ત્રોમાં મહાવીરનું જીવનચરિત્ર લખવાનો કોઇ પણ પ્રકારનો પ્રયાસ થયો નથી. પરંતુ તેમના જીવન સંબંધી કેટલીક હકીકતો જૈનોના ધાર્મિક ગ્રન્થોમાં મળી આવે છે. આ ગ્રન્થોમાં લાંબામાં લાંબો જે ભાગ છે તે મહાવીરથી એક હજાર વર્ષ પછી રચવામાં આવેલો છે, અને તેની

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અંદર મહાવીરના જન્મને લગતા અનેક ચમત્કારયુક્ત પ્રસંગો વર્ણવવામાં આવ્યા છે: દા. ત. મહાવીરની માતાનાં ચૌદ અદ્ભુત સ્વપ્નો અને તેથી સૂચવાતો એક પરાક્રમી પુત્રનો જન્મ: કુટુંબની અકસ્માત્ થએલી સમૃદ્ધિ; અને મહાવીરના જન્મ વખતે ચારે તરફ અનુકૂળ વાતાવરણ. આ બધા-માંથી એક જ વાત સાચી કે ઉત્તર હિન્દુસ્તાનમાં વૈશાલી નામના નગરમાં એક સાધારણ રાજાને ત્યાં મહાવીરનો બીજા પુત્ર તરીકે જન્મ થયો હતો.

રાજમહેલનું જીવન: મહાવીર ઘણા વૈભવમાં ઊછર્યા હતા. તેમણે બીજા રાજકુટુંબમાં લગ્ન કર્યું અને તે લગ્નથી એક પુત્રી થઈ. તેમણે પોતાનું યૌવન એક રાજકુમારને છાજે એવી રીતે ગાળ્યું હતું.

મહાન ત્યાગ ( ત્રીસમે વર્ષે ) : માતાપિતાના મરણ પછી મહાવીરે એક સંત તરીકે પવિત્ર જીવન ગાળવાનો નિશ્ચય કર્યો અને હિન્દુધર્મમાં મોક્ષ મેળવવાનો જે માર્ગ હતો તે તેમણે સ્વીકાર્યો. મહાવીરનો આ વિચાર જન્મ પહેલાંજ હતો એમ કહેવાય છે. પણ માતાપિતાની લાગણી ન દુખાવવા માટે તેમણે તેઓ જીવ્યાં ત્યાં સુધી એ વિચાર અમલમાં ન મૂક્યો. પછીથી તેમણે પોતાનાં સુંદર વસ્ત્રો ફેંકી દીધાં, પોતાની બધી મિલ્કત બીજાઓને આપી દીધી, પાંચ મૂઠીઓ ભરાય એટલા વાળ ખેંચી નાખ્યા અને તદ્દન પવિત્ર જીવન ગાળવાની પ્રતિજ્ઞા લીધી. મહાવીરના આ વર્તનથી હિન્દુધર્મના દેવોમાં ઘણો ખળભળાટ થયો અને તેમણે પ્રસિદ્ધ કર્યું કે ક્ષત્રિય કુળમાં જન્મેલા આ હિન્દુ–મહાવીર–જે ધર્મ પાળે છે તે અખિલ વિશ્વને લાભદાયક છે.

તપશ્ચર્યાના સાધનથી મોક્ષના માર્ગે : શરૂઆતમાં એક વર્ષ અને એક માસ સુધી મહાવીરે વસ્ત્રો પહેરવાનું ચાલુ રાખ્યું હતું, પણ ત્યાર પછી તેમણે નગ્ન સાધુ તરીકે જીવન ગાળવા માંડયું. તે બધે ભટકતા હતા અને રસ્તામાં તેમને બીજા માણસો અને પશુઓ હેરાન કરતાં હતાં. આ પ્રમાણે મહાવીરે હાથે કરીને પોતાના શરીરનું દુઃખ વ્હોરી લીધું હતુ.

તપશ્ચર્યાના નવા ધર્મનો ઉપદેશ : જ્યારે મહાવીરને લાગ્યું કે મેં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શરીર અને જગત ઉપર પૂરેપૂરો કાબુ મેળવ્યો છે ત્યારે તેમણે પોતાના જીવનમાં ફેરફાર કર્યો. એક એકાંતવાસી સાધુમાંથી તે અનેક સાધુઓના નેતા અને ગુરુ થયા. ઘણા માણસોએ એમનો ધર્મ સ્વીકાર્યો અને કેટલાક તો તેમના શિષ્ય થઇને રહ્યા. જૈન ધર્મની આખ્યાયિકાઓ પ્રમાણે તો મહાવીર ચાર રાજાઓને ત્યાં ગયા, તેમને ઉપદેશ કર્યો અને રાજાઓ પાસેથી સન્માન મેળવ્યું. પોતે જીવ્યા ત્યાં સુધી ઉપદેશનું કાર્ય તેમણે ચાલુ જ રાખ્યું હતું.

મહાવીરનું પૂજન : મહાવીરના પોતાના સિદ્ધાન્ત પ્રમાણે તો કોઇ પણ પદાર્થની પૂજા કરવાની હોતી નથી. તે પોતે જે પ્રમાણે ઉપદેશ આપતા હતા તે પ્રમાણે પોતાનું જીવન ગાળતા હતા. અર્થાત્ તેમનું જીવન ઘણું શાન્ત અને અક્ષુબ્ધ હતું. તે સુખ ભોગવવાને બદલે પોતાની જાતને કષ્ટ આપતા હતા, કોઇને નુકશાન કરતા નહિ અને કોઇ પદાર્થની પૂજા અને પ્રાર્થના પણ તેમના જીવનમાં જોવામાં નથી આવી છતાં, પણ મહાવીરના અનુયાયીઓ તેમને પૂજે છે અને તેમની પ્રાર્થના કરે છે. જૈન આગમો પ્રમાણે તો મહાવીરનામાં દિવ્ય ગુણો અને સંપત્તિ હતાં. તે તદ્દન પવિત્ર હતા એમ માની તેમના તરફ પૂજ્ય ભાવ દર્શાવવામાં આવે છે. તેમને તેમના શિષ્યો સર્વજ્ઞ માને છે અને તે રીતે તેમની પૂજા કરે છે. જૈન ધર્મનાં શાસ્ત્રો પ્રમાણે મહાવીર પોતાના જન્મ પહેલાં પણ અસ્તિત્વમાં હતા, અને તે પોતે અમુક પ્રયોજનને માટે અવતાર ધારણ કરે છે. આ પ્રમાણે જૈન આગમોએ મહાવીરને એક દેવ તરીકે સ્વીકાર્યા છે; અને મહાવીરની મૂર્તિની ખરેખરી પૂજા પણ બીજી તરફથી ચાલુ જ રહી છે. અલબત, જૈનોના બે મુખ્ય વિભાગોમાં પોતાના શરીરની માફક મહાવીરની મૂર્તિને વસ્ત્ર પહેરાવવાં કે નહિ તે વિષે મતભેદ જોવામાં આવે છે. મહાવીર મનુષ્યોના સાચા ઉદ્ધારક છે એમ માનીને તેમનું પૂજન કરવામાં આવે છે; અને જૈન આગમો પ્રમાણે તો મહાવીર આવા ચોવીસ ઉદ્ધારક તીર્થંકરોમાં છેલ્લા તીર્થંકર છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## જૈન શાસ્ત્રો

જૈન શાસ્ત્રોને સામાન્ય રીતે આગમો અથવા સિદ્ધાન્તો કહેવામાં આવે છે. આ શાસ્ત્રોના પહેલા વિભાગમાં બાર અંગો હતાં એમ કહેવાય છે, પરંતુ બારમું અંગ અત્યારે મળતું નથી.

આ બધાં આગમોમાંથી એક પણ આગમ મહાવીરની પછીનાં બસો વર્ષની અંદરનું નથી. આગમોમાં જે સાડત્રીસમું આગમ છે તેમાં મહાવીરનું જીવનચરિત્ર સવિસ્તર આપવામાં આવ્યું છે, અને તેમાં બે સ્થળે એમ કહેવામાં આવ્યું છે કે મહાવીર ૯૮૦ વર્ષ પહેલાં મરણ પામ્યા હતા.

આ બધાં આગમોને એકસરખી રીતે પ્રમાણ તરીકે સ્વીકારવાની બાબતમાં જૈનધર્મની શાખાઓમાં મતભેદ રહેલો છે. સ્થાનકવાસીઓ માત્ર તેત્રીસ આગમોને જ પ્રમાણભૂત માને છે, જ્યારે શ્વેતાંબરો પીસતાળીસ ગ્રન્થોને પ્રમાણ તરીકે સ્વીકારે છે. કેટલાક જૈનો તો ચોરાશી ગ્રન્થોને પ્રમાણ માને છે.

મહાવીરના સમયમાં ઉત્તર હિન્દુસ્તાનના મધ્યે ભાગમાં જે પ્રાકૃત ભાષા–અર્ધમાગધી–પ્રચલિત હતી તે જ ભાષા જૈન આગમોમાં જોવામાં આવે છે. આ પ્રાકૃતમાં લખાએલાં આગમો ઉપર જે પ્રાચીન મુખ્ય ટીકાઓ લખવામાં આવી, અને પછીનું જૈનધર્મનું જે ધાર્મિક સાહિત્ય લખવામાં આવ્યું તે બધામાં સંસ્કૃત ભાષાનો ઉપયોગ કરવામાં આવ્યો છે. મંદિરોમાં નિયમપૂર્વક આ આગમો વાંચવામાં આવે છે અને તેમાંથી કેટલોક ભાગ મોઢેથી ગાય છે પણ ખરા. બીજા પવિત્ર શ્રાવકો પણ દરરોજ આગમોનો પાઠ કરે છે. કેટલાંક આગમોનું અત્યારની દેશી ભાષાઓમાં ભાષાન્તર કરવામાં આવેલું છે. ચાર આગમોનું અંગ્રેજી ભાષાન્તર સેક્રેડ બુકસ ઑફ ધી ઇસ્ટના બે ગ્રન્થોમાં કરવામાં આવ્યું છે. બીજાં ત્રણનું ભાષાન્તર યુરોપના બીજા વિદ્વાનોએ કરેલું છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## પરમતત્ત્વની ભાવના

જગતમાં કોઇ પણ પ્રકારનું પરમ તત્ત્વ છે જ નહિ એ સિદ્ધાન્તથી જ જૈનધર્મ શરૂ થયો છે. લૌકિક અને અલૌકિક શક્તિઓમાં દેવતાઓ રહેલા છે એ જે હિન્દુધર્મની માન્યતા હતી તેનો મહાવીરે "નિરુપયોગી છે" એમ માની ત્યાગ કર્યો. કોઇ પણ દેવની પ્રાર્થના કરવી અથવા તો તેના વિષે વાત કરવી એ મૂર્ખતા છે એમ મહાવીરે સ્પષ્ટતાથી કહ્યું. મહાવીરનું કાળજું ઘણું કઠણ હતું અને તેથી દરેક માણસને ઉચ્ચ સ્થિતિમાં રહેલા મિત્રની મદદની જરૂર પડે છે એ દલીલ તેમણે હસી કાઢી હતી. આ જગતની ઉત્પત્તિને માટે એક ઇશ્વર સ્વીકારવો જોઈએ એ દલીલ કેવળ અજ્ઞાનનું પરિણામ છે એમ જૈન આગમોમાં કહેવામાં આવ્યું છે. આ પ્રમાણે જૈન આગમોનો સિદ્ધાન્ત હોવા છતાં પણ થોડાક સમય પછી જૈનધર્મમાં બીજી વિરુદ્ધ પ્રવૃત્તિ જ શરૂ થઇ. મહાવીરે બધા દેવોનો ઇન્કાર કર્યો હતો તો પણ મહાવીર પોતે જ દેવ તરીકે મનાવા લાગ્યા, અને બીજા બધા સાધુસંત "કેવલી" પુરુષોના ઉપર લોકોની શ્રદ્ધા બેસવા લાગી.

બીજા જન્મમાં જેનાથી પાપપુણ્યનું ફળ મળે છે તે કર્મના સિદ્ધાન્તનો ઉપદેશ તો મહાવીરે કરેલો છે. આ કર્મ એક અવ્યક્ત, જગતની શક્તિ છે અને તે હમ્મેશાં ક્રિયાવંત છે. તેનું જ્ઞાન મેળવી શકાય એમ છે અને તેમાંથી કોઇનાથી છૂટી શકાતું નથી. હિન્દુધર્મમાં પરમ તત્ત્વ બ્રહ્મ છે, તે અજ્ઞેય, પાપ પુણ્યથી અતીત અને કેવળ આધ્યાત્મિક છે; અને તેથી જૈનધર્મના પરમ તત્ત્વનું સ્વરૂપ હિન્દુધર્મના બ્રહ્મથી સર્વથા ભિન્ન છે.

## જૈનધર્મમાં નીતિનું સ્થાન

જે ખરેખરો જૈન છે તે તપસ્વી અને નમ્ર હોય છે, તે કોઈને ઈજા કરતો નથી, તેમ કોઈના ઉપર વેર લેતો નથી. રાગ અને દ્વેષ એ બેમાં આસક્તિ રહેલી છે તેથી તે બેનો જૈનોએ ત્યાગ કરવો. જૈનધર્મમાં બે સારા ગુણો જોવામાં આવે છે—સાધુઓની તપશ્ચર્યા અને અહિંસા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હિંસા ન કરવી, અસત્ય ન બોલવું, ચોરી ન કરવી, સ્ત્રીસંગ ન કરવો અને આસક્તિ ન રાખવી—આ **પાંચ મહાવ્રતોનો** ઉપદેશ મહાવીરે પોતાના શિષ્યોને કર્યો છે.

## જૈનધર્મનાં બીજાં મુખ્ય લક્ષણો

મનુષ્યનો નિર્મળ અને નિત્ય આત્મા જ્યારે અધમ ભૌતિક શરીરની સાથે જોડાય છે ત્યારે દુઃખોની પરંપરા ચાલુ થાય છે. આ સિદ્ધાન્તને તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ દ્વૈતવાદ તરીકે ઓળખવામાં આવે છે. પ્રકૃતિ–જડ પદાર્થ–અને ચેતન આત્મા આ બન્ને એકબીજાથી અત્યન્ત ભિન્ન પદાર્થો છે.

ઉપરના સિદ્ધાન્તનું વ્યવહારમાં એ પરિણામ આવ્યું કે જેમ મહાવીરે પોતાના શરીરને કષ્ટ આપ્યું તે પ્રમાણે દરેક જૈને પોતાના આત્માને મોક્ષ આપવાને માટે પોતાના શરીરને ખૂબ દમવું જોઇએ એ માન્યતા સબળ થઇ. મોક્ષ એટલે અંતિમ અવસ્થા અથવા નિર્વાણ. આ સુખી અવસ્થામાં જીવાત્મા શરીરની ઉપાધિ, આસક્તિ અને પૂર્વનાં બધાં કર્મોમાંથી મુક્ત થાય છે.

જૈનધર્મનાં ત્રણ **રત્નોમાં** મોક્ષ મેળવવાનો પ્રકાર બતાવવામાં આવ્યો છે. દર્શન, જ્ઞાન અને સદાચાર–એ મોક્ષ મેળવવાનાં ખરેખરાં સાધનો છે. **દર્શન**–સમ્યગ્દર્શન–એટલે ખરો સિદ્ધાન્ત જોવો. આ ખરો સિદ્ધાન્ત તીર્થંકર ભગવાને ઉપદેશેલો છે. **જ્ઞાન** એટલે જેના વડે પદાર્થનું સાચું સ્વરૂપ સમજી શકાય તે, અર્થાત્ તત્ત્વજ્ઞાન. સૌથી ઉત્તમ પ્રકારનું જ્ઞાન એ **કેવલ** જ્ઞાન કહેવાય છે. 'કેવલ' જ્ઞાનવાળાઓ સંસારમાંથી મુક્ત થઇ શકે છે. **ચારિત્ર** એટલે સદાચાર. આ પ્રમાણે શ્રદ્ધાપૂર્વક શાસ્ત્રોનું અધ્યયન કરીને શાસ્ત્રની આજ્ઞા પ્રમાણે જીવન ગાળવાથી મોક્ષ મળી શકે છે.

ચારિત્ર સિદ્ધ કરવાને માટે પહેલાં જણાવેલાં પાંચ મહાવ્રતો ઉપરાંત **પાંચ સમિતિ** ( સદાચાર ), **ત્રણ ગુપ્તિ** ( રક્ષણ ) અને **ચાર ભાવના** આ ત્રણની અપેક્ષા રહે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પાંચ સમિતિઓ નીચે પ્રમાણે છે: ઇર્યા ( જીવજન્તુ પગ નીચે ચગદાઈ જાય તેથી રાત્રે ન ચાલવું ), ભાષા ( હિત, મધુર અને સત્ય બોલવું ), એષણા ( દોષ ન થાય એવી રીતે ભિક્ષા માગવી ), આદાન નિક્ષેપણા ( દોષ ન થાય એવી રીતે વસ્તુઓ લેવી મૂકવી ), પ્રતિષ્ઠાપના ( પાપ ન લાગે એવી રીતે શરીરના મલિન પદાર્થો નાખવા. )

ગુપ્તિ એટલે રક્ષણ કરવું, આત્માને દોષ ન લાગે એટલા માટે તેનું મન, વાણી અને શરીરથી રક્ષણ કરવું. મનોગુપ્તિ, વાગ્ગુપ્તિ અને કાયગુપ્તિ એ ત્રણ પ્રકારની ગુપ્તિઓ દ્વારા અનુક્રમે (૧) મનમાં હિંસા વગેરેનું ચિન્તન કરવું નહિ, (૨) અસત્ય અને ક્રોધી વાણી બોલવી નહિ અને (૩) ચોરી વગેરે ન કરવી એ પ્રકારનો ઉપદેશ આપવામાં આવ્યો છે.

**ભાવના** એટલે મનમાં ભાવ લાવવો તે. મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ્ય એ ચાર ભાવનાઓ છે.

હિન્દુધર્મમાં ચાલુ રહેલી વર્ણવ્યવસ્થાને મહાવીરે ધિક્કારી કાઢી છે અને તેથી આ બાબતમાં જૈનધર્મ હિન્દુધર્મથી સ્પષ્ટ રીતે ભિન્ન છે. વર્ણવ્યવસ્થાને બદલે મહાવીરે પોતાના શિષ્યોનો સંઘ સ્થાપ્યો. આ સંઘમાં જોડાવાની જેને ઇચ્છા હોય તે સંઘમાં આવી સાધુજીવન ગાળી શકે છે. છતાં પણ સમાજવ્યવસ્થાનો કોઈ રચનાત્મક સિદ્ધાન્ત ન હોવાથી, જૈનધર્મમાં હિન્દુસ્તાનમાં રૂઢ થએલી વર્ણવ્યવસ્થામાંથી મુક્ત રહી શક્યો નહિ. જૈનધર્મમાં પાછળથી જે દેવો સ્વીકારવામાં આવ્યા તેમાં પણ સામાજિક સ્થિતિને અનુસરીને ક્રમ ગોઠવવામાં આવ્યો.

કરેલાં કર્મોનું ફળ આપવાને માટે નીતિ ઉપર રચાએલો કર્મ નામનો સિદ્ધાન્ત એ જૈનધર્મનું બીજું મહત્ત્વનું લક્ષણ છે. કર્મના સિદ્ધાન્તને પરિણામે પૂર્વજન્મમાં જે કાર્યો કર્યાં હોય તેનાં ફળ ભોગવવાને માટે આ દુઃખમય સંસારમાં ફરીથી જન્મ લેવો પડે છે. આ પ્રમાણે કર્મ અને પુનર્જન્મનો સંબંધ જોવામાં આવે છે.

જૈનધર્મમાં નવ તત્ત્વો માનવામાં આવેલાં છે. (૧) જીવ, (૨) અજીવ,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(૩) પુણ્ય, (૪) પાપ, (૫) આસ્રવ, (૬) સંવર, (૭) નિર્જરા, (૮) બન્ધ અને (૯) મોક્ષ. પહેલાં ચાર અને છેલ્લાં બે તત્ત્વો સમજી શકાય એવાં છે. **આસ્રવ** ( आ + स्रु – વહેવું ) એટલે આ સંસારના વિષયો ઇન્દ્રિય વગેરે દ્વારા આત્મામાં પેસી આત્માને બગાડે છે તે. ક્રોધ, અભિમાન, કપટ અને લોભ એ ચાર આત્માને બગાડનારી વૃત્તિઓ છે તેથી તેને કષાય વૃત્તિઓ કહેવામાં આવે છે. આસ્રવને જે વારે, અટકાવે તે **સંવર** (सम् + वृ વારવું, અટકાવવું ). પહેલાં જણાવેલી ત્રણ ગુપ્તિ અને પાંચ સમિતિની ગણના સંવરમાં કરવામાં આવે છે. **નિર્જરા** એટલે તપ વગેરે સાધન કરીને કર્મનું નિર્જરણ કરવું–ક્ષય કરવો–તે.

જૈન શાસ્ત્રોમાં જીવ વિષે જે વિચાર કરવામાં આવ્યો છે તે આકર્ષક છે. જુદા જુદા પદાર્થોમાં–સ્થાવર પદાર્થોમાં પણ–એક પ્રકારની ચેતના રહેલી છે–એકેન્દ્રિય, દ્વીન્દ્રિય ઇત્યાદિ પ્રકારો રહેલા છે. આ રીતે જગદીશ-ચન્દ્ર બોઝના સિદ્ધાન્તની ભાવના જૈનદર્શનમાં જોવામાં આવે છે.

તત્ત્વજ્ઞાનના ક્ષેત્રમાં જૈનદર્શને જો મહત્ત્વનો ફાળો આપ્યો હોય તો તે **સ્યાદ્વાદ** છે. વસ્તુનું જુદી જુદી બાજુએથી અવલોકન કરવું એનું નામ સ્યાદ્વાદ. જેમ એક ઢાલની બે બાજુઓ હોય છે અને બન્ને બાજુઓ પોતાની રીતે સત્ય છે તેમ એક જ પદાર્થ જુદી જુદી દૃષ્ટિએ જુદો જુદો જણાય છે અને તે બધા પ્રકારો તે દૃષ્ટિએ સાચા છે એ સ્યાદ્વાદનું તાત્પર્ય છે. स्यात् એટલે એ અપેક્ષાએ–દૃષ્ટિબિન્દુએ–હોય. સ્યાદ્વાદથી ભિન્ન ભિન્ન અભિપ્રાયોનો સુન્દર સમન્વય સાધી જગતમાં અવિરોધ સિદ્ધ કરી શકાય છે. સ્વામી રામકૃષ્ણ પરમહંસ પણ હાથી અને સાત આંધળાઓનું ઉદાહરણ આપી સ્વધર્મનો સમન્વય કરતા હતા.

### જૈનધર્મની શાખાઓ

શ્વેતાંબર અને દિગંબર એ પ્રમાણે જૈનધર્મની બે શાખાઓ જોવામાં આવે છે. ઈ. સ. પૂર્વે ૩૧૦ ની લગભગમાં જ્યારે ઉત્તર હિન્દુસ્તાનમાં દુકાળ પડ્યો અને સાધુઓ ઘણા પીડાવા માંડ્યા ત્યારે ભદ્રબાહુ અને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તેમના હાથ નીચે બીજા લગભગ બાર હજાર જૈનો દક્ષિણ હિન્દુસ્તાનમાં મૈસુર જતા રહ્યા. તે ગરમ પ્રદેશમાં ઘણાં ઓછાં કપડાંથી ચાલી રહેતું અને તેથી ઉત્તર હિન્દુસ્તાનના જૈનો કરતાં મૈસુરના જૈનો વધારે સખત તપશ્ચર્યા પાળવા લાગ્યા. વસ્ત્રો પહેરવાં કે નહિ એ ચર્ચાસ્પદ વિષયને અંગે બન્ને પક્ષો ઈ. સ ૮૨ ની લગભગમાં ખુલ્લી રીતે છૂટા પડ્યા. તે સમયથી વિન્ધ્ય પર્વતની ઉત્તરે આવેલા ઠંડા પ્રદેશોમાં રહેનારા જૈનો શ્વેતાંબર કહેવાયા અને દક્ષિણમાં વસનારા જૈનો દિગંબર થયા અને નગ્ન રહેવા લાગ્યા.

આ બન્ને પંથોમાં મૂર્તિઓને વસ્ત્ર પહેરાવવાની બાબતમાં પણ મતભેદ છે. શ્વેતાંબર પંથમાં મૂર્તિઓને શ્વેત વસ્ત્ર પહેરાવવામાં આવે છે અને જૈનો પોતે પણ શ્વેત વસ્ત્ર પહેરે છે; જ્યારે દિગંબર પંથમાં જૈનો અને મૂર્તિઓને વસ્ત્ર હોતાં નથી.

સ્ત્રીઓના વિષયમાં આ બન્ને પંથોમાં મતભેદ છે. પ્રસિદ્ધ રીતે થએલી સાધ્વીઓ કુદરતી રીતે ફક્ત શ્વેતાંબર પંથમાં જોવામાં આવે છે. દિગંબર પંથમાં સ્ત્રીઓને મોક્ષ મળી શકતો જ નથી. જ્યારે સત્કર્મ કરીને સ્ત્રી પુરુષનો અવતાર લે ત્યારે જ તેને મોક્ષ મળી શકે.

ઈ. સ. ૧૪૭૪ માં એક શ્વેતાંબર સુધારકે જોયું કે કેટલાક જૈન આગમોમાં મૂર્તિનું નામનિશાન પણ નથી. એટલે તેમને મૂર્તિપૂજાનું ખંડન કરી સ્થાનકવાસી નામનો જૈનોનો એક ત્રીજો પંથ કહાડ્યો. સ્થાનકવાસી જૈનોના બીજા નાના અગીઆર વાડાઓ, અને શ્વેતાંબર જૈનોના ઓછામાં ઓછા ચોરાશી વાડાઓ થયા છે.

### જૈનધર્મનો ઇતિહાસ

અઢી હજાર વર્ષના ઇતિહાસમાં કેટલોક સમય જૈનધર્મની ઘણી પ્રવૃત્તિ જોવામાં આવે છે અને તેને પરિણામે હિન્દુસ્તાનના કેટલાક રાજાઓએ તે ધર્મને ઘણી મદદ કરી છે. જૈનોએ કેટલુંક સારું ધાર્મિક સાહિત્ય અને શિલ્પકળા જગતને આપ્યાં છે. નીચેના કેટલાક બનાવો મહત્ત્વના છે :—

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| ઈ. સ. પૂર્વે | |
|---|---|
| ૫૧૩ | મહાવીરના મરણ પછીનાં ચૌદ વર્ષ પછી જૈનધર્મમાં પહેલ વહેલો વિભાગ પડ્યો. |
| ૪૦૦ | એક જૈન મંદિરમાં પૂજાને માટે મહાવીરની મૂર્તિની પ્રતિષ્ઠા થઈ, જો કે આ બનાવનો સમય જરા મોડો પણ હોય. |
| ૩૦૦ | પટણાની પરિષદમાં જૈન આગમોના પહેલા બે વિભાગોની વ્યવસ્થા કરવામાં આવી. |
| ૨૫૦ | બૌદ્ધ ધર્મ પાળનાર મહાન સમ્રાટ અશોકે, સૂર્ય ચન્દ્ર જગતમાં છે ત્યાં સુધી જૈનોને પાંચ ગુફાઓ દાનમાં આપી. |
| ૨૩૨ | અશોક પછીથી તેની ગાદીએ આવનાર તેના પૌત્ર સમ્પ્રતિએ જૈન મંદિરો અને અપાસરાઓ સ્થાપ્યાં. |
| ઈ. સ. પછી | |
| ૧૦૦ | દક્ષિણ હિન્દુસ્તાનમાં તામીલ ભાષામાં જૈનોનું સાહિત્ય રચાયું. |
| ૨૦૦ | પશ્ચિમ હિંદુસ્તાનમાં ગુજરાતની દેશી ભાષાઓમાં જૈનસાહિત્ય રચાયું. |
| ૫૧૪ | સૌરાષ્ટ્રમાં વલ્લભીની પરિષદમાં જૈન આગમોને અંતિમ રૂપ આપી પૂરાં કરવામાં આવ્યાં. |
| ૫૫૦ | પશ્ચિમ હિન્દુસ્તાનમાં ને મહારાષ્ટ્રમાં જૈનધર્મનો પ્રચાર અને તેની લોકપ્રિયતા. મલ્લવાદી અને સિદ્ધ-સેન દિવાકર જેવા સમર્થ પણ્ડિતોના અનુપમ ગ્રન્થોએ જૈનદર્શનને બળ આપ્યું. |
| ૬૪૦ | પ્રસિદ્ધ ચીના બૌદ્ધ યાત્રાળુ હુએનત્સંગે દક્ષિણ હિન્દુસ્તાનમાં કોન્જીવરમ અને બીજાં સ્થળોએ ઘણાં |

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જૈન મંદિરો અને ઘણા જૈનો જોયા. વળી તેણે ઉત્તર હિન્દુસ્તાનમાં દિગંબર અને શ્વેતાંબર સાધુઓને જોયા. આ સાધુઓએ, જે સ્થળે મહાવીરને પરમ સિદ્ધાન્તોનું જ્ઞાન થયું હતું અને જ્યાં પહેલવહેલો તેમણે ધર્મનો ઉપદેશ કર્યો હતો, તે સ્થળ તેને બતાવ્યું.

આઠમું શતક — દક્ષિણ હિન્દુસ્તાનમાં તામીલ લોકોના સાહિત્યમાં બીજે નંબરે આવતો 'નાલદિયાર' નામનો કહેવતોનો શ્લોકબદ્ધ સંગ્રહ જૈનોએ જ આપ્યો છે અને જો કે કયા જૈનોએ તે આપ્યો એ કહી શકાય એમ નથી, છતાં પણ સંગ્રહ આપ્યાની બાબતમાં શંકાને સ્થાન નથી.

૮૦૦ — તામીલ ભાષામાં સૌથી વધારે પ્રસિદ્ધ થએલા તિરુવલ્લુવરના 'પવિત્ર કુરલ' એ નામના કાવ્યમાં જૈનધર્મના કેટલાક પારિભાષિક શબ્દોનો ઉપયોગ કરવામાં આવ્યો છે; અને કહેવાય છે કે તે કોઇ જૈનની કૃતિ છે.

૮૧૫–૮૮૦ — ઉત્તર હિન્દુસ્તાનમાં અમોઘવર્ષના રાજ્યકાળમાં જિનસેન અને ગુણભદ્રની દેખરેખ નીચે જૈનધર્મે ઘણી સારી પ્રગતિ કરી.

૧૧૨૫–૧૧૫૯ — કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રાચાર્ય નામના ખંભાતના સુપ્રસિદ્ધ વિદ્વાન લેખકે ગુજરાતના હિન્દુરાજા કુમારપાળને જૈન બનાવ્યો; અને કુમારપાળે ત્યાર પછી બત્રીસ જૈનમંદિરો બંધાવ્યાં અને જૈનધર્મનો સારો પ્રચાર કર્યો.

૧૨૦૦–૧૫૦૦ — ગુજરાતમાં જૈનોએ સંસ્કૃત અને પ્રાકૃત ભાષામાં અનેક ગ્રંથો રચી સાહિત્યની સમૃદ્ધિ કરી. તેમણે જૂની

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગુજરાતી ભાષાના ઘણા ગ્રન્થો રચી ગુજરાતી સાહિત્યની સારી સેવા કરી છે. વડોદરા, ખંભાત, અમદાવાદ, પાટણ, જેસલમેર વગેરે સ્થળોનાં જૈન જ્ઞાનમન્દિરોમાં આ બધું સાહિત્ય સુરક્ષિત છે.

૧૫૪૨–૧૬૫૦ હિન્દુસ્તાનના મહાન મુસલમાન મોગલ સમ્રાટ અકબરે જૈનો પ્રતિ ઘણો સારો ભાવ દર્શાવ્યો. તેણે ગુજરાત-માંથી જજિયા વેરો કાઢી નાખ્યો, કેટલાંક યાત્રાનાં સ્થળોએ જવાનો લોકોનો હક્ક સ્વીકાર્યો, અને જૈનોના અહિંસાના સિદ્ધાન્તને માન આપીને વર્ષમાં છ માસ હિન્દુસ્તાનમાં કોઇ પણ પ્રાણીનો વધ ન કરવો એવો હુકમ કર્યો.

## જૈનધર્મ અને હિન્દુધર્મની તુલના

હિન્દુસ્તાનમાં મહાપુરુષોએ જેટલા ધર્મો સ્થાપેલા છે તેમાં જૈનધર્મ સૌથી પહેલો છે. હિન્દુધર્મ જૈનધર્મથી પ્રાચીન છે અને હિન્દુસ્તાનનો તે સ્વતઃસિદ્ધ મુખ્ય ધર્મ છે. આ બે ધર્મોમાં પ્રથમથી જ કેટલાંક મહત્ત્વનાં તત્ત્વો સરખાં જોવામાં આવે છે, જ્યારે બીજાં કેટલાંક મહત્ત્વનાં તત્ત્વોમાં તફાવત પણ છે. કાળક્રમે આ બે ધર્મોમાં ઘણાં સમાન તત્ત્વો દાખલ થએલાં જોવામાં આવે છે.

આરંભકાળનાં સમાન તત્ત્વો : મહાવીરનો જન્મ હિન્દુધર્મમાં થયો હતો. તેમના સંસ્કારો અને મરણ પર્યન્તનું તેમનું જીવન હિન્દુધર્મને અનુસરતાં હતાં. તેમણે હિન્દુધર્મનો ત્યાગ કર્યો નથી; અને જેમ યાહુદી લોકોએ પોતાના જ ધર્મમાં ઉત્પન્ન થએલા જીસસનો તિરસ્કાર કર્યો તે પ્રમાણે હિન્દુઓએ મહાવીરનો તિરસ્કાર કર્યો નથી. ત્રીસ વર્ષની ઉમ્મરે મહાવીરે ધર્મપ્રચારનું કાર્ય શરૂ કર્યું અને આ ધર્મ ધીમે ધીમે એક સ્વતંત્ર દર્શન રૂપે વિકાસ પામ્યો. મહાવીરે આ પ્રકારની પ્રવૃત્તિ શરૂ કર્યા પછી પણ તે હિન્દુધર્મના કર્મ અને પુનર્જન્મ એ બે સિદ્ધાન્તોને વળગી રહ્યા હતા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આરંભકાળનાં અસમાન તત્ત્વો : જૈનધર્મ જ્યારથી શરૂ થયો ત્યારથી જ તેમાં સમાન તત્ત્વો કરતાં અસમાન તત્ત્વો વધારે હતાં.

જૈનધર્મે હિન્દુધર્મના ઈશ્વરવાદ સામે વિરોધ દર્શાવ્યો છે. આ ઈશ્વરવાદ બે પ્રકારનો છે. એક તો વેદો અને બ્રાહ્મણગ્રન્થોમાં જોવામાં આવતો અનેકેશ્વરવાદ અને બીજો ઉપનિષદોનો અદ્વૈતવાદ. મહાવીરે આ બન્ને વાદનું ખંડન કર્યું છે અને કોઇ પણ પ્રકારનો દેવ તેમણે સ્વીકાર્યો નથી.

હિન્દુધર્મના અદ્વૈતવાદમાં જીવાત્મા અને જગત પરમાત્માનાં રૂપ છે એમ માનવામાં આવ્યું છે. મહાવીરે આ અદ્વૈતવાદનું ખંડન કર્યું છે. તેને બદલે તેમણે દ્વૈતવાદનો ઉપદેશ કર્યો છે. પરમાત્મા નામનો કોઇ પદાર્થ નથી, અને જીવાત્મા અને જગત એ બે સત્ય પદાર્થો છે એ દ્વૈતવાદનો સિદ્ધાન્ત છે.

વેદો અને બ્રાહ્મણગ્રન્થોમાં વર્ણવેલા હિન્દુધર્મના પશુયાગો સામે જૈન ધર્મે વિરોધ દર્શાવ્યો છે. મહાવીરે તેને બદલે તપશ્ચર્યા, આત્મત્યાગ અને અહિંસાના સિદ્ધાન્તોનો પ્રચાર કર્યો છે.

હિન્દુધર્મની ચાર વર્ણોની વ્યવસ્થા સામે જૈનધર્મે વિરોધ કર્યો છે. તેને બદલે મહાવીરે તપશ્ચર્યા કરનારા અને ધાર્મિક જીવન ગાળનારા બધા મનુષ્યો એક-સરખા જ છે એમ ઉપદેશ આપ્યો છે.

હિન્દુધર્મમાં જે પ્રકારે ઋત્વિજો અને દેવોની મદદથી સ્તુતિ અને ક્રિયાઓ વડે મોક્ષ મેળવવામાં આવતો હતો તે પ્રકારનો જૈનધર્મે ત્યાગ કર્યો છે. તેના બદલામાં મહાવીરે કેવળ સ્વાશ્રયથી આત્મોદ્ધાર કરવાનો માર્ગ દર્શાવ્યો છે.

આ સંસ્કૃત ભાષામાં લખાએલા વેદો જેવા હિન્દુધર્મનાં શાસ્ત્રોની સામે જૈનધર્મે વિરોધ દર્શાવ્યો છે. મહાવીરે પોતાના સમયમાં જે ભાષા બોલાતી હતી તે જ ભાષામાં બધા સિદ્ધાન્તોનો ઉપદેશ કર્યો છે, અને તેના પરિણામે જૈનધર્મના બધાય પવિત્ર ગ્રન્થો તે જ પ્રાકૃત ભાષામાં રચવામાં આવ્યા છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પાછળથી દાખલ થએલાં સમાન તત્ત્વો : હિન્દુધર્મ અને જૈનધર્મ ઘણા લાંબા કાળ સુધી હિન્દુસ્તાનમાં, બીજે નહિ, સાથે જ પ્રચલિત રહ્યા છે અને તેથી કરીને નવો અને થોડી સંખ્યાવાળો જૈનધર્મ કેટલીક બાબતોમાં જૂના અને વિશાળ હિન્દુધર્મ સાથે મળી ગએલો છે.

આજે જૈનધર્મ અને હિન્દુધર્મમાં સગુણ ઈશ્વરને સ્વીકારવામાં આવે છે. જૈનધર્મમાં મુખ્યત્વે મહાવીરને દેવ તરીકે માનવામાં આવે છે, અને હિન્દુધર્મમાં મુખ્યત્વે કૃષ્ણ, રામ, વિષ્ણુ અને શિવને દેવ તરીકે પૂજવામાં આવે છે. આજે જૈનધર્મ અને હિન્દુધર્મમાં અનેકેશ્વરવાદ જોવામાં આવે છે. જેમ હિન્દુધર્મમાં જૈનધર્મની ઉત્પત્તિ પહેલાં અને તેની પછી અનેક દેવો માનવામાં આવતા હતા તે પ્રમાણે જૈનધર્મમાં ધીમે ધીમે અનેક દેવો સ્વીકારવામાં આવ્યા છે.

આજે જૈનધર્મ અને હિન્દુધર્મમાં મૂર્તિપૂજા છે. મહાવીરના સમય પહેલાં હિન્દુધર્મમાં મૂર્તિપૂજા ન હતી; અને જૈનધર્મમાં સ્થાનિકવાસીઓએ મૂર્તિનું ખંડન કર્યું છે, છતાં પણ અત્યારે બન્ને ય ધર્મોમાં મૂર્તિપૂજા જોવામાં આવે છે.

જો કે બન્નેય ધર્મોમાં પહેલાં દેવાલયો અને મંદિરો ન હતાં, છતાં પણ આજે આ બન્ને યે ધર્મોમાં અનેક મંદિરો જોવામાં આવે છે અને તે લગભગ સરખાં હોય છે.

આજે જૈનધર્મ અને હિન્દુધર્મમાં મંદિરોમાં પૂજા કરવાને માટે બ્રાહ્મણ પુરોહિતો જોવામાં આવે છે. અલબત, હિન્દુધર્મના પુરોહિત-વર્ગમાંથી અમુક વ્યક્તિઓને જ જૈનમંદિરોમાં પૂજા કરવાને માટે પ્રસંગોપાત્ત દાખલ કરવામાં આવે છે.

આજે જૈનધર્મ અને હિન્દુધર્મમાં જ્ઞાતિની વ્યવસ્થા જોવામાં આવે છે. મહાવીરે સિદ્ધાન્તમાં જ્ઞાતિવ્યવસ્થાનો ત્યાગ કર્યો છે. પણ જ્ઞાતિ સંસ્થાને બદલે સમાજના સહકારના સિદ્ધાન્ત ઉપર રચાએલી બીજી કોઈ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પણ વ્યવસ્થા દાખલ કરવામાં આવી નહિ. કાળક્રમે રૂઢ જૈનધર્મમાં દેવતાઓના મંડળમાં પણ જ્ઞાતિવ્યવસ્થા દાખલ થઇ ગઇ.

જે બાબતોને લીધે જૈનો હિન્દુસ્તાનમાં હિન્દુઓથી જુદા પડ્યા હતા તે બાબતો વિષે આજે જૈનો બહુ આગ્રહ ધરાવતા નથી, અને બે ધર્મોનાં અસમાન તત્ત્વોનો ભેદ પણ તેમને ઓછો લાગતો જાય છે. આ પ્રમાણે શ્રદ્ધા, અન્તઃકરણ અથવા ચારિત્ર્યના ગુણને લીધે જૈન ધર્મ ઉપર હિન્દુ-ધર્મની અનેક રીતે ઘણી અસર થાય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ચોથું

## શાન્ત અને નીતિમય આત્મવિકાસનો ધર્મ

### જગતના વિદ્યમાન ધર્મોમાં સ્થાન

જગતના જુદા જુદા દેશોમાં પ્રચાર પામેલા ધર્મોમાં બૌદ્ધધર્મ સૌથી જૂનો અને પ્રથમ છે. બૌદ્ધધર્મની સ્થાપના કરનાર ગૌતમ બુદ્ધ ધર્મની સ્થાપના કરવાને માટે જ પ્રવૃત્ત થયા ન હતા, પણ દુઃખથી ભરેલા આ જગતમાંથી પોતાની જાતને કેમ બચાવવી એ વાત ઉપર જ તેમણે ભાર મૂકયો. તેમણે કોઇ સગુણ દેવ, પૂજા તથા સ્તુતિનો ઉપદેશ કર્યો નથી, પણ તેમણે જગતમાં એક સદાચારનું તત્ત્વ છે એવો ઉપદેશ કર્યો છે. વૈદિકધર્મની સામે તેમણે વિરોધ કર્યો હતો અને તેમણે ઉપદેશેલો સદાચારનો સિદ્ધાન્ત નીતિની દૃષ્ટિએ હિન્દુધર્મના પરમતત્ત્વ કરતાં પણ વધારે આકર્ષક થઈ પડચો. કાળક્રમે બુદ્ધને જ દેવ તરીકે માનવામાં આવ્યા, ઘણા બૌદ્ધોએ અનેક દેવો સ્વીકાર્યા અને ઉપાસના અને ભક્તિનો વિકાસ થયો. આના પરિણામમાં એક ધર્મસંઘ અસ્તિત્વમાં આવ્યો અને આમાં લોકો સ્વેચ્છાથી દાખલ થવા લાગ્યા. જગતમાં આવા પ્રકારના સંઘોમાં બૌદ્ધ લોકોનો સંઘ, જૈનસંઘને બાદ કરતાં, ઘણો જૂનો છે.

આજે ફક્ત બીજા બે ધર્મો વિશ્વવ્યાપી હોવાનો દાવો કરે છે. એક ખ્રિસ્તીધર્મ, જેની સ્થાપના બુદ્ધ પછી લગભગ પાંચસો વર્ષ પછી થઈ છે; અને બીજો મુસલમાન ધર્મ, જે બૌદ્ધધર્મ પછી લગભગ અગીઆરસો વર્ષ પછી અસ્તિત્વમાં આવ્યો છે.

જગતમાં બૌદ્ધધર્મના અનુયાયીઓની સંખ્યા ઘણી મોટી છે. જે દેશમાં બૌદ્ધધર્મની ઉત્પત્તિ થઈ હતી તે દેશમાં બૌદ્ધધર્મ ખરેખર અસ્તિત્વમાં જ નથી. હિન્દુસ્તાનમાં બૌદ્ધ ધર્મના શુદ્ધ અનુયાયીઓની

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સંખ્યા બહુ જ અલ્પ છે. આજે સ્વતંત્ર ભારતમાં મહાબોધિ સોસાયટીના પ્રયત્નથી લોકોને બૌદ્ધધર્મમાં રસ પડવા માંડ્યો છે. બુદ્ધના જીવન અને અવશેષોની સાથે જોડાએલાં સાંચી, સારનાથ અને બુદ્ધગયા જેવાં સ્થળોએ મહોત્સવો ઉજવીને બૌદ્ધધર્મને પુનર્જીવિત કરવાના પ્રયત્નો થાય છે એ શુભ ચિહ્ન છે.

આજે બૌદ્ધધર્મ પાળનારાઓ આર્યો અથવા સેમિટિકો નથી પણ ફક્ત મોંગોલિઅનો છે. સિયામ, ચીન અને જાપાનની હાલની કેટલીક પ્રવૃત્તિઓ બાદ કરતાં બૌદ્ધધર્મ એકંદરે ઘણો શાન્ત અને સ્થિર રહેલો છે.

## બૌદ્ધ ધર્મના સ્થાપક બુદ્ધનું જીવન (૫૬૦–૪૮૦ ઈ. પૂર્વે)

બૌદ્ધોના ધર્મગ્રન્થોમાં બુદ્ધના જીવન વિષેની કેટલીક હકીકત મળી આવે છે ખરી, પણ સમગ્ર જીવન આલેખવાનો એક પણ પ્રયાસ જોવામાં આવતો નથી. પાછળથી લખાએલી વાતોમાં અને કાવ્યોમાં બુદ્ધ વિષે ચમત્કારથી ભરેલી ઘણી વાતો છે. દાખલા તરીકે અલૌકિક રીતે ગર્ભ રહ્યો એ પ્રકારનું એમની માતાને આવેલું સ્વપ્ન; પીસ્તાળીસમે વર્ષે રાણીના ઉદરમાંથી અલૌકિક પ્રકારે થએલો જન્મ. બુદ્ધના જન્મ વખતે બીજા ઘણા ચમત્કારો થયા. એક હિન્દુ સાધુએ તે વખતે કહ્યું કે આ બાળક ભવિષ્યમાં ઘણો મોટો થશે.

બૌદ્ધધર્મના સ્થાપક એક ઐતિહાસિક વ્યક્તિ હતી કે નહિ એ વિષે ઘણા સમય સુધી શંકાઓ ચાલુ રહી હતી. પણ ઇ. સ. ૧૮૯૬ ના ડિસેમ્બર માસમાં બ્રિટિશ આર્કિઓલોજીકલ સર્વેનું કામ કરતાં ડૉ. ફુરરે બુદ્ધની જન્મભૂમિ કપિલવસ્તુમાં આશરે ઈ. સ. પૂર્વે ૨૫૦ માં સુપ્રસિદ્ધ બૌદ્ધ અશોક રાજાએ પત્થરનો સ્તંભ ઉભો કરી તેમાં જે લેખ લખાવ્યો હતો તે ખોળી કાઢ્યો અને ત્યારથી બધી શંકાઓ દૂર થઈ ગઈ.

## રાજકુમાર (ઉમ્મર ૧–૨૯)

તેમનું નામ સંસ્કૃતમાં ગૌતમ અને પાલીમાં ગોતમ હતું. કાશીથી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉત્તરે લગભગ સો માઇલ ઉપર આવેલા કપિલવસ્તુ નામના નગરમાં શાકય જાતિના એક સમૃદ્ધ હિન્દુ રાજાને ત્યાં તેમનો જન્મ થયો હતો, અને તે એકના એક પુત્ર હોવાથી યુવરાજ તરીકે ગણાતા હતા. તે ઘણા વૈભવમાં ઉછર્યા હતા. જ્યારે કુમાર સોળ વર્ષના થયા ત્યારે તેમના પિતાએ તેમને માટે ત્રણ મહેલો બંધાવ્યા. ઓગણીસ વર્ષની ઉમ્મરે પાસેના એક રાજાની કુંવરી સાથે તેમનું લગ્ન થયું, પણ દસ વર્ષ સુધી તેમને પુત્ર થયો નહિ.

**મહાન ત્યાગ ( ઉમ્મર ૨૯ )**

જયારે રાજકુમાર ગૌતમ આનન્દને માટે બહાર ફરવા ગયા ત્યારે તેમણે ચાર દૃશ્યો જોયાં અને તેમના ઉપર તેની ઘણી ઉંડી અસર થઈ. આ ચાર દૃશ્યોમાં (૧) એક ઘરડો અપંગ માણસ, (૨) એક વ્યાધિથી પીડાતો કમકમાટી ઉપજાવે એવો માણસ, (૩) એક શબ, અને (૪) કોઈ પણ વેદનાથી ક્ષુબ્ધ થાય નહિ એવો એક શાન્ત ધર્મિષ્ઠ તપસ્વી હતા. આ ચાર પદાર્થો જોઇને તેમને વિચાર થયો કે મારે અને આખી મનુષ્યજાતિને ભવિષ્યમાં જરા, વ્યાધિ અને મરણનાં દુઃખો ભોગવવાનાં છે. આ વિચારથી ગૌતમને ઘણું દુઃખ થયું અને અંતે તેમણે નિશ્ચય કર્યો કે ફક્ત દૃઢ મનોબળથી આત્મત્યાગ અને શોધ કરવાથી અનુપમ શાન્તિ મળી શકે છે. આનું પરિણામ એ આવ્યું કે ઘણાં પ્રલોભનો હતાં છતાં પણ તેમણે પોતાની સ્ત્રીનો, પોતાના નવા અવતરેલા બાળકનો અને પોતાના પિતાની ગાદીના વારસાનો ત્યાગ કર્યો. તેમણે પોતાના વાળ કાપી નાખ્યા અને સાધુનો પહેરવેશ પહેરી લીધો.

**મોક્ષને પંથે ( ઉમ્મર ૨૯–૩૫ )**

જીવાત્મા અને પરમાત્માના પરસ્પર સંબંધ વિષે તત્ત્વજ્ઞાનની મદદથી ચિન્તન કરવું એ વૈદિકધર્મમાં સારામાં સારું મોક્ષ મેળવવાનું સાધન છે. ગૌતમ બુદ્ધ પહેલાં કોઇએ વિશ્વવ્યાપી દુઃખના પ્રશ્નનો વિચાર કરેલો



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ન હતો. ગૌતમે તે પ્રશ્નનું નિરાકરણ કરવાનો આરંભ કર્યો અને તે કાર્યમાં ઉપર જણાવેલા હિન્દુધર્મના લોકપ્રિય સાધનનો ઉપયોગ કર્યો. ત્યાર પછી જૈનધર્મમાં મોક્ષ મેળવવાને માટે જે પદ્ધતિ સ્વીકારવામાં આવી હતી તે–શરીરની તપશ્ચર્યા–ગૌતમબુદ્ધે સ્વીકારી.

**દિવ્ય જ્ઞાન** ( ઉમ્મર ૩૫ )

જ્યારે તે પીપળાના ઝાડ નીચે પગ ઉપર પગ ચઢાવીને એકલા ધ્યાન કરતા હતા તે વખતે એક રાત્રિએ દુઃખના કારણ અને નાશનો સરળ માનસિક ઉપાય તેમણે શોધી કાઢચો. બૌદ્ધધર્મનાં સર્વસાધારણ મુખ્ય ચાર સુંદર સત્યો નીચે પ્રમાણે છે :—

૧ જગતના બધા પદાર્થો દુઃખમય અને ક્ષણિક છે.

૨ બધા દુઃખનું મૂળ કારણ આપણામાં રહેલી અતૃપ્ત વાસનાઓ છે.

૩ તેથી બધી વાસનાઓને દૂર કરવાથી બધું દુઃખ પણ બંધ થઇ જાય.

૪ છતાં પણ માણસ જ્યાં સુધી જીવે છે ત્યાં સુધી તેણે નિયમસર રહેવું, અર્થાત્ આઠ સુંદર ગુણોને અનુસરીને રહેવું. આ આઠ પ્રકારો નીચે પ્રમાણે છે :—
સાચી શ્રદ્ધા, ઉચ્ચ અભિલાષા, સાચી વાણી, સારું કર્મ, સારી જીવનવૃત્તિ, સારો પ્રયત્ન, સારો વિચાર અને સારું ધ્યાન.

ગૌતમને પૂર્ણ જ્ઞાનનો જે અવસ્થામાં પ્રકાશ થયો તે અવસ્થાને સામાન્ય રીતે "બુદ્ધ" કહેવામાં આવે છે, "બુદ્ધ" એ જાણવું એ અર્થવાળા સંસ્કૃત बुध् ધાતુનું ભૂતકૃદન્ત છે. જ્ઞાનપ્રાપ્તિ પછી "બુદ્ધ" એ પદ ગૌતમને હમ્મેશાં લગાડવામાં આવે છે.

બુદ્ધ કહે છે કે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"આ ચાર સુંદર સત્યો વિષે મારાં જ્ઞાન અને સાક્ષાત્કાર ઘણાં સ્પષ્ટ થયાં કે તરત જ મારો નિશ્ચય થયો કે સ્વર્ગ અથવા પૃથ્વીમાં ન મળી શકે એવા જ્ઞાનનો પૂર્ણ પ્રકાશ મને હવે મળ્યો છે. મારા હૃદયનો આ મોક્ષ સ્થિર છે. આ મારો છેલ્લો જન્મ છે. હવે મારે પુનર્જન્મ નથી."

પુનર્જન્મના ભયમાંથી મુક્ત થવાથી ગૌતમને જે શાન્તિ મળી તે બૌદ્ધધર્મના કેટલાક ગ્રન્થોમાં બુદ્ધાવસ્થાના મુખ્ય અંગ તરીકે વર્ણવવામાં આવી છે.

**જાહેર ઉપદેશ ( ઉમ્મર ૩૫–૮૦ )**

ઉત્તર હિન્દુસ્તાનમાં પોતાની જન્મભૂમિ મગધ દેશમાં ગૌતમબુદ્ધ બધે ફર્યા અને મનોનિગ્રહ, આત્મસંયમ અને સદાચારથી મોક્ષ મળે છે એ નવા સ્થાપેલા પોતાના સિદ્ધાન્તનો ઉપદેશ કરવા લાગ્યા. તેમણે કહ્યું કે જે માણસને મોક્ષ મેળવવાની ઇચ્છા છે તેણે દેવ, પૂજા, કર્મકાણ્ડ, બીજી માન્યતાઓ, પુરોહિતોની મદદ અથવા દૈવી તત્ત્વોની સહાય ઇત્યાદિ રૂઢ થએલી ધર્મની બાબતોમાં ચિત્ત પરોવવા કરતાં પોતાની ચિત્તવૃત્તિ ઉપર જય મેળવવો એ વધારે સારું છે. બુદ્ધે ખાસ કરીને વૈદિક ધર્મની વ્યવહારાતીત પરમ તત્ત્વની, પ્રાર્થનાના માહાત્મ્યની અને વેદોની પવિત્રતાની ભાવનાઓ સામે વિરોધ ઉઠાવ્યો હતો.

જ્યારે તેમના શિષ્યોની સંખ્યા સાઠ જેટલી થઈ ત્યારે પોતાનો સંદેશો લોકોને પહોંચાડવાને તેમણે તેમને જુદા જુદા ભાગોમાં મોકલ્યા. ગૌતમબુદ્ધનો મોક્ષમાર્ગ બ્રાહ્મણધર્મના મોક્ષમાર્ગ કરતાં વધારે સહેલાઇથી બધા લોકોથી અનુસરી શકાય એવો જણાયો અને તેથી લોકોને તેની આવશ્યક્તા વધારે લાગી.

ગૌતમ બુદ્ધ એક સારા ઉપદેશક હતા અને બધું કાર્ય પોતે જાતે જ કરતા હતા. આના પરિણામે ઘણા માણસોએ પોતાનો જૂનો ધર્મ છોડી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દીધો અને તેમના શિષ્યો થયા. તેમની કેટલીક કથાઓ જીસસની કથાઓ જેવી છે. છતાં પણ કેટલીક રીતે તદ્દન જુદી પડી જાય છે, દાખલા તરીકે ખેડૂતની કથા, ઉડાઉ છોકરાની કથા, સરસવની કથા. ઇ. ડબ્લ્યુ. બર્લિંગેમે પોતાના "બુદ્ધિસ્ટ પેરેબલ્સ" નામના ગ્રન્થમાં આવી ઘણી કથાઓનો સંગ્રહ કરેલો છે. બુદ્ધ કહે છે કે

> "હજારો દાખલાઓ અને દલીલો આપીને મેં બધા પ્રાણીઓને એક રીતે કે બીજી રીતે ખુશ કર્યાં છે."

એંશી વર્ષની ઉમ્મરે ગૌતમ બુદ્ધનું શરીર જીર્ણ થઈ ગયું, જો કે તેમનો આત્મા બળવાન અને અજેય હતો. અંતે તે જ વર્ષમાં પાંચસો શિષ્યોની સાથે જ્યારે તે ઉપદેશ કરવા બધે ફરતા હતા ત્યારે એક વખત ઉપદેશ કરતા કરતા એક નાના ગામમાં આવ્યા. આ ગામના લોકોની સભામાં એવો એક પણ માણસ ન હતો કે જેને બુદ્ધને માટે અથવા તેમણે દર્શાવેલા સત્ય માર્ગને માટે જરા પણ શંકા હોય. ભગવાન બુદ્ધે સભાને ઉદ્દેશીને કહ્યું કે 'ભાઇઓ, જુવો, આ બધા ઉત્પન્ન થએલા પદાર્થો નાશવંત છે, ધૈર્ય અને ઉદ્યમથી તમે તમારો મોક્ષ સાધજો!' બુદ્ધ ભગવાનનો આ છેલ્લો ઉપદેશ હતો. ત્યાર પછી તેઓ મરણ પામ્યા.

### બુદ્ધનું પૂજન

ગૌતમ બુદ્ધે કોઈ પણ દેવની પૂજા કરવાનો ઉપદેશ કર્યો નથી, એમણે તો જગતનો ઉદ્ધાર કરવાને માટે આત્મભોગ આપીને ઘણો શ્રમ લીધો છે. આમ છતાં પણ તેમના તરફ લોકો ભક્તિભાવ રાખે છે અને તેમની પૂજા કરે છે એ ધર્મોના ઇતિહાસમાં એક આશ્ચર્ય ભરેલી વાત છે.

બૌદ્ધધર્મના સિદ્ધાન્તગ્રન્થોમાં આવેલી કેટલીક પ્રાચીન અને સરળ વાતોમાં બુદ્ધ વિષે ઘણી હકીકતો આપવામાં આવી છે અને તે ઉપરથી જણાય છે કે ગૌતમ જ્ઞાન મેળવીને 'બુદ્ધ' થયા ત્યાર પછી તેમનામાં માનવજાતિની પેટનો દુખાવો, મરડા જેવી શારીરિક પીડા હતી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## બુદ્ધ પ્રતિ તેમના શિષ્યોનો નિસ્સીમ ભાવ

ગૌતમબુદ્ધ સહેલાઇથી રાજા તરીકે રાજ્ય કરી શકયા હોત, પણ તેમણે ધર્મને માટે રાજ્યગાદીનો ત્યાગ કર્યો અને પછી લગભગ અર્ધો સૈકા સુધી જગતના ઉદ્ધારને માટે એક સાધારણ મનુષ્યનું જ જીવન ગાળ્યું. ગૌતમના આ પ્રકારના જીવન સામે તેમના પ્રેમી અને ભક્ત શિષ્યોને એક પણ શબ્દ કહેવાનો ન હતો.

બુદ્ધ પૂર્ણ છે એ ભાવજન્ય આદર અને માન્યતાનો કાળક્રમે વિકાસ થયો અને હિન્દુધર્મમાં દેવોનું પૂજન થાય છે તેના કરતાં પણ ઉત્તમ રીતે ગૌતમબુદ્ધનું પૂજન થવા લાગ્યું.

તે સભામાં આવતા અને અદ્ભુત રીતે ઉપદેશ આપી તિરોહિત થઈ જતા; અને સભામાં બેઠેલા લોકો વિસ્મિત થઇ કહેતા કે

"હમણાં જ આ રીતે જે જતા રહ્યા તે કોણ હશે? મનુષ્ય કે દેવ?"

તેમના જન્મ સમયે ભવિષ્યનું સૂચન કરનારા બત્રીસ બનાવો થયા હતા. તેમાંના કેટલાક નીચે પ્રમાણે હતાઃ

> "અંધ પુરુષો દેખતા થયા જાણે કે તેમને ગૌતમબુદ્ધનો પ્રભાવ જોવાની ઇચ્છા થઇ હોય! બહેરાઓ સાંભળતા થયા. મૂગાઓ બોલતા થયા. વળી ગએલા ખુંધા માણસો સીધા થયા. લંગડાઓ બરોબર ચાલવા લાગ્યા. જે બધા લોકો બંધનમાં હતા તે મુક્ત થઈ ગયા".

ગૌતમ જ્યારે જ્ઞાનનો પ્રકાશ મેળવી બુદ્ધ થયા ત્યારે પણ તેવા જ બનાવો થયા હતાઃ

> "જન્મથી જે અંધ હતા તે દેખતા થયા, જન્મથી જે બહેરા હતા તે સાંભળતા થયા; જન્મથી જે પાંગળા હતા તે સર્વાંગસુંદર થયા; અને જે કેદીઓ બંધનમાં હતા તે મુક્ત થયા."

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## બુદ્ધના દેવત્વ વિષે પ્રચલિત વિચારો

બૌદ્ધધર્મમાં બે મુખ્ય શાખાઓ છે. દક્ષિણ એશિયાની અંદર **હીનયાન** બૌદ્ધધર્મના અનુયાયીઓ ગૌતમબુદ્ધના ઉપદેશને બરાબર વળગી રહ્યા છે; અને તેઓ માને છે કે ગૌતમે દુઃખમાંથી મુક્ત થવાનો રસ્તો દેખાડયો છે અને તેથી ધર્મને માટે તર્કબળથી કરવામાં આવતી ચર્ચા નકામી છે. ઉત્તર ભાગની શાખાએ બૌદ્ધધર્મનો ચીન અને જાપાન સુધી પ્રચાર કર્યો છે. તેમાં કેટલાક ધર્મસિદ્ધાન્તોનો વિકાસ થયો છે. આ સિદ્ધાન્તોને સામાન્ય રીતે **મહાયાન** કહેવામાં આવે છે. બુદ્ધ કેવળ ઉપદેશક હતા અને મરણ સમયે નિર્વાણ પામ્યા એમ નહિ, પણ તે ખરે-ખર જગતનો ઉદ્ધાર કરનાર દિવ્ય વ્યક્તિ હતી એમ આ માર્ગમાં માનવામાં આવે છે. બુદ્ધને દેવ તરીકે માનવામાં આવ્યા છે એટલું જ નહિ પણ બૌદ્ધધર્મની ત્રિમૂર્તિમાં તેમની ગણના કરવામાં આવી છે.

## બુદ્ધ મૂર્તિરૂપે

દરેક માણસે કોઇ પણ દેવના ઉપર આધાર રાખવો નહિ, પણ સ્વાશ્રયી થઇ નીતિમય જીવન ગાળવું એમ ગૌતમ બુદ્ધનો મરણ પહેલાંનો મુખ્ય અને છેલ્લો ઉપદેશ હતો. કાળક્રમે આ જ ગૌતમબુદ્ધની પૂજા એટલી બધી વધી ગઇ કે તેમની જગતમાં બીજા કોઇ માણસની મૂર્તિઓ હશે તેના કરતાં ઘણી વધારે અને મોટી મૂર્તિઓ સ્થપાઇ. આ પણ ઇતિહાસની એક અદ્દ્ભુત લીલા !

## બૌદ્ધધર્મના નીતિવિષયક સિદ્ધાન્તો

એક અનિર્વચનીય પરમ તત્ત્વના સંબંધમાં વૈદિકધર્મના તત્ત્વ-જ્ઞાનમાં જે શુષ્ક તર્કો કરવામાં આવ્યા છે તેના કરતાં ગૌતમબુદ્ધે આપેલો વ્યાવહારિક ઉપદેશ તદ્દન જુદો જ પડી જાય છે; એટલું જ નહિ પણ વૈદિકધર્મના દક્ષિણા લઇને કામ કરનારા પુરોહિતો, યજ્ઞયાગાદિ, અને કર્મકાણ્ડની બીજી ધાર્મિક ક્રિયાઓ કરતાં પણ ભગવાન બુદ્ધનો ઉપદેશ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સર્વથા ભિન્ન છે. **ધમ્મપદ** નામનો એક બૌદ્ધધર્મનો નાનો ગ્રન્થ છે. તેમાં વીસ કરતાં વધારે સ્થળોએ ઉપદેશ કરવામાં આવ્યો છે કે દરેક માણસમાં આત્મસંયમ, આત્મજય, આત્મપવિત્રતા, સતત સાવધાનતાની આવશ્યકતા અને મોક્ષને માટે પોતાની જવાબદારી હોવાં જોઇએ.

હિન્દુઓની વર્ણવ્યવસ્થાના દોષો દેખાડવામાં અને તેનું યથાર્થ રહસ્ય સમજાવવામાં ગૌતમબુદ્ધે એક મહાન સુધારકની હિમ્મત દર્શાવી છે. ક્રાઇસ્ટથી પાંચસો વર્ષ પૂર્વે અને ક્રાઇસ્ટના જ કેટલાક શબ્દોમાં ગૌતમ બુદ્ધ પોતાના સમયના ઘોર પાપીઓને કહ્યું કે ખરેખરા ઉચ્ચ વર્ગના અને ખરેખરા નીચ વર્ગના માણસોની કિમ્મત તેમની જન્મ-પરંપરા પ્રમાણે કે તેમના મોભા પ્રમાણે કે રૂઢ ધર્મના બાહ્ય ચિહ્નોને અનુસરી કરવી નહિ, પણ તેમના ચારિત્ર્ય અને ધાર્મિક જીવનની દૃષ્ટિએ જ કરવી જોઈએ:

> "કુળથી કે જન્મથી કોઇ બ્રાહ્મણ થઇ શકતો નથી. જેનામાં સત્ય અને ધાર્મિકતા છે તે જ ખરેખરો ભાગ્યવાન છે; તે જ બ્રાહ્મણ છે. હે મૂર્ખ ! તારા હૃદયમાં મલિનતા છે, હિંસક વૃત્તિ છે, પણ તું તો બહાર જ શુદ્ધિ રાખે છે !"

> "જે માણસને ક્રોધ થાય છે, જે બીજાઓનો દ્વેષ કરે છે, જે પ્રાણીઓને કનડે છે, જે અસત્ય બોલે છે, જે પોતાનાં વખાણ કરે છે અને જે બીજાઓની નિન્દા કરે છે તેને પતિત ચાણ્ડાલ જાણવો."

બૌદ્ધસંઘમાં દાખલ થતાં જ હિન્દુધર્મની ચારેય વર્ણોના ભેદો જતા રહે છે. બૌદ્ધધર્મના સામાન્ય અનુયાયીઓ માટે ગૌતમબુદ્ધે પાંચ પ્રતિ-ષેધોનો ઉપદેશ કર્યો છે :—(૧) હિંસા ન કરવી, (૨) ચોરી ન કરવી, (૩) વ્યભિચાર ન કરવો, (૪) અસત્ય ન બોલવું, (૫) માદક પદાર્થો ન પીવા.

બૌદ્ધસંઘના ઉચ્ચ કોટિના અનુયાયીઓને માટે બુદ્ધે દસ પ્રતિષેધોનો ઉપદેશ કર્યો છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પહેલાં જણાવેલા પાંચ પ્રતિષેધો ઉપરાંત બીજાં નીચે જણાવેલાં પાંચ વ્રતો છે :—(૧) નિષિદ્ધ સમયે ભોજન કરવું નહિ. (૨) નૃત્ય કરવું નહિ, ગીત ગાવું નહિ, સંગીત સાંભળવું નહિ અને સુંદર પદાર્થો જોવા નહિ. (૩) માળા, અત્તર, આભૂષણો, અંગરાગ અને એવી સુંદર વસ્તુઓનો ઉપયોગ કરવો નહિ. (૪) ઊંચી અને પહોળી પથારીમાં સૂવું નહિ. (૫) સોનું અથવા ચાંદી લેવી નહિ.

બૌદ્ધધર્મના સદાચારના નિયમો મુખ્યત્વે નિષેધાત્મક, સંયમપ્રધાન, નિવૃત્તિપરાયણ, અને વ્યક્તિગત છે. બૌદ્ધધર્મના સદાચારના ઉત્કૃષ્ટ આદર્શ પ્રમાણે માણસ પાપ અને પુણ્યથી અતીત એવી પૂર્ણદશાએ પહોંચે છે, અને જે સારા નરસાનો વિચાર કરતો બંધ થયો છે અને જે શુભ અને અશુભથી પર છે એવા પણ આ ઉત્તમ દશાએ પહોંચે છે.

## બૌદ્ધધર્મનાં બીજાં મુખ્ય લક્ષણો

કોઇ પણ પરમ તત્ત્વની પૂજા કરવાના સિદ્ધાન્તથી બૌદ્ધધર્મનો આરંભ થયો નથી, તેમ જ કોઈ પણ સંગત દર્શનના તત્ત્વજ્ઞાનના વિકાસને પરિણામે તે (બૌદ્ધધર્મ) અસ્તિત્વમાં આવ્યો નથી. અલબત, તેણે દુઃખમય જગતનો સુંદર અંત લાવવા પ્રયત્ન કર્યો છે. આના પરિણામે બૌદ્ધધર્મમાં અનેક પ્રકારનાં તત્ત્વો જોવામાં આવે છે અને તેમાંનાં કેટલાંક તો એક બીજાની સાથે બરોબર સંબંધ પણ ધરાવતાં નથી.

## કર્મનો સિદ્ધાન્ત

જે ઉત્તમ શકિત આ જગતમાં કામ કરી રહી છે, તે કર્મનો સિદ્ધાન્ત છે. ન્યાય અને પાપ પુણ્યનો બદલો આપનારો આ અમૂર્ત નિયમ ઘણો સખત છે અને તેમાંથી કોઇ છૂટી શકતું નથી.

માણસને પોતાનાં ખોટાં કામનાં જે પરિણામો ભોગવવાં પડે છે તેનો દોષ તેના પોતા ઉપર જ મૂકવો ઘટે છે, નહિ કે તેના કુળ, સમાજ, પ્રારબ્ધ, ઈશ્વર કે સેતાન ઉપર. જો લોકો એટલું જ સમજતા થઇ જાય કે પોતાનાં ઘણાં દુઃખો કર્મના નિયમોને અનુસરીને જ આવ્યાં છે અને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તેને માટે પોતે જ જવાબદાર છે તો ગૌતમ બુદ્ધ ઘણી શ્રદ્ધા રાખી જે સુધારો દાખલ કર્યો છે તે બરોબર સફળ થાય.

અંતિમ ન્યાય આપવાનું દશ્ય નીચે પ્રમાણે વર્ણવવામાં આવ્યું છેઃ–

"નરકના સિપાઈઓ પાપી માણસોને નરકના રાજા યમની પાસે ખેંચી જાય છે. યમરાજા તેમને કહે છે કે "તમે જયારે પૃથ્વી ઉપર રહેતા હતા ત્યારે બાળક, વૃદ્ધ પુરુષ, રોગી, સજા ભોગવતો અપરાધી અને શબ એ પાંચ જણાને તમને ચેતવણી આપવા મોકલવામાં આવ્યા હતા તેમને તમે જોયા ન હતા? અને પેલો પાપી જવાબ આપે છે કે "મેં તેમને જોયા જ હતા." યમરાજાએ કહ્યું કે "ત્યારે તને મનમાં વિચાર ન આવ્યો કે હું પણ જન્મીશ, ઘરડો થઈશ અને મરી જઈશ; ચાલ, મારે બધાં સારાં કર્મો કરવાની કાળજી રાખવી જોઈએ." અને પેલો દુષ્ટ ઉત્તર આપે છે કે "ભગવન્, મેં તે પ્રમાણે વિચાર ન કર્યો. મૂર્ખતાથી આ બધાનો મેં વિચાર ન કર્યો." યમરાજાએ પછી તેને સજા કરી—આ તારાં પાપી કર્મોને માટે તારાં માતા, પિતા, સગાં, મિત્રો અને સલાહકારો જવાબદાર નથી. તેં એકલાએ જ આ કર્મો કર્યાં છે. તારે એકલાએ જ તેનું ફળ ભોગવવું જોઈએ.

## અહંતા અને સ્વાર્થનો ભ્રમ

દરેક ડાહ્યા માણસે દૂર કરવા જેવું મુખ્ય અને સૂક્ષ્મ ભયસ્થાન હોય તો તે સ્વાર્થ છે. જેને આપણે અહં કહીએ છીએ તે ખરેખરો મૂર્ત પદાર્થ નથી, પણ જેમ ઉધ, ધરી, ચક્ર, રથનું ખોખું અને ધજા એ બધાંને માટે સગવડની ખાતર રથ શબ્દ વાપરવામાં આવે છે તેમ ફક્ત વાસનાઓ અને માનસિક વૃત્તિઓના ક્ષણિક અને નિરર્થક સમૂહને માટે અહં શબ્દનો પ્રયોગ થાય છે.

## અસ્તિત્વનાં ત્રણ લક્ષણો

કેવળ સત્તા નામનો જગતમાં પદાર્થ નથી. બુદ્ધના જગત વિષેના

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વિચારો વૈરાગ્ય અને નિરાશાથી ભરેલા હતા, અને તે પ્રમાણે અસ્તિત્વમાં આવવું એનો અર્થ એટલો જ કે ક્ષણિક, દુઃખી અને અવ્યક્ત રહેવું તે.

**પુનર્જન્મ**

કર્મના સિદ્ધાન્તને અનુસરીને દરેક માણસને પોતાનાં કર્મો પ્રમાણે આ દુઃખમય સંસારમાં ફરીથી જન્મ લેવો પડે છે. અહીં પ્રશ્ન થાય છે કે જયારે વાસ્તવિક રીતે આત્મા જ નથી તો પછી તેનો પુનર્જન્મ શી રીતે સંભવી શકે? એના સમાધાનમાં એટલું જ કહેવાનું કે ગૌતમબુદ્ધને જયારે પૂર્ણ જ્ઞાન થયું ત્યારે પુનર્જન્મના સિદ્ધાન્તની ભાંજગડમાંથી મુક્ત થઈ તેમણે ઘણો સંતોષ અનુભવ્યો હતો અને દરેક બૌદ્ધધર્મના અનુયાયીને તે જ પ્રમાણે આશા આપવામાં આવે છે.

**નિર્વાણ**

બૌદ્ધધર્મનો જો કોઈ પણ પારિભાષિક શબ્દ વધારે પ્રચલિત થએલો હોય તો તે નિર્વાણ શબ્દ છે. નિર્વાણનો અર્થ સર્વોત્કૃષ્ટ સુખ એમ કરવામાં આવે છે. પણ નિર્વાણમાં આત્માનો સમ્પૂર્ણ અને નિરન્વય નાશ થાય છે કે કેમ એ વિષે વિદ્વાનોમાં મતભેદ છે. વાસ્તવિક રીતે નિર્વાણ અવસ્થા એ બ્રહ્મભાવની અવસ્થા માફક પરમશાન્તિની નિત્ય સ્થિતિ છે.

**બૌદ્ધ સંઘ**

બૌદ્ધધર્મના સિદ્ધાન્તો વ્યક્તિગત અને સમાજવિરોધી છે અને તેથી એમ જણાય કે તેમાં સમાજના પ્રશ્નોને સ્થાન નહિ હોય. પણ બુદ્ધ ઘણા વ્યવહારકુશળ હતા અને તેમણે પોતાના અનુયાયીઓનું એક નવું મંડળ સ્થાપ્યું. બૌદ્ધધર્મમાં મુખ્ય મંત્ર ત્રણ આશ્રયો નો છે. આ મંત્રમાં બૌદ્ધધર્મનું બધું રહસ્ય આવી જાય છે. ધર્મમાં નવા માણસો જયારે દાખલ થાય છે ત્યારે આ મંત્રનો ઉપયોગ કરવામાં આવે છે:

"બુદ્ધને, નિયમને અને સંઘને હું શરણે જાઉં છું."

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સંઘમાં દાખલ થવા ઇચ્છા રાખનાર ઉમેદવારોએ નીચે જણાવેલી યોગ્યતા મેળવેલી હોવી જોઇએ:

> કોઢ, ગુમડાં, ખરજવાં, ક્ષય, અને આંકડી જેવા રોગો તને થયા છે? તું મનુષ્ય છે? તું પુરુષ છે? તું સ્વતંત્ર છે? તારે દેવું નથી? તું રાજાની નોકરીમાં નથી? તારાં માબાપે તને રજા આપી છે? તને વીસ વર્ષ થયાં છે? તારાં ભિક્ષા માગવા પાત્ર અને વસ્ત્રો બરોબર છે?

સ્ત્રીઓને કેટલાક સમય પછી જ સંઘમાં દાખલ કરવામાં આવી હતી, પણ સંઘમાં તેમનું સ્થાન નીચું જ હતું.

આ બૌદ્ધ સંઘો—અને જો હરકત ન હોય તો તેને 'બૌદ્ધ મંદિરો' કહો—તેમાં સાધુઓએ બુદ્ધનાં વચનોનો પાઠ કરવા અને અપરાધની કબુલાત કરવા એકઠા થવું એમ ઉપદેશ કરવામાં આવ્યો છે. "દરેક પખવાડીએ બધાઓએ એકબીજાની સાથે મળીને આનન્દથી તકરાર કર્યા વિના રહેવાની ટેવ રાખવી એ સારું છે."

દરેક પખવાડીએ જે ૨૨૭ નિયમોનો સભામાં પાઠ કરવામાં આવે છે તે ત્રિપિટકમાંના પ્રથમ ભાગમાં આપવામાં આવ્યા છે.

## બૌદ્ધ ધર્મનાં શાસ્ત્રો

બૌદ્ધધર્મનાં શાંસ્ત્રોને સામાન્ય રીતે **ત્રિપિટક**—ત્રણ ટોપલીઓ— કહેવામાં આવે છે. આમાં તે ધર્મનું જ્ઞાન ભરેલું છે. ત્રિપિટકના ત્રણ ભાગ છે. **વિનય પિટક, સુત્ત પિટક** અને **ધમ્મ પિટક.** વિનય પિટકમાં દાખલ થનારા માણસોને માટે બધા નિયમો આપવામાં આવ્યા છે; સુત્ત પિટકમાં ગૌતમબુદ્ધની કથાઓ અને તેમના ઉપદેશો છે; અને અભિધમ્મ પિટકમાં બૌદ્ધધર્મના તત્ત્વજ્ઞાનના કૂટ પ્રશ્નોનું વર્ણન કરવામાં આવ્યું છે.

ઉત્તર–મધ્ય હિન્દુસ્તાનમાં ગૌતમબુદ્ધ રહેતા હતા અને આ દેશની ભાષાનું નામ પાલી હતું. ત્રિપિટકમાં આ જ ભાષા વાપરવામાં આવી છે. આ ઉપરાંત બૌદ્ધધર્મનું ઇતર સાહિત્ય ઘણું મોટું છે. તે બધું સાહિત્ય

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સંસ્કૃત ભાષામાં લખવામાં આવ્યું છે. ત્રિપિટકના ૨૯ વિભાગો છે અને તે વિભાગો ૧૦ પાનાથી તે ૧૮૩૯ પાના સુધીના છે. માનચેસ્ટર યુનિવર્સિટિના મર્હુમ પ્રો. રિસ ડેવિડસની-આગેવાની નીચે અને યુરોપના અનેક વિદ્વાનોની મદદથી લંડનની પાલી ટેકસ્ટ સોસાઈટીએ મૂળ ગ્રન્થોને છાપવાનું અને તેનું અંગ્રેજીમાં ભાષાન્તર કરવાનું કામ ઘણા ઉત્સાહથી કરવા માંડયું છે. તિબેટ અને ચીનની ભાષાઓમાં મળતા બૌદ્ધગ્રન્થોને શોધી કાઢી તેને શુદ્ધ સ્વરૂપમાં છાપવાનું અને તેના ઉપરથી મૂળ ગ્રન્થને તૈયાર કરવાનું કામ આજે ભારતના અને યુરોપના વિદ્વાનો કરી રહ્યા છે એ ઘણા આનન્દની વાત છે. આ બધું સાહિત્ય પ્રકટ થશે ત્યારે બૌદ્ધધર્મ અને અન્યધર્મો ઉપર બહુ મહત્ત્વનો પ્રકાશ પડશે એમાં શંકાને સ્થાન નથી.

ત્રિપિટકમાં બુદ્ધનાં સંસ્મરણો, સિદ્ધાન્તોની કેટલીક વિસ્તૃત ચર્ચા અને નિવૃત્તિપરાયણ જીવન ગાળવાનો ઉપદેશ જોવામાં આવે છે. બુદ્ધનું સંપૂર્ણ જીવન, બુદ્ધની પરંપરા ચાલુ રાખનાર પાછળથી થએલા નેતાની હકીકત, સમાજના પુનરુદ્ધારને માટે બૌદ્ધધર્મના સર્વોત્કૃષ્ટ સિદ્ધાન્તોનો ખાસ ઉપયોગ, જગતની ઉત્પત્તિ કરવામાં રહેલું પ્રયોજન અથવા શક્તિનું તત્ત્વ, અને જીવતાં અને મરણ પછી સુખી જીવનની કલ્પના કરનારૂં આર્ષ દર્શન—આ બધા વિષયો બૌદ્ધધર્મનાં શાસ્ત્રોમાં જોવામાં આવતા નથી.

બુદ્ધ જે ઉપદશ આપ્યો તે તેમના શિષ્યો પોતાના અધિકાર પ્રમાણે જુદી જુદી રીતે સમજ્યા, અથવા તો શિષ્યોનો અધિકાર જોઇને બુદ્ધ ચાર શિષ્યોને જુદો જુદો ઉપદેશ આપ્યો અને તેથી વૈભાષિક, સૌત્રાન્તિક, વિજ્ઞાનવાદ અને માધ્યમિક એમ બૌદ્ધધર્મની ચાર શાખાઓ અસ્તિત્વમાં આવી. વસ્તુતઃ બુદ્ધના ઉપદેશના કાલક્રમે થએલા વિકાસને પરિણામે જ આ ચાર વિભાગો અસ્તિત્વમાં આવેલા છે. વૈભાષિકોએ બાહ્ય પદાર્થોને પ્રત્યક્ષ માન્યા, સૌત્રાન્તિકોએ અનુમાનગમ્ય માન્યા, વિજ્ઞાનવાદીઓએ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(અથવા યોગાચારોએ) સર્વ પદાર્થો વિજ્ઞાનરૂપ જ છે એમ માન્યું અને માધ્યમિકોએ સર્વ શૂન્ય છે એમ કહ્યું.

## બૌદ્ધધર્મનો ઇતિહાસ

આજથી લગભગ ચોવીસસો વર્ષ પહેલાં બૌદ્ધધર્મનો હિન્દુસ્તાનમાં ઉદય થયો. અશોક, કનિષ્ક, બીજો ચન્દ્રગુપ્ત અને હર્ષ જેવા ધર્મનિષ્ઠ અને ઉદાર રાજાઓના આશ્રયથી આ લાંબા સમયના ઇતિહાસમાં કેટલોક સમય પણ ઘણો જ સારો ગયો. પણ ધર્મને સ્થપાયે લગભગ એક હજાર વર્ષ થયાં તે વખતે હિન્દુસ્તાનના બૌદ્ધ લોકો મૂળ સિદ્ધાન્તોથી ભ્રષ્ટ થયા અને નાની વાતોમાં લઢી પડવા લાગ્યા. હ્યુએનત્સંગ નામના ચીન દેશના બૌદ્ધ યાત્રાળુએ ઇ. સ. ૬૨૯ થી ૬૪૫ સુધી હિન્દુસ્તાનમાં ઘણી મુસાફરી કરીને પોતાના ધર્મની ભૂમિ વિષે ઘણી અગત્યની હકીકતો આપી છે. આ ચીની યાત્રાળુ કહે છે કે મહાયાન અને હીનયાન એક-બીજાથી ભિન્ન રહેતા, અને ઝભ્ભાઓના માપ અને આકૃતિઓની બાબતમાં ધર્મની અરાઢ મુખ્ય શાખાઓ એકબીજા સાથે લઢી પડતી હતી.

આ પ્રમાણે બૌદ્ધધર્મની પડતી થવા લાગી અને મુસલમાનોના ધર્મની સત્તા આગળ આખરે તે ધર્મ જલદી તિરોહિત પણ થઈ ગયો. ઇસ્લામ ધર્મનો ઈશ્વર સર્વ શક્તિમાન છે, તેના સ્થાપકમાં ઈશ્વરની શક્તિ છે, અને તેમાં મૂર્તિપૂજાનું સખત ખંડન કરીને એકેશ્વરવાદની સ્થાપના કરવામાં આવી છે. આ બધાં કારણોથી બૌદ્ધધર્મને ઘણો ધક્કો લાગ્યો છે નવા વસતીપત્રકના આધારે તો જે દેશમાં બૌદ્ધધર્મ સ્થપાયો તે જ દેશમાંથી તે વસ્તુતઃ લુપ્ત થઇ ગયો છે એમ આપણે કહી શકીએ. આજે ભારતમાં લગભગ ૨૬૦,૦૦૦ બૌદ્ધો છે.

ઈ. સ. પૂર્વે ૨૫૦ ની લગભગમાં સમ્રાટ અશોકના પુત્રે સિલોનમાં બૌદ્ધધર્મનો પ્રચાર કરવાનું કામ આરંભ્યું. પ્રચારકાર્યનો આ પ્રથમ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જ પ્રયાસ હતો. સિલોનમાં પ્રાચીન બૌદ્ધપ્રચારકોની જે અસર થઇ તે સિલોનના ઇતિહાસમાં વર્ણવવામાં આવી છે.

સિલોન, તિબેટ, બર્મા અને સિઆમ જેવા આજુબાજુના દેશોમાં બૌદ્ધધર્મ એકલા સર્વચેતનવાદના સમાગમમાં આવ્યો, અને તે આજે પ્રચીન અને અવ્યવસ્થિત સર્વચેતનવાદના સમ્પ્રદાયની સાથે સાથે શાન્તિથી ચાલુ રહ્યો છે.

હિન્દુસ્તાનથી—બૌદ્ધધર્મની જન્મભૂમિથી—દૂર આવેલા ચીન અને જાપાન જેવા દેશોમાં બૌદ્ધધર્મના અસંખ્ય અને ઉત્સાહી અનુયાયીઓ થયા છે. અને આ જ દેશોમાં બૌદ્ધધર્મના મૂળ સિદ્ધાન્તોમાં ફેરફાર થઇ નવા સિદ્ધાન્તો અસ્તિત્વમાં આવ્યા છે. આ જ દેશોમાં કૉન્ફ્યૂશ્યસનો ધર્મ, તાઓ ધર્મ અને શિન્તો ધર્મ જેવા પ્રજાના ધર્મોની સાથે સાથે આજે પણ બૌદ્ધધર્મ ચાલે છે. ચીનમાં દયાની મૂર્તિ, કવાન–ઇન નામની દેવી, બૌદ્ધ લોકોમાં સૌથી વધારે લોકપ્રિય છે. જાપાનમાં આજે બૌદ્ધો ખ્રિસ્તી લોકોની સફળ થએલી કેટલીક પદ્ધતિઓ સ્વીકારી રહ્યા છે: દાખલા તરીકે બધા સાથે મળીને પૂજા કરે અને ગાય, બાળકોને માટે રવિવારે નિશાળ ચાલુ રાખવી, યુવાન બૌદ્ધાનો સંઘ સ્થાપવો, સ્ત્રીસમાજ સ્થાપવો, જનસમાજની સેવા કરવી અને સંસારી માણસોને કેળવણી આપવાને શાળાઓ સ્થાપવી. ચીન અને જાપાન એ બન્નેય દેશોમાં બૌદ્ધધર્મે પોતાની જૂની નિવૃત્તિપરાયણતા જો કે સાચવી રાખી છે, છતાં પણ તેમાં મૂળ સિદ્ધાન્તોની સાથે સંગત ન થાય એવા પ્રકારો પણ કાળક્રમે અસ્તિત્વમાં આવ્યા છે: દાખલા તરીકે સામાજિક અને રસમય બાબતોમાં વધારે સક્રિય ભાગ લેવો, બુદ્ધમાં પૂરેપૂરો વિશ્વાસ રાખવાથી મોક્ષ મળી શકે, સ્વર્ગ અને નરકની મનોહર ભાવના અને અનેક દેવોની કલ્પના.

બૌદ્ધધર્મની વિચારસરણી ઘણે ખરે અંશે ઉપનિષદની વિચારધારામાંથી જ ઉભી થઇ છે એમ સ્વતંત્ર વિચારકને લાગ્યા વિના નહિ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રહે. જગતના પદાર્થોની અનિત્યતા, વાસનાત્યાગ, વિરક્તિ, સંન્યાસ, તપશ્ચર્યા ઇત્યાદિ ભાવનાઓ ઉપનિષદોમાં પણ જોવામાં આવે છે. વાસ્તવિક રીતે બૌદ્ધધર્મ એ ઉપનિષદોનું એક પ્રકારનું વ્યાખ્યાન જ છે. આ કારણથી ઉપનિષદોનું વ્યાખ્યાન કરનારા ગૌડપાદાચાર્ય અને શંકરાચાર્યના તત્ત્વજ્ઞાનમાં અને બૌદ્ધદર્શનમાં ઘણું સામ્ય જોવામાં આવે છે; અને તેથી પ્રતિપક્ષીઓ શંકરાચાર્યને 'પ્રચ્છન્નબૌદ્ધ' તરીકે ઓળખાવે છે. ઐતિહાસિક દૃષ્ટિએ તો બ્રાહ્મણધર્મ, જૈનધર્મ અને બૌદ્ધધર્મ એ પ્રાચીન આર્યસંસ્કૃતિની જ શાખાઓ છે. આજે ભારતમાં આ ત્રિવેણીસંગમમાં અનેક આત્માઓ આનન્દ કરે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ પાંચમું

## શીખધર્મ

### એક સત્ય ઈશ્વરના શિષ્યોનો ધર્મ

### જગતના વિદ્યમાન ધર્મોમાં સ્થાન

કાળાનુક્રમ પ્રમાણે શીખધર્મ જગતના અગીઆર વિદ્યમાન ધર્મોમાં સૌથી છેલ્લો આવે છે. આજે ભારતમાં તેના લગભગ ૬૨ લાખ અનુયાયીઓ છે, અને આ સંખ્યા પ્રમાણે અગીઆર ધર્મોમાં તેનું સ્થાન નવમું આવે છે. ફક્ત જૈનધર્મ અને ઝોરોસ્ટ્રિઅન ધર્મના અનુયાયીઓની સંખ્યા નાની છે.

પૃથ્વીમાં થએલા પ્રચારની દૃષ્ટિએ જોતાં શીખધર્મ એકલા હિન્દુસ્તાનમાં જ જોવામાં આવે છે, અને તેમાં પણ એકલા પંજાબમાં. છતાં પણ તે ધર્મને સ્થપાયે બસો વર્ષ થયાં નથી એટલામાં તો તે ઉત્તર હિન્દુસ્તાનમાં અને દક્ષિણમાં છેક સિલોન સુધી પ્રચલિત થયો છે. હિન્દુસ્તાનના વિભાગોના ઘણાખરા ગવર્નરોના અંગરક્ષકો શીખ પહેલવાનો હોય છે. પેનંગ, સિંગાપોર, હોંગકોંગ, શાંઘાઈ અને બ્રિટિશ રાજ્યના પૂર્વમાં આગ્નેય આવેલાં સ્થળોમાં રસ્તા ઉપર બંદોબસ્ત રાખવાને માટે પણ શીખ લોકોનો જ સીપાઈ તરીકે ઉપયોગ કરવામાં આવ્યો છે. આમ છતાં પણ જગતના શીખોના ૯૫ ટકા શીખો તો હિન્દુસ્તાનના વાયવ્ય કોણમાં, જ્યાં તેમનો પોતાનો શીખધર્મ ઉત્પન્ન થયો હતો ત્યાં, એકઠા જોવામાં આવે છે.

રાજકીય દૃષ્ટિએ વિચારીએ તો જગતના ઇતિહાસમાં યાહુદીધર્મ બાદ કરતાં એકલો શીખધર્મ જ એવો છે કે જેમાંથી પ્રજાની અને રાષ્ટ્રની ભાવના ઉત્પન્ન થઇ છે. ઇતિહાસમાં શીખધર્મની મહત્તા ધાર્મિક

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પ્રવૃત્તિ કરતાં રાજકીય પ્રવૃત્તિ તરીકે વધારે છે. જેમ યાહુદીધર્મમાં થયું તેમ શીખધર્મમાં રાજકીય સ્વતંત્રતા નષ્ટ થઇ, જ્યારે ધાર્મિક દૃષ્ટિએ અને બીજી બધી રીતે શીખો અત્યાર સુધી પોતાની શક્તિ અને વિલક્ષણતા જાળવી શકયા છે.

શિલ્પશાસ્ત્રની દૃષ્ટિએ શીખ લોકોનું અમૃતસરના અમૃત સરોવરમાં આવેલું સોનાનું મુખ્ય મંદિર ઘણું આકર્ષક છે. ધાર્મિક દૃષ્ટિએ શીખધર્મમાં કાંઇ પણ ખાસ વિલક્ષણ નથી. હિન્દુસ્તાનના બે જબરા વિરોધી ધર્મોની વચ્ચે એકતા સાધવાના બુદ્ધિપૂર્વક પ્રયત્ન તરીકે જ શીખધર્મની ઉત્પત્તિ થઇ છે. એક તરફ ઇસ્લામ ધર્મમાં મૂર્તિપૂજાનું સખત ખંડન અને એકેશ્વરવાદની સ્થાપના, અને બીજી તરફ હિન્દુધર્મના અસ્પષ્ટ અને ગૂઢ બ્રહ્મવાદનો સિદ્ધાન્ત અને મૂર્તિપૂજાનું પ્રાધાન્ય. વિદ્યમાન ધર્મોમાં જે સૌથી છેલ્લો ધર્મ શીખધર્મ થયો તેમાં ઇસ્લામ અને હિન્દુધર્મનાં વિરોધી તત્ત્વોને એકઠાં કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. શીખધર્મના સ્થાપક એક મહાન શાન્ત સુધારક હતા અને તે યુરોપના લ્યુથર નામના સુપ્રસિદ્ધ ધર્મસુધારકના સમકાલીન હતા.

આ મહાપુરુષને ગૂઢ અનુભવો થયા હતા અને તેમનો પોતાનો પ્રભાવ પણ ઘણો અદ્‌ભુત હતો. તેને જ પરિણામે તે બે વિરોધી ધર્મોના સિદ્ધાન્તોનો સમન્વય કરી શકયા હતા.

**ધર્મસ્થાપક નાનકનું જીવન (૧૪૬૯–૧૫૩૮ ઇ. સ.)**

નાનકના જીવન વિષેની હકીકત મુખ્યત્વે જનમસાખી નામના લોકસાહિત્યમાં જોવામાં આવે છે, અને અહીં તેના આધારે નિરૂપણ કરવામાં આવ્યું છે.

રાવી નદી ઉપર આવેલા, પંજાબના મુખ્ય શહેર લાહોર, જેને ગ્રીક ઇતિહાસ લેખકો હિડારપેસ કહે છે, તેના નૈઋર્ત્ય કોણમાં ત્રીસ માઇલ ઉપર આવેલા સ્થળમાં નાનકનો જન્મ થયો હતો. આ ગામ



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નાનું હતું અને તેનું નામ તલવંદી હતું, પણ આ પરાક્રમી પુત્રના માનમાં તે ગામનું નામ નનકાન—નાનકનું ગામ—પાડવામાં આવ્યું. નાનકનાં માબાપ ગામમાં સાધારણ સ્થિતિનાં હતાં. તેમના પિતા હિન્દુ ક્ષત્રિય હતા અને ગામના મુસલમાન ઠાકોરને ત્યાં નોકરી કરતા હતા. તેમનાં માતા ઘણાં પવિત્ર અને ભક્તિભાવવાળાં હતાં. નાનકમાં બાળપણથી જ ઘણી બુદ્ધિ હતી. જ્યારે તે સાત વર્ષના થયા ત્યારે તેમને નિશાળે બેસાડવામાં આવ્યા. તે વખતે તેમણે પોતાના હિન્દુ શિક્ષકને કહ્યું કે હિન્દુઓના વેદોનો અભ્યાસ કરીને ઈશ્વરનું સત્ય નામ સમજવા કરતાં તેમની ( = ઈશ્વરની ) કૃપાથી જ સત્ય નામ સમજવું વધારે સારૂં છે. એક જનમસાખીમાં કહેવામાં આવ્યું છે તે પ્રમાણે નવ વર્ષની ઉમ્મરે નાનકે ફારસી ભાષા, જેમાં શીખધર્મના કેટલાક ગ્રન્થો લખવામાં આવ્યા છે, તેનો અભ્યાસ શરૂ કર્યો. નાનકના એક જીવનચરિત પ્રમાણે તો ગ્રન્થસાહેબમાં જે એક મહત્ત્વનો ભાગ છે તેનો નાનકે નવ વર્ષની ઉમ્મરે ઉપદેશ કર્યો હતો. ગમે તે હો, પણ એટલું તો ખરૂં જ કે શીખ લોકો સામાન્ય રીતે એવું માને છે કે જ્યારે નાનકનો હિન્દુધર્મ પ્રમાણે યજ્ઞોપવીત સંસ્કાર કરવામાં આવ્યો ત્યારે આ ધર્મની ભાવના રાખનાર બાળકે સંસ્કાર કરનારા બ્રાહ્મણ પુરોહિતોને ઉપનયનના સ્થૂળ સંસ્કારનું ગૂઢ આધ્યાત્મિક રહસ્ય સમજાવ્યું હતું.

નાનકને સાધારણ ધંધાઓ ગમતા ન હતા; તેમને શાન્ત સમાધિનું અને ધાર્મિક ભાવનાવાળું જીવન ગમતું હતું અને આપત્તિના સમયે તેમને દૈવી શક્તિની મદદ મળતી હતી—આ અને આવા બીજા અનેક પ્રસંગોનું વર્ણન તેમનાં જીવનચરિત્રોમાં કરવામાં આવ્યું છે. નાનકને શરીરની મહેનત કરવી ગમતી ન હતી, તેમ જ વેપાર કરવો પણ તેમને ગમતો ન હતો. તેથી તેમનાં સગાં અને મિત્રો તેમના વિષે ઘણાં નિરાશ થતાં અને તે બધાં માનવા લાગ્યાં કે નાનક તદ્દન નકામો છે અને તેણે આખા કુટુંબને કલંકિત કર્યું છે. નાનકના બનેવી બીજા એક શહેરમાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સરકારી મોટા હોદ્દા ઉપર હતા. તેમની જ સાથે રહીને કામ કરવાનો બીજો સરકારી મોટો હોદ્દો નાનકને માટે ખોળી કાઢવામાં આવ્યો, પણ નાનકને કોઇ જાતનો સંતોષ થયો નહિ અને તે વિચારો કરવામાં જ વખત ગાળવા લાગ્યા.

તે ખાતા નહિ, તેમ પીતા નહિ; અને પરમેશ્વરનો સમાગમ નહિ થવાથી તે માંદા રહેતા. તેથી તે જંગલમાં ગયા અને ઝાડ તળે બેસી સમાધિ કરવા લાગ્યા. તેમના પિતાએ તેમને વાપરવા જે પૈસા આપ્યા હતા તે તેમણે બીજા સાધુસંતોને આપી દીધા. પિતાએ તેમને શિક્ષા કરી, પણ નાનકને કોઇ પણ જાતનો પશ્ચાત્તાપ થયો નહિ. તે વચ્ચે અટકતા અને ઘણીવાર કહેતા કે ' હે પ્રભુ! હું તારો છું '.

એક દિવસ સ્નાન કર્યા પછી નાનક જંગલમાં તિરોહિત થઇ ગયા અને તેમને ઈશ્વરનો સાક્ષાત્કાર થયો. તેમને અમૃતનો પ્યાલો આપવામાં આવ્યો અને તેમણે તે આભાર સહિત સ્વીકાર્યો. ઈશ્વરે તેમને કહ્યું કે "હું તારી સાથે જ છું, મેં તને સુખી બનાવ્યો છે અને જે લોકો તારૂં નામ જપશે તેમને પણ હું સુખ આપીશ : તું જા અને મારા નામનો જપ કર અને બીજાઓને તે પ્રમાણે કરવાનું કહે : જગતનો કોઈ પણ જાતનો પવન તને ન લાગે તે પ્રમાણે તું રહેજે : તું મારા નામનો જપ કરજે, દાન કરજે, સ્નાન, પૂજા અને ધ્યાન કરજે : મારૂં નામ ઈશ્વર છે, પરબ્રહ્મ : અને તું દૈવીગુરુ છે." ત્રણ દિવસ પછી ગુરુ જંગલમાંથી ઘેર પાછા આવ્યા અને પોતાની પાસે જે કાંઇ હતું તે બધું ગરીબોને આપી દીધું. આ વખતે બીજા બધા લોકો એવું માનતા હતા કે નાનકને કંઇ ભૂત વળગ્યું છે અને તે દૂર કરવાને માટે એક મુસલમાન સાધુ-મુલ્લાં-ને બોલાવવામાં આવ્યા.

પોતાના સમયમાં સમાજ અને ધર્મોમાં જે અવસ્થા હતી તેનો બધો ખ્યાલ નાનકે ગ્રન્થમાં આપ્યો છે. તે કહે છે કે "આ કલિયુગ ઘાતકી છે ન્યાય જગતમાંથી જતો રહ્યો છે. અસત્યની આ અમાવાસ્યાની રાત્રિએ સત્યનો ચન્દ્ર કોઈ વખતે ઉગશે નહિ."

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હવે નાનકે એક કટિ સુધીનો સાધુનો સાદો વેશ ધારણ કર્યો. તેમણે એક દિવસ મૌનવ્રત ધારણ કર્યું અને બીજે દિવસે રહસ્યથી ભરેલી પ્રતિજ્ઞા કરી કે કોઈ હિન્દુ નથી તેમ કોઇ મુસલમાન નથી !

આ પ્રમાણે જ્યારે નાનકે બધી પ્રચલિત ધાર્મિક ભાવનાઓનું ખંડન કરવા માંડયું ત્યારે લોકોમાં ઘણો ગભરાટ થવા લાગ્યો, પણ આખરે એમ માનવામાં આવ્યું કે નાનકનો ધર્મ વધારે ઉચ્ચ કોટિનો અને વ્યાપક છે. પછી કાઝી આવ્યા અને તેમને પગે પડીને કહ્યું કે અદ્દ્ભુત વાત, આપના ઉપર પરમાત્માની કૃપા છે ! પછીથી કાઝી તે પ્રમાણે માનવા લાગ્યા. નાનક બોલ્યા :—

> ' જે પોતાના આત્માને પવિત્ર રાખે છે, જે પોતે શુદ્ધ છે, જેનામાં ધૈર્ય છે અને જે પવિત્ર શબ્દો બોલે છે તે મુસલમાન છે. તે જ મુસલમાન સ્વર્ગમાં જશે.'

પછી હિન્દુ અને મુસલમાનો કહેવા લાગ્યા કે ઈશ્વર નાનકની સાથે વાતો કરે છે.

પછી મર્દાન નામના પોતાના એક જૂના નોકરને નાનકે સાથે લીધો. મર્દાન વગાડવાનું અને ગાવાનું કામ કરતો અને નાનક જાહેરમાં બધાંને ઉપદેશ આપતા કે ગરીબ અને તવંગર એ બધાંના જે એક જ સત્ય ઈશ્વર છે તેમના શિષ્ય થઇને બધાંએ રહેવું.

નાનક અને મર્દાનની જોડી અદ્દ્ભુત હતી અને તેમના વેશ ઉપરથી જણાતું કે હિન્દુસ્તાનમાં પ્રચલિત થએલા બે ધર્મોનું તેમનામાં મિશ્રણ હતું. તેઓ બન્ને સાથે ઉપદેશ કરતા અને ગાતા, અને તે પ્રમાણે તેમણે બધે સારો વિજય મેળવ્યો. તેઓ ઉત્તર હિન્દુસ્તાનમાં ખૂબ ફર્યા અને હિન્દુધર્મનાં યાત્રાનાં મુખ્ય સ્થળોએ પણ જઇ આવ્યા : દા. ત. કુરુક્ષેત્ર, હરદ્વાર, પાણીપત, દિલ્હી, વૃન્દાવન, ગોરખમત, કાશી, બ્રહ્મપુત્રા નદી, પુરી ( જગન્નાથનું મંદિર ) અને હિમાલય પર્વત.

આ પ્રમાણે બાર વર્ષ પછી નાનક અને મર્દાન પંજાબમાં પોતાના

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગામમાં આવ્યા; પણ તેમણે ફરીથી ઉપદેશકનું કામ આરંભ્યું. ધર્મનો પ્રચાર કરવાને માટે તેઓ બીજી વાર પરદેશ કરવા નીકળ્યા. આ વખતનું તેમનું પર્યટન ઘણું લાંબુ હતું. તેઓ મદ્રાસ ગયા; ત્યાંથી દક્ષિણ હિન્દુસ્તાનનું એક જૈન મંદિર હતું ત્યાં ગયા અને ત્યાંથી સિલોન ગયા અને ત્યાં નાનકે રાજા અને રાણીને ઉપદેશ કર્યો.

વળી તે હિન્દુસ્તાનના વાયવ્ય કોણમાં દૂર આવેલાં સ્થળોએ પણ જઈ આવ્યા; દા. ત. કાશ્મીરમાં શ્રીનગર, હિમાલયમાં આવેલો સુમેરુ પર્વત અને સરહદ ઉપર આવેલું પેશાવર. આ આગ્રહી ધર્મપુરુષે પોતાના સિદ્ધાન્તોનો પ્રચાર એશિયાના પશ્ચિમ ભાગમાં અને તેમાં પણ મુસલમાનોના પ્રદેશોમાં પણ કર્યો. નાનકે મુસલમાન યાત્રાળુનો વેશ પહેર્યો હતો અને તેથી મક્કાની યાત્રા કરનાર તે પહેલો હિન્દુ હતો. મક્કામાં નાનકે ઈશ્વરની સર્વવ્યાપકતા વિષે એવો સુન્દર ઉપદેશ કર્યો કે મક્કાની મસ્જીદમાં તેની ઘણી અસર થઈ.

નાનકની મહત્ત્વાકાંક્ષાઓ અને યોજનાઓ, તેમની લાંબી મુસાફરીઓ અને તેમણે આપેલો સફળ ઉપદેશ–આ બધાની જે હકીકત મળે છે તે કેટલેક અંશે પૉલ નામના પ્રથમ મહાન ખ્રિસ્તી ધર્મપ્રચારકની હકીકતના જેવી છે.

જ્યારે નાનકને અન્યાયથી કેદ કરવામાં આવ્યા ત્યારે તેમણે જેલના મુસલમાન અધિકારીને ઉપદેશ કર્યો, જેના પરિણામે તે અધિકારીએ નાનકને છૂટા કર્યા. જ્યારે બહારવટીઆઓની ટોળીએ નાનકના ઉપર હૂમલો કર્યો ત્યારે ગુરુએ તેમને ધર્મનું રહસ્ય સમજાવ્યું અને કહ્યું કે જો તમે આ પાપી ધંધો છોડી દેશો અને ખેતી કરવા માંડશો અને તમારી પાસે અત્યારે લૂંટમાંથી જે વસ્તુઓ રહેલી છે તે બધી દાનમાં આપી દેશો તો તમારાં બધાં પાપો નાશ પામશે. તેમણે ગુરુની સલાહ પ્રમાણે વર્તવા માંડ્યું, અને ઈશ્વરનું નામ લઈને પોતાનું જીવન સુધારવાનું શરૂ કર્યું.

નાનક ઘણી નમ્રતાથી ઉપદેશ આપતા હતા જેને પરિણામે એક

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પ્રસિદ્ધ હરામખોર તેમનો શિષ્ય થયો. નાનકે તેને ઉપદેશ આપ્યો કે પરમાત્માની પાસેથી કૃપા બે રીતે મળી શકે છે. એક તો બધાં પાપોનો સ્વીકાર કરવાથી અને બીજું નુકશાની ભરી આપવાથી. તેણે તે પ્રમાણે કર્યું અને ગુરુએ તેને પોતાની બધી વસ્તુઓ ગરીબોને આપી દેવાની આજ્ઞા કરી. જે દેશમાં સ્ત્રીઓ જાદુમંત્રના પ્રયોગોમાં ઘણી હોંશીઆર હતી ત્યાં નાનકે જાદુગર સ્ત્રીઓને અને તેમની રાણીને ઉપદેશ કર્યો. આ ઉપદેશને પરિણામે તેઓ ગુરુને ચરણે પડયાં અને કેવી રીતે અમને મોક્ષ મળે એ વિષે ગુરુને પ્રશ્ન કર્યો. ગુરુએ કહ્યું કે તમે ઈશ્વરનું નામ લો તમારાં ઘરનાં કામો અંતકરણપૂર્વક કરો અને જાદુમંત્રના પ્રયોગો છોડી દો. તેઓ ગુરુ નાનકનાં શિષ્ય બન્યાં અને અંતે તેમણે મોક્ષ મેળવ્યો.

નાનકે હિન્દુ યોગીઓની તપશ્ચર્યા ઉપર ઘણી ટીકા કરી અને પોતાના સ્વતંત્ર વર્તનથી હિન્દુઓની લાગણીઓ દુખાવી. છતાં પણ તેમણે હિન્દુ-ધર્મનું નવું રહસ્ય સમજાવીને ઘણા જાણીતા હિન્દુઓને પોતાના શિષ્ય બનાવ્યા. તે જ પ્રમાણે તેમણે મુસલમાન થવાનું રહસ્ય પણ બરોબર સમજાવ્યું અને કેટલાક મુસલમાનો પણ તેમના શિષ્ય થયા. નાનકના વર્તનથી એક જૈન સાધુ તો ગભરાઈ ગયા હતા.

એક વખતે જંગલમાં નાનકને સેતાન લલચાવતો હતો એમ કહેવામાં આવે છે. કલિયુગે ગુરુને કહ્યું કે જો તમે ધર્મપ્રચારનું કાર્ય છોડી દો તો આખા જગતનું ધન હું તમને આપીશ, તમને સારી સુંદર સ્ત્રીઓ લાવી આપીશ, ચમત્કારના પ્રયોગો કરવાની શક્તિ તમને આપીશ અને પશ્ચિમના મહા સમ્રાટ બનાવીશ. ગુરુએ કહ્યું કે મેં બધી જાતના વૈભવનો ત્યાગ કર્યો છે. પછી કલિયુગ ગુરુને ચરણે પડયો અને તેમની રજા લઈ ચાલ્યો ગયો.

પરમાત્મા એક જ છે, તે સનાતન અને સર્વશક્તિમાન છે એમ અનેકવાર નાનક શ્રદ્ધાપૂર્વક કહેતા હતા.

જ્યારે ગુરુને ખબર પડી કે મારો અંત હવે આવ્યો છે ત્યારે અંગદને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પોતાની પછી ગુરુ તરીકે નીમ્યો. ગુરુના પુત્રો ગુરુની આજ્ઞા પાળતા ન હતા, તેમનાં અંતઃકરણ શુદ્ધ ન હતાં અને પિતાની સામે થઇને તેમણે તેમનો ત્યાગ કર્યો. પછી લોકોને ખબર પડી કે ગુરુ મરણપથારીએ પડ્યા છે.

ગુરુ નાનક બહાર જઈ એક સૂકાઈ ગએલા બાવળના ઝાડ તળે બેઠા, અને તરત જ તે ઝાડ લીલું થઇ ગયું અને તેના ઉપર પાંદડાં અને ફૂલો જણાયાં.

જે મુસલમાનોએ ગુરુ પાસેથી ઇશ્વરનો મંત્ર લીધો હતો તેમણે કહ્યું કે ગુરુના મરણ પછી તેમના શરીરને અમે દાટીશું. હિન્દુ શિષ્યોએ કહ્યું અમે તેને બાળીશું. જ્યારે આ ચર્ચાસ્પદ વિષય ઉપર નિર્ણય આપવાની ગુરુને વિનંતી કરવામાં આવી ત્યારે ગુરુએ કહ્યું કે હિન્દુઓએ મારી જમણી બાજુએ ફૂલ મૂકવાં અને મુસલમાનોએ ડાબી બાજુએ મૂકવાં. જેમનાં ફૂલ બીજે દિવસે સવારમાં તાજાં રહે તેમણે પોતાની રીત પ્રમાણે મારા દેહની વ્યવસ્થા કરવી પછી ગુરુ નાનકે લોકોને ઇશ્વરની પ્રાર્થના કરવાની વિનંતિ કરી અને કહ્યું કે એ મારા ભાઇઓ ! મારે માટે તમે પ્રાર્થના કરો કે જેથી હું પ્રભુને મળી શકું. ગુરુએ પોતાના શરીરે ચાદર ઓઢી, ઈશ્વરને પ્રણામ કર્યા અને પોતાની પછી ગુરુ થનાર અંગદમાં પોતાનું તેજ મેળવી દીધું. બીજે દિવસે સવારમાં જ્યારે ચાદર કાઢી લેવામાં આવી ત્યારે તેની તળે કાંઇ પણ જોવામાં આવ્યું નહિ. બન્નેય બાજુનાં ફૂલો તાજાં હતાં. જે સ્થળે–પંજાબના કરતેપુરમાં–ગુરુ સૂતા હતા તે સ્થળને બધા શીખો ઘણા આદરથી નમસ્કાર કરવા લાગ્યા. રાવી નદીને કાંઠે હિન્દુઓએ ગુરુના માનમાં એક મંદિર બાંધ્યું અને મુસલાનોએ એક કબર ચણી. પણ નદીએ તે બન્નેનો કેટલાક વખત પછી નાશ કરી નાખ્યો.

ધર્મના ગ્રન્થોમાં નાનકના પોતાના જ શબ્દો વાપરવામાં આવ્યા છે. આ ગ્રન્થોમાં નાનક પોતાના અપરાધોનો મુક્તકંઠે સ્વીકાર કરે છે અને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઈશ્વરને દયા અને ક્ષમા માટે પ્રાર્થના કરે છે. પોતાના જીવનના ઉત્તરાર્ધમાં પણ નાનકે પોતાની જન્મભૂમિમાં ધર્મની કફોડી સ્થિતિ જોઇને શોક કર્યો હતો, અને તે વખતે પોતાની ગુંચવણને માટે અને મોક્ષ મેળવવાની તીવ્ર ઇચ્છા હોવા છતાં પણ પૂર્ણ અંધકારને લીધે તેમને ઘણો ખેદ થયો હતો.

પ્રથમનાં છત્રીસ વર્ષો સુધી ધાર્મિક સત્યની શોધ કરવામાં પણ નાનક નિરુપયોગી, માંદા અને કમનસીબ હતા એમ વર્ણન કરવામાં આવ્યું છે.

## જીવનચરિત્રોમાં વર્ણવવામાં આવેલાં નાનકનાં અદ્ભુત કાર્યો.

સૂકાઇ ગએલા અંજીરના અને બાવળના ઝાડને નાનકે લીલાં બનાવી દીધાં. તેમણે એક મરેલા હાથીને અને મરી જતા માણસને જીવતા કર્યા. તેમણે એક કોઢીઆનો રોગ મટાડયો અને તેને નવું જીવન આપ્યું. સૂકી જમીનમાંથી તેમણે જળ કાઢી આપ્યું. તેમણે ઘણા ચમત્કારો કર્યા અને તેને પ્રતાપે નવા શિષ્યો પણ બનાવ્યા.

નાનકને અનેકવાર ગુરુ-ધર્મના આચાર્ય-કહેવામાં આવતા. કેટલીક વાર તેમને આદરભાવથી 'નાનકશાહ' કહેવામાં આવતા અને પ્રેમભાવથી બાબા-પિતા-પણ કહેવામાં આવતા. તેમના જીવનના ઉત્તરાર્ધમાં તેમને લોકો સંત અને દૈવી ઉદ્ધારક તરીકે પણ પૂજતા હતા.

ધર્માચાર્યને ગુરુ તરીકે માનતાં માનતાં દેવ તરીકે માનવાની વૃત્તિ પૂર્વના દેશોમાં વધારે આકર્ષક અને પ્રચલિત થઇ છે. નાનકના મરણ પછી અને ગુરુદાસની વારોની-સ્તુતિઓની-સમાપ્તિ થઇ ત્યાં સુધીના સાઠ વર્ષના નાના ગાળામાં નાનકના શિષ્યો માનવા લાગ્યા કે અમારા ગુરુ એકલા ચમત્કાર જ કરનારા છે એમ નહિ પણ તે સાક્ષાત્ ઈશ્વર છે. ગુરુ નાનક ઈશ્વર છે, પર બ્રહ્મ છે. ઘણા ખરા શીખો પોતાના પવિત્ર ગુરુને ઈશ્વર તરીકે માનતા હતા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હાલના કેળવાએલા શીખો શીખધર્મના સિદ્ધાન્તોની ભાંજગડમાં ન પડતાં પોતાના ગુરુ નાનકની ઉતમોત્તમ પૂજા કરે છે.

## શીખધર્મનાં શાસ્ત્રો

ગ્રન્થ એ સંસ્કૃત ભાષાનો શબ્દ છે અને તેનો સામાન્ય અર્થ પુસ્તક થાય છે. પણ શીખધર્મમાં તે શબ્દ પારિભાષિક છે અને તેનો મુખ્ય અર્થ ' શીખધર્મનું પુસ્તક ' એ પ્રમાણે થાય છે. ગ્રન્થમાં ઘણાં કાવ્યોનો સંગ્રહ કરવામાં આવેલો છે. તેમાંનાં કેટલાંક કાવ્યો ઘણાં ટૂંકાં છે. કાવ્યોની એકંદર સંખ્યા આશરે ૨૯,૪૮૦ છે. કેટલીકવાર આ કાવ્યોનો ક્રમ લેખકોના ક્રમ પ્રમાણે, તો કેટલીક વાર જે જુદા જુદા એકત્રીસ છંદો વાપરવામાં આવ્યા છે તેના આધારે રાખવામાં આવ્યો છે. યાહુદીઓના પ્રાર્થના અને બોધ આપનારા સાહિત્યના જેવો જ આ ' ગ્રન્થ ' છે. તેમાં ઈશ્વરની પ્રાર્થના, તેનું ધ્યાન અને જીવન વિષેના બોધનો પરચુરણ સંગ્રહ કરવામાં આવ્યો છે. નાનક અને ત્યારપછીથી થએલા કેટલાક ગુરુઓ જે ઉપદેશ આપી ગએલા તેના આધારે જ ઇ. સ. ૧૬૦૪ માં પાંચમા ગુરુએ આદિગ્રન્થ રચ્યો. ત્યાર પછી તેમાં નવમા અને દસમા ગુરુઓએ કેટલાંક ટૂંકાં કાવ્યો ઉમેર્યાં. લાહોરના સરકારી છાપખાનામાં છપાએલા પુસ્તકમાં ૧,૫૭૦ પૃષ્ઠો અને લગભગ દસ લાખ શબ્દો છે. સો વર્ષ પછી દસમા ગુરુએ જે કાવ્યોનો સંગ્રહ કરેલો–જેનું નામ દશમ ગ્રન્થ છે–તેને પણ ધર્માગ્રહી શીખો પ્રમાણ તરીકે સ્વીકારે છે. આદિગ્રંથમાં સાડત્રીસ લેખકોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ લેખકોમાં શીખોના દસ ગુરુઓમાંના સાત ગુરુઓ ઉપરાંત કેટલાક શીખ કવિઓ અને હિન્દુ મુસલમાન ભક્તો પણ જોવામાં આવે છે. ભક્ત વર્ગમાં કબીર અને રામાનન્દ સુપ્રસિદ્ધ છે. તેમણે કેટલીક સુધારાની પ્રવૃત્તિ કરી અને તે હિન્દુધર્મની શાખાઓ ગણાવા લાગી. ગ્રન્થની અંદર છ ભાષાઓ વાપરવામાં આવી છે: પંજાબી, મુલતાની, ફારસી,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પ્રાકૃત, હિન્દી અને મરાઠી. આ ઉપરાંત બીજી અનેક પ્રાકૃત ભાષાઓનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ પ્રમાણે જગતના કોઈ પણ ધર્મનાં શાસ્ત્રોમાં જેટલી ભાષાઓ વાપરવામાં આવી છે તેના કરતાં વધારે ભાષાઓ શીખધર્મનાં શાસ્ત્રોમાં જોવામાં આવે છે.

શીખો ગ્રન્થને સ્વતઃપ્રમાણ તરીકે સ્વીકારે છે, છતાં પણ તેમણે તે ગ્રન્થની વાસ્તવિક રીતે ઉપેક્ષા જ કરી છે. ઓછામાં ઓછા ૯૦ ટકા શીખો તો પોતાનાં શાસ્ત્રોમાં શું લખ્યું છે તે જ જાણતા નથી. તેમ છતાં પણ ગ્રન્થ તરફ તેમનો એક મૂર્તિના જેવો જ આદરભાવ છે. આ પુસ્તકનું વધારે પ્રચલિત નામ ગ્રન્થસાહેબ છે. મંદિરની એક બાજુએ મંદિરમાં કામ કરતા ધર્મગુરુઓ વારાફરતી રોજ ગ્રન્થસાહેબનો પાઠ કરે છે અને બીજા બધા ઉપદેશોની સાથે નીચેનો ઉપદેશ ઊંચે સ્વરે ગાય છે :—

> " જે જન્મે છે અને મરણ પામે છે તેની શા માટે પૂજા કરે છે? જળ અને સ્થળમાં બધે વ્યાપી રહેલા એક જ પ્રભુનું તું સ્મરણ કર ".

## શીખધર્મનું પરમ તત્ત્વ

નાનકનો મુખ્ય ઉપદેશ ભક્તિયુક્ત અદ્વૈતવાદનો હતો અને તેમના અનુયાયીઓએ પણ ત્યારથી તે સિદ્ધાન્ત સ્વીકારેલો છે. જ્યારે નાનકને ઈશ્વરની આજ્ઞા થઈ ત્યારે તેમણે પ્રથમ ઉપદેશ કર્યો. આ વચનો શીખલોકોનાં શાસ્ત્રોમાં શરૂઆતનાં બે વાક્યોમાં જોવામાં આવે છે અને નિયમ પ્રમાણે દરેક શીખ દરરોજ પહેલાં તેનો પાઠ કરે છે :—

> " પરમાત્મા એક જ છે. તે સત્ય છે; જગત્કર્તા છે; ભય અને દ્વેષથી રહિત છે; અમર, અજન્મા અને સ્વયંભૂ છે; મહાન અને ઉદાર છે. આરંભમાં આ એક સત્ય પરમ તત્ત્વ હતું. આ જ સત્ય તત્ત્વ છે, હતું અને ભવિષ્યમાં પણ રહેશે જ."

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જગતના બીજા કોઇ પણ ધર્મનાં શાસ્ત્રોમાં ઈશ્વર સંબંધી જેટલાં ભક્તિપ્રધાન કાવ્યો હશે તેના કરતાં ઘણાં વધારે ભક્તિપ્રધાન કાવ્યો ગ્રન્થસાહેબમાં જોવામાં આવે છે. પરમતત્ત્વ એક જ છે એ સિદ્ધાન્ત ગ્રન્થસાહેબમાં વારંવાર કહેવામાં આવ્યો છે. વળી કુરાન અને ઉપનિષદોમાં પણ આ જ સિદ્ધાન્તનો ઉપદેશ કરેલો છે. ઈશ્વરની સત્તા સ્વતંત્ર અને ગૂઢ છે. નાનકે આ સિદ્ધાન્ત કુરાનમાંથી અથવા તો હિન્દુ-ધર્મનાં કેટલાંક શાસ્ત્રોમાંથી લગભગ શબ્દે શબ્દ લીધો હોય એમ લાગે છે.

પરમાત્મા જો કે એક જ છે, છતાં પણ તેમનાં અનેક રૂપો હોવાથી તેમને માટે અનેક નામોનો ઉપયોગ કરવામાં આવે છે. આ બાબતમાં ઇસ્લામ અને હિન્દુધર્મનો સમન્વય કરવાનો નાનકનો પ્રયત્ન હોય એમ જણાય છે. પરમ તત્ત્વને માટે ગ્રન્થસાહેબમાં અલ્લાહ અને ખુદા જેવાં ઇસ્લામ ધર્મનાં નામો વાપરવામાં આવ્યાં છે અને સાથે સાથે બ્રહ્મ, પરમબ્રહ્મ, પરમેશ્વર, હરિ, રામ અને ગોવિન્દ જેવાં હિન્દુધર્મનાં નામો પણ એક સરખી રીતે જ વાપરવામાં આવ્યાં છે. નાનક કહે છે :

"હે પ્રભુ ! તું એક જ છે. પણ તારાં રૂપો અનેક છે."

નાનક ઈશ્વરને માટે ગુરુ એવો બીજો સરળ અને મુખ્ય શબ્દ વાપરે છે. આ પ્રમાણે પરમ તત્ત્વને શીખધર્મમાં ગુરુ તરીકે માનવામાં આવે છે અને જગતના બધા ધર્મોમાં આ ભાવના અદ્વિતીય છે. અને ધર્મને માટે જે 'શીખ' નામ વાપરવામાં આવે છે તે પણ એમ બતાવે છે કે આ ધર્મના અનુયાયીઓએ હંમેશાં શિષ્ય તરીકે રહેવાનું છે.

શીખધર્મમાં પરમેશ્વરને માટે મુખ્યત્વે સત્ નામ—સત્ય નામ—એ વાપરવામાં આવે છે. આ જ બે શબ્દો ગ્રન્થ સાહેબની શરૂઆતમાં જ જોવામાં આવે છે. દરેક સ્તુતિના આરંભમાં અને આખા ગ્રન્થમાં અનેક વાર આ શબ્દો વપરાએલા છે. આ શબ્દોના ઉચ્ચારથી આપણું રક્ષણ થાય છે એમ શીખ લોકોની ભાવના છે. જાણે એક સર્વાત્મક પરમ તત્ત્વ હોય એમ આ શબ્દોને પવિત્ર માની પૂજવામાં આવે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## જગત અને જીવની ભાવના, અને મોક્ષનો પ્રકાર

નિત્ય અને સર્વશક્તિમાન પરમાત્માની સરખામણીમાં જગત ક્ષણિક અને નિરર્થક છે. નિત્ય અને સર્વશક્તિમાન પરમાત્માની સરખામણીમાં મનુષ્ય એ નિરાધાર અને પરાધીન પ્રાણી છે.

ઈશ્વરને જાણવો અથવા તેને પ્રાપ્ત કરવો અથવા તો તેનામાં લય પામવું એમાં મોક્ષ રહેલો છે એમ શીખધર્મ કહે છે. ઈશ્વર ગૂઢ અને સર્વોપરિ છે, જગત નિરર્થક છે અને મનુષ્ય નિરાધાર છે એ બધા મુખ્ય સિદ્ધાન્તોને અનુકૂલ જ આ મોક્ષનો પ્રકાર છે. ઈશ્વરની કૃપાથી મોક્ષ મળે છે. આ સિદ્ધાન્ત હિન્દુધર્મનાં ઉપનિષદોમાં પણ જોવામાં આવે છે. જગતના નિયામક એક સર્વશક્તિમાન પદાર્થને શરણે જવાનો આ સિદ્ધાન્ત ઇસ્લામધર્મમાં પણ જોવામાં આવે છે, અને તે ધર્મમાં શરણે જવાથી જ મોક્ષ મળે છે એમ સ્પષ્ટ કહેવામાં આવ્યું છે. આ પ્રમાણે જીવાત્મા પરમાત્મામાં લય પામે છે એવો સિદ્ધાન્ત શીખધર્મમાં જોવામાં આવે છે; અને હિન્દુધર્મનાં ઉપનિષદોમાં જોવામાં આવતા મોક્ષના પ્રકાર જેવો જ આ પ્રકાર છે.

## શીખધર્મમાં પૂજા અને સંઘની ભાવના

ઈશ્વરનું ધ્યાન ધરવું અને ખાસ કરીને 'સત્ નામ' નો જપ કરવો એ શીખધર્મનો મુખ્ય પૂજાપ્રકાર છે. આ ધર્મમાં કોઈપણ પ્રકારનો યજ્ઞ કરવામાં આવતો નથી, તેમ જ મૂર્તિની પૂજા કરવામાં આવતી નથી. આ શીખધર્મની વિલક્ષણતા છે. શીખધર્મનો પૂજાવિધિ ઇસ્લામ અને હિન્દુધર્મના કેટલાક સિદ્ધાન્તોના જેવો જ છે.

મોક્ષ મેળવવાને માટે ગુરુની આવશ્યકતા છે એ શીખધર્મનું બીજું ખાસ લક્ષણ છે. હિન્દુધર્મમાં અનેક માનવ ગુરુઓના તરફ પૂજ્યભાવ રાખવામાં આવ્યો છે. ઇસ્લામમમાં પણ સુપ્રસિદ્ધ મહમદ પેગંબરના પ્રતિ તેવો જ ભાવ રાખવામાં આવ્યો છે. આ પ્રમાણે આ ત્રણે ય ધર્મોમાં ગુરુની મહત્તા એક સરખી રીતે માનવામાં આવી છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શીખધર્મના અનુયાયીઓનું એક મંડળ હોય છે. તેને **ખાલસા સંગત** કહેવામાં આવે છે. આ પણ તે ધર્મનું એક ખાસ લક્ષણ છે. હિન્દુસ્તાનમાં ઐચ્છિક ધોરણે સ્થપાએલી સંઘની આ નવી ભાવના એ ગુરુ નાનકે સ્થાપેલા ધર્મનાં અનેક પરિણામોમાંનું એક મુખ્ય પરિણામ છે. ગુરુ નાનકની પછીનાં ગુરુઓએ, અને તેમાં પણ ખાસ કરીને દસમા ગુરુએ, આ સંઘને ઘણો મજબુત બનાવ્યો છે. દસમા ગુરુએ તો આ સંઘમાં અનેક ધાર્મિક વિધિઓ પણ દાખલ કરી છે. આ ધાર્મિક અને સામાજિક સંઘની સ્થાપના એ શીખધર્મનું સારામાં સારું તત્ત્વ છે એમ વિના સંકોચે આપણે કહી શકીએ.

**શીખધર્મનો ઇતિહાસ**

આ ધર્મના પ્રારંભનો ઇતિહાસ તેના દસ ગુરુઓના ઇતિહાસની સાથે જોડાએલો છે.

(૧) **ગુરુ નાનકનું** મરણ ઇ. સ. ૧૫૩૮માં થયું. મરણ પહેલાં નાનકને જણાયું કે મારા બન્ને છોકરાઓમાંથી એક પણ મારી પરંપરા જાળવી શકે એમ નથી. તેથી તેમણે દોરડું વણવાનો ધંધો કરનાર **લહીન** નામના એક પરમ ભક્ત શિષ્યને પોતાની ગાદીએ બેસાડયો અને તેનું **'અંગદ'** નામ પાડયું.

(૨) **ગુરુ અંગદે** (૧૫૩૮–૧૫૫૨) જુની ગુરુમુખી લિપિમાં અક્ષરોની નવી શાસ્ત્રીય વ્યવસ્થા કરી અને આખા પંજાબ વિભાગની ભાષાની દૃષ્ટિએ, ઘણી મોટી સેવા બજાવી. તેમણે નાનકને પરમાત્માની તુલ્ય માનવાનો નવો મહત્ત્વનો સિદ્ધાન્ત ધર્મમાં દાખલ કર્યો.

(૩) **ગુરુ અમરદાસ** (૧૫૫૨–૧૫૭૪) નરમ હતા, છતાં પણ તેમનામાં ઉત્સાહ સારો હતો. તે બીજા ધર્મમાંથી આ ધર્મમાં આવ્યા હતા. તેમણે શીખોને સંઘશક્તિનો પાઠ ભણાવીને તેમને બળવાન બનાવ્યા છે.

(૪) **ગુરુ રામદાસ** (૧૫૭૪–૧૫૮૧) આ ધર્મના ઉત્સાહી અનુયાયી હતા. તેમણે લાહોરથી અગ્નિકોણમાં ત્રીસ માઇલ દૂર આવેલા એક સરો-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વરમાં હરમંદિર નામનું મંદિર બંધાવ્યું અને તેને શીખોની પૂજાનું મુખ્ય ધામ બનાવ્યું. આં સ્થળને તેમણે **અમૃતસર** નામ આપ્યું અને ત્યારથી તે અત્યાર સુધી તે શીખધર્મનું મુખ્ય સ્થાન થઇ પડયું છે. રામદાસ અમરદાસના જમાઈ હતા. તેમણે પોતાની પછી પોતાના પુત્રને જ શીખોના ધર્મગુરુ તરીકે ગાદીએ બેસાડયો અને આ પ્રમાણે ગાદીએ બેસવાનો વંશપરંપરાનો હક્ક દાખલ કર્યો.

(૫) **ગુરુ અર્જુને** (૧૫૮૧–૧૬૦૬) ગ્રન્થનો સંગ્રહ કર્યો અને તેથી તેમનું નામ શીખધર્મના ઇતિહાસમાં અમર થઇ ગયું. ગ્રન્થસાહેબમાં અર્જુને પોતાની પહેલાં થઇ ગએલા ચાર ગુરુઓની કૃતિઓનો, બીજા સંતોની કૃતિઓનો અને પોતાની પણ કેટલીક કૃતિઓનો સંગ્રહ કરેલો છે. શીખધર્મના વિલક્ષણ વેશનો ત્યાગ કરીને તેમણે ઘણાં કીમતી વસ્ત્રો પહેરવાનાં શરૂ કર્યાં અને બધા શીખો પાસેથી એક પ્રકારનો કર ઉઘરાવવા માંડયો. તેમણે શીખધર્મનો સારો પ્રચાર કર્યો છે અને દિલ્હીના રાજાની સામે લઢતાં તેમણે પોતાનો દેહ છોડયો.

(૬) **ગુરુ હરગોવિન્દે** (૧૬૦૬–૧૬૩૮) શીખધર્મના નેતાના ચિહ્ન તરીકે પહેલ વહેલી તરવાર ધારણ કરી. શીખ લોકોનો કિલ્લો બાંધનાર તે પ્રથમ જ હતા. લઢાઇને માટે તેમણે લશ્કર પણ ઊભું કર્યું અને આ પ્રમાણે જે શીખો શાન્ત અને ધર્મપરાયણ હતા તેમને લશ્કરી સૈનિકો બનાવીને હિન્દુસ્તાનના મુસલમાન મોગલ રાજ્યકર્તાઓ સામે લઢતા કર્યા.

(૭) **ગુરુ હરરાયે** (૧૬૩૮–૧૬૬૦) મોગલ રાજા ઔરંગઝેબની સામેની લઢાઈ ચાલુ રાખી; પણ અંતે તે હાર્યા.

(૮) **ગુરુ હરકિશને** (૧૬૬૦–૧૬૬૪) પણ દિલ્હીના મુસલમાન રાજા ઔરંઝેબની સામે લઢાઇ ચાલુ રાખી.

(૯) **ગુરુ તેગ બહાદુર** (૧૬૬૪–૧૬૭૫) બહાદૂર લઢવૈયા હતા. તેમણે જાતે શીખધર્મનો પ્રચાર ઠેઠ હિન્દુસ્તાનના ઈશાન કોણ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સુધી અને દક્ષિણમાં સિલોન સુધી કર્યો. તે જાતે મુસલમાનધર્મની વિરુદ્ધ ન હતા, પરંતુ તેમણે પોતાના જીવનનો ઘણોખરો ભાગ મુસલમાનોની સામે લઢવામાં અને વિજય મેળવવામાં જ ગાળ્યો હતો. આ નવમા ગુરુની કેટલીક કૃતિઓનો આદિગ્રન્થમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

(૧૦) ગુરુ ગોવિન્દસિંહે (૧૬૭૫–૧૭૦૮) શીખધર્મને લશ્કરી ધાર્મિક મંડળ બનાવવાનો પ્રકાર ચાલુ રાખ્યો. તેમના નેતૃત્વ નીચે પૂર્વ બંગાળની હાલની રાજધાની ઢાકામા શીખ ધર્મનું બળ વધ્યું અને ઢાકા શીખોનું મુખ્ય ધામ થયું. તેમણે સિંઘ–સિંહ–નું ઉપનામ ધારણ કર્યું અને બીજા બધા શીખોને પણ તે પ્રમાણે કરવાનું કહ્યું. આ પ્રમાણે બધા શીખો મળીને સિંહનું શૂરવીર યોદ્ધાઓનું એક નવું ખાલસા મંડળ જ ઉભુ થયુ.

શીખમંડળમાં દાખલ થવાને માટે ગુરુ ગોવિન્દે એક આરંભનો સંસ્કાર દાખલ કર્યો. આ સંસ્કાર પ્રમાણે એક લોઢાના વાસણમાં સુગંધી મિષ્ટ પાણી રાખવામાં આવતું, તેને તીક્ષ્ણ તલવાર વતી હલાવવામાં આવતું અને મંડળમાં દાખલ થનાર પુરુષો તે પાણી પીતા અને પોતાના શરીર ઉપર છાંટતા. આ અમૃતથી શુદ્ધિ આવે છે અને યુદ્ધમાં વિજય મળે છે એમ માનવામાં આવે છે.

ગુરુ ગોવિન્દસિંહે 'દસમા ગુરુનો ગ્રન્થ' એ પ્રમાણે ગ્રન્થ લખ્યો અને તે આદિગ્રન્થના જેવો જ પ્રમાણભૂત છે એમ જણાવ્યું. આ પ્રમાણે ગુરુ ગોવિન્દે શીખધર્મમાં એક મહત્ત્વની નવી રીત દાખલ કરી. તેઓ ઇ. સ. ૧૭૦૮ માં મરણ પામ્યા. આ પ્રમાણે બસો વર્ષમાં દસ ગુરુઓની સાથે શીખધર્મમાં અનેક ફેરફારો થયા. ત્યાર પછી શીખો ગુરુને બદલે ગ્રન્થસાહેબને પરમોત્કૃષ્ટ માનવા લાગ્યા.

જ્યારે શીખ રાજાઓની પડતી થઈ ત્યારે શીખોમાં ઘણા ભાગલાઓ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

થયા અને નાની નાની જાગીરોવાળા માણસો વહીવટ કરવા લાગ્યા. આમ છતાં પણ ઇ. સ. ૧૭૬૫ માં અમૃતસરની અંદર ખાલસા નામના શીખોના પ્રજાકીય મંડળે સીક્કાઓ પાડયા અને તેના ઉપર લખવામાં આવ્યું કે "જગત, તરવાર, અને ફત્તેહનો ડંકો." આથી તેમને લાગ્યું કે પોતાના ધર્મમાં પૂર્ણ શ્રદ્ધા રાખવાથી જગતમાં વિજય મળે છે, પણ જ્યારે બીજા શીખયુદ્ધ પછીથી ઇ. સ. ૧૮૪૯ ના માર્ચ મહિનામાં મહારાજા દુલીપસિંહ નામનો છેલ્લો સ્વતંત્ર શીખ રાજા અંગ્રેજ સરકારને શરણે ગયો અને તેણે પોતાનો કોહીનૂર નામનો જગપ્રસિદ્ધ હીરો વિકટોરીઆ રાણીને આપ્યો ત્યારે શીખધર્મનું લશ્કરી બળ તૂટી ગયું અને રાજકીય સત્તા નષ્ટ થઈ ગઈ. થોડા વખત પછી એટલે કે ઇ. સ. ૧૮૫૮ માં વિકટોરીઆ હિન્દુસ્તાનનાં મહારાણી થયાં અને દુલીપસિંહ ખ્રિસ્તી થઈ ગયો.

આજે પણ શીખો "પંજાબના સિંહો" એ પ્રસિદ્ધ નામનું અભિમાન ધરાવે છે. ઘણા ખરા શીખો પોતાની જન્મભૂમિ–પંજાબ–માં જ રહે છે અને શાન્તિથી ખેતી કરી પોતાનું જીવન ગાળે છે.

### શીખધર્મના પંથો

શીખોમાં બે મુખ્ય પંથો છે. જે નાનકના અનુયાયીઓ છે તે નિવૃત્તિપરાયણ હોય છે અને નાનકના જ ઉપદેશને માને છે. બીજો વર્ગ ઉત્સાહી ખાલસા શીખોનો છે. આ વર્ગના માણસો દસમા ગુરુ ગોવિન્દ-સિંહના સિદ્ધાન્તો સ્વીકારે છે.

શીખધર્મમાં બીજા પણ પાંચ વિભાગો છે : દા. ત. (૧) ઉદાસી, જેમને જગત ઉપર વૈરાગ્ય થએલો છે, (૨) સુથ્રે, શુદ્ધ સાધુઓ, (૩) દિવાને સાધુ, ગાંડા સાધુઓ (૪) નિર્મલે સાધુ, મળ વગરના સાધુઓ, બ્રહ્મચારીઓ અને (૫) અકાલીઓ, જેઓ કાલાતીત નિત્ય પદાર્થની પૂજા કરનારા છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એકંદરે વીસ કરતાં વધારે વિભાગો આ ધર્મમાં છે. પોતાનાં વસ્ત્રોનો રંગ ધોળો, ભૂરો અથવા ભગવો રાખવો એ વિષે કેટલાકનો મતભેદ છે. બીજા કેટલાક પોતાના વસ્ત્રની લંબાઇ વિષે જુદા જુદા અભિપ્રાયો દર્શાવે છે; જ્યારે બીજા કેટલાક માણસો દાઢીની હજામત અને વાળ કપાવવાની પદ્ધતિ વિષે જુદા જુદા મત ધરાવે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ છઠ્ઠું

## કૉન્ફ્યૂશ્યસધર્મ

### સામાજિક શિષ્ટાચારનો ધર્મ

**જગતના વિદ્યમાન ધર્મોમાં સ્થાન**

આજે જગતમાં સ્વરાજ્ય ભોગવતી જૂનામાં જૂની જે પ્રજા છે તેનો મુખ્ય ધર્મ કૉન્ફ્યૂશ્યસ ધર્મ છે. કેટલાક લેખકો એમ કહે છે કે કૉન્ફ્યૂશ્યસના સિદ્ધાન્તો ભાગ્યે જ ધાર્મિક કહી શકાય; ધર્મ કરતાં તેને સદાચારનો ઉપદેશ કરનારૂં શાસ્ત્ર કહેવું વધારે સારું છે, કારણ કે કૉન્ફ્યૂશ્યસે સગુણ ઇશ્વરનો, પ્રાર્થનાની પદ્ધતિનો અને પરમ તત્ત્વની સર્વસાધારણ પૂજાનો નિષેધ કર્યો છે. આમ છતાં પણ તે ધર્મે પરમ તત્ત્વના અસ્તિત્વનો ઉપદેશ કર્યો છે એટલું જ નહિ પણ જગતનો એક દૈવી નિયામક છે એ સિદ્ધાન્તનો પણ ઉપદેશ કર્યો છે. પરમ તત્ત્વની સરકાર તરફથી પૂજા હમ્મેશાં થતી આવી છે. માત્ર ઇ. સ. ૧૯૧૫ માં ચીનમાં નવા સ્થપાએલા પ્રજાસત્તાક રાજ્યે તે જૂની પરંપરાને તોડી નાખી તે ધર્મમાં બીજા અનેક પદાર્થોની પૂજા કરવાનો સિદ્ધાન્ત રહેલો છે. ધર્મ તરીકે કૉન્ફ્યૂશ્યસના સિદ્ધાન્તો ગમે તે પ્રમાણમાં સફળ થયા હોય, તો પણ એટલું તો સાચું કે તે સિદ્ધાન્તોએ ધર્મ તરીકે જ કામ કર્યું છે.

ઘણા લાંબા કાળથી ચીન જે સત્તા અને બળ ભોગવે છે તેની ખરેખરી ચાવી તેના ધર્મોના બળમાં રહેલી છે. જો જીવનનો આદર્શ બીજો હોત તો મનુષ્યની અગાધ શક્તિને પરિણામે એક અત્યુત્તમ લશ્કરી મંડળ ઊભું થઇ ગયું હોત. પણ ચીન દેશના ધર્મમાં લશ્કરી વર્ગને સમાજમાં મોટું સ્થાન આપવામાં આવ્યું નથી. ચીનનો જે આ લાંબો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઇતિહાસ જોવામાં આવે છે તેનું કારણ ચીન દેશ જગતનો સંબંધ તોડી અલગ રહ્યો એ નથી. જુદે જુદે સમયે ચીનની પ્રજાએ બહારની પ્રજાઓથી હાર ખાઇ શરમાવે એવી પરાધીનતા ભોગવી છે. બાહ્ય જગતથી અલગ રહેવાને પરિણામે ચીન દેશમાં ઉન્નતિને બદલે મંદતા આવી છે. વળી ચીનમાં કોઇ પણ પ્રકારના રાજકીય બંધારણે સત્તા ભોગવી નથી કે જેને પરિણામે ચીનની ચિરકાળથી ચાલી આવેલી શક્તિ ઉદ્દભવી હોય. તે દેશમાં ખેતરો, જંગલો અને ખાણો જેવાં કુદરતી સાધનો છે ખરાં; પણ તેમનો યોગ્ય ઉપયોગ કરવામાં આવ્યો નથી. ઈ. સ. ૧૯૦૫ સુધી તો તે દેશમાં એવું ધોરણ હતું કે જે માણસ કૉન્ફ્યૂશ્યસના ગ્રન્થોનું અધ્યયન કરી પરીક્ષામાં પાસ થાય તેને સરકારી ઊંચી નોકરી આપવી. આ પદ્ધતિમાં ગોખણપટ્ટીને ઉત્તેજન મળ્યું અને તેથી જનસમાજને સામાન્ય કેળવણી મળી શકી નહિ. આજે ચીનની રાષ્ટ્રીય અને સામાજીક સ્થિતિ બહુ ફરી ગઇ છે અને પ્રજા પ્રગતિને પંથે ચઢી છે.

વૈદિક ધર્મે અને મોઝેઝે જે પ્રકારે સિદ્ધાન્ત દર્શાવ્યો છે તે જ પ્રકારે કૉન્ફ્યૂશ્યસે ચીનને પાઠ ભણાવ્યો કે માતાપિતાની આજ્ઞા પાળવી એ ધર્મ છે અને તેથી ઘણું સુખ મળે છે. માનવ જાતિના ઇતિહાસમાં સૌથી વધારે સુંદર રીતે જો આ સિદ્ધાન્ત કોઇ પણ ધર્મે બતાવ્યો હોય તો તે ઉપનિષદોએ અને કૉન્ફ્યૂશ્યસ ધર્મે બતાવ્યો છે.

બધા ધર્મોની તુલના કરતાં એમ પણ કહેવું પડે કે દરેક માણસે પોતાનો સામાજિક ધર્મ બરોબર બજાવવો એ સિદ્ધાન્ત ઉપર જેટલો ભાર કૉન્ફ્યૂશ્યસધર્મની અંદર મૂકવામાં આવ્યો છે તેટલો બીજા કોઇ પણ ધર્મની અંદર મૂકાયો નથી. આ ધર્મના " ઇતિહાસ ગ્રન્થ " ને આધારે આપણે કહી શકીએ કે ચીનનો ઇતિહાસ ઘણો જૂનો છે— અર્થાત્ ઇ. સ. પૂર્વે ૨૩૫૬ ના સમયનો છે. આ પ્રાચીન સમયમાં સમાજને ન્યાય, જાતિનું કલ્યાણ અને પ્રજાને માટે રાજકીય જવાબદારી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

—આ ભાવનાઓ ધાર્મિક માન્યતા અને પૂજાવિધિની સાથે જોડાએલી હતી.

આ પ્રમાણે ચીનનો ધર્મ લગભગ અરાઢસો વર્ષ સુધી ચાલ્યો, પણ સિદ્ધાન્તોનો સમન્વય કરીને તેને દર્શનનું વ્યવસ્થિત રૂપ આપવામાં આવ્યું ન હતું. તે તો માત્ર ક્રાઇસ્ટની પહેલાં લગભગ પાંચસો વર્ષ ઉપર જ કરવામાં આવ્યું. પછીથી જ્યારે પ્રજામાં બધી જાતની મંદી આવી ત્યારે એક મહાપુરુષનો જન્મ થયો અને જે ધર્મને અત્યાર સુધી નામ આપવામાં આવ્યું ન હતું તેને આ જ મહાપુરુષનું નામ આપવામાં આવ્યું.

**ધર્મસ્થાપક કૉન્ફ્યૂશ્યસનું જીવન** (૫૫૧–૪૭૯ ઇ. પૂર્વે)

બીજા ધર્મોના પ્રવર્તકો વિષે જેટલી માહિતી મળે છે તેના કરતાં કૉન્ફ્યૂશ્યસના જીવનની માહિતી ધર્મવચનસંગ્રહમાં વધારે મળે છે.

કૉન્ફ્યૂશ્યસનાં જન્મ અને મરણ શાન્તુંગ નામના વિભાગમાં થયાં હતાં અને તેથી તે વિભાગને ચીનાઓ પોતાનો પવિત્ર દેશ માને છે. અગીઆર છોકરામાં તે સૌથી નાના હતા અને શરીરે સશક્ત પણ તે એકલા જ હતા. કૉન્ફ્યૂશ્યસ ત્રણ વર્ષના થયા ત્યારે તેમના પિતા ગુજરી ગયા અને તેથી કુટુંબના ભરણપોષણ માટે તેમને સખત કામ કરવું પડયું. ઓગણીસમે વર્ષે તેમનું લગ્ન થયું. કૉન્ફ્યૂશ્યસધર્મના ગ્રન્થોમાં કૉન્ફ્યૂશ્યસની પત્નીનું નામ જોવામાં આવતું નથી; માત્ર એટલું જ માલમ પડે છે કે જ્યારે કૉન્ફ્યૂશ્યસનો પુત્ર પોતાની માતાના મરણ પ્રસંગે રડતો હતો ત્યારે કૉન્ફ્યૂશ્યસે તેને ઠપકો આપ્યો. કૉન્ફ્યૂશ્યસને એક જ છોકરો હતો છતાં પણ તે તેના તરફ કડક રહેતા. તેમણે પહેલાં જે ધંધો આરંભ્યો હતો તેમાં તેમની આસક્તિ આદર્શ હતી.

કૉન્ફ્યૂશ્યસે જે ખાનગી શાળા સ્થાપી હતી તેમાં છોકરાઓની સંખ્યા વધીને ત્રણ હજાર થઇ. તે એટલા બધા ઉદાર હતા કે કોઈ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પણ ગરીબ વિદ્યાર્થીને જો ભણવાની તીવ્ર ઇચ્છા હોય તો તેને તે કાઢી મૂકતા નહિ. એમને એક જ વાત ગમતી અને તે અધ્યયન કરવાની વૃત્તિ અને ઉદ્યોગ. તે અનેક વિષયોમાં રસ લેતા અને વિદ્યાર્થીઓને શીખવતા, જેમકે ઇતિહાસ, કવિતા, સાહિત્ય, શિષ્ટાચાર, રાજ્યબંધારણ, પ્રકૃતિ-વિજ્ઞાન અને સંગીત. અદ્ભુત વાતો, શક્તિના પ્રયોગો, હુલ્લડ અને અલૌકિક બનાવો જેમાં આવે એવા વિષયો તે કોઈ દિવસ શીખવતા નહિ. જે વિદ્યાર્થીઓ ધાર્મિકતામાં, ભાષણ કરવામાં, રાજ્યતંત્ર ચલાવવામાં અને સાહિત્યમાં અપૂર્વ શક્તિ દેખાડતા હતા તેમને માટે કૉન્ફ્યૂશ્યસને ઘણું અભિમાન રહેતું હતું.

આ સુપ્રસિદ્ધ સાધુ પુરુષને શહેરના મુખ્ય ફોજદારી ન્યાયાધીશ તરીકે નીમવામાં આવ્યા. ક્રમેક્રમે તે નોકરીમાં આગળ વધ્યા અને ઇજનેર ખાતાના મદદનીશ સુપ્રિન્ટેન્ડન્ટ અને મુખ્ય ન્યાયાધીશ થયા. રાજ્યની અંદરના વહીવટમાં અને બીજાં રાજ્યોની સાથે વહેવારમાં કૉન્ફ્યૂશ્યસ ઘણા વિજયી નીવડ્યા અને સમાજમાં શાન્તિ અને વ્યવસ્થા લાવી લોકોને વશ કર્યા. એટલું જ નહિ પણ તેમના વહીવટથી લોકો શસ્ત્રોનો પણ ત્યાગ કરવા લાગ્યા. તેમણે કહ્યું કે રાજ્યમાં મુખ્ય આવશ્યકતા મહેસૂલની નથી પણ બધા લોકો પોતપોતાનું કર્તવ્ય બરાબર બજાવે એની છે આમ હોવા છતાં પણ રાજ્યમાં કેટલીક ખટપટો ચાલી અને પાસેના રાજ્યની ઈર્ષ્યા શરૂ થઇ જેને પરિણામે કૉન્ફ્યૂશ્યસને રાજીનામું આપવાની ફરજ પડી.

સામાજિક અને રાજકીય સુધારા કરવાની પોતાનામાં શક્તિ છે એમ કૉન્ફ્યૂશ્યસની દઢ માન્યતા હતી અને તેથી તેમણે બીજા રાજ્યમાં સરકારી નોકરી ખોળવાનો પ્રયત્ન કર્યો પણ નિષ્ફળ થયા. છતાં પણ તે પોતે માનતા કે સારા રાજ્યબંધારણથી બધા સુધારાઓ, મનુષ્યસ્વભાવમાં પણ સુધારાઓ, થઇ શકે છે. તેમના શિષ્યો તો નિરાશ થઇ ગયા હતા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પણ કૉન્ફ્યૂશ્યસે તેમને હિમ્મત આપી અને ચીન દેશની અંદર સામાજિક સુધારા કરવાને ઉત્સાહ રાખવાની આજ્ઞા કરી. એક વખતે તેમના હાથ નીચેનો અધિકારી જ્યારે તેમને અકસ્માત્ મળ્યો ત્યારે કૉન્ફ્યૂશ્યસે તેને કહ્યું કે પરમાત્માએ મને આ જગતમાં સાચો સુધારો કરવા મોકલ્યો છે અને તેથી તારે હિમ્મત રાખવી. જ્યારે તેમની જીંદગી જોખમમાં આવી હતી ત્યારે પણ તેમનામાં પરમાત્માએ પોતાને ધર્મ આપેલો છે એવો દૃઢ વિશ્વાસ હતો. જ્યારે કવાંગમાં લોકોનાં ટોળાં તેમની આજુબાજુ ફરી વળ્યાં અને તેમને લગભગ મારી નાખવામાં આવ્યા ત્યારે પણ તેમને વિશ્વાસ રહ્યો હતો કે પરમાત્મા મારા સત્ય ઉદ્દેશને જરૂરથી મદદ કરશે. ફરીથી તેમનું જીવન જોખમમાં આવ્યું. જ્યારે તે નિરાધાર સ્થિતિમાં હતા ત્યારે પણ તેમનામાં સહિષ્ણુતા અને પોતાના સત્ય આગ્રહનો આનન્દ હતાં. હિમ્મત હારી ગએલા પોતાના અનુયાયીઓની સાથે રહીને તેમણે પણ દુઃખ વેઠયું, છતાં પણ તે પોતાના ધર્મમાંથી ભ્રષ્ટ થઈ હતાશ થયા ન હતા. પ્રવૃત્તિ છોડીને વાનપ્રસ્થાશ્રમ સ્વીકારવાને બદલે આ દુઃખી જગતને મદદ કરવાનો તેમણે નિશ્ચય કર્યો. જો કે કેટલીક વાર તેમની હિમ્મત જતી રહેતી અને તેમને પ્રલોભન થતું છતાં પણ કોઈ પણ પ્રેમાળ શિષ્યે તેમનો ત્યાગ કર્યો નથી.

જે કૉન્ફ્યૂશ્યસના મહાન ગ્રન્થો ગણાય છે તે આ જ સમયે પૂરા કરવામાં આવ્યા હતા. આ બધા ગ્રન્થોમાં ફક્ત " વસન્ત અને શરદ " એ નામનો ગ્રન્થ તેમની મૌલિક કૃતિ છે. આ ગ્રન્થમાં લુ રાજ્યનો ઇતિહાસ આપવામાં આવ્યો છે અને તેની સુંદર અસરથી સુધારાઓ થયા એમ કહેવામાં આવે છે. તે હતાશ અને દેખીતી રીતે નિષ્ફળ નીવડીને વૃદ્ધાવસ્થામાં મરણ પામ્યા. તેમના મરણ પછી તેમના શિષ્યોએ ત્રણ વર્ષ સુધી શોક કર્યો અને એક શિષ્ય તો કૉન્ફ્યૂશ્યસની સમાધિ આગળ છ વર્ષ સુધી બેસી રહ્યો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## કૉન્ફ્યૂશ્યસની યોગ્યતા

કૉન્ફ્યૂશ્યસ માટે લોકોનું માન અદ્ભુત રીતે વધી ગયું હતું. તે પોતે કહેતા કે હું કાંઇ નવી વાત કહેતો નથી, પણ બીજાનો–પરમાત્માનો–સંદેશો લાવનાર છું. તે પોતે માત્ર અથાગ શ્રમ કરીને શીખનાર અને શીખવનાર હતા. પોતાના દોષો પોતે મુક્તકંઠે સ્વીકારતા હતા અને કહેતા હતા કે જો મને અભ્યાસ કરવાને માટે પચાસ વર્ષ વધારે મળે તો મારામાં સુધારો થઈ શકે. મહાપુરુષ થવામાં જે ચાર દોષો હતા તે તેમણે કબૂલ કર્યા હતા. દારૂ ન પીવો ઇત્યાદિ ચાર ધર્મો હજુ મારાથી બરાબર પળાતા નથી એમ તેમણે સ્પષ્ટ રીતે જાહેર કર્યું હતું.

કૉન્ફ્યૂશ્યસના પ્રથમ શિષ્યો નીચે પ્રમાણે કહેતા :—

ગુરુ ચાર દોષોથી મુક્ત હતા. તે પહેલેથી માની બેસતા નહિ, તે પહેલેથી જ સ્વતંત્ર રીતે નિર્ણય કરી બેસતા નહિ, તે દુરાગ્રહી ન હતા અને તેમનામાં અહંકાર ન હતો. જો કે તરત જ ભવિષ્યમાં સફળતા મળે એવી ન હોય તો પણ તે હિમ્મત રાખીને ખંતથી કામ કરતા હતા. તે સાધારણ માણસોથી ઘણા મોટા હતા અને સાધારણ માણસો તેમને માટે જે પ્રમાણે ધારતા હતા તેના કરતાં પણ તે વધારે ઉચ્ચ કોટિના હતા. તેમની કોઇની સાથે તુલના થઇ શકે એમ ન હતું.

આ ધર્મના ગ્રંથો કહે છે કે તે આખા જગતમાં ઉત્તમ હતા અને તેમની કોઈ સાથે સરખામણી થઇ શકે એમ હતું નહિ. માનવજાતિના આખા ઇતિહાસમાં તે અદ્વિતીય હતા તેમનામાં શારીરિક બળ અને જ્ઞાનનું સુંદર મિશ્રણ હતું તેમનામાં બધી વસ્તુઓ યથાયોગ્ય હતી અને તેથી તે ઔચિત્યનો એક આદર્શ હતા.

## રાજ્યમાં કૉન્ફ્યૂશ્યસની ધીમે ધીમે થયેલી પ્રગતિ

ઇસવી સનના આરંભના પહેલાંથી માંડીને તે ઠેઠ વીસમા સૈકા સુધી કૉન્ફ્યૂશ્યસને રાજ્ય તરફથી વધારે અને વધારે માન મળતું ગયું છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઇ. પૂર્વે

૧૯૫ કૉન્ફ્યૂશ્યસની સમાધિ આગળ ચીનના મહારાજાએ પશુયાગ કર્યો હતો.

ઇ. સ.

૧ "ડ્યુકની, સર્વાંગસમ્પૂર્ણ અને વિખ્યાત" એ રાજપદવી તેમને આપવામાં આવી હતી.

૫૭ રાજ્યની અને પ્રાન્તોની પાઠશાળાઓમાં કૉન્ફ્યૂશ્યસના માનમાં નિયમપૂર્વક યજ્ઞ કરવો એવો હુકમ કાઢવામાં આવ્યો.

૮૯ "અર્લ"ની ઊંચી રાજપદવી તેમને આપવામાં આવી.

૨૬૭ વર્ષમાં કૉન્ફ્યૂશ્યસના માનમાં ચાર વખત મોટા પશુ-યજ્ઞો કરવા એવો હુકમ કરવામાં આવ્યો.

૪૯૨ "પરમપૂજ્ય વિદ્વાન ઋષિ" એ પ્રમાણે ધર્મના ગ્રન્થોમાં કૉન્ફ્યૂશ્યસનું વર્ણન કરવામાં આવ્યું.

૫૫૫ ચીનના સુબાઓએ પોતપોતાના મુખ્ય શહેરમાં કૉન્ફ્યૂ-શ્યસનાં સ્વતંત્ર મંદિરો બંધાવવાં એવો હુકમ કરવામાં આવ્યો.

૭૪૦ કૉન્ફ્યૂશ્યસનું બાવલું રાજ્યની કૉલેજના એક ખૂણા-માંથી ખસેડીને મધ્ય ભાગમાં—જ્યાં ચીનના પ્રસિદ્ધ રાજાઓનાં બાવલાં હતાં તેની—સાથે મૂકવામાં આવ્યું.

૧૦૬૮–૧૦૮૬ કૉન્ફ્યૂશ્યસને "ચીનના મહારાજા"ની પદવી આપ-વામાં આવી.

૧૯૦૬ ૩૧ મી ડિસેમ્બર. રાજાના ફરમાનથી કૉન્ફ્યૂશ્યસને સ્વર્ગ અને પૃથ્વી એ દેવોની સાથે બેસાડવામાં આવ્યા.

૧૯૧૪ ચીનના પ્રજાસત્તાક રાજ્યના પ્રથમ અધ્યક્ષે, યુઆન શી કાઇએ—કૉન્ફ્યૂશ્યસની પૂજા ચાલુ કરી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઓછામાં ઓછાં બારસો વર્ષ સુધી વર્ષમાં બે વાર પેકિંગ નામની રાજધાનીમાં આવેલા કૉન્ફ્યૂસ્યસના મંદિરમાં ચીનના મહારાજાએ કૉન્ફ્યૂસ્યસની પૂજા કરી છે અને સાથે સાથે તેમની સ્તુતિ કરીને યજ્ઞો પણ કર્યાં છે. ચીનના દરેક શહેરમાં કેટલાંક ૧૫૬૦ મંદિરોમાં, અને ત્રીજા વર્ગનાં મંદિરોમાં પણ, તે તે શહેરના અધિકારીઓ વર્ષમાં બે વાર ઘણા મોટા પાયા ઉપર અને મહિનામાં બે વાર નાના પાયા ઉપર કૉન્ફ્યૂસ્યસની પૂજા કરે છે, પણ આજે કૉન્ફ્યૂસ્યસનાં મંદિરો સામું કોઇ જોતું નથી.

સમાજના આ નમ્ર સુધારકનું મુખ્ય કામ લોકોને પોતપોતાનાં સામાજિક કર્તવ્યો કરવાનો ઉપદેશ આપવાનું હતું. પરમાત્માની પ્રાર્થના કરવાની અને અલૌકિક અને દૈવી શક્તિઓ માનવાની તેમણે ચોખ્ખી ના પાડી હતી. પોતાને જે પ્રકારનું માન આપવામાં આવે છે તેનાથી અને ખાસ કરીને યજ્ઞમાં પશુઓના થતા વધથી કૉન્ફ્યૂસ્યસનાં રૂવાંટાં ભયથી ઉભાં થઈ ગયાં હોત. આમ છે તો પણ તેમણે સ્પષ્ટ રીતે પોતાનો સિદ્ધાન્ત દર્શાવ્યો કે જગતમાં પ્રસરતી અને મનુષ્યનું હિત કરનારી સેવા એ જ મોટામાં મોટો ગુણ છે અથવા તો તે દૈવી ધર્મ છે.

ચીનમાં પ્રજાસત્તાક રાજ્ય એકસરખું ચાર હજાર કરતાં પણ વધારે વર્ષો ચાલ્યું છે અને આ પ્રકારે અત્યારનાં પ્રજાકીય રાજ્યોમાં ચીન અદ્વિતીય છે. ચીનના આ લાંબા ઇતિહાસમાં શાન્તુગના સંત કૉન્ફ્યૂસ્યસને જેટલા પ્રમાણમાં અને જે પ્રકારે માન મળ્યું છે તેટલા પ્રમાણમાં અને તે પ્રકારે બીજી કોઇ પણ વ્યક્તિને માન મળ્યું નથી. કૉન્ફ્યૂસ્યસના પ્રતિ આ અપૂર્વ આદરને લીધે જગતના ઇતિહાસમાં કોઇ પણ દેશની પ્રજાના સંસ્કારો એક વ્યક્તિથી ઘડાયા હશે તેના કરતાં વધારે પ્રમાણમાં ચીનાઓની.સંસ્કૃતિ આ એક જ મહાપુરુષ–કૉન્ફ્યૂસ્યસ–થી ઘડાઇ છે.

## ધર્મગ્રંથો –" કલાસિકસ " અને " બુકસ "

મહાપુરુષોએ સ્થાપેલા નવ ધર્મોમાં કૉન્ફ્યૂસ્યસનો ધર્મ અદ્વિતીય

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છે. કારણ કે કૉન્ફ્યૂશ્યસે ધર્મ સ્થાપ્યો અને સાથે ધર્મગ્રન્થો પણ લખ્યા. અપવાદ રૂપે ઝોરોસ્ટર અને લાઓ–ત્ઝે છે. ઝોરોસ્ટરે અવસ્તાનો અમુક ભાગ લખ્યો છે અને લાઓ-ત્ઝેએ તાઓ–તેહ–કિંગ નામનો નાનો ગ્રન્થ લખ્યો છે.

દેશમાં પરાપૂર્વથી ચાલતા આવેલા ધર્મનો અંદર કૉન્ફ્યૂશ્યસે એક પણ નવા વિચારનો, આચારનો અથવા અનુભવનો ઉમેરો કર્યો નથી. છતાં પણ ગ્રન્થો લખી દેશને એક પ્રકારનું સાહિત્ય આપીને તેમણે દેશની મોટી સેવા કરી છે. જો આ પ્રકારનું સાહિત્ય તૈયાર કરવામાં આવ્યું ન હોત તો ચીનનો જૂનો ધર્મ આ છેલ્લાં પચ્ચીસસો વર્ષમાં માત્ર જુજ ફેરફાર પામીને ચાલુ રહ્યો ન હોત.

આ પ્રમાણે કૉન્ફ્યૂશ્યસે ચીનના ધાર્મિક સાહિત્યમાં ફાળો આપ્યો ખરો, પણ તેમાં તેમણે લેખક અને વિચારક તરીકે અપૂર્વતા દર્શાવી નથી. કૉન્ફ્યૂશ્યસ ધર્મના સાહિત્યના પ્રથમ વિભાગમાં પાંચ અથવા કદાચિત્ છ " કલાસિકસ "નો સમાવેશ કરવામાં આવે છે. આ છ ના કર્તા કૉન્ફ્યૂશ્યસ છે એમ કહેવાય છે. પરંતુ આ ગ્રન્થોમાં કૉન્ફ્યૂશ્યસે માત્ર સંગ્રહ કરેલો છે અથવા તો સંસ્કરણ કર્યું છે. તેમાં માત્ર એક જ ગ્રન્થ કૉન્ફ્યૂશ્યસે પોતે સ્વતંત્ર રીતે લખ્યો છે; અને તે 'ચુંચીઉં' અથવા 'વસન્ત અને શરદનો ઇતિહાસ.' આ ગ્રન્થમાં લુ રાજ્યની હકીકત આપવામાં આવી છે અને તે તદ્દન રસહીન છે.

બીજા વિભાગમાં ચાર "બુકસ"–"સુ શુ"–નો સમાવેશ થાય છે. આ ગ્રન્થો કૉન્ફ્યૂશ્યસના પહેલા અને પછીના અનેક શિષ્યોએ રચેલા છે અને તેમાં કૉન્ફ્યૂશ્યસની અંગત હકીકતો અથવા તેમના સિદ્ધાન્તો આપવામાં આવ્યા છે.

## (૧) પાંચ ( અથવા છ ) ધર્મના ગ્રન્થો

(૧) ઇતિહાસનો ગ્રન્થ–શુ કિંગ–જેમાં ચીનના ઇતિહાસનું અવલોકન કરવામાં આવ્યું છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(૨) કવિતાનો ગ્રન્થ–શિકિંગ– જેમાં લૌકિક અને ધાર્મિક કાવ્યોનો સંગ્રહ કરવામાં આવ્યો છે.
(૩) ભવિષ્ય ગ્રન્થ–ઇ કિંગ-જેમાં ભવિષ્ય જાણવાના સિદ્ધાન્તો છે.
(૪) વિધિઓનો ગ્રન્થ–લીકી–જેમાં ઉચિત અનુચિતનો વિચાર કરવામાં આવ્યો છે.
(૫) વસંત અને શરદનો વૃત્તાન્ત–ચુન્ ચિઉ–જેમાં દેશનો ઇતિહાસ આપેલો છે.

બીજા પ્રકારે જે વિભાગ કરવામાં આવ્યો છે તેમાં એક વધારાનો ગ્રન્થ ઉમેરવામાં આવ્યો છે. માબાપ તરફ ધાર્મિક ફરજ–હસીઆઓ કિંગ–જેમાં પુત્રોએ માતાપિતાના પ્રત્યે કેમ વર્તન રાખવું તેનો વિચાર કરવામાં આવ્યો છે.

**(૨) ચાર ગ્રન્થો**

(૧) મહાવિદ્યા–તાહસીઓ–સદ્‌ગુણોનો ઉપદેશ.
(૨) મધ્યમ માર્ગ–ચુંગ યુંગ–જેમાં બરોબર મધ્યમતા કેવી રીતે રાખવી તેનો વિચાર કરેલો છે.
(૩) એનાલેકટસ–લુન યુ–કૉન્ફ્યૂશ્યસનાં વચનામૃતોનો સંગ્રહ.
(૪) મેન્સિઅસ—મેંગ–ત્ઝે—કૉન્ફ્યુશ્યસના સિદ્ધાન્તોને સ્પષ્ટ કરનાર લેખકોની કૃતિઓનો સંગ્રહ.

આ નવ અથવા દસ ગ્રન્થો વિષે કોઇ પણ પ્રકારનો અપૌરુષેયતાવાદ અથવા તો ભગવત્પ્રેરણાવાદ સ્વીકારવામાં આવ્યો નથી. છતાં પણ ચીનાઓના જીવનનો આદર્શ ઘડવામાં આ ગ્રંથો પોતે જ સાધનભૂત થયા છે.

બીજા પણ કેટલાક તત્ત્વજ્ઞાન અને સદાચાર વિષે લખનારાઓ થયા છે. દા઼ ત. મોહતી (ઈ. પૂર્વે પાંચમું શતક), વેંગ ચુંગ (ઇ. સ. નું પહેલું શતક) અને ચુ હસી ( ૧૧૩૦–૧૨૦૦ ઇ. સ. ) પણ કૉન્ફ્યૂશ્યસે રચેલા ગ્રન્થોનાં અને કૉન્ફ્યુશ્યસ વિષેની હકીકત આપનાર ગ્રન્થોનાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જેટલાં અધ્યયન અને મનન થયાં હતાં, અને સરકારી નોકરી આપવામાં જેટલો આ ગ્રન્થોના ઉપર આધાર રાખવામાં આવતો હતો તેટલા પ્રમાણમાં આ લેખકોની કૃતિઓનાં અધ્યયન વગેરે થયાં ન હતાં, અને સરકારી નોકરોની નિમણૂક કરવામાં તેમની અપેક્ષા રહેતી ન હતી.

### કૉન્ફ્યૂશ્યસ ધર્મનો સદાચાર

આ ધર્મની અંદર વ્યવહારમાં જોવામાં આવતો મુખ્ય સિદ્ધાન્ત સામાજિક હિતનો છે. કૉન્ફ્યૂશ્યસે પોતે આ સિદ્ધાન્તનું સંક્ષેપમાં નિરૂપણ કર્યું છે :—

> " ત્ઝે–કુંગે પૂછયું–' બધાં મનુષ્યો પોતાના જીવનને માટે નિયમ તરીકે સ્વીકાર કરી શકે એવો એક શબ્દ છે ? ' ગુરુએ કહ્યું કે ' શું મનુષ્યોનો પરસ્પર ભાવ એવો શબ્દ નથી ? તમે એવી ઇચ્છા રાખતા હો કે બીજા માણસો અમારા તરફ અમુક વર્તન ન રાખે તો પછી તમારે પણ તે માણસો પ્રત્યે તેવું વર્તન રાખવું જોઇએ નહિ."
>
> આ સિદ્ધાન્તને કેટલીકવાર ' રજત–સિદ્ધાન્ત ' કહેવામાં આવે છે. આ પરસ્પર ભાવનો સિદ્ધાન્ત ખાસ કરીને નીચે જણાવેલી પાંચ જગ્યાએ પાળવાનો છે :—

પાંચ પ્રકારના સંબંધો હોય છે. એક રાજા અને પ્રજાનો; બીજો પિતા અને પુત્રનો; ત્રીજો પતિ અને પત્નીનો; ચોથો મોટા ભાઇ અને નાના ભાઇનો અને પાંચમો મિત્ર અને મિત્રનો. કોઇ પણ માણસ, ભલે બુદ્ધિમાન હોય કે મૂર્ખ હોય, તે એક દિવસને માટે પણ આ પ્રકારના સંબંધો દૂર કરી શકયો નથી. તમારૂં ખરૂં કર્તવ્ય આ જ છે. જો તમે તમારા આ ખરા કાર્યક્ષેત્રની બહાર જઈ બીજા સુંદર અને ગૂઢ સિદ્ધાન્તો ખોળવાનો પ્રયત્ન કરશો અને વિચિત્ર અને અદ્દભૂત પ્રયોગો કરવા માંડશો તો તમે ખરાબ માણસ તરીકે ગણાશો."

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ પ્રમાણે કૉન્ફ્યૂશ્યસધર્મના સદાચારનો આદર્શ સામાન્યતઃ એવો છે કે દરેક માણસે પોતાના જીવનમાં પોતાની પાસેના માણસો પ્રત્યે બરોબર ફરજ બજાવવી.

કૉન્ફ્યૂશ્યસ ધર્મે દરેક માણસને માટે સદાચારનો આદર્શ આપેલો છે અને જે આ આદર્શ પ્રનાણે વર્તશે તે અવશ્ય ઉત્તમ પુરુષ બનવાનો. એનાલેકટસમાં આ સિદ્ધાન્તનું વર્ણન એકસો ને પાંચ વાર કરવામાં આવ્યું છે, અને ઘણી વાર તો નીચ માણસોના આચારોથી આ આદર્શ કેટલો બધો વિરુદ્ધ છે તે પણ જણાવવામાં આવ્યું છે. આ ઉત્તમ પુરુષના આદર્શની ભાવનામાં પુરુષનું જ તત્ત્વ સ્પષ્ટ રીતે તરી આવે છે. ‘ ઉત્તમ સ્ત્રી ’ એ પ્રકારોના આદર્શનો ચિતાર એનાલેકટસમાં આપવામાં આવ્યો નથી. વાસ્તવિક રીતે તો રાજકુમારની સ્ત્રીને માટે યોગ્ય નામોની જે યાદી આપવામાં આવી છે તેને બાદ કરતાં એનાલેકટસમાં એક જ વાર સ્ત્રીઓ વિષે વાત આવે છે અને તેમાં સ્ત્રીઓને ખુલ્લી રીતે ઉતારી પાડેલી છે.

બીજા કેટલાક સદ્‌ગુણોનો ઉપદેશ કરવામાં આવ્યો છેઃ દા. ત. ઔચિત્ય, સત્યનિષ્ઠા, કૃતજ્ઞતા, અધ્યયનપરાયણતા, ન્યાય, પરોપકાર, બુદ્ધિ, આદરભાવ, મધ્યમતા, શાન્તિ અને સત્યની શોધ. કેટલાક સદ્‌ગુણોને માટે અમુક મર્યાદા પણ બાંધવામાં આવેલી છે.

“ જે માણસો તમારા તુલ્ય ન હોય તેમની સાથે મૈત્રી બાંધશો નહિ. અપકારનો બદલો અપકારથી વાળજો અને દયાનો બદલો દયાથી જ આપજો. પિતા અથવા પુત્રની ચાલચલગતમાં એકબીજાએ દોષો કાઢવા નહિ. એમાં જ પુત્રભક્તિ અથવા પિતૃભક્તિ રહેલી છે.”

કૉન્ફ્યૂશ્યસ ધર્મના નીતિના જે સિદ્ધાન્તો છે તે ઉચ્ચ કોટિના અમીર-ઉમરાવોની નીતિના સિદ્ધાન્તો જેવા છે. પ્રતિષ્ઠિત ઉમરાવોને પરંપરાગત સામાજિક વ્યવસ્થાને માટે ઘણું અભિમાન અને વિચિત્ર જંગલી માણસોને માટે તિરસ્કાર હોય છે. પોતાના રાજ્યની પ્રજાનું કલ્યાણ કરવું

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એ રાજાની ફરજ છે એ સિદ્ધાન્ત ઉપર હિન્દુ ધર્મની માફક આ ધર્મમાં પણ ભાર મૂકવામાં આવ્યો છે. જે સમયે કૉન્ફયૂશ્યસધર્મના નીતિના નિયમો ઘડવામાં આવ્યા હતા તે સમયે પ્રજા કૂપમંડૂક અને સંતોષી હતી. આ ધર્મના સદાચારના નિયમોમાં વ્હેપાર, પ્રજાસત્તાક રાજ્ય અને પ્રજાઓના આન્તર અને પરસ્પર વ્યવહાર વિષે કાંઈ પણ કહેવામાં આવ્યું નથી.

## દેવની ભાવના

જો કે કૅાન્ફયૂશ્યસ ધર્મનું મુખ્ય રહસ્ય ધર્મ કરતાં નીતિશાસ્ત્રમાં વધારે રહ્યું છે, છતાં પણ તેમાં સદાચારના નિયમોને માટે પણ ખરેખરા ધર્મપ્રધાન સિદ્ધાન્તની આવશ્યકતા દર્શાવેલી છે: દા. ત. મનુષ્યના સ્વભાવમાં જે ભલાઇ–સાધુતા–રહેલી છે તે દેવે મૂકેલી છે એવો સિદ્ધાન્ત આ ધર્મમાં સ્વીકારવામાં આવ્યો છે.

કૅાન્ફયૂશ્યસ ધર્મના દરેક ગ્રન્થમાં જગતની ઉત્તમોત્તમ શક્તિનો સ્પષ્ટ ઉપન્યાસ કરવામાં આવ્યો છે. તેને માટે ત્રણ જુદાં જુદાં નામો આપેલાં છે: (૧) શંગતી–ઉત્તમોત્તમ નિયામક–એ વ્યક્ત પદાર્થને લાગુ પડે એવું નામ છે, અને "સૅક્રેડ બુક્સ ઑફ ધી ઇસ્ટ" નામની ગ્રન્થમાળાના ગ્રન્થોમાં આ નામનું 'ઇશ્વર' એ પ્રમાણે ભાષાન્તર કરવામાં આવેલું છે. (૨) તીએન–આકાશ–એ નામ જગતમાં વ્યાપી રહેલી નીતિની સત્તા અથવા વ્યવસ્થાને ઉદ્દેશીને અવ્યક્ત પદાર્થને લાગુ પડે એ પ્રકારે વાપરવામાં આવ્યું છે. પહેલા નામ કરતાં આ નામ લગભગ ત્રણ ઘણું વધારે વાપરવામાં આવ્યું છે. પહેલું નામ મૂર્તિમંત પદાર્થને લાગુ પડે છે, જ્યારે બીજું નામ અમૂર્ત પદાર્થને માટે વપરાય છે. આમ છતાં પણ બન્ને નામો સાથે સાથે અને એક બીજાને બદલે અનેકવાર વપરાએલાં છે. (૩) ત્રીજું નામ પણ અમૂર્ત પદાર્થને જ લાગુ પડે છે. તે નામ " મીંગ " છે. તેનો અર્થ " આજ્ઞા "

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અથવા "દેવ" થાય છે. એનાલેક્ટસના છેલ્લા ભાગમાં કહેવામાં આવ્યું છે કે સદાચારને અને પરમતત્ત્વમાં રહેલી શ્રદ્ધાને ઘણો ગાઢ સંબંધ છે.

કૉન્ફ્યૂશ્યસે તો પરમ તત્ત્વને ઉદ્દેશીને એક જ વાર સગુણ પદાર્થને લાગુ પડે એવું નામ વાપર્યું છે અને તે પણ એક કાવ્યનું અવતરણ આપવામાં. કૉન્ફ્યૂશ્યસે નીતિ અને ધર્મની જે પ્રક્રિયા વ્યવસ્થિત રૂપમાં આપી છે તેમાં પરમેશ્વરની માન્યતા અને પૂજાનો સ્વીકાર કરવામાં આવ્યો છે એમ કહેવાને માટે પૂરતાં પ્રમાણો સ્પષ્ટ રીતે જોવામાં આવે છે. પરંતુ કૉન્ફ્યૂશ્યસે પોતાનું સામર્થ્ય તે ધર્મમાંથી સગુણ પદાર્થને કાઢી નાખવામાં અને સદાચારને સર્વના જીવનમાં ઉતારવામાં વાપર્યું છે કૉન્ફ્યૂશ્યસધર્મના પ્રાચીન ગ્રન્થોમાં અને હાલના પ્રવર્તેલા આચારોમાં પણ અનેક દેવોની પૂજા કરવામાં આવે છે.

આમાંના કેટલાક પદાર્થો આકાશના જેવાં કુદરતનાં મુખ્ય તત્ત્વો છે: દા. ત. પૃથ્વી, સૂર્ય, ચન્દ્ર અને ચીનના મુખ્ય પર્વતો અને નદીઓ. બીજા કેટલાક પદાર્થો કુદરતનાં ગૌણ સત્ત્વો છે. બીજા કેટલાક પદાર્થો કલ્પિત છે, જ્યારે કેટલાક કૉન્ફ્યૂશ્યસ અને કવાંગ તી નામના ચીનના પ્રાચીન મહારાજાની માફક ઐતિહાસિક પુરુષો છે. કવાંગ તીને યુદ્ધના દેવ તરીકે માનવામાં આવે છે અને તેમના માનમાં ૧૬૦૦ સરકારી મંદિરો છે. આ જુદાજુદા દેવોની પૂજા કરવાનું કામ રાજાએ જુદા જુદા અધિકારીઓ અને પ્રજામાં વહેંચી દીધેલું છે.

### કૉન્ફ્યૂશ્યસ ધર્મમાં રાજ્યધર્મ

આ ધર્મમાં પુરોહિતોનું જુદું મંડળ કોઈ વખતે જોવામાં આવ્યું નથી. પરંતુ પુરોહિતોને કરવાનાં કેટલાક કામો તો સરકારી નોકરો જ નિયમપૂર્વક કરતા હતા. જુદા જુદા સ્થળોના સુબાઓએ કૉન્ફ્યૂશ્યસની જાહેર પૂજા કરી તેનો પ્રચાર કર્યો, જ્યારે રાજ્યના મોટા અધિકારીઓએ કુદરતનાં તત્ત્વોની પૂજાનો પ્રચાર કર્યો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ચીનનો સમ્રાટ પોતાની પ્રજાની વતી જગતના મહાન નિયામક–આકાશ દેવ–ની વિધિસર પૂજા કરતો હતો. આ પરંપરા ઘણા વર્ષો સુધી ચાલી હતી, અને જગતમાં જો આવી પદ્ધતિ કોઇપણ ધર્મમાં લાંબો વખત ચાલી હોય તો આ જ ધર્મમાં ચાલી છે. દર વર્ષે ઉત્તરાયણની રાત્રિ પછી, એટલે કે ડિસેંબરની ૨૨ મી તારીખે, નિયમપૂર્વક આકાશદેવની પૂજા કરવામાં આવે છે. આ પ્રસંગે બળદોનો, અન્નનો, રેશમનો અને દારૂનો હોમ કરવામાં આવે છે અને સાથે સાથે સંગીત, રોશની અને વરઘોડા પણ હોય છે. આ ઉત્સવમાં ભાગ લેવા આવેલા મનુષ્યોના પોતાની યોગ્યતા પ્રમાણે જુદા જુદા વર્ગો પણ પાડવામાં આવે છે. આકાશદેવના માનમાં યજ્ઞ કરવાને માટે પેકિંગ શહેરની દક્ષિણે એક મોટી ધોળા આરસપાણની ત્રણ માળની યજ્ઞભૂમિ છે. આ યજ્ઞવેદિ દુનિઆમાં સૌથી મોટામાં મોટી છે. આ જ જગ્યાએ આકાશ દેવનો હોમ થાય છે. ઇ. સ. ૧૫૩૯ માં ચીનના સમ્રાટે આવા જ હોમના પ્રસંગે પ્રાર્થના કરી હતી.

મંચુ વંશની પડતી પછી આ વાર્ષિક ઉત્સવની પરંપરા ચાલુ રાખી શકે એવો ચીનની પ્રાચીન ગાદી ઉપર કોઈ સમ્રાટ ન હતો પરંતુ 'યુઆન શી કાઈ' નામના ચીનના નવા પ્રજાસત્તાક રાજ્યના અધ્યક્ષે, રાજ્યનું બંધારણ તદ્દન જુદા પ્રકારનું હતું તો પણ ઉત્સવની પરંપરા શરૂ કરી. આમ હોવા છતાં પણ ચીનદેશની નવી પ્રવૃત્તિઓ અને અનેક ગુંચવાડા ભરેલા પ્રશ્નોને લીધે આકાશદેવની સૈકાઓજૂની પૂજા કરવાની પદ્ધતિ ધીમે ધીમે બંધ થઈ ગઇ. દેવની સુપ્રસિદ્ધ યજ્ઞવેદિની કોઇએ કાળજી રાખી નહિ અને તે પણ કૉન્ફ્યૂશ્યસનાં અનેક મંદિરોની માફક ધીમે ધીમે ખંડેર થઈ જાય છે.

આકાશદેવની પૂજાની સાથે સંબંધ ધરાવતી પણ જરા હલકા પ્રકારની કુદરતની બીજી પૂજા પણ હતી અને તે પૃથ્વીપૂજા. પૃથ્વીની યજ્ઞવેદિ પેકિંગ શહેરની ઉત્તરે આવેલી છે. તે સમચોરસ છે અને તેની આજુબાજુ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પાણી છે. યજ્ઞવેદિના આ પ્રકારના સ્વરૂપમાં પણ રહસ્ય રહેલું છે. દર વર્ષે દક્ષિણાયન થાય ત્યારે સરકારી અમલદારો આ સ્થળે પૃથ્વીની પૂજાનો ઉત્સવ કરે છે.

રાજ્યધાનીના પૂર્વ દિશાના દરવાજા આગળ દર વર્ષે વસંત સંપાતના વખતે સૂર્યની પૂજા કરવામાં આવે છે અને પશ્ચિમ દિશાના દરવાજા આગળ શરદસંપાતના સમયે ચન્દ્રની પૂજા કરવામાં આવે છે.

આ પ્રમાણે રાજ્યધાનીની ચારે ય દિશાએ વર્ષના ચાર જુદા જુદા સમયે મોટા સરકારી નોકરો પોતાની નોકરીને અંગે જ ધાર્મિક પૂજાવિધિઓ નિયમસર કરે છે. પણ કૉન્ફ્યૂસ્યસ ધર્મનું સરકાર તરફથી જે પાલન થતું હતું તે આજે તિરોહિત થઈ ગયું છે.

## કૉન્ફ્યૂશ્યસ ધર્મનું પ્રચલિત સ્વરૂપ

કૉન્ફ્યૂસ્યસધર્મે ચીનના સામાન્ય માણસોને માટે તેમ જ અધિકારીઓને માટે એક પૂજાવિધિ નિશ્ચિત કરી આપેલો છે પિતૃપૂજા એ જનસમાજની વિશિષ્ટ અને ચિરકાલીન ભાવના છે. કૉન્ફ્યૂસ્યસની પહેલાં જે જે ગ્રન્થો લખાયેલા છે તે બધામાં પિતૃઓનાં મંદિરો અને પિતૃપૂજાની વિગતવાર હકિકતો વિષે વિધાનો કરવામાં આવેલાં છે. એનાલેક્ટસમાં પિતૃપૂજાને નીતિની દૃષ્ટિએ ઘણું મહત્ત્વ આપવામાં આવ્યું છે.

કૉન્ફ્યૂસ્યસ ધર્મમાં તો માબાપ જીવતાં હોય તે વખતે પણ પુત્રોએ તેમના તરફ પૂજ્યભાવ રાખવો એવો બધા અનુયાયીઓને માટે સર્વસામાન્ય સિદ્ધાન્ત છે જ. પિતૃપૂજા એટલે માબાપના મરણ પછી તેમના તરફ પુત્રો જે આદરભાવ દર્શાવે તે. આ પ્રમાણે પિતૃપૂજા એ કૉન્ફ્યૂસ્યસ ધર્મના સિદ્ધાન્તનો જ માત્ર વિસ્તાર છે.

પિતૃઓની સ્થિતિ એવા પ્રકારની છે કે કોઈ તેનાથી ભય પામતું નથી તેમજ તેની ઇચ્છા પણ કરતું નથી. મરણ પછી પિતૃઓનું માત્ર



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અસ્તિત્વ હોય છે અને ઘરની અંદર પોતાના જૂના સ્થાનની આજુબાજુ અથવા તો શ્મશાનમાં પોતાની દેહભૂમિની આજુબાજુ તેઓ ફર્યા કરે છે. અમુક અમુક વખતે પિતૃઓને બહાર જે અન્ન મૂકવામાં આવે છે તે પ્રાયશ્ચિત્ત રૂપે નહિ પણ ઘરનાં બધાં માણસો પિતૃઓની સાથે ભોજન કરે છે એવી પવિત્ર ભાવનાથી.

કૉન્ફ્યૂશ્યસ ધર્મની પિતૃપૂજાની ભાવનાને લીધે તે જ ધર્મના સદાચારના કેટલાક આવશ્યક પ્રશ્નો એમના એમ રહી ગયા છે. જગતના બીજા બધા ધર્મો કરતાં આ ધર્મ નીતિમય જીવનની આવશ્યકતા ઉપર વધારે ભાર મૂકે છે, છતાં પણ ભવિષ્યમાં એક સમયે પાપ પુણ્યનું ફળ ભોગવવાનું છે એમ તે ધર્મ કહેતો નથી; તેમજ મનુષ્યો નીતિના પોતાના આદર્શોનાં ફળ અંતે કયે પ્રકારે પ્રાપ્ત કરી શકે એ વિષે પણ આ ધર્મમાં કાંઈ કહેવામાં આવ્યું નથી. કોઈ પણ માણસે આ જીવન સારૂં અથવા ખરાબ ગાળ્યું હોવા છતાં પણ તેને ભવિષ્યમાં પુણ્યકર્મોથી લાભ નથી થતો તેમ પાપકર્મોથી ગેરલાભ પણ થતો નથી. મરણ એવી વધારે સારી સ્થિતિ નથી કે જેને માટે મનુષ્ય આ જીવનમાં આશા રાખી પ્રયત્ન કરે. વસ્તુતઃ કૉન્ફ્યૂશ્યસધર્મના ખરેખરા અનુયાયીઓને જો એવો વિચાર આવે કે મારો કોઈ પિતૃ કદાચિત્ નરકમાં ગયો હશે તો તેને માબાપ તરફના પૂજ્યભાવને લીધે એકદમ ત્રાસ છૂટશે. વળી જો તેને બીજો એવો વિચાર આવે કે જે પિતૃઓએ પોતાના જીવનમાં પાપ જ કર્યાં છે તેમની પૂજા તેમની પાછળનો માણસ જીવતો છે છતાં પણ નહિ કરે તો પણ તેને ભય ઉત્પન્ન થશે. મરણોત્તર ક્રિયામાં અને માબાપ અને પૂર્વજોની સંવત્સરી વખતે કરવામાં આવતી ધાર્મિક વિધિઓમાં ઘણો ખર્ચ થાય છે અને તેથી ચીનના ગરીબ માણસોની આર્થિક સ્થિતિ ઘણી ગંભીર થઇ ગઇ છે.

ચીનના લોકોને પોતાના મરી ગયેલા પિતૃઓના આત્માઓ તરફ સિદ્ધાન્તમાં અને આચારમાં ઘણો પૂજ્યભાવ છે એટલું જ નહિ પરંતુ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પૃથ્વી અને હવામાં રહેતા અનેક ભૂતો—સત્ત્વો—ને માટે પણ આદરભાવ છે. કૉન્ફ્યૂશ્યસના અનુયાયીઓના ધાર્મિક જીવનમાં હવા અને જળમાં રહેતા ભૂતો રખે ને ગુસ્સે થાય એ ભાવના પ્રધાન હોય છે. આ ભાવનાને ફેંગ–શુઇ કહેવામાં આવે છે.

પશ્ચિમના દેશોની સંસ્કૃતિની અસરથી વર્તમાન કાળમાં ચીનમાં મહાન ક્રાન્તિ થઈ છે અને તેથી જુની ધાર્મિક પ્રણાલિકાનો પ્રભાવ ઓછો થયો છે. ડૉ. સુન યત્ સેનની આગેવાની નીચે ચીની પ્રજાએ મંચુ વંશના રાજ્યને ઉથલાવી નાખી દેશને સ્વતંત્ર રાષ્ટ્ર બનાવ્યું. ઇ. સ. ૧૯૪૩માં ચીનની સ્વતંત્રતાનો સંપૂર્ણ ઉદય થયો અને ૧૯૪૯માં 'પ્રજાસત્તાક ચીન' વિધિપૂર્વક અસ્તિત્વમાં આવ્યું. આજે ચીનમાં રશીઆની સંસ્કૃતિનો પ્રભાવ ઘણો છે, છતાં પણ કૉન્ફ્યૂશ્યસ ધર્મના સામાન્ય સંસ્કારો પ્રજામાંથી નાશ પામ્યા નથી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ સાતમું

## તાઓધર્મ

### દૈવી માર્ગનો ધર્મ

**જગતના વિદ્યમાન ધર્મોમાં સ્થાન**

મહાપુરુષોએ સ્થાપેલા ધર્મોમાં તાઓધર્મ ચીનમાં સૌથી જુનો છે. ઇ. સ. ૬૦૦ માં જાપાન દેશની અંદર આ ધર્મના ગ્રન્થોમાંથી અવતરણો લેવામાં આવ્યાં હતાં; અને ઇ. સ. ૭૯૭ની પહેલાં તેનું વિવરણ પણ કરવામાં આવ્યું હતું. પરંતુ ચીનની બહાર આ ધર્મ વિષે ઘણું જ થોડું જાણવામાં આવ્યું છે. આ ધર્મના અનુયાયીઓના આદર્શો ધીમે ધીમે ઘણા હલકા થઇ ગયા છે. અનેકવાર પ્રશ્ન ઉઠાવવામાં આવે છે કે તાઓ ધર્મ એ ખરેખરી રીતે ધર્મ છે કે કેમ, અને આ પ્રશ્નનો જવાબ પણ વિવિધ પ્રકારે આપવામાં આવે છે. કેટલાક કહે છે કે ઈ. સ પૂર્વે છઠ્ઠા શતકમા રચાએલા તાઓ–તે–કિંગ નામના આ ધર્મના ગ્રન્થમાં એવો એક પણ શબ્દ નથી કે જેમાં વહેમ અથવા ધર્મની ગંધ હોય. કદાચિત્ એમ પણ હોય કે ચીનમાં ખ્રિસ્તી સંવત્‌ની જરાક પહેલાં થઇ ગએલા હાન વંશના સમય સુધી તાઓધર્મ ધર્મ તરીકે વ્યવસ્થિત રૂપમાં ન હોય.

ઇ. સ. ના પહેલા શતકથી તાઓધર્મમાં પોપને–આચાર્યને–સ્થાન મળ્યું છે. આજે જો કે આ ધર્મના અનુયાયીઓની ચોક્કસ સંખ્યા મેળવવી કઠિન છે છતાં પણ તેઓની સંખ્યા લગભગ પાંચ કરોડ છે એમ કહેવામાં વાંધો નથી.

ચીનમાં રાજય તરફથી જે "સાન ચીઆઓ"—ત્રણ ધર્મો–કૉન્ફ્યૂશ્યસધર્મ, તાઓધર્મ અને બૌદ્ધધર્મ—માનવવામાં આવ્યા છે તેમાંનો તાઓધર્મ એક છે. ચીનમાં બૌદ્ધ ધર્મનો પ્રચાર લગભગ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઇ. સ. ૭૧ થી થયો છે. આ પ્રમાણે જયારથી જગતમાં ખ્રિસ્તી ધર્મનો પ્રચાર થયો છે ત્યારથી જ આ ત્રણેય ધર્મોનો ચીનમાં પ્રચાર થયો છે. આ ત્રણ ધર્મો એક બીજાની સાથે સાથે પ્રચલિત થયા છે એટલું જ નહિ પણ પરસ્પર મિશ્ર પણ થઇ ગયા છે. ચીનના અસંખ્ય ધર્મિષ્ઠ મનુષ્યો આ ત્રણે ય ધર્મોના ઉત્સવોમાં ભાગ લે છે અને આર્થિક મદદ આપીને બધા ય ધર્મોનું પોષણ પણ કરે છે, છતાં પણ દરેક ધર્મની વિલક્ષણતા સ્પષ્ટ જોવામાં આવે છે. કૉન્ફ્યૂસ્યસ ધર્મ પ્રમાણે માનવ-સમાજના ઉચ્ચ અને નીચ મનુષ્યો વચ્ચેના યોગ્ય વ્યવહારના નિયમોનું પાલન કરવામાં જ ધર્મ સમાએલો છે. ચીનમાં પ્રચલિત થએલા બૌદ્ધ ધર્મ પ્રમાણે જગતનો ત્યાગ કરી, આત્મસંયમ પાળી ધ્યાન ધરવામાં અને સગુણ દેવ ઉપર શ્રદ્ધા રાખવામાં ધર્મ રહેલો છે, જયારે તાઓ ધર્મ પ્રમાણે વિશ્વના દૈવી માર્ગનું ગૂઢ પાલન કરવામાં ધર્મ રહેલો છે. સમાજનું હિત લક્ષમાં રાખીને સ્થાપવામાં આવેલા કૉન્ફ્યૂસ્યસ ધર્મથી તાઓ ધર્મ કેટલો ભિન્ન છે તેનો ખ્યાલ લાઓ-ત્ઝેની જન્મભૂમિમાં આવેલા તાઓ ધર્મના મંદિરમાં જોવામાં આવતા શિલાલેખ ઉપરથી આવી શકે છે. આ શિલાલેખ નીચે પ્રમાણે છે :—

"ક્રિયાઓના ત્રણસો નિયમો મનુષ્યના સ્વભાવને વશમાં રાખી શકયા નહિ. શિક્ષા કરવાના ત્રણ હજાર નિયમો દુષ્ટ કૃત્યો બંધ કરવાને માટે પૂરતા ન હતા. પણ જેને નદીના જળપ્રવાહને શુદ્ધ કરવાનું કામ આવડે છે તે નદીના મૂળને જ શુદ્ધ કરવાની શરૂઆત કરે છે. અને જેને કોઇ પણ ક્રિયાના અંતને શુદ્ધ બનાવવો છે તેણે તે ક્રિયાના આરંભને જ શુદ્ધ કરવાની શરૂઆત કરવી જોઇએ. શું આ મહાન તાઓધર્મ બધા પદાર્થોનું ભવ્ય મૂળ અને ઉત્પત્તિસ્થાન નથી?"

માણસે અપકારનો બદલો ઉપકારથી વાળવો એ સિદ્ધાન્તનો ઉપદેશ કરવામાં તાઓધર્મ આખા જગતના ધર્મોની અંદર હિન્દુ અને ખ્રિસ્તી ધર્મને સૌથી વધારે મળતો છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ધર્મસ્થાપક લાઓ-ત્ઝેનું જીવન ( ૬૦૪-૫૧૭? ઇ. સ. પૂર્વે ).

આ ધર્મના સ્થાપનાર લાઓ-ત્ઝેના જીવનચરિત વિષે ઘણું થોડું જ જાણવામાં આવ્યું છે. લાઓ-ત્ઝેમાં દીનતા ઘણી હતી. વિશ્વમાં કોઈ પણ પ્રકારના બદલાની ઇચ્છા વિના બધા તરફ સજ્જનતા રાખવી એ સિદ્ધાન્તનો તેમણે ઉપદેશ કર્યો છે, અને આવો ઉપદેશ આપવામાં જગતના મહાન ઉપદેશકોમાં તેમનું સ્થાન પ્રથમ છે. પાંચસો વર્ષ પછી સ્મા ચીએન નામના વિદ્વાને ગ્રીક ઇતિહાસ લેખક હિરોડોટસની માફક ચીનનો ઇતિહાસ લખ્યો છે. તેમાં ચીન ભાષાના ૨૪૮ શબ્દોનો સંગ્રહ કરવામાં આવેલો છે અને આ સંગ્રહ ઉપરથી જ આપણને લાઓ-ત્ઝે વિષે હકીકત મળે છે.

મધ્ય ચીનના હોનાન વિભાગમાં કૉન્ફ્યૂશ્યસથી લગભગ પચાસ વર્ષ પહેલાં લાઓ-ત્ઝેનો જન્મ થયો હતો. આ પ્રમાણે ચીનના બે ધર્મોના સ્થાપકો લગભગ સમકાલીન હતા. તે ઉપરાંત લાઓ-ત્ઝેના બીજા સમકાલીનોમાં ઇરાનના ઝોરોસ્ટર, હિન્દુસ્તાનના મહાવીર અને બુદ્ધ, અને એકઝાઇલના જેરેમિયાહ, એઝેકિયલ અને ઇસાઇયાહ જેવા મહાન યાહુદી સંતો પણ હતા. ચોઉ નામના ચીના વંશના રાજ્યમાં લાઓ-ત્ઝે રાજ્ય-દફતરદારનું કામ કરતા હતા. આ સરકારી હોદ્દાથી અને પ્રૌઢ વિદ્વત્તાથી તેમની એક પરમપૂજ્ય તત્ત્વજ્ઞ તરીકેની કીર્તિ બધે પ્રસરી હતી. આ જ કારણથી ચોત્રીસ વર્ષની ઉમ્મરે કૉન્ફ્યૂશ્યસ આ મહાપુરુષનાં દર્શન કરવા આવેલા હતા. કૉન્ફ્યૂશ્યસને ચીનના પ્રાચીન ઇતિહાસની શોધ કરવાની અને સામાજિક શિષ્ટાચારની યોજના કાઢીને દેશની ભૂતકાળની કીર્તિ પાછી લાવવાની ઇચ્છા હતી. ભવિષ્યના આ ઇતિહાસલેખક અને ઉત્સાહી જુવાન સુધારકને લાઓ-ત્ઝેએ ઠપકો આપ્યો અને કહ્યું કે જે માણસોની તમે વાતો કરો છો તે તો મરી ગએલા છે, અને તેમનાં હાડકાં ધૂળ થઇ ગયાં છે. આ તમારાં અભિમાન અને વાસનાઓના ભંડારને દૂર કરો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અનેક વાસનાઓ રાખવા કરતાં તાઓ નામના વિશ્વના ગૂઢ તત્ત્વની જાતે શાન્તિથી શોધ કરવી એમ લાઓ–ત્ઝેએ કૉન્ફ્યૂશ્યસને આગ્રહપૂર્વક કહ્યું. આ તાઓ તત્ત્વથી જ ધર્મ અને જીવનની સફળતા થશે એમ એમણે ઉપદેશ આપ્યો. જ્યારે તે જુવાન કૉન્ફ્યૂશ્યસે ભારપૂર્વક કહ્યું કે હું છેલ્લાં વીસ વર્ષથી ગ્રન્થોનું ખંતથી અધ્યયન કરૂં છું ત્યારે લાઓ–ત્ઝેએ જવાબ આપ્યો—જો માણસોને તાઓ ધર્મ આપી શકાય તો રાજાને તે ધર્મ આપવાની કોને ઇચ્છા નહિ થાય ? જો મનુષ્યોને તે આપી શકાય તો માબાપને આપવાને કોણ નહિ ઇચ્છે ? જો માણસોને તેનો ઉપદેશ કરવામાં આવે તો પોતાના ભાઇઓને ઉપદેશ આપવાની કોને ઇચ્છા નહિ થાય ? જો મનુષ્યોને આ બરાબર સમજાવવામાં આવે તો પોતાનાં બાળકોને સમજાવવાની કોને ઇચ્છા નહિ થાય ? શા માટે તમે તે મેળવતા નથી ? તેનુ કારણ આ છે કે તમે તમારા હૃદયમાં એ વાતને સ્થાન આપતા નથી.

લાઓ–ત્ઝેની સાથેના આ સમાગમ પછી કૉન્ફ્યૂશ્યસ, જે ભવિષ્યમાં આખા ચીન દેશમાં મહાન વિદ્વાન ઉપદેશક તરીકે પ્રસિદ્ધ થવાના હતા, તેમણે પોતાના શિષ્યોને કહ્યું કે—પંખીઓ કેવી રીતે ઉડે છે, માછલીઓ કેવી રીતે તરે છે, પ્રાણીઓ કેવી રીતે દોડે છે એ બધું હું જાણું છું, પણ એક વિલક્ષણ જનાવર એવું છે કે તે પવનમાં વાદળાંઓમાં થઇને શી રીતે જાય છે અને આકાશમાં શી રીતે ઉડે છે તે હું કહી શકતો નથી. આજે હું લાઓ–ત્ઝેને મળ્યો છું અને હું માત્ર તેમને આ કલ્પિત વિલક્ષણ જનાવરની સાથે સરખાવી શકું : અર્થાત્ તે અલૌકિક અને ન સમજાય તેવા ગૂઢ છે.

લાઓ–ત્ઝે કૉન્ફ્યૂશ્યસની દૃષ્ટિએ પરલોકનો શેખચલ્લીની માફક વિચાર કરનાર અને પોતાની કલ્પનાસૃષ્ટિમાં ઊંચે વિહાર કરનાર તરીકે લાગ્યા વિના નહિ રહ્યા હોય અને કૉન્ફ્યૂશ્યસ લાઓ–ત્ઝેને બધાના કામમાં માથું ઘાલનાર એક ધમાલીઆ માણસ જેવા લાગ્યા હશે. ચીનના આ બે મહાન પુરુષોના ઉદ્દેશો, રસવૃત્તિઓ, પદ્ધતિઓ અને વિચારો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઘણા જુદા હતા.

લાઓ-ત્ઝેના બાકીના જીવન વિષે જે કાંઈ જાણવામાં આવ્યું છે તે બધું સ્મા ચિએને લખેલી તેમની જીવનકથાના અંતે કહેવામાં આવ્યું છે. તે ઉપરથી જણાય છે કે લાઓ-ત્ઝે બુદ્ધિનો ઉપયોગ કરતા અને ધાર્મિક જીવન ગાળતા હતા. તેમના સિદ્ધાન્તનું ધ્યેય અહંકારવૃત્તિનો નાશ કરવાનું હતું. તેમણે પોતાના જીવનનો ઘણો ખરો ભાગ ચોઉમાં ગાળ્યો હતો. જ્યારે તેમણે ચોઉની પડતીની નીશાનીઓ જોઈ ત્યારે તે ત્યાંથી નીકળી સરહદ ઉપર આવ્યા. યિન-હી નામના જકાતખાતાના અધિકારીએ કહ્યું—'સાહેબ, આપણે જ્યારે હવે નિવૃત્તિ લેવાનો જ વિચાર છે ત્યારે મારા સ્વાર્થની ખાતર આપને એક પુસ્તક લખવા વિનંતી કરૂં છું.' આ વિનંતીને ધ્યાનમાં લઇને લાઓ-ત્ઝેએ લગભગ પાંચ હઝાર શબ્દોવાળું એક પુસ્તક બે ભાગમાં લખ્યું અને તેમાં બુદ્ધિ અને ધર્મની ભાવનાઓની ચર્ચા કરી. પછીથી તે ત્યાંથી જતા રહ્યા, અને તે કયાં મરણ પામ્યા તે કોઇ જાણતું નથી.

## લાઓ-ત્ઝેનું ચારિત્ર્ય

કૉન્ફ્યૂશ્યસધર્મ પ્રમાણે જીવનનો મુખ્ય સિદ્ધાન્ત એવો હતો કે જે પ્રકારે બીજો માણસ આપણી સાથે વર્તે તે પ્રકારે આપણે તેની સાથે વર્તવું. અર્થાત્ જો કોઇ માણસે આપણને નુકશાન કર્યું હોય તો તેને યોગ્ય ન્યાય પ્રમાણે બરોબર શિક્ષા થવી જોઇએ. પરંતુ લાઓ-ત્ઝેના મત પ્રમાણે કોઇએ આપણું નુકશાન કર્યું હોય તો પણ આપણે તેના તરફ ઉત્તમ પ્રકારની સજ્જનતા બતાવવી. લાઓ-ત્ઝે કહે છે કે—નુકશાન થયું હોય તો તેનો બદલો દયાથી વાળજો. જેઓ મારી સાથે સારી રીતે વર્તે છે તેમની સાથે હું સારી રીતે વર્તુ છું અને જેઓ મારી સાથે સારી રીતે વર્તતા નથી તેમની સાથે પણ હું સારી રીતે વર્તું છું. આ પ્રમાણે બધાને સારી રીતે વર્તવું જ પડે છે. જેઓ મારા પ્રત્યે શુદ્ધ ભાવ રાખે છે તેમની પ્રત્યે હું પણ શુદ્ધ ભાવ રાખું છું, અને જેઓ મારા પ્રત્યે શુદ્ધ ભાવ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રાખતા નથી તેમની પ્રત્યે પણ હું શુદ્ધ ભાવ રાખું છું, અને આ પ્રમાણે બધાને શુદ્ધ ભાવ રાખવો જ પડે છે.

આ પ્રમાણે અખિલ વિશ્વમાં નિરપેક્ષ સજ્જનતા દર્શાવવી એ સિદ્ધાન્તને આધારે મનુષ્યે પોતાનું જીવન ગાળવું એવી પ્રતિજ્ઞા તાઓ ધર્મમાં કરવામાં આવી છે. લાઓ-ત્ઝેનો આ સિદ્ધાન્ત જગતના બધા અ-ખ્રિસ્તી ધર્મોના સ્થાપકોના સિદ્ધાન્તોમાં તદ્દન અદ્વિતીય જ છે. પરંતુ લાઓ-ત્ઝેને જેટલાં દુઃખો પડ્યાં તેના કરતાં વધારે દુઃખો જીસસને પડયાં હતાં. અને એવા કટોકટીના સમયમાં પણ જીસસે આત્મભોગ આપી અપરાધીઓને ક્ષમા આપવાનો ઉપદેશ કર્યો હતો અને તે ઉપદેશ પોતે આચારમાં પણ મૂકયો હતો. હિન્દુસ્તાનમાં મહાત્મા ગાંધીજીએ આ પ્રકારનો ઉપદેશ આપેલો છે અને જીવનમાં ઉતારેલો છે.

જેણે આપણું ખરાબ કર્યું હોય તેના તરફ આપણે સજ્જનતા જ દર્શાવવી એ સિદ્ધાન્ત આપીને લાઓ-ત્ઝે અટકી પડયા, પણ જીસસ તેથી આગળ વધ્યા અને તેમણે 'શઠની સામે પણ દયા' એ સિદ્ધાન્તને સગુણ ઈશ્વરની સાથે જોડી દીધો અને કહ્યું કે ઈશ્વર બધાંની ઉપર એકસરખી રીતે દયા રાખે છે અને તેથી મનુષ્યોએ પણ બીજા બધાની ઉપર એકસરખી રીતે દયા રાખવી. ગાંધીજીએ પણ આ જ સિદ્ધાન્તનો ઉપદેશ કર્યો છે.

લાઓ-ત્ઝેએ પાપીઓની સામે જે પદ્ધતિ સ્વીકારવાનો ઉપદેશ કર્યો હતો તે પદ્ધતિ કૉન્ફ્યૂશ્યસે દર્શાવેલી પદ્ધતિના કરતાં અલબત્ત ઉત્તમ હતી, પરંતુ લાઓ-ત્ઝેનું જીવન તપાસીએ તો તે કૉન્ફ્યૂશ્યસના જીવન કરતાં હલકા પ્રકારનું હતું. ચીનમાં આ બે ધર્મોના સ્થાપકો સમકાલીન હતા અને તેથી તે બન્નેના વખતની સામાજિક સ્થિતિ સરખી જ હતી. લાઓ-ત્ઝેએ પણ પોતાના સમયમાં લોકોની ગરીબાઇ, સમાજમાં ઘણી ગેરવ્યવસ્થા, લુચ્ચાઇ, ચોરો અને લુંટારાઓ, લોકોની ડંફાશ, ઉડાઉપણું અને સ્વાર્થ જોયાં હતાં અને તેથી તેમને ઘણો ખેદ પણ થયો હતો. પરંતુ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કૉન્ફ્યૂશ્યસની માફક દઢતા રાખી આ અનિષ્ટ પરિસ્થિતિની સામે થઇ પોતાના સિદ્ધાન્તનો બરોબર ઉપયોગ કરવાને બદલે લાઓ-ત્ઝેએ માત્ર ડહાપણની શિખામણ આપી અને પછીથી જેમ બીજા ઘણા ચીનના અધિકારીઓએ અત્યાર સુધી કર્યાં કર્યું છે તેમ તેમણે સરકારી નોકરીનું રાજીનામું આપ્યું અને પોતાને અનુકૂળ પડે એવી બીનજવાબદારી અવસ્થામાં રહેવાનું પસંદ કર્યું. તે પ્રમાણે ચીનની ઉપાધિઓમાંથી છૂટા થઇ તે પશ્ચિમ દિશામાં ગયા.

**લાઓ-ત્ઝેનું પૂજન**

તાઓ ધર્મના સ્થાપક જો કે પોતાની જાત માટે ઘણી દીનતા બતાવતા હતા છતાં પણ પોતાના સિદ્ધાન્તોને માટે તેમને ઘણો આત્મવિશ્વાસ હતો. પછીથી રાજ્યમાં અને ધર્મના ક્ષેત્રમાં લાઓ-ત્ઝેનું માન ઘણું વધ્યું. ઇ. સ. ૧૫૬ માં રાજ્ય તરફથી પહેલવહેલો એવો હુકમ કાઢવામાં આવ્યો કે લોકોએ લાઓ-ત્ઝેના માનમાં યજ્ઞો કરવા. ઇ. સ. ના ચોથા સૈકામાં લાઓ-ત્ઝે પરમપૂજ્ય તત્ત્વજ્ઞ છે અથવા તો તેમની માનદ પદવી સૂચવે છે તે પ્રમાણે 'વૃદ્ધ કુમાર' છે એ પ્રકારની અદ્દ્ભુત અને અલૌકિક ભાવનાના સિદ્ધાન્તનો પ્રચાર થવા માંડયો. લાઓ-ત્ઝેના વાળ જન્મથી ધોળા હતા અને તેમની બુદ્ધિ પહેલેથી જ એટલી બધી પરિપકવ હતી કે લોકો કહેવા લાગ્યા કે લાઓ-ત્ઝે સામાન્ય બાળકની માફક જન્મ્યા નથી પણ એક પ્રૌઢ માણસની માફક જન્મ્યા છે, અને પોતાની માતાના ઉદરમાં બોતેર અથવા તો એકાશી વર્ષ સુધી તેમણે વાસ કરેલો છે. ઇ. સ. ૫૮૬ માં જ્યારે લાઓ-ત્ઝેની જન્મભૂમિમાં આવેલા મંદિરનો જીર્ણોદ્ધાર કરવામાં આવતો હતો તે વખતે લાઓ-ત્ઝેના અનેક અવતારો થાય છે એવા સિદ્ધાન્તનો ઉપદેશ કરતો એક શિલાલેખ ત્યાં મૂકવામાં આવ્યો. ઇ. સ. ૬૫૦-૬૮૪ સુધી ચીનના જે રાજાએ રાજ્ય કર્યું હતું તેણે જાહેર કર્યું કે લાઓત્ઝે પહેલાં રાજા હતા. ઇ. સ. ૭૧૩-૭૪૨ ના સમયમાં ધર્મમાં એવો સિદ્ધાન્ત દાખલ થયો કે લાઓ-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ત્ઝે પ્રાચીન મહર્ષિ છે. કેટલાક સમય પછી લાઓ-ત્ઝેને તાઓ ધર્મની ત્રિમૂર્તિમાં સ્થાન આપવામાં આવ્યું, પણ આ કયે વખતે બન્યું તે ચોક્કસ કહી શકાતું નથી. આ ત્રિમૂર્તિમાંના બીજા આધ્યાત્મિક તત્ત્વને પાન-કૂ-જગત્સ્રષ્ટા-કહેવામાં આવે છે. ત્રિમૂર્તિનું ત્રીજું તત્ત્વ એક ઐતિહાસિક પુરુષનું છે. આ પુરુષને સામાન્ય રીતે "મૌક્તિક સમ્રાટ્" કહેવામાં આવે છે. ઇ. સ. ૧૧૧૬ માં પુરુષને દેવ તરીકે માનવામાં આવતા હતા.

લાઓ-ત્ઝે જ્યારે જગતમાંથી નિવૃત્ત થઇ એકાન્તમાં ગયા અને મરણ પામ્યા તે વખતે તેમણે કેટલાંક ખેદદર્શક વચનો કહ્યાં હતાં. આ વચનો આ ધર્મના ગ્રન્થોમાં જોવામાં આવે છે. લાઓ-ત્ઝેના જે ભક્ત અનુયાયી છે તે એમ માને છે કે આ ખેદદર્શક વચનોને લીધે લાઓ-ત્ઝેના સ્વરૂપમાં કોઈ પણ જાતની ક્ષતિ થતી નથી. તેઓ તો ઉલટું એમ માને છે કે જેમણે બધાની તરફ સજ્જનતા બતાવવાનો ઉપદેશ કર્યો છે અને આ સિદ્ધાન્ત સ્વીકારવાની બધાને ભલામણ કરી છે તે દિવ્ય પુરુષ જ હોવા જોઈએ. લાઓ-ત્ઝેએ સગુણ પરમ તત્ત્વનો ઉપદેશ કર્યો નથી. પાપી પુરુષોની તરફ પણ જગતમાં સજ્જનતા દાખવવી એ સિદ્ધાન્ત ઉપર એમણે ઘણો ભાર મૂકયો હતો. તેમના અસંખ્ય ચીના અનુયાયીઓ માનતા કે આપણા મહર્ષિ અને ધર્મોપદેશક-લાઓ-ત્ઝે-દિવ્ય તત્ત્વનો ખરેખરો અવતાર છે. દીનતા એ ઉત્તમ ગુણ છે એવો જે સિદ્ધાન્ત લાઓ-ત્ઝેએ પોતાના ગ્રન્થમાં બતાવ્યો છે તે જ સિદ્ધાન્ત તેમણે પોતાના જીવનમાં બરોબર પાળ્યો છે.

કેટલીક બાબતોમાં લાઓ-ત્ઝે એક બુદ્ધિમાન વૃદ્ધ તત્ત્વજ્ઞ તરીકે ગણાતા હતા પણ તે ચીનને માટે આત્મભોગ આપનાર ન હતા. તેમણે પોતાના ધર્મને એક પ્રકારનો ઉત્તમ આદર્શવાદ આપ્યો, પણ પોતાને માટે એવું કાંઈ પણ રાખ્યું ન હતું. જગતમાં મહાપુરુષોએ સ્થાપેલા ધર્મોમાંથી છ ધર્મોનાં નામ તો પોતપોતાના સ્થાપકોનાં નામ ઉપરથી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પડયાં છે, દા. ત. જૈન ધર્મ, બુદ્ધ ધર્મ, કૉન્ફ્યૂશ્યસ ધર્મ, ઝોરોસ્ટર ધર્મ, ખ્રિસ્તી ધર્મ અને મહમદ ધર્મ; પણ તાઓ-ધર્મનું નામ પોતાના મહાન સ્થાપકના નામ ઉપરથી અથવા તો તેમના આદર્શ ઉપરથી પાડવામાં આવ્યું નથી, પરંતુ "તાઓ" નામના અવ્યક્ત તત્ત્વના ઉપદેશ ઉપરથી પાડવામાં આવ્યુ છે.

**તાઓ ધર્મનાં શાસ્ત્રો**

તાઓ ધર્મનો જે મુખ્ય ગ્રન્થ છે તે લાઓ-ત્ઝેએ પોતે લખ્યો છે એમ સામાન્ય રીતે માનવામાં આવે છે. આ ગ્રન્થનું નામ **તાઓ-તેહ-કિંગ** છે, અને જુદા જુદા અંગ્રેજી ભાષાન્તરકારોએ આ નામના જુદા જુદા અર્થો આપ્યા છે. સામાન્ય રીતે આ નામનો અર્થ જ કરવામાં આવતો નથી, અને જ્યારે જ્યારે તે વાપરવામાં આવે છે ત્યારે તે મૂળ રૂપમાં-જેમાં ત્રણ ચીના નામોનો સમાસ છે-વાપરવામાં આવે છે. તેના અર્થો નીચે પ્રમાણે આપવામાં આવ્યા છે :—

(૧) "તાઉ અને સદ્‌ગુણનો ગ્રન્થ" (ચામર્સ),
(૨) "સદ્‌ગુણના માર્ગનો ગ્રન્થ" (ઓલ્ડ),
(૩) "પરમાત્માની કૃપાનો ગ્રન્થ" (પાર્કર),
(૪) "પ્રકૃતિ અને તેના ધર્મોનો સિદ્ધાન્ત" (બાલ્ફર),
(૫) "પ્રકૃતિ અને ઈશ્વરના આવિર્ભાવ વિષે વિચારો" (એલેકઝાન્ડર).
(૬) "બુદ્ધિ અને સદ્‌ગુણના નિયમો" (કૅરમ)

આમાંનો છેલ્લો અર્થ સરળ અને યોગ્ય છે.

યુરોપની છ એક ભાષાઓમાં તાઓ ધર્મના આ ગ્રન્થનું ભાષાન્તર કરવાનો મોહ ઘણાને થયો હતો અને થાય છે, પણ તે કામ ઘણું કઠિન છે. ઈ. સ. ૧૭૮૮ માં ફાધર ગ્રેમોન્ટ નામના રોમન કેથોલીક પાદરીએ આ ગ્રંથનું લૅટીન ભાષામાં ભાષાન્તર કર્યું હતું, પણ તે વખતે તેમની એક માન્યતા ભૂલ ભરેલી હતી. ભાષાન્તર કરતી વખતે તે એવું માનતા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કે પરમ પવિત્ર ત્રિમૂર્તિનું અને અવ્યક્ત ઈશ્વરનું રહસ્ય પ્રાચીન કાળમાં ચીનાઓ જાણતા હતા. પણ તેમની આ માન્યતા તદ્દન ખોટી હતી. યુરોપની અર્વાચીન ભાષાઓમાં જો આ ગ્રન્થનું પહેલ વહેલું ભાષાન્તર કરવામાં આવ્યું હોય તો તે ફ્રેંચ ભાષામાં કરવામાં આવ્યું છે. આ ભાષાન્તર ફાધર રે મુસતે ઈ. સ. ૧૮૨૩ માં કર્યું, અને તેનું નામ નીચે પ્રમાણે રાખ્યું—

"જે અભિપ્રાયો સામાન્ય રીતે પાયથાગોરાસ, પ્લૅટો અને તેમના શિષ્યોએ દર્શાવેલા છે તે જ અભિપ્રાયો દર્શાવનાર, ઇ. સ. પૂર્વે છઠ્ઠા સૈકામાં પ્રગટ થનાર લાઓ–ત્ઝે નામના ચીના તત્ત્વજ્ઞાનીના જીવન અને વિચારોનું વર્ણન."

તાઓ–તેહ–કિંગના ફ્રેંચ ભાષાન્તરમાં એવો અભિપ્રાય દર્શાવવામાં આવ્યો હતો કે યાહુદી લોકોના દેવનું જે વિશિષ્ટ નામ–જેહોવાહ–હતું તે ઇ. સ. પૂર્વે છઠ્ઠા શતકમાં થઈ ગએલા ચીનના તત્ત્વજ્ઞાનીએ રચેલા ગ્રન્થના ચૌદમા પ્રકરણમાં આપવામાં આવ્યું છે, અને આ હકીકતથી યુરોપના વિદ્વાનો આશ્ચર્યચકિત થઇ ગયા હતા.

તાઓ–તેહ–કિંગની અંદર અનેક સામાન્ય વિધાનો અને ઉપદેશ–વાકયો અવ્યવસ્થિત રૂપમાં ગોઠવવામાં આવેલાં છે. જે ત્રણ પ્રકરણોમાં લાઓ–ત્ઝેના પોતાના જીવનના પ્રસંગો વર્ણવવામાં આવ્યા છે અને જેમાં તે સમયની સામાજિક સ્થિતિનો થોડો ખ્યાલ આપવામાં આવ્યો છે તે ત્રણ પ્રકરણો સિવાય બીજે કોઈ પણ સ્થળે ચીનના કોઈ પણ વિશિષ્ટ પુરુષોના વિષે અથવા તો કોઈ બનાવ વિષે કોઇ પણ જાતની ઐતિહાસિક હકીકત આપવામાં આવી નથી. આ ધર્મગ્રન્થનાં નાનાં એકાશી પ્રકરણો છે અને તેમાં એક પણ સ્થળે એક પણ વિશેષનામ જોવામાં આવતું નથી.

તાઓ–તેહ–કિંગનો બધો ઇતિહાસ જ્યારે તપાસીએ છીએ ત્યારે માલમ પડે છે કે કાળક્રમે તે ગ્રન્થની મહત્તા વધતી જતી હતી. ચીંગ તિ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(૧૫૬-૧૪૦ ઈ. સ. પૂર્વે) નામના સમ્રાટે પહેલ વહેલાં જાહેર રીતે તે ગ્રન્થને "કલાસિક"–શિષ્ટ ગ્રન્થ–તરીકે સ્વીકાર્યો. મિંગ તિ (૨૨૭–૨૩૯ ઇ. સ) નામના સમ્રાટ તો પોતાના રાજ્યના બધા પ્રધાનોને બોલાવીને આ જરા શુષ્ક લાગતા ગ્રન્થ વિષે વ્યાખ્યાનો આપતા અને તે વખતે જો કોઇ અધિકારી હાથ પગ લંબાવતો, અથવા બગાસુ ખાતો અથવા મોઢામાંથી બળખો કાઢતો તેને સખત ઠપકો આપતા.

ચીનના શેન–સિ નામના પરગણામાં હિસ–આન્–કુ નામના સ્થળમાં નેસ્ટોરિઅસના અનુયાયી ખ્રિસ્તીઓનું સ્મારક છે. તે ઉપરથી જણાય છે કે ઇ. સ. ૭૮૧ ની પહેલાં તે લોકોને તાઓ–તેહ–કિંગની ખબર હતી. અર્વાચીન પાશ્ચાત્ય ભાષાન્તરકારોએ અને ધર્મનો તુલનાત્મક અભ્યાસ કરનારાઓએ તાઓ–તેહ–કિંગની ખરી મહત્તા વિષે ઘણા ઉત્તમ અભિપ્રાયો આપ્યા છે. આઇ હેસ નામના વિદ્વાને "લાઓ–ત્ઝે, ક્રાઇસ્ટની પહેલાં થએલો એક સત્ય દ્રષ્ટા" એ નામનો એક ગ્રન્થ લખેલો છે. તેમાં તાઓ–તેહ–કિંગ અને બાઇબલમાંથી બસો અડસઠ સમાનાર્થક શ્લોકોનો સંગ્રહ કરેલો છે.

તાઓ ધર્મનો બીજો ગ્રન્થ ઘણા કાળ પછી લખાયો છે. તેનું નામ 'તાઇશાંગ કાંગ–યિંગ પિયેન', અર્થાત્ કર્મ અને તેનાં ફળની ચર્ચા કરતો ગ્રન્થ, છે. તાઓ ધર્મના અનુયાયીઓ અને જગતના વિદ્યમાન ધર્મોના અભ્યાસીઓ માને છે કે નીતિના આદર્શો સિદ્ધ કરવાને માટે આ ગ્રન્થ માત્ર તાઓ–તેહ–કિંગથી જ ઉતરતો છે. આ ગ્રન્થમાં કેટલોક ઉપદેશ ઘણો સાદો છે, પણ તે ઉપરાંત તેમાં કેટલોક ભાગ નીતિશાસ્ત્રની દૃષ્ટિએ ઘણો ઉપયોગી છે અને જગતના ધર્મોમાં વિશિષ્ટ છે. "સજ્જન" નું વર્ણન જે નીચે આપવામાં આવ્યું છે તેના જેવાં કેટલાંક વર્ણનો બાઇબલમાંથી અને વૈદિક, જૈન અને બૌદ્ધ ધર્મોના ગ્રન્થોમાંથી પણ મળી આવે છે.

"તે આડે રસ્તે નહિ જાય. તે ધર્મનાં કામો કરશે અને પુણ્ય

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મેળવશે. બધા પ્રાણીઓ ઉપર તે દયા રાખશે. પોતાના નાના ભાઇઓ તરફ પ્રેમ અને વાત્સલ્ય રાખશે, અને મોટાઓની આજ્ઞા પાળશે. તે પોતાની જાતને સુધારશે અને બીજાઓને પણ તે પ્રમાણે સુધારશે. અનાથો અને દુઃખી વિધવાઓ ઉપર તે દયાભાવ રાખશે. તે મોટાઓને માન આપશે અને નાનાઓ તરફ પ્રેમભાવ રાખશે. તેણે જંતુઓ, ઘાસ અને વૃક્ષોને કોઇ પણ પ્રકારની ઇજા ન કરવી. બીજાંઓ દુષ્ટવૃત્તિવાળા હોય તો તેણે તેમની દયા લાવવી; જો તેઓ ગુણવાન હોય; તો તેણે આનન્દિત થવું; જો તેઓ દુઃખમાં આવી પડ્યા હોય તો તેણે તેમને મદદ કરવી; જો તેઓ ભયમાં હોય તો તેણે તેમને બચાવવા; જો તેઓને લાભ થાય તો તેણે જાણવું કે એ લાભ પોતાને જ થયો છે; અને જો તેમને ખોટ જાય તો પણ તે જ પ્રકારે પોતાને જ ખોટ ગઇ છે એ પ્રમાણે માનવું; જો તેમનામાં દોષ હોય તો તે બહાર પાડવા નહિ; તેણે પોતાની બડાઇ હાંકવી નહિ; જે કાંઇ ખરાબ હોય તેને તેણે અટકાવવું, અને જે કાંઇ સારૂં હોય તેનાં તેણે વખાણ કરવાં અને તેની પ્રસિદ્ધિ કરવી; બહુ દાન કરવું પણ પોતાને માટે થોડું જ લેવું; કોઇ અપમાન કરે તો ક્રોધ કર્યા વિના તે સહન કરવું; અને બીજાઓને માન આપતી વખતે નમ્રતા રાખવી; કોઇ પણ પ્રકારના બદલાની આશા વિના બીજાના ઉપર ઉપકાર કરવો અને બીજાઓને આપીને પાછળથી કોઇ દિવસ ખેદ કરવો નહિ. આ બધાં સજ્જનનાં લક્ષણ છે. આવા જ માણસને બીજા બધા માણસો માન આપે છે. દેવ પણ તેને બચાવે છે. સુખ અને લાભ તેની પાછળ દોડે છે. બધી અનિષ્ટ વસ્તુઓ તેનાથી દૂર જાય છે. તે જે કામ હાથમાં લે છે તેમાં તેને વિજય મળે છે. પ્રાકૃત દેહનો ત્યાગ કરીને અપ્રાકૃત અને અમર થવાની તેને આશા રહે છે."

વળી તાઓ ધર્મના આ બીજા ગ્રન્થમાં ઘણી આજ્ઞાઓ કરવામાં આવી છે. દા. ત.—

"તમારા માબાપના દોષો પ્રગટ કરશો નહિ. સત્ય અને અસત્યનો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગોટાળો કરશો નહિ. અધર્મી માણસને કોઇ જાતનો લાભ આપશો નહિ. નિર્દોષને શિક્ષા કરશો નહિ. પવનને ઠપકો આપશો નહિ, અને વરસાદને ગાળ ભાંડશો નહિ. તમારી પત્નીનું અને ઉપપત્નીઓનું કહેલું સાંભળશો નહિ. તમારાં માતાપિતાની આજ્ઞાનો ભંગ કરશો નહિ. નવી વાતો સાંભળીને જૂની વાતો ભૂલી જશો નહિ. જે ઉછીનું લીધું હોય તે પાછું આપી દેજો. પ્રારબ્ધવશાત્ જે મળ્યું હોય તેનાથી વધારે મેળવવાનો પ્રયત્ન કરશો નહિ. ટુંકા ફુટનો અથવા ખોટા માપનો, હલકા તાજવાનો અથવા તો નાના પીંટનો ઉપયોગ કરશો નહિ, મહિનાના છેલ્લા દિવસે અથવા તો વર્ષના છેલ્લા દિવસે ગાશો નહિ, તેમજ નાચશો પણ નહિ. મહિનાના પહેલા જ દિવસે અથવા સવારમાં જોરથી બૂમ પાડશો નહિ, તેમ જ ગુસ્સે થશો નહિ. ઉત્તર દિશામાં રડશો નહિ, તેમ થુંકશો પણ નહિ. ખરતા તારાની સામું જોઇને થુંકશો નહિ. ઇન્દ્રધનુષ્યને આંગળી કરીને બતાવવું નહિ. જેણે ખરાબ કામ કર્યું છે તે જો પશ્ચાત્તાપ કરે અને પોતાની જાતને સુધારે, જો તે ખોટા કામ કરતો અટકે અને બધી જાતનાં સારાં કામો કરે તો આખરે તે સુખ અને આનન્દ ભોગવશે. તો પછી સારાં કામ કરવાને માટે આપણે આપણી જાતને કેમ ફરજ ન પાડવી ?"

### " તાઓ " ની મુખ્ય ભાવના

"તાઓ" શબ્દ જયારે સામાન્ય નામ તરીકે વપરાયો હોય ત્યારે તેનો મુખ્ય અને યૌગિક અર્થ "માર્ગ", "રસ્તો" થાય છે. ચીની ભાષાનો આ જ શબ્દ–" તાઓ "–સરળ અને અપારિભાષિક અર્થમાં વપરાય છે અને એવો પ્રયોગ જગતના વિદ્યમાન ધર્મોમાંના બીજા એક ધર્મના નામમાં થએલો છે. આ ધર્મને " શિન્તો " અથવા "શિન્તાઓ" કહેવામાં આવે છે અને તેનો અર્થ "દેવોનો માર્ગ" થાય છે. ખ્રિસ્તી-ધર્મને પણ પહેલાં " માર્ગ " એ પ્રમાણે કહેવામાં આવતું હતું હતું. કૉન્ફ્યૂશ્યસ ધર્મગ્રન્થમાં પણ આદર્શભૂત ધર્મિષ્ઠ પુરુષનો માર્ગ અને પરમ તત્ત્વનો પ્રકાર દર્શાવવાને માટે આ જ ધાર્મિક ભાવના સ્વીકારવામાં આવી છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"માર્ગ (તાઓ): બીજા માણસોએ તમારા પ્રત્યે કરેલું જે કામ તમને ગમતું ન હોય તે કામ બીજાઓની પ્રત્યે તમારે કરવું નહિ. સારાનો આશીર્વાદ આપવો અને ખરાબને દુઃખી કરવું એ દૈવી માર્ગ (તિએન-તાઓ) છે." આ પ્રમાણે "તાઓ" શબ્દનો મૂળ અર્થ "માર્ગ" થાય છે. આ મૂળ અર્થમાંથી ઓછામાં ઓછા ત્રણ જુદા અર્થો કાળક્રમે નીકળી આવ્યા છે: જેમકે (૧) જગતની નૈતિક અને ભૌતિક વ્યવસ્થા, (૨) તર્ક, સત્ય અને સિદ્ધાન્તનો માર્ગ અને (૩) શુદ્ધ સદ્‌ગુણનો માર્ગ, અથવા તો દેવોએ સ્વીકારેલો અને અનુસરેલો જીવનનો સત્ય માર્ગ. જ્યારે "તાઓ" શબ્દ ખરેખરા પારિભાષિક અર્થમાં વપરાય છે ત્યારે તેનો અર્થ "તત્ત્વજ્ઞાનનું એક અદ્વિતીય તત્ત્વ" અથવા તો "ધર્મનું પરમ તત્ત્વ" એ પ્રમાણે થાય છે. કૅરસ નામનો વિદ્વાન લેખક હમ્મેશાં "તાઓ" શબ્દનો અંગ્રેજીમાં "Reason"-તર્ક-એ પ્રમાણે અર્થ કરે છે. પાર્કર નામનો વિદ્વાન "Providence"-પ્રજાપાલક-ઈશ્વર-એ પ્રમાણે અર્થ કરે છે, જ્યારે એલેકઝાન્ડર નામનો વિદ્વાન "God"-ઈશ્વર-એ પ્રમાણે અર્થ કરે છે. રેમસુત નામના વિદ્વાને જે ફ્રેંચ ભાષાન્તર કરેલું છે તેમાં તે "તાઓ" શબ્દને માટે "Supreme Being"-પરમ તત્વ,-"Reason"-તર્ક-, "Word"-શબ્દ-અને Logos-વાણી વગેરે અંગ્રેજી ભાષાના શબ્દો વાપરે છે.

"સેન્ટ જહોનનો ઉપદેશ" એ ખ્રિસ્તી ધર્મના ગ્રન્થનું ચીન ભાષામાં ભાષાન્તર કરવામાં આવેલું છે અને તેમાં પહેલો જ શ્લોક નીચે પ્રમાણે આપવામાં આવેલો છે:—

> "શરૂઆતમાં 'તાઓ' હતો, અને 'તાઓ' ઈશ્વરની સાથે હતો અને 'તાઓ' પોતે જ ઈશ્વર હતો."

**પરમ તત્ત્વની ભાવના**

તાઓ-તેહ-કિંગ નામના ગ્રન્થમાં મુખ્યત્વે એક સનાતન, અવ્યક્ત



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગૂઢ પરમ તત્ત્વ વિષે ઉપદેશ કરવામાં આવેલો છે. આખા ગ્રન્થમાં સગુણ પદાર્થને લાગુ પડતો "તિ" (નિયામક) નામનો શબ્દ એક જ વાર વપરાએલો છે અને 'સેક્રેડ બુક્સ ઑફ ધી ઇસ્ટ' નામની ગ્રન્થમાળામાં તેનો અર્થ "God"–ઈશ્વર–કરવામાં આવ્યો છે. "તાઓ" વસ્તુતઃ નિષ્ક્રિય અને અવર્ણનીય છે, છતાં પણ તાઓ–તેહ–કિંગમાં તેની પ્રવૃત્તિઓ અને ધર્મોનું વર્ણન કરવાનો પ્રયત્ન કરવામાં આવેલો છેઃ દા. ત. "મૂળભૂત, આરંભકાળનું, આકાશ અને પૃથ્વીની પહેલાંનું, અંતિમ, શાન્ત, નિરાકાર, અવિકારી, નામરહિત". "બધા પદાર્થોને ટકાવી રાખનાર એક મોટું કારણ". "દેવનો માર્ગ (તિએન–તાઓ) શાન્તિથી, સ્વાર્થ રાખ્યા વિના લાભ આપે છે". "એકલા સાક્ષાત્કારથી જ જ્ઞાન થાય છે". "નિત્ય પદાર્થને જાણવું એ જ જ્ઞાનપ્રકાશ". "જેની પાસે તાઓ હોય છે તે બહુ કાળ સુધી જીવી શકે છે". "તાઓ અનિર્વચનીય છે; તેને કોઈ પણ જાતનું નામ આપી શકાય એમ નથી અને તેની મહત્તાનું વર્ણન થઈ શકે એમ નથી". "છતાં જાણે બધાનો પિતા". "વળી માતાના જેવો". "જેને તાઓનું જ્ઞાન છે તેને પૃથ્વીમાં સૌથી વધારે ઉત્તમ બનાવે છે". "તાઓના જ્ઞાતાને ચિરંજીવી બનાવે છે, અને તેના શરીરને અમર કરે છે". "ખરેખરી રીતે તો તાઓ પ્રયત્ન કરતો નથી, તે નિષ્ક્રિય છે".

## તાઓ ધર્મના નીતિના સિદ્ધાન્તો

તાઓ–તેહ–કિંગની અંદર નીતિના સિદ્ધાન્તોને અંગે એમ કહેવામાં આવ્યું છે કે આકાશદેવની માફક શાન્ત અને નિવૃત્તિપરાયણ સાદાઇ રાખવી એ જીવનનો આદર્શ છે. તાઓ ધર્મનો આદર્શ અનુયાયી તાઓની માફક શાન્ત અને ગંભીર હોય છે. સનાતન તાઓ અને આદર્શ મનુષ્યની ચિરંતન શાન્તિનું વર્ણન કરવાને માટે ચીન ભાષાના ઓછામાં ઓછા આઠ પર્યાય શબ્દો વાપરવામાં આવ્યા છે. દીનતા ઉપર અનેકવાર ભાર પણ મૂકવામાં આવે છે: દા. ત.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

" આકાશ ચિરંજીવી છે અને પૃથ્વી પણ ચિરંજીવી છે, કારણ કે તે પોતાની જાતે અથવા તો પોતાને માટે જીવતાં નથી. તેથી સાધુ પુરુષો પોતાની જાતને છેલ્લે મૂકે છે, છતાં પણ તે સૌથી આગળ આવે છે. પાણીની માફક બધા પદાર્થોને લાભ આપવામાં અને બધા લોકોને ન ગમે એવા નીચલા સ્થાનમાં કોઈ પણ પ્રકારના પ્રયાસ વિના રહેવામાંજ ઉત્તમ ગુણ રહેલો છે."

આ ગ્રન્થમાંની નીચેની ભાવનાઓ આપણું ધ્યાન ખેંચે છે:—

" જેઓ મારી સાથે સારી રીતે વર્તે છે તેઓની સાથે હું સારો છું અને જેઓ મારી સાથે સારી રીતે નથી વર્તતા તેઓની સાથે પણ હું સારી રીતે વર્તું છું; અને આ પ્રમાણે બધાને સારી રીતે વર્તવાની ફરજ પડે છે. જેઓ મારા તરફ શુદ્ધ ભાવ રાખે છે તેમના તરફ હું શુદ્ધ ભાવ રાખું છું; અને જેઓ મારા તરફ શુદ્ધ ભાવ રાખતા નથી તેમની તરફ પણ હું શુદ્ધ ભાવ રાખું છું; અને આ પ્રમાણે બધાને શુદ્ધ ભાવ રાખવાની ફરજ પડે છે."

" નુકશાનનો બદલો દયાથી વાળજો."

જે માણુસ પરિપૂર્ણ અવસ્થાએ પહોંચ્યો છે તે પરમ તત્ત્વની માફક મુખ્યત્વે શાન્ત, આત્મસંતુષ્ટ અને બધા માણસો અને પદાર્થો તરફ ઉદાસીન હોય છે.

તાઓ ધર્મમાં જો કોઈ પણ એક લાક્ષણિક વાકચ હોય તો તે " વુ–વાઈ " છે. તેનો અર્થ એવો થાય છે કે " કંઈપણ કરો નહિ ", અથવા " કોઈ જાતનો પ્રયત્ન ન કરવો તે ", અથવા " નિષ્ક્રિયતા ". આનું સ્પષ્ટીકરણ કરનારાં નીચેનાં વાકચો વિચારવા જેવાં છે :—

" આખા વિશ્વમાં વ્યવસ્થા રાખવાને માટે આ સ્થિતિ આવશ્યક છે". " શાન્ત અને નિષ્ક્રિય રહેવામાં જ વિજય છે".

" તેથી સંત પુરુષ કહે કે હું વુ–વાઇ પ્રમાણે રહું છું ". જે અવસ્થામાં સંતોષ હોય છે અને જેમાં યુદ્ધ, રાજ્ય, લેખન, મુસાફરી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અથવા તો મૃત્યુનો ભય નથી એવી કુદરતી અને સાદાઈ ભરેલી દશામાં પાછા આવી જાવ."

તાઈ-શાંગ નામના પાછળ લખાએલા ગ્રન્થમાં પણ નીતિનો જે આદર્શ આપવામાં આવેલો છે તેમાં ઉપર પ્રમાણે જ અનેક પ્રકારનાં તત્ત્વોનું મિશ્રણ છે.

**તાઓ ધર્મના પાછળથી થએલા નેતાઓ**

લાઓ-ત્ઝેના મરણ પછી લગભગ સવાસો વર્ષ સુધી એક પણ નામાંકિત નેતા આ ધર્મમાં થયો નથી. ઇ. સ. પૂર્વે પાંચમા શતકમાં **લીહ-ત્ઝે** નામના પુરુષે ધર્મના કેટલાંક ઉત્તમ સિદ્ધાન્તોનો ઉપદેશ કર્યો હતો: દા. ત.—

" મારૂં રહસ્ય એક જ છે કે જેનાથી રાજ્યનાં દરેક પુરુષ, સ્ત્રી અને બાળક, એકબીજાના તરફ પ્રેમભાવ રાખવા અને એકબીજાનું ભલું કરવાની સદિચ્છાથી પ્રેરાશે. જો તમારા હેતુઓમાં તમારો શુદ્ધ ભાવ હશે તો દેશનાં બધાં માણસો સુખી થશે ".

" તાઓની સાથે જે માણસ એકતા સાધે છે તે બાહ્ય પદાર્થોની સાથે પણ એકતા સાધી શકે છે, અને તે પદાર્થોમાંનો એક પણ પદાર્થ તેને નુકશાન અથવા પ્રતિબંધ કરી શકતો નથી. ઘન ધાતુમાં અથવા પત્થરમાં થઇને જવાનું, અગ્નિની વચ્ચે થઇને ચાલવાનું અથવા પાણીના ઉપર ફરવાનું-આ બધું તે પુરુષને માટે સંભવિત છે ".

ઇ. સ. પૂર્વે ચોથા શતકમાં **ક્વાંગ-ત્ઝે** નામના તાઓ ધર્મના મહાપુરુષ થઈ ગયા. એમણે રચેલા ગ્રન્થો ઘણા લોકપ્રિય છે. જેમ જહોન બનીઅને " પિલ્ગ્રિમ્સ પ્રોગ્રેસ " નામના ગ્રન્થદ્વારા ધર્મના સિદ્ધાન્તોનો ઉપદેશ કર્યો હતો તે જ પ્રમાણે ક્વાંગ-ત્ઝેએ પણ રસમય વાતોથી, કલ્પનામય સંવાદોથી, યથાર્થ વિશેષ નામોથી અને કડક કહેવતોથી ધર્મના આદર્શોને જગત આગળ મૂકયા હતા. ઇ. સ. ૬૦૦ સુધીમાં તો તેમના ગ્રન્થની લગભગ વીસ આવૃત્તિઓ થઇ ગઇ. ઇ. સ. ૭૪૨ માં રાજાના

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હુકમથી તેમને સંત તરીકે માનવામાં આવ્યા. તેમણે તાઓ ધર્મના મુખ્ય સિદ્ધાન્તોનો વારંવાર ઉપદેશ કર્યો હતો.

### તાઓ ધર્મનો ઇતિહાસ

તાઓ ધર્મનો ઇતિહાસ લગભગ અઢી હજાર વર્ષનો છે. આ ઇતિહાસ જોતાં માલમ પડે છે કે ચીનનો જે મુખ્ય ધર્મ-કૉન્ફ્યૂશ્યસ ધર્મ-હતો તેની સામે જ આ ધર્મે પોતાનું કાર્ય કર્યા કર્યું છે. ખ્રિસ્તી શકમાં પણ બૌદ્ધ ધર્મ હિન્દુસ્તાનમાંથી ચીનમાં આવ્યો અને ધર્મના ક્ષેત્રમાં તે ત્રીજો પ્રતિસ્પર્ધી થયો. ચીનના કેટલાક રાજાઓએ તાઓ ધર્મનો સ્વીકાર કરી તેને મદદ કરી છે. પણ ઘણેખરે ભાગે તો તાઓ ધર્મની અવનતિને લીધે તેની પ્રતિષ્ઠાને હાનિ પહોંચી છે. તાઓ ધર્મમાં ચીનની બહાર ધર્મના પ્રચારનું કાર્ય કરવામાં આવ્યું નથી. વળી આ ધર્મમાં સુધારકો પણ ઘણા થોડા થયા છે. તેના ઇતિહાસની મુખ્ય સાલોમાં ચીનના રાજાઓની સહાનુભૂતિ અથવા વિરોધ જોવામાં આવે છે.

ઇ. સ. પૂર્વે

| | |
|---|---|
| ૨૧૨ | 'શિ હુઆંગ તિ' નામના રાજાએ કૉન્ફ્યૂશ્યસ ધર્મનાં પુસ્તકો બાળી નાખ્યાં અને તાઓ ધર્મની સ્થાપના કરી. અમરતાની ઔષધિ ખોળવાને માટે તેણે અપ્સરાઓના બેટોમાં દરિઆઇ લશ્કરને મોકલ્યું. |

ઇ. સ.

| | |
|---|---|
| ૧ | ચીનના એક તાઓ ધર્મના અગ્રણી અનુયાયીએ અમરતાની ગોળી બનાવવાનો પ્રયત્ન કર્યો. |
| ૧૫૬ | ચીનના 'હવાન' નામના રાજાએ લાઓ-ત્ઝેના માનમાં પહેલવહેલો હોમ કર્યો. |
| ૫૭૪-૫૮૧ | 'વુ' નામના રાજાએ ધર્મોનો ક્રમ ગોઠવ્યો-કૉન્ફ્યૂશ્યસ' ધર્મ પહેલો, તાઓ ધર્મ બીજો અને બૌદ્ધ ધર્મ ત્રીજો, પણ થોડા જ વખતમાં તે તાઓ ધર્મ અને બૌદ્ધ |

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ધર્મથી કંટાળી ગયો અને તેમને કાઢી મૂકવા હુકમ કર્યો. તેની પછી થએલા ' ત્સિંગ ' નામના રાજાએ કૉન્ફ્યૂશ્યસ ધર્મથી વ્યતિરિક્ત આ બે ધર્મોને–તાઓ ધર્મ અને બૌદ્ધ ધર્મને–ફરીથી સ્થાપ્યા.

૬૫૦–૬૮૪ લાઓ–ત્ઝેને રાજા તરીકે માનવામાં આવ્યા. સરકારી પરીક્ષાઓના અભ્યાસક્રમમાં લાઓ–ત્ઝેના ગ્રન્થોને દાખલ કરવામાં આવ્યા.

૭૧૩–૭૪૨ ' કઇ યુએન' નામના રાજાએ પોતાના આખા રાજ્યમાં તાઓ–તેહ–કિંગની નકલો વહેંચી. ' સુવર્ણ પત્થર ' ની તાઓ ધર્મની દવા તેણે લીધી. જાદુવિદ્યા વધી.

૮૨૫–૮૨૭ ' પાઓ–લિ ' નામના રાજાએ તાઓ ધર્મના બધા વૈદ્યોને તેમની લુચ્ચાઇ અને ઢોંગ માટે ચીનના દક્ષિણ છેડા સુધી નસાડી મૂકયા.

૮૪૧–૮૪૭ ' વુ ત્સુંગ ' નામના રાજાએ તાઓ ધર્મ અને બૌદ્ધ ધર્મના સાધુઓ અને સાધ્વીઓના મઠો બંધ કરવાનો હુકમ કર્યો. પાછળથી તેણે તાઓ ધર્મના ઉપર કૃપા દર્શાવી અને બૌદ્ધ ધર્મની ' પારકો ધર્મ ' છે એમ કહીને નિન્દા કરી. અપ્સરાઓની માફક આકાશમાં ઉડી શકાય એટલા માટે તે રાજાએ પોતાનાં હાડકાંને દિવ્ય બનાવવા સારૂ તાઓ ધર્મની દવા લીધી.

૧૬૬૧–૧૭૨૧ ' કાંગ હસી ' નામના રાજાએ તાઓ ધર્મના ઉંટ-વૈદ્યોને શિક્ષા કરવાનો હુકમ કર્યો. એટલું જ નહિ પરંતુ દરદીઓને પણ શિક્ષા કરવાનો હુકમ કર્યો. તાઓ ધર્મવાળાઓને સભાઓ ભરવાની અને વરઘોડાઓ કાઢવાની મનાઇ કરી. આ ધર્મની અનેક શાખાઓને દબાવી દેવાનો તેણે પ્રયત્ન કર્યો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

૧૯૦૦ તાઓ ધર્મના સ્થાપકે આજ્ઞા કરી હતી કે 'યોદ્ધાઓની સામે લઢતી વખતે હથીઆરોથી તેણે બ્હીવું નહિ.' આ ઉપદેશ ઉપર પૂર્ણ શ્રદ્ધા રાખીને તાઓધર્મના કેટલાક અનુયાયીઓ માનવા લાગ્યા કે અમારા શરીરને પરદેશી લોકોની બંદૂકની ગોળીઓથી ઇજા નહિ થાય. આવું માનનારાઓનો એક વર્ગ ઉભો થયો જેને બૉકસર અપરાઇઝિંગ કહેવામાં આવે છે,

## અર્વાચીન તાઓ ધર્મ

મૂળ સ્થાપકના જે ઉત્તમ સિદ્ધાન્તો હતા તેનાથી જુદી જ રીતે આ ધર્મની પ્રવૃત્તિ ચાલેલી છે, છતાં પણ તાઓ ધર્મમાં પાછળથી જે સુધારાવધારા થયા તેમાં ધર્મગુરુના ક્રમિક અધિકારની બાબત સિવાયના બધા ય સુધારા વધારાઓનો થોડોઘણો આધાર તાઓ-તેહ-કિંગની અંદર જ મળી આવે છે. મૂળ સ્થાપકે સામાજિક ગેરવ્યવસ્થા દૂર કરવાને અને નીતિના આદર્શો સિદ્ધ કરવાને જે પ્રયત્ન કર્યો હતો તે બધો ભાવ પાછળના તાઓ ધર્મના અનુયાયીઓ તદ્દન ભૂલી જ ગયા છે. તાઓ ધર્મ હમ્મેશાં ગૂઢ જ રહેલો છે, પણ જયારે તેનો ઇતિહાસ તપાસવામાં આવે છે ત્યારે જણાય છે કે તેના અનુયાયીઓએ ગૂઢ પદાર્થને સમજાવવાને માટે જાદુના અશાસ્ત્રીય શબ્દો વાપર્યા છે. વસ્તુતઃ તાઓ ધર્મનો ઇતિહાસ કરુણાજનક છે. આરંભમાં તે ધર્મે ઘણા સારા સિદ્ધાન્તો શીખવ્યા પણ કાળક્રમે તેની જબરદસ્ત અધોગતિ થઇ, જેને પરિણામે તે ધર્મમાં અનેકેશ્વરવાદ, ભૂતવાદ, મલિન વિદ્યા અને કીમીઓ દાખલ થયાં.

હાલના ધર્મગુરુનું મુખ્ય કર્તવ્ય લોકોને આશીર્વાદ આપવાનું અને મંત્ર અને તાવીજ વેચવાનું હોય છે. રોગ અને ભૂત વગેરેની પીડા ન થાય તેને માટે મંત્ર અને તાવીજનો લોકો ઉપયોગ કરે છે. આ ધર્મના

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પાદરીઓની નીતિ વિષે સમાજમાં ઘણો હલકો અભિપ્રાય હોય છે. સાધુઓના અથવા સાધ્વીઓના મઠોમાં જઈને શાન્ત અને નિવૃત્તિપરાયણ જીવન ગાળવું અને લાંબું આયુષ્ય ભોગવવું એમાં જ અમર તાઓની જે શાન્ત અને અક્ષોભ્ય સ્થિતિ છે તે લગભગ ભોગવી શકાય છે એમ માનવામાં આવે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ આઠમું

## શિન્તો ધર્મ

### પ્રકૃતિપૂજા, રાજપૂજા અને પવિત્રતાનો ધર્મ

**જગતના વિદ્યમાન ધર્મોમાં સ્થાન**

શિન્તોધર્મ જાપાનની પ્રજાનો પ્રાચીન ધર્મ છે, અને જો તે ધર્મની કાલગણુનાની પરંપરા–ઇ. સ. પૂર્વે ૬૬૦–સ્વીકારવામાં આવે તો જગતના ધર્મોમાં પ્રાચીનતાની દષ્ટિએ તે ધર્મનું સ્થાન ત્રીજું છે. હાલમાં આ ધર્મનો સૂક્ષ્મ અને ઉંડો અભ્યાસ થવાથી વિદ્વાનો એમ માનતા થયા છે કે આ ધર્મને જેટલો પ્રાચીન માનવામાં આવે છે એટલો એ પ્રાચીન નથી છતાં પણ આરંભકાળથી જ શિન્તોધર્મની અંદર જાપાની ધર્મવિષયક વિલક્ષણ બુદ્ધિ તો જોવામાં આવે છે એમાં કોઈ પણ પ્રકારનો સંદેહ નથી.

રાજકીય સિદ્ધાન્તો અને પોતાના અનુયાયીઓની પ્રજાકીય દઢતા સ્થાપવામાં શિન્તોધર્મે જે ફાળો આપ્યો છે તે જગતના બધાય ધર્મોમાં અદ્વિતીય છે. આ ધર્મના ગ્રન્થો પ્રમાણે ઈશ્વરે જાપાનના બેટને પહેલવહેલો ઉત્પન્ન કર્યો, અને પહેલો મિકાડો એ સ્વર્ગમાંના સૂર્યદેવતાનો પૃથ્વી ઉપર સાક્ષાત્ અવતાર હતો.

જાપાન દેશ અને રાજ્ય ઈશ્વરે બનાવેલાં છે અને એક રાજશાસન ચિરકાલીન છે એ ભાવના જાપાનના પ્રજાકીય ધર્મથી દરેક જાપાનના મગજમાં દઢ થઇ ગએલી છે. જગતની બીજી પ્રજાઓની માફક ઉચ્ચ સ્થિતિ ભોગવવાને માટે ઇ. સ. ૧૮૮૯ માં જાપાનનું નવું બંધારણ બાંધવામાં આવ્યું. આ વખતે પણ ધર્મ ઉપર જ ફરીથી ભાર મૂકવામાં આવ્યો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ બંધારણના ઉદ્દેશભાગમાં સ્પષ્ટ કહેવામાં આવ્યું છે કે સનાતનકાળથી અવિચ્છિન્ન ચાલી આવેલી રાજગાદી ઉપર મિકાડો બેસે છે. ઐતિહાસિક દૃષ્ટિએ વિચારીએ તો માલમ પડે છે કે જગતમાં જૂનામાં જૂના રાજવંશને શિન્તો ધર્મે ઘણો મજબુત આધાર આપેલો છે.

બીજા ધર્મો તરફ ઉદારતા દર્શાવવામાં શિન્તો ધર્મ લગભગ અદ્વિતીય જ છે. આ ધર્મના ગ્રન્થોને આધારે આપણને જણાય છે કે શિન્તો ધર્મ લગભગ ચૌદસો વર્ષ સુધી કૉન્ફ્યૂશ્યસ ધર્મ અને બૌદ્ધ ધર્મની સાથે સાથે અને તેમની સાથે ભળી જઇને ચાલુ રહેલો છે. ઇ. સ. ૬૦૦ થી તાઓ ધર્મ પણ જાપાનમાં પ્રચલિત થએલો છે. આ ધર્મનું જાપાની ભાષામાં ખાસ નામ મળી આવે છે. તે '**કમિ–નો–મિચિ**' છે. તેનો અર્થ "દેવોનો માર્ગ' એ પ્રમાણે થાય છે; પણ સામાન્ય વ્યવહારમાં જે નામ વપરાય છે તે 'કમી–નો–મિચિ' નું ચીન ભાષાનું '**શિન્તો**' (અથવા 'શિન–તાઓ') નામ છે. આ નામની અંદર જે છેલ્લો ભાગ છે તેમાં ચીન તાઓ ધર્મનો 'તાઓના' નામનો અંશ સ્પષ્ટ રીતે જણાય છે. આ ધર્મના ગ્રન્થો (નિહોન–ગી, ૨: ૧૯૫) કહે છે કે જાપાનનો એક રાજા "દેવોનો માર્ગ" ની નિન્દા કરતો હતો અને તેણે બૌદ્ધ ધર્મનો વિધિસર સ્વીકાર કર્યો હતો. રાજકીય વફાદારી મેળવવાની બાબત સિવાય આ ધર્મના ઇતિહાસમાં કોઇ દિવસ કોઈને નવો ચેલો બનાવવામાં આવ્યો નથી, તેમજ કોઇને ત્રાસ પણ આપવામાં આવ્યો નથી. આ ધર્મની સ્થાપના કોઇ મહાન પુરુષે કરી નથી, તેથી મહાપુરુષોએ સ્થાપેલા ધર્મોમાં જે પ્રમાણે ધાર્મિક ભાવનાઓ અને અનુભવો સ્પષ્ટ રીતે તરી આવે છે તે પ્રમાણે આ ધર્મમાં બનતું નથી. આધુનિક સમયમાં તો જાપાન, યુરોપ અને અમેરિકાના વિદ્વાનો કહે છે કે શિન્તોને ખરેખરી રીતે ધર્મ કહી શકાય નહિ, કારણ કે તેમાં તો માત્ર દેશાભિમાનની જ ભાવના છે. વાસ્તવિક રીતે શિન્તોને ધર્મનો એક

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પ્રકાર ગણીએ તો ખોટું નથી.

### શિન્તોધર્મનાં શાસ્ત્રો

જાપાનના પોતાના સાહિત્યમાં જો સૌથી વધારે કીમતી અને અસરકારક ગ્રન્થો હોય તો તે બે છે : (૧) એકમાં મનુષ્યોના જન્મ પહેલાં, દેવલોકોના યુગમાં થએલાં કૃત્યો અને સંવાદોનું વર્ણન કરવામાં આવ્યું છે, અને (૨) બીજામાં જાપાનની ઉત્પત્તિ અને લગભગ એક હજારથી વધારે વર્ષો સુધી થઈ ગએલા રાજાઓના રાજ્યની હકીકત આપેલી છે. આ બે ગ્રન્થોનાં નામ 'કો–જી–કી' અને 'નિહોન્–ગી' છે. 'કો–જી–કી' નો અર્થ 'જુની બાબતોનો ઇતિહાસ' એ પ્રમાણે થાય છે. જ્યારે 'નિહોન્–ગી' નો અર્થ 'જાપાનનો ઇતિહાસ' એ પ્રમાણે થાય છે. પહેલા ગ્રન્થની પ્રસ્તાવના ઉપરથી અને બીજા ગ્રન્થ ઉપરની ટીકા–જે તે ગ્રન્થ પછી સો વર્ષની અંદર લખવામાં આવેલી છે–તેના ઉપરથી જણાય છે કે આ બન્ને ગ્રન્થો અનુક્રમે ઇ. સ. ૭૧૨ અને ઇ. સ. ૭૨૦માં રચાયા છે. આ પ્રમાણે ધર્મોના ઇતિહાસમાં આ સાહિત્ય ઘણું મોડું રચાયું છે. અર્થાત્ જગતમાં છેલ્લો મોટો ધર્મ સ્થાપનાર મહમદના જન્મ પછી લગભગ સો વર્ષ પછી અને ઇ. સ. પૂર્વે ૬૬૦ માં 'જમ્મુ તેન્નો' નામનો પહેલો મિકાડો રાજ્યગાદીએ આવ્યો એ બનાવ–જે માનવજાતિના ઇતિહાસમાં સૌથી પ્રથમ છે અને જેનું વર્ણન આ જ ગ્રન્થોમાં કરવામાં આવેલું છે–તેના પછી લગભગ તેરસો વર્ષ પછી આ સાહિત્યની રચના થઇ છે. છતાં પણ જાપાનની બારસો વર્ષની સાહિત્યપ્રવૃત્તિમાં જે પ્રાચીન ગ્રન્થો આજે મળે છે તેમાં 'કો–જી–કી' અને 'નિહોન્–ગી' એ બે ગ્રન્થો અતિ પ્રાચીન છે.

'કો–જી–કી' નો કર્તા તે ગ્રન્થની પ્રસ્તાવનામાં લખે છે કે 'હું રાજ્યનો પાંચમા વર્ગનો સરદાર છું અને રાજાએ મને જુના કાળના રાજાઓની વંશાવળી અને વચનામૃતો એકઠાં કરી યોગ્ય રીતે ગોઠવવાનું કામ સોંપ્યું છે.' ત્યાર પછી એક સમર્થ કથાકાર, જે બધું વાંચેલું

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અને સાંભળેલું બરોબર રીતે કહી શકે તેણે જે પ્રમાણે કહ્યું તે જ પ્રમાણે આ લેખકે બધું લખી લીધું અને ગ્રન્થ તૈયાર કર્યો.

નિહોન–ગી ઉપરની ટીકામાં કહેવામાં આવ્યું છે કે આઠ વર્ષ પછી તે જ રાજાના હુકમથી એક રાજકુમારની સાથે મળીને કો–જી–કી ના કર્તાએ બીજો ગ્રન્થ રચ્યો છે. આ ગ્રન્થમાં ઘણી હકીકતો આપવામાં આવેલી છે અને તેથી તે પહેલા ગ્રંથ કરતાં વધારે મોટો છે. જુની વસ્તુઓને સાચવી રાખવાનો રાજાનો જે હેતુ હતો તે જ પ્રમાણે આ ગ્રંથમાં વિષયોને ગોઠવવામાં આવ્યા છે.

ઇ. સ. ૧૮૯૩ માં ટોકિયોની ઇમ્પિરિઅલ યુનિવર્સિટિના પ્રો. કુમ નામના જાપાની વિદ્વાને આ ઐતિહાસિક ગ્રન્થોનો સૂક્ષ્મ અને ઊંડો અભ્યાસ કરીને પહેલવહેલું જાહેર કર્યું કે આ ગ્રન્થો ઉપર પૂરેપૂરો આધાર રાખવો નહિ. શિન્તો ધર્મના ધર્મચુસ્ત લોકોની માન્યતાનું આ પ્રમાણે ખંડન કરવાથી તે વિદ્વાનને યુનિવર્સિટીમાંથી કાઢી મૂકવામાં આવ્યા હતા.

જગતના બીજા ધર્મોના ગ્રન્થોમાં જે અશ્લીલતા કદાચિત્ જણાતી હશે તેના કરતાં વધારે પ્રમાણમાં 'કો–જી–કી'માં અશ્લીલતા જોવામાં આવે છે. અંગ્રેજી ભાષાન્તરકાર પોતાની પ્રસ્તાવનામાં આ વાત પાંચ વાર કહે છે. ઓછામાં ઓછાં સોળ પૃષ્ઠમાં "અશ્લીલ ભાગ છે અને દેખીતી રીતે અંગ્રેજીમાં તેનું ભાષાન્તર થઇ શકે એમ નથી" (કો–જી–કી, પૃ. ૪) એમ કહીને ભાષાન્તરકાર લૅટિન ભાષામાં તે ભાગનું ભાષાન્તર આપે છે.

શિન્તો ધર્મનો ત્રીજો અગત્યનો ગ્રન્થ 'યેન્ગી-શિકિ' છે, જેમાં યેન્ગી સમયના (૯૦૧–૯૨૩ ઇ. સ.) નિયમો આપવામાં આવ્યા છે. પચાસ પ્રકરણમાંથી પહેલાં દસ પ્રકરણમાં આ ધર્મનું જ્ઞાન મેળવવાને માટે જુનામાં જુની સાહિત્યસામગ્રી સારી આપવામાં આવી છે. આ ગ્રન્થમાં જુદે જુદે પ્રસંગે કરવામાં આવતી પચીસ પ્રાર્થનાઓ–"નોરી–તો"–આપવામાં આવેલી છે: દા. ત. નવું અન્ન થાય તે વખતે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ખેડૂતોનો જે ઉત્સવ થાય છે તે પ્રસંગે એક પ્રાર્થના કરવામાં આવે છે.

શિન્તો ધર્મનો ચોથો મુખ્ય ગ્રન્થ **"મૅનિઓ-શિઉ"**—દસ હજાર પત્રનો સંગ્રહ—છે. પાંચમાંથી આઠમાં શતકના ગાળામાં જે કાવ્યો રચાયાં તેમાંનાં ૪૪૯૬ કાવ્યોનો આ ગ્રન્થમાં સંગ્રહ કરેલો છે.

જાપાન બેટની દિવ્ય ઉત્પત્તિ અને તેના પ્રાચીન ઇતિહાસને લગતી અનેક કથાઓ, હકીકતો, ગીતો અને કાવ્યોનો વિવિધ સંગ્રહ આ ધર્મ-ગ્રન્થોમાં જોવામાં આવે છે. આ સંગ્રહમાં કુદરતની શક્તિમાં રહેલો આનન્દ વર્ણવવામાં આવ્યો છે, અને સાથે સાથે કુદરતનાં કેટલાંક ભયાનક સ્વરૂપોનો પણ ખ્યાલ આપવામાં આવેલો છે. પણ એક વાત ખાસ નોંધવા જેવી એ છે કે શિન્તો ધર્મના ગ્રન્થોમાં ધાર્મિક સાહિત્યના કેટલાક લાગણીવાળા અને ઉત્તમ વિષયોની બિલકુલ ચર્ચા કરવામાં આવી નથી; અર્થાત્ કર્તવ્યોમાં પરસ્પર વિરોધ, નીતિના આદર્શના ગુંચવાડા ભરેલા પ્રશ્નો, મનુષ્યોમાં સારાં અને ખરાબ તત્ત્વો વચ્ચે ચાલતું યુદ્ધ, કોઇ એક ઐતિહાસિક મહાન વ્યક્તિ, ધર્મ મેળવવાના પ્રયત્નમાં અણીને સમયે મળી આવતી ઈશ્વરી મદદ, આખા જગતની ઉન્નતિ કરી શકે એવી કોઇ પણ પ્રકારની યોજના અથવા તો ભવિષ્યના જીવન વિષેની અગત્યની ગૂઢ વાતો—આ બધા વિષયોના સંબંધમાં આ ધર્મના ગ્રન્થોમાં કાંઈ પણ કહેવામાં આવ્યું નથી.

### દેવની ભાવના

દેવ અથવા ઈશ્વરને માટે જાપાની ભાષામાં **'કમી'** નામનો શબ્દ છે. તેનો મુખ્ય અર્થ "ઉપરનો" થાય છે. જાપાનમાં પ્રસિદ્ધ થએલા શિન્તો ધર્મ ઉપરના છેલ્લા મોટા ગ્રન્થમાં 'કમી' શબ્દની ઉત્પત્તિ અને અર્થ વિષે જુદા જુદા સોળ અભિપ્રાયો આપવામાં આવ્યા છે અને પછીથી ત્રણ મુખ્ય અર્થોને આધારે ત્રણ ભાગમાં વહેંચી નાંખ્યા છે: (૧) શુદ્ધ અથવા પવિત્ર, (૨) ઉત્તમ અને (૩) વિચિત્ર, ગૂઢ, ભયાનક, ગુપ્ત અને અલૌકિક

**મોતૂરી** (૧૭૩૦–૧૮૦૧ ઇ. સ.) એ શિન્તો ધર્મના આખા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઇતિહાસમાં સૌથી મોટો વિદ્વાન માણસ હતો. તેણે શિન્તો ધર્મની આ દેવ વિષેની મુખ્ય ભાવના એક ફકરામાં સમજાવી છે અને તેની ઘણી સારી અસર થઇ છે. આ ભાગ નીચે પ્રમાણે છે:—

"એકલાં મનુષ્યો જ નહિ, પણ પક્ષીઓ, પશુઓ, છોડવાઓ અને વૃક્ષો, સમુદ્રો અને પર્વતો અને અલૌકિક સામર્થ્યને લીધે જેનાથી ભય થાય અને જેને માટે માન ઉપજે એવા બીજા બધા પદાર્થો 'કમી' કહેવાય છે. ઉદારતામાં, સજ્જનતામાં અથવા તો ઉપયોગીપણામાં તે બધા પદાર્થો ઉત્તમ જ હોવા જોઇએ એમ નથી. જે કોઇ મલિન અને ભયંકર પદાર્થથી જો સામાન્ય રીતે ભય ઉત્પન્ન થતો હોય તો તે પદાર્થ પણ 'કમી' કહેવાય છે. વારાફરતી થએલા 'મિકાડો' ઓ, પ્રાચીન અને અર્વાચીન સમયમાં થઇ ગએલા અસંખ્ય દૈવી મનુષ્યો, શિયાળ, વાઘ, વરૂ, 'પીચ' નામનું ફળ અને રત્નો—આ બધા પદાર્થો 'કમી' કહેવાય છે."

'નિહોન્–ગી' પ્રમાણે શિન્તોધર્મના દેવોની સંખ્યા સામાન્ય રીતે એંશી અયુત છે, જ્યારે 'કો-જી–કી' પ્રમાણે આઠસો અયુત છે. કોઇવાર તેમની સંખ્યા આપવામાં આવતી નથી અને તેમનું સંક્ષેપમાં વર્ણન કરવામાં આવે છે. આ બન્ને મુખ્ય ગ્રન્થોમાં દેવોની ઉત્પત્તિ વિષે વિચાર કરવામાં આવ્યો છે. જ્યારે બધો અંધકાર દૂર કરવા માંડચો ત્યારે આકાશ અને પૃથ્વી ઉત્પન્ન થયાં, અને ત્યાર પછી દેવો ઉત્પન્ન થયા. શરૂઆતમાં દેવો બે હતા; એક 'ઇઝનગી'—નિમંત્રણ આપનાર પુરુષ, અને બીજો 'ઇઝનમી'—નિમંત્રણ આપનાર સ્ત્રી. આ બન્નેએ મળીને પ્રજા ઉત્પન્ન કરી.

સ્ત્રી અને પુરુષ દેવોનાં ચરિતો ધર્મગ્રન્થોમાં ઘણી સ્પષ્ટતાથી વર્ણવવામાં આવેલાં છે. તેઓ જન્મે છે, પરણે છે, પ્રજા ઉત્પન્ન કરે છે, વમન કરે છે, સ્નાન કરે છે, માંદા પડે છે, ચીઢાઇ જાય છે, એકબીજાની ઇર્ષ્યા કરે છે, રડે છે, શાપ આપે છે, મારે છે, નાશ કરે છે, મરી જાય છે; તેમને અમુક જગ્યાએ દાટવામાં આવે છે અને પછીથી તેમને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

.જાપાનનો રાજા ઊંચી પદવીએ ચઢાવે છે.

મનુષ્યોનાં નૈતિક જીવન જેટલાં વિવિધ છે તેટલાં જ વિવિધ દેવોનાં નૈતિક જીવન છે; દા. ત. દેવોનો સમૂહ જુઠું બોલનારો છે. ( કો–જી–કી, ૨૨૯ ). દેવોને માટે નીતિનાં જે ધોરણો દર્શાવેલાં છે તેનાથી પણ આગળ વધીને જાપાનમાં નીતીનું ધોરણ કેટલે દૂર જાય છે તેનો ખ્યાલ આના ઉપરથી આવે છે. 'સુસ–નો–વો' નામના દેવે જે અનિષ્ટ કામ કર્યું અને દેવોએ તેના અપરાધને માટે તેને જે શિક્ષા કરી એ બધુ આજે જાપાનમાં કોઈ પણ કરે તો તેને અવશ્ય શિક્ષા કરવામાં આવે છે. ઇ. સ. ૧૮૬૮ સુધી લિંગપૂજાનો બધે પ્રચાર હતો, પણ મૈજી (પ્રકાશ) ના સમયથી તેને એકદમ અટકાવવામાં આવી દીધી.

**પ્રકૃતિના દેવો**

શરૂઆતમાં આ ધર્મમાં મુખ્યત્વે પ્રકૃતિની પૂજા કરવામાં આવતી હતી. મૂળ ગ્રન્થોમાં જેટલા દેવોનાં નામ આવે છે તેમાંથી ઘણાખરા દેવો કુદરતના પદાર્થો અથવા શક્તિઓ છે.

પ્રકૃતિના દેવોમાં 'અમ–તેરસુ' (આકાશમાં પ્રકાશતો પદાર્થ) નામની સૂર્યદેવી મુખ્ય છે. 'ઇઝનગી' નામના મૂળ જનક પિતાની જે અસંખ્ય પ્રજા થઇ તેમાં સૂર્યદેવીને મુખ્ય સ્થાન આપવામાં આવ્યું છે.

જાપાનના દૈવી મિકાડો ( રાજા ) નો વંશ કોઇ પુરુષદેવમાંથી ઉતરી આવ્યો નથી પણ આ જ સૂર્યદેવીમાંથી ઉતરી આવ્યો છે. જગતનો સાર્વભૌમ નિયામક નારીજાતિનો છે એ સિદ્ધાન્ત એકલા શિન્તો ધર્મમાં જ જોવામાં આવે છે અને આ દૃષ્ટિએ જગતના બધા ધર્મોમાં તે અદ્વિતીય છે. આરંભકાળના મૂળ પુરુષે–ઇઝનગીએ–'ત્સુકી–યોમી' નામના ચન્દ્રદેવને બીજું સ્થાન આપ્યું અને સૂર્યદેવીની સાથે રહીને શાસન કરવાનું કહ્યું.

આ ધર્મના બે મુખ્ય ગ્રન્થોમાં બીજા ઘણા પ્રકૃતિદેવો વર્ણવવામાં આવ્યા છે: દા. ત. 'કગસે–વો' ( તારાદેવ ), 'સુસ–નો–વો' ( પર્જન્ય

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દેવ ), અને ‘ ત–કીરી–મીમ ’ ( ધુમસદેવી ). જાપાનના ઘણા પવિત્ર પર્વતોમાં ‘ ફુજી–યામા ’ નામનો પર્વત ઘણો પવિત્ર છે અને તેની પૂજા કરવામાં આવે છે.

**મિકાડોપૂજા**

પહેલા મિકાડોની દિવ્ય ઉત્પત્તિ સાક્ષાત્ સૂર્યદેવીમાંથી થઇ છે એ પ્રમાણે બન્ને મુખ્ય ધાર્મિક ગ્રન્થોમાં કહેવામાં આવ્યું છે. ‘ અમ–તેરસુ ’ પૃથ્વી ઉપર રાજ્ય કરવાને માટે ખાસ પોતાના પુત્રને મોકલે છે. કયે સ્થળે આ પુત્ર વસે છે તેની માહિતી ધાર્મિક ગ્રન્થોમાં આપેલી છે.

મિકાડોએ જાતે જે વચનો કહ્યાં છે અને જે આજ્ઞાઓ કરી છે તે બધામાં પોતાની દૈવી ઉત્પત્તિ અને દૈવી સત્તાનો વારંવાર ઉલ્લેખ કરેલો છે. મિકાડો દેવનો અવતાર છે, તેમની સત્તા પણ દેવના જેવી છે. એ માન્યતા તેમની પ્રજા ઘણી ખુશી અને નમ્રતાથી સ્વીકારે છે. મિકાડોના વંશજોની સત્તા તદ્દન સ્વતંત્ર છે અને તેમનું રાજ્ય ચિરંતન છે એ પ્રકારની ભાવના શિન્તોધર્મના ગ્રન્થોમાં અનેક વાર પ્રદર્શિત કરેલી છે અને જાપાનના રાજકીય બંધારણ અને હુકમોમાં આ ભાવનાનો સમાવેશ કરવામાં આવ્યો હતો. ઇ. સ. ૧૮૮૯ ના બંધારણનું જે અંગ્રેજી ભાષાન્તર છે તેમાં નીચેની હકીકત આપવામાં આવેલી છે :—

> **નિયમ ૧** : અનાદિ કાળથી જેમનો વંશ અવિચ્છિન્ન ચાલી આવ્યો છે તે રાજાઓ જાપાનનું રાજ્ય કરશે.
>
> **નિયમ ૩** : રાજા એ પવિત્ર પદાર્થ છે, અને તેથી તેની આજ્ઞાનું ઉલ્લંઘન કરવું નહિ.

ઇ. સ. ૧૮૯૦ ના ઑકટોબરની ત્રીસમી તારીખે કેળવણીના વિષયને લગતો રાજ્ય તરફથી હુકમ કાઢવામાં આવ્યો હતો, જેના પરિણામે મૈજીયુગની આબાદી થઇ. સાથે સાથે એમ પણ કહેવામાં આવ્યું કે જાપાનનું વંશપરંપરાનું જે એકરાજશાસન ચાલે છે તેના તરફ અપૂર્વ માન અને વફાદારી રાખતાં અને તેની સત્તાને માટે કોઇ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જાતની શંકા ઉઠાવવી નહિ :

" મારા પ્રજાજનો, તમે આ સાંભળો; આકાશ અને પૃથ્વીના જેટલી જૂની, અને ત્રણેય કાળમાં નિશ્ચિત એવી આપણી આ રાજ્યગાદીની સમૃદ્ધિ સાચવો અને ચાલુ રાખો."

જાપાન પર મિકાડોની સાર્વભૌમ સત્તા એકદમ આવી નથી, પણ ધીમે ધીમે અને વિરોધી લોકોને હરાવીને જ તેમણે પોતાની સત્તા સ્થાપી છે એ બાબતનો પૂરતો પુરાવો આ ધર્મના ગ્રન્થોમાંથી મળી આવે છે. જાપાનના ઇતિહાસમાં તો એકથી વધારે મિકાડોની નિન્દા પણ કરવામાં આવી છે. સૈકાઓથી જાપાનમાં એવો હુકમ કાઢવામાં આવેલો કે કોઇ પણ માણસે ઉપર રહીને રાજાના ઉપર દૃષ્ટિ પણ ફેંકવી નહિ. આ હુકમનું લોકો પાલન પણ કરતા હતા. છતાં પણ ઇ. સ. ૧૯૨૨ માં પ્રજાકીય સત્તા એટલે સુધી વધી ગઈ કે જ્યારે જાપાનના ઇતિહાસમાં પહેલી જ વાર જાપાનનો યુવરાજ દુનિયામાં મુસાફરી કરવા નીકળ્યો અને યુરોપથી પાછો આવ્યો ત્યારે જાપાનનાં ઘણાં શહેરોમાં સામાન્ય લોકોની વચમાં રહીને તેને જવું પડયું હતું. બીજા વિશ્વયુદ્ધમાં ૧૯૪૫માં અણુબૉમ્બના મારાથી હીરોશીમા અને નગરકીનો ભયંકર નાશ થયો અને જાપાનના રાજાને અમેરિકાના યુનાઈટેડ સ્ટેટસની પ્રજાના આશ્રિત બનવાનો પ્રસંગ આવ્યો હમણાં જ જાપાનને અમેરિકાએ થોડી સ્વતંત્રતા આપી છે, પણ રાજાની દૈવી સત્તા ચાલી ગઇ છે. આજના જાપાનનો રંગ તદ્દન ફરી ગયો છે.

## એક સ્થળમાં સ્વદેશાભિમાનથી થતી પૂજા

અલૌકિક દેવની જેમાં પૂજા થતી હોય તે ધર્મ એ વ્યાખ્યા જો સ્વીકારવામાં આવે તો શિન્તો ધર્મને ધર્મ કહેવામાં જરા પણ વાંધો નથી. દેશમાં અનેક મંદિરો અને પૂજારીઓ છે, પણ દેવોની સંખ્યા એટલી બધી મોટી અને અનિર્ણીત છે કે તે બધાની વિધિસર પૂજા થઇ



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શકે એમ નથી. વાસ્તવિક રીતે ધાર્મિક ગ્રન્થામાં થોડા જ દેવોની ખરેખરી પૂજા થાય છે એમ જણાવવામાં આવ્યું છે.

આ ધર્મમાં પ્રકૃતિના અનેક દેવોની પૂજા કરવામાં આવે છે. પ્રકૃતિના દેવોમાં દેખીતી રીતે સૂર્યદેવી વધારે પ્રસિદ્ધ છે અને તેથી કરીને મુખ્યત્વે તેની પૂજા થાય છે. દરેક માણસ પોતાના જ સ્થળમાં સૂર્યદેવીની પૂજા ઘણી સહેલાઇથી કરી શકે છે. છતાં પણ જેમ યાહુદી ધર્મમાં જેહોવાહની પૂજા જેરૂસલેમમાં કરવામાં આવે છે તેમ શિન્તો ધર્મની આ મુખ્ય દેવતાની પૂજા 'ઇસે'માં આખી જાપાનની પ્રજા વતી સરકાર તરફથી વિધિસર કરવામાં આવે છે. આખા જાપાનમાં આ સ્થળ સૌથી વધારે પવિત્ર છે અને ઘણા માણસો અહીં યાત્રાર્થે આવે છે. આ સ્થળ 'કયોટો' નામની જુની રાજધાનીથી અગ્નિકોણમાં આવેલા સમુદ્રને કાંઠે આવેલું છે. અહીં "નૈકુ"–અંદરનું મંદિર–ઇ. સ. પૂર્વે ૪ ની સાલમાં મિકાડોનાં પૂર્વજ સૂર્યદેવી–'અમ તેરસુ'–ના માનમાં બંધાએલું છે એમ જાપાનીઓ માને છે. આ મંદિરના મધ્ય ભાગમાં આકાશમાં પ્રકાશનો જે ગોળો છે તેના પ્રતીક રૂપે એક ગોળ દર્પણ રાખવામાં આવ્યું છે.

આ જ.જગ્યાએ પૂજા કરવી અને તે પૂજા પણ અમુક જ પ્રકારે કરવી એ વિષે ધર્મગ્રન્થોમાં નિયમો આપવામાં આવ્યા છે. આ પૂજાપ્રકાર ઇ. સ. પૂર્વે પણ પ્રચારમાં હતો. સૂર્યદેવીએ આ દર્પણ પહેલા મિકાડોને એક પવિત્ર સ્મરણચિહ્ન તરીકે આપેલું હતું.

જાપાનના ધાર્મિક ઇતિહાસ ઉપરથી જણાય છે કે આરંભકાળથી આ ધર્મમાં એક એવો રિવાજ ચાલુ રહ્યો છે કે 'ઇસે'માં આવેલા સૂર્યદેવીના મંદિરમાં રાજકુટુંબની કોઇ રાજ્યકન્યા મુખ્ય પૂજારીનું કામ કરે છે. જીવનમાં ઓછામાં ઓછા એક વખત પણ ઇસેની યાત્રાએ જવું એ આપણો હક્ક અને ફરજ છે એમ ધર્મિષ્ઠ અનુયાયીઓ માને છે. આ જ સ્થળે 'ગેકુ'–બહારનું મંદિર–નામનું પ્રસિદ્ધ મંદિર–'ઉઠે–મોચી'

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નામની અન્નદેવીના માનમાં બંધાએલું છે.

રાજપૂજા એ આ ધર્મનું મુખ્ય લક્ષણ છે એ વાત પહેલાં કહેવામાં આવી છે. દર વર્ષે મિકાડોના જન્મ દિવસે દરેક કેળવણીની સંસ્થામાં સરકારી હુકમને માન આપીને એક પવિત્ર ઉત્સવ માનવામાં આવે છે; અને તે વખતે સ્વદેશાભિમાનની ભાવનાને પોષણ આપી રાજાના ચિત્રને આવકાર પણ કરવામાં આવે છે.

જાપાનના પ્રજાકીય વાવટામાં સૂર્યનું સુંદર ચિહ્ન હોય છે અને શિન્તોધર્મ સ્વદેશાભિમાન વધારવામાં કેટલો ઉપયોગી છે તેનો આ સારો દાખલો છે. આ ચિહ્નનું સંપૂર્ણ રહસ્ય 'સૂર્યોદયની ભૂમિ-' પૂર્વદેશ–ના બુદ્ધિમાન મનુષ્યો બરોબર સમજે છે. તેઓ એમ માને છે કે કોઇ પણ પ્રકારનો નવો પ્રકાશ મેળવવાને માટે ઊંચે આકાશમાં માનની લાગણીથી જોવું એ આખી પ્રજાનો ધર્મ છે. વળી તેઓ એમ પણ માને છે કે દૈવી વંશમાં ઉત્પન્ન થએલા મિકાડોની પ્રજા, મિકાડોને લીધે, પવિત્ર ભૂમિમાં રહેનારી એક દૈવી પ્રજા છે.

## મંદિરો અને નૈવેદ્ય

દરેક ગામમાં રસ્તાની બાજુએ આવેલાં અનેક મંદિરોમાં અને આખા જાપાનનાં લગભગ બધાં સુંદર સ્થળોએ શિન્તોધર્મની પૂજાનો કેટલોક પ્રકાર જોવામાં આવે છે. ઇ. સ. ના દસમા શતકમાં સરકારી ગણત્રી પ્રમાણે ૩૧૩૧ મંદિરો હતાં એમ 'યેન્ગી–શીકી' માં કહેવામાં આવ્યું છે. ઇ. સ. ૧૮૮૦ માં ગામડાનાં અને નાનાં મંદિરોની એકંદરે સંખ્યા ૧૮૩૦૪૭ હતી. પરંતુ ઇ. સ. ૧૯૨૦ માં તે સંખ્યા ઘટીને ૧૧૧૧૮૧ થઇ. પણ તેટલા જ સમયમાં સરકારી મંદિરોની સંખ્યામાં વધારો થયો અને પચાસ મંદિરોને બદલે એકસો પાંચ મંદિરો થયાં.

આ ધર્મનાં મંદિરોમાં જવાને માટે 'તોરી–ઈ' દરવાજો હોય છે. આ દરવાજાના ઉપલા પાટડાના બે છેડાઓ વાળીને આકાશ તરફ રાખ-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વામાં આવે છે. કેટલીક વાર તો ઊંચાં સુંદર ઝાડોની અંદર અથવા તો પાસે આવેલા ડુંગરોમાંના પાણીના ધોધ આગળ અથવા તો જેના ઉપર મોટી કમાનોવાળા પૂલો છે એવાં નાળાંઓ ઉપર મંદિરો રાખવામાં આવે છે. આ પ્રમાણે આ ધર્મનાં મંદિરો બાંધવામાં પણ પ્રકૃતિના સુંદર પદાર્થોનો ધાર્મિક રીતે ઉપયોગ થઇ શકે એવી યોજના રાખવામાં આવી છે.

આ ધર્મનાં મંદિરોમાં જે ખરેખરી પૂજા થાય છે.તે લગભગ વ્યક્તિઓ જ કરે છે, માણસોનો સંઘ નહિ. જેમ શ્રેષ્ઠ પુરુષના આગળ આદરભાવથી નમીએ છીએ તે પ્રમાણે પૂજાને અંગે પણ વિધિસર પ્રણામ કરવા પડે છે. ઘૂંટણીએ પડવાનો રીવાજ એટલો બધો પ્રચલિત નથી. વળી તે જ મંદિરમાં આદરભાવ દર્શાવવાને માટે, કેટલીક વાર મૌન રાખીને, બે હાથ જોડવાનો રિવાજ પણ છે. આ ધર્મની પૂજામાં દેવોને દ્રવ્યની આહુતિઓ પણ આપવામાં આવે છે.

## શિન્તો ધર્મમાં પ્રાર્થના

આજે આ ધર્મના અનુયાયીઓ મંદિરે જઇને પ્રાર્થના કરે છે અને તેમાં જ સામાન્ય રીતે તેમની પૂજા પૂરી થઇ ગઇ એમ માને છે. ' પ્રાચીન વસ્તુઓનો ઇતિહાસ ' એ નામના શિન્તોધર્મના અતિપ્રાચીન ગ્રન્થમાં દેવોની સાથે થએલા અનેક સંવાદો આપવામાં આવ્યા છે, પણ દેવોને કરેલી પ્રાર્થનાઓનો એક શબ્દ પણ જોવામાં આવતો નથી. કો–જી–કી ગ્રન્થમાં માત્ર બે ઠેકાણે જ પ્રાર્થનાની સામાન્ય વાત આવે છે.

આ જ પ્રમાણે બીજા ધાર્મિક ગ્રન્થોમાં પણ પ્રાર્થનાઓ જોવામાં આવતી નથી. નિહોન્–ગીમાં એમ કહેવામાં આવ્યું છે કે બેંતાળીસ રાજાઓમાંથી માત્ર બે રાજાઓએ પ્રાર્થના કરી હતી, પરંતુ ' યન્ગી–શીકી ' નામના શિન્તો ધર્મના પાછળથી લખાએલા ગ્રન્થમાં સરકાર તરફથી થતી પચ્ચીસ " નોરી–તો ' નામની પ્રાર્થનાઓ આપવામાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આવેલી છે. આ પ્રર્થનાઓમાં મુખ્યત્વે અનેક દેવોનાં આવાહન કરવામાં આવેલાં છે, તેમની સ્તુતિઓ કરવામાં આવી છે અને જે ભૌતિક પદાર્થોની આહુતિઓ આપવામાં આવી છે અથવા આપવામાં આવવાની છે તેની યાદી આપેલી છે. પહેલા 'નોરી–તો' ભજનમાં દેવોની કરેલી 'સ્તુતિઓ સફળ થાવ' એ વાકચ ઓછામાં ઓછું ઓગણીસ વાર આવે છે; અને પ્રાર્થનામાં આપલે–વિનિમય–ની ભાવના અનેકવાર જોવામાં આવે છે. આ સરકારી શિન્તોધર્મની પ્રાર્થનાઓના સંગ્રહમાં એક પણ નૈતિક અથવા આધ્યાત્મિક પદાર્થની ઇચ્છા રાખવામાં આવી નથી, પણ ઐહિક સુખની ઇચ્છા રાખવામાં આવે છે.

## સંસ્કારવિધિ અને ઉત્સવો

'નોરી–તો' માં જે બધી ધાર્મિક પ્રાર્થનાઓનો સંગ્રહ કરવામાં આવેલો છે તે અમુક ધાર્મિક સંસ્કારોની સાથે જોડાએલી છે અને આ સંસ્કારો પણ લોકપ્રિય ઉત્સવોની સાથે જોડાએલા છે. જેમ બધા પ્રકૃતિ-ધર્મોમાં અને કૃષિકર્મની સાથે જોડાએલા કોઇ પણ ધર્મમાં હોય તે પ્રમાણે આ સંસ્કારવિધિઓ અને ઉત્સવો શિન્તોધર્મમાં મુખ્ય સ્થાન ભોગવે છે : દા. ત.

(૧) જ્યારે વર્ષના બીજા માસમાં ડાંગેર વાવવામાં આવે ત્યારે અન્ન વિષે પ્રાર્થના કરવામાં આવે છે.

(૨) જ્યારે ડાંગરના છોડ ઉગે છે ત્યારે દર વર્ષે ચોથા માસના ચોથા દિવસે અન્નદેવીના માનમાં એક ધાર્મિક ક્રિયા કરવામાં આવે છે.

(૩) વર્ષના અગીઆરમા માસમાં નવી ડાંગેર પહેલી જ વાર ચાખવામાં આવે છે. તેને 'નીહી–નમે' (પહેલા ભાગની ઉજાણી) કહેવામાં આવે છે. આ પ્રસંગે એક મોટો સંસ્કારવિધિ કરવામાં આવે છે અને નિહોન્–ગીમાં આ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જોવામાં આવે છે.

(૪) મહા આસ્વાદ (ઓહો–નીહે). આ પ્રસંગે રાજા પોતે પોતાના રાજ્યાભિષેકના વર્ષમાં પ્રથમ પાકનો ઉત્સવ ઉજવે છે.

(૫) બીજા પાકના ઉત્સવોમાં બે મુખ્ય છે. એક સહભોજન અને બીજો દિવ્ય ભોજન.

(૬) અમાવાસ્યાને દિવસે કેટલીક વિધિ કરવામાં આવે છે અને તે વખતે સ્તુતિ કરી નૈવેદ્ય ધરવામાં આવે છે.

(૭) માસિક ઉત્સવો (ત્સુકી–નમી નો મત્સુરી), જે પ્રસંગે "નોરી–તો" ની અમુક ત્રણ પ્રાર્થનાઓ કરવામાં આવે છે.

## શિન્તોધર્મમાં પવિત્રતા

જાપાનીઓ પોતાના દેહની ઘણી સ્વચ્છતા રાખે છે અને આ તેમનું એક પ્રસિદ્ધ લક્ષણ છે. શિન્તોધર્મે તેમને જળથી પોતાના દેહને ખંતથી સ્વચ્છ રાખવાની ફરજ પાડી છે. આ ધર્મના બન્ને ય ગ્રન્થોમાં કહેવામાં આવ્યું છે કે જગતના આદ્ય જનક પિતા, ઇઝનગી દેવ, પણ પોતાના દેહને સ્વચ્છ રાખવાને માટે પોતે જળથી સ્નાન કરતા હતા. આ ધર્મની દરેક વખતે થતી સંસ્કારવિધિઓમાં સૌથી વધારે અગત્યની વિધિ "પરમપવિત્રતા" (ઓહો–હરહી) ની છે.

આ પ્રમાણે શિન્તોધર્મ પવિત્રતાની આવશ્યકતા ઉપર ભાર મૂકે છે. તે ઉપરાંત આખા સમાજના અપરાધની ભાવના આ ધર્મમાં સ્વીકારવામાં આવી છે. આ અપરાધ દૂર કરવાને માટે સર્વદા શુદ્ધિની અપેક્ષા રહે છે. પરંતુ શિન્તોધર્મમાં જે પ્રકારની શુદ્ધિ કરવામાં આવે છે તે મોટે ભાગે બાહ્ય અને વિધિરૂપ હોય છે. તેમાં હૃદય, વિચાર અને સામાજિક સંબંધોની પવિત્રતા ઘણી ઓછી હોય છે.

## શિન્તોધર્મોમાં નીતિવિચાર

મિકાડો એ દૈવી રાજા છે અને તે દેવોના વંશમાં જન્મેલો છે, માટે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તેના પ્રતિ હમ્મેશાં આદરભાવ રાખવો એ સામાન્ય નિયમ છે. આ સિવાય આ ધર્મમાં કોઈ પણ જાતની ધર્મતત્ત્વજ્ઞાનને લગતી માન્યતાઓ અથવા તો અમુક પ્રકારના નીતિના સિદ્ધાન્તો જોવામાં આવતા નથી. આ ધર્મના દ્વિતીય ગ્રન્થમાં સરકારી નોકરોને માટે કેટલોક ઉપદેશ આપવામાં આવ્યો છે : દા. ત.

" જે સત્ય બોલે છે તેને ઈજા થતી નથી. જે જુઠો છે તેને અવશ્ય દુઃખ ભોગવવું પડશે. વધારે પ્રમાણમાં ખાવાનું છોડી દો અને લોભ-વૃત્તિનો ત્યાગ કરો. જે ખરાબ છે તેની નિન્દા કરો અને જે સારું છે તેને ઉત્તેજન આપો. ક્રોધ કરશો નહિ અને આંખોને રાતીચોળ થવા દેશો નહિ. કોઈની ઇર્ષ્યા કરશો નહિ."

સામાન્ય માણસોને માટે જે ખાસ આજ્ઞાઓ કરવામાં આવી છે તેમાં નીચે પ્રમાણે ઉપદેશ કરવામાં આવેલો છે:

" જ્યારે કોઈ રાજદ્વારમાં પ્રવેશ કરે અથવા તો રાજદ્વાર છોડીને જાય ત્યારે તેમણે બે હાથ જમીન ઉપર મૂકીને ઘૂંટણીએ પડવું, પણ જ્યારે ઊમરો ઓળંગવામાં આવે ત્યારે જ તે માણસ ઊભો થઈ ચાલી શકે."

આ ધર્મના બન્ને ય ગ્રન્થોમાં સામાન્ય માણસોને માટે કોઈ પણ પ્રકારનો નીતિનો ઉપદેશ કરવામાં આવ્યો નથી. અરાઢમા શતકમાં મોતૂરી નામના વિદ્વાને શિન્તો ધર્મ ઉપર સારો પ્રકાશ પાડયો છે અને તે કહે છે કે શિન્તોધર્મનું સ્વરૂપ જ એવા પ્રકારનું છે કે એમાં નીતિના નિયમોને બહુ સ્થાન મળી શકે નહિ.

' પ્રાચીન વસ્તુઓના ઇતિહાસ 'માં એમ કહેવામાં આવ્યું છે કે એક વખતે આખા દેશને શુદ્ધ કરવાને માટે મોટી સંસ્કારવિધિ કરવામાં આવી હતી. દર છ માસે શુદ્ધીકરણનો સંસ્કાર કરવામાં આવે છે. આની વીગત 'નોરી–તો ' ની દસમી પ્રાર્થનામાં આપવામાં આવેલી છે.

આ ધર્મમાં નીતિના સિદ્ધાન્તો અને ધર્મતત્ત્વજ્ઞાન કુદરતી ધોરણો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉપર જ રચાએલાં છે. જો કે આ ધર્મના ગ્રન્થો લખાયા પછી જાપાનમાં નીતિની મહત્તા વધી છે.

'બુશીદો' એટલે વીરપુરુષનો માર્ગ. આ પણ સદાચારનો એક સિદ્ધાન્ત છે, અને તે ઇ. સ. ના અગીઆરમા અને બારમા શતકમાં જાપાનમાં જમીનદારીની યોજનાને અંગે વધારે પ્રચારમાં આવ્યો છે. 'બુશીદો' માં જાપાનમાં પ્રચલિત થએલા ત્રણ ધર્મોનાં કેટલાંક લક્ષણોનો જમીનદારીની યોજના સાથે સંગ્રહ થએલો જોવામાં આવે છે; જેમકે રાજા ઈશ્વરી અંશ છે એમ માની તેના તરફ વફાદારી રાખવી એ શિન્તો-ધર્મની ભાવના, માતા પિતા તરફ પૂજ્ય ભાવ રાખવો એ કોન્ફ્યૂશ્યસધર્મની ભાવના, અને જીવન અને મરણને તુચ્છ ગણવાની બૌદ્ધધર્મની ભાવના; આ ત્રણે ય ભાવનાઓનો 'બુશીદો'માં સમાવેશ કરવામાં આવ્યો છે.

'બુશીદો' વિષે લખનારા વિદ્વાનો ઘણી જ સ્પષ્ટતાથી કહે છે કે આ ધર્મમાં વફાદારી, હિમ્મત, આત્મભોગ, શિષ્ટાચાર, પરોપકાર, માન, ન્યાય અને આત્મસંયમ જેવા સદ્ગુણોને કેળવવામાં આવ્યા છે. પરંતુ કોન્ફ્યૂશ્યસ અને મેન્સિઅસ જેવા ચીનના નીતિશાસ્ત્રનો ઉપદેશ કરનારા પુરુષો સિવાય આ સદ્ગુણોને માટે તેઓ બીજું કાંઇ પણ લેખી પ્રમાણ આપી શકતા નથી. 'બુશીદો' ના સિદ્ધાન્તો જાપાનની લશ્કરી જમીન-દારીની સાથે અસ્તિત્વમાં આવ્યા અને તે જ પ્રમાણે તેની સાથે તિરોહિત પણ થયા.

## શિન્તોધર્મનો ઇતિહાસ

આ ઇતિહાસમાં વારાફરતી પાંચ યુગો આવે છે અને તેમાં જુદી જુદી વૃત્તિઓ કામ કરે છે.

(૧) સ્વતંત્ર સર્વોપરિ સત્તાનો પ્રથમ યુગ (ઇ. સ. પૂર્વે ૬૦૦-ઇ. સ. ૫૫૨). જિમ્મુ નામના પ્રથમ મિકાડોના પરંપરાગત સમયથી માંડીને તે બૌદ્ધધર્મનો પ્રચાર થયો ત્યાં સુધી, અર્થાત્ બારસો વર્ષ સુધી, જાપાનમાં શિન્તોધર્મનું સામ્રાજ્ય નિરંકુશ રીતે ચાલ્યું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(૨) બૌદ્ધધર્મના પ્રથમ લાભોનો યુગ (ઇ. સ. ૫૫૨–૮૦૦). જો કે જાપાનમાં ત્રણ પરદેશી ધર્મો–કૉન્ફ્યૂશ્યસધર્મ, તાઓધર્મ અને બૌદ્ધધર્મ–ચીનમાંથી આવતા હતા છતાં પણ શિન્તોધર્મનું બળ ઘણું વધારે હતું. નિહોન્–ગીના બે પંચમાંશ ભાગમાં તો બૌદ્ધધર્મે જાપાનમાં જે દોઢસો વર્ષ ગાળ્યાં તે સમયનું વર્ણન છે, અને પચાસથી વધારે વાર બૌદ્ધધર્મની પ્રગતિનો ઉપન્યાસ પણ કરવામાં આવ્યો છે.

(૩) મિશ્રયુગ અથવા તો મિશ્ર શિન્તોધર્મ (ઇ સ. ૮૦૦–૧૭૦૦). નવસો વર્ષ સુધી જાપાનનો મૂળ ધર્મ પરદેશી ધર્મોના સમાગમમાં આવતો ગયો છે અને તેથી તેમાં મિશ્રણ પણ થએલું છે. 'કોબો-દૈશી' (૭૭૪-૮૩૫ ઇ. સ) નામનો બૌદ્ધ પૂજારી 'રિઓબુ' અથવા મિશ્ર શિન્તોધર્મના સિદ્ધાન્તનો ઉપદેશ કરતો હતો અને તેમાં તે સફળ પણ થયો હતો. આ સિદ્ધાન્ત પ્રમાણે શિન્તોધર્મના દેવો માત્ર બૌદ્ધધર્મના દેવોનાં રૂપાંતરો અથવા અવતારો હતા. 'કીતબતકે ચીકકુસ' (૧૨૯૩–૧૩૫૪ ઇ. સ.) અને 'ઇચીજો કનેયોશી' (૧૪૬૫–૧૫૦૦ ઇ. સ.) કહેતા કે શિન્તોધર્મ, બૌદ્ધધર્મ અને કૉન્ફ્યૂશ્યસધર્મ એ બધાને એકઠા કરીને એક બનાવી શકાય એમ છે.

આ યુગમાં આ ધર્મને બીજા ધર્મોની સાથે હરીફાઇમાં ઊતરવું પડ્યું અને પરિણામમાં જાપાનના રાજાને ત્યાં પણ તેની સાર્વભૌમ સત્તા ન રહી, તે એટલે સુધી કે 'ઓહો–નીહે' નામનો આ ધર્મનો મોટામાં મોટો અભિષેક સંસ્કાર આઠ રાજાઓના સમયમાં, અર્થાત્ ઇ. સ. ૧૪૬૫ થી ૧૬૮૭ સુધી, બંધ રાખવામાં આવ્યો હતો.

**શિન્તોધર્મનું જાપાનમાં થએલું પુનર્જીવન** (ઇ. સ. ૧૭૦૦–૧૮૬૮).

લગભગ એકસો ને સીત્તેર વર્ષના ગાળામાં શિન્તોધર્મના મુખ્ય નેતાની સ્થિતિ એટલી બધી નબળી પડી ગઇ કે રાજાના લશ્કરી પ્રતિનિધિએ મિકાડોની બધી સત્તા લઇ લીધી. આવી પરિસ્થિતિ જોઇને આ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જ યુગમાં ચાર વિદ્વાન પુરુષોએ શિન્તોધર્મને સુંદર રીતે ફરીથી જીવતો કર્યો. કદ (૧૬૬૯–૧૭૩૬ ઇ. સ.) નામના વિદ્વાને જાપાનની જુની ભાષાનો અભ્યાસ ફરીથી શરૂ કર્યો અને જુના ગ્રન્થોનું સંસ્કરણ કર્યું. **મબુચી** (૧૬૯૭–૧૭૬૯ ઇ. સ.) નામનો માણસ કદનો શિષ્ય થતો હતો. તે ઘણો વિદ્વાન હતો.

**મોતૂરી** (૧૭૩૦–૧૮૦૧ ઇ. સ.) નામના વિદ્વાને કો–જી–કી ઉપર ટીકા લખી છે અને તે પીસતાળીસ ભાગોમાં છપાઇ છે. શિન્તોધર્મની તિરોહિત થતી જાહોજલાલીને તેણે ફરીથી જીવતી કરી છે.

**હિરત** (૧૭૭૬–૧૮૪૩ ઇ. સ.) નામના વિદ્વાને સૌથી વધારે ગ્રન્થો લખ્યા છે અને શિન્તોધર્મના આખા ઇતિહાસમાં તે સૌથી મોટામાં મોટો વિદ્વાન ગણાય છે. મિકાડો અને જાપાની પ્રજામાં વિશ્વાસ રાખવાની ધાર્મિક ભાવનાને ફરીથી સતેજ કરવામાં આવી અને એને પરિણામે ઈ. સ. ૧૮૬૮માં તે ધર્મની ફરીથી સ્થાપના થઇ

## હાલમાં શિન્તોધર્મની ફરીથી થએલી વિવિધ વ્યવસ્થાઓ (ઇ. સ. ૧૮૬૮ થી)

મૈજી યુગની શરૂઆતમાં મિકાડોની પુનઃસ્થાપના થઈ અને તેનું પહેલું જ પરિણામ એ આવ્યું કે શિન્તોધર્મ ફરીથી તેના શુદ્ધ રૂપમાં સારી રીતે સ્થાપવામાં આવ્યો. ઇ. સ. ૧૮૭૧ અને ૧૮૭૨ માં રાજ્ય તરફથી હુકમો કાઢવામાં આવ્યા કે જાપાન દેશનાં શિન્તોધર્મનાં બધાં મંદિરોમાં જુન અને ડિસેંબરના છેલ્લા દિવસે તે તે સ્થળના સહકારી અધિકારીઓની સમક્ષ શુદ્ધીકરણનો મોટો સંસ્કાર બહુ કાળજી રાખીને વિધિસર જાહેર રીતે કરવો. પણ પાછળથી આ બધી પ્રવૃત્તિને તોડી નાખવાની પ્રવૃત્તિ થઇ. ઇ. સ. ૧૯૦૦ અને ૧૯૧૩ માં મંદિરોના કાયદાઓ પસાર થયા અને તેને પરિણામે શિન્તોધર્મનાં મંદિરોને ધર્મખાતામાંથી કાઢીને રાજ્યના ખાતામાં દાખલ કરવામાં આવ્યાં.

બીજી બાજુએ ખાસ કરીને પ્રથમ વિશ્વયુદ્ધ થયા પછી શિન્તોધર્મને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ફરીથી જીવતો કરવાની અને જગતમાં તેનું સ્થાન વ્યાપક છે એમ ફરીથી સમજાવવાની વૃત્તિ ચાલુ રહી છે. આજે બીજા વિશ્વયુદ્ધના પરિણામે આ ધર્મનું બળ જરા ઓછું થતું જાય છે.

હિતોમરો ( ઈ. સ. ૭૩૭ ) નામના પ્રાચીન જાપાની કવિએ જે પ્રમાણે કહ્યું છે તે પ્રમાણે જ આજે જાપાનનો મુખ્ય ધર્મ જોવામાં આવે છે :

" જાપાન એવો દેશ નથી કે જ્યાં માણસોને પ્રાર્થના કરવાની જરૂર પડે. કારણ કે તે પોતે દૈવી છે; છતાં પણ હું ઉચ્ચ પ્રાર્થના કરું છું. "

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ નવમું

## યાહુદીધર્મ

### ધર્મનિષ્ઠ ઈશ્વરની આજ્ઞા પાળવાનો ધર્મ

**જગતના વિદ્યમાન ધર્મોમાં સ્થાન**

'યાહુદીધર્મ' ને માટે અંગ્રેજી ભાષામાં વપરાતો જ્યુડેઈઝમ (Judaism) એ શબ્દ નવા કરારમાં વપરાયેલો છે. (ગેલેટિઅન્સ, ૧ : ૧૩). આ શબ્દનો પ્રથમ ઉપયોગ ઈ. સ. પૂર્વે ૧૦૦ ની લગભગમાં યાહુદી લોકોના ધર્મને માટે ગ્રીક યાહુદીઓના સાહિત્યમાં કરવામાં આવેલો છે. (૨ મેકેબીસ, ૨ : ૧૧; ૮ : ૧). આ ધર્મના આખા ઈતિહાસનો બોધ કરી શકે એવો 'યાહુદી ધર્મ' વિના બીજો કોઈ શબ્દ નથી.

મહાપુરુષોએ સ્થાપેલા નવ ધર્મોમાં યાહુદીધર્મ સૌથી વધારે જુનો છે. સગુણ ઈશ્વર કોઈ ધર્મસ્થાપકના દ્વારા દૈવી ઉપદેશ વ્યક્ત કરે છે એ માન્યતા ઉપર રચાએલા પાંચ વિદ્યમાન ધર્મોમાં પણ આ ધર્મ સૌથી વધારે જુનો છે. પાછળથી થએલા આવા ધર્મોમાં ઝોરોસ્ટરધર્મ, ખ્રિસ્તીધર્મ, ઈસ્લામ અને શીખધર્મની ગણના થાય છે.

એક અલૌકિક પુરુષે આખા જગતને ઉત્પન્ન કર્યું છે અને બધા મનુષ્યોના ઉપર તે ઈશ્વર તરીકે રાજ્ય કરે છે. એવો ઉપદેશ કરનારા ત્રણ ધર્મો છે, અને તેમાં યાહુદી ધર્મ અતિપ્રાચીન છે. ઈશ્વર વિષેનો સુંદર ધાર્મિક સિદ્ધાન્ત યાહુદી ધર્મમાં પ્રચલિત થયો અને તે દ્વારા ખ્રિસ્તી ધર્મ અને ઈસ્લામધર્મ જેવા એકેશ્વરવાદી ધર્મોમાં પ્રવેશ પામ્યો.

ઈશ્વરની સત્તા નીચે આ જગતમાં જ આદર્શ વ્યવસ્થા થઈ શકે છે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એવા પ્રકારનો સિદ્ધાન્ત કેટલાક ધર્મોનાં શાસ્ત્રોમાં જોવામાં આવે છે. યાહુદી ધર્મમાં મનુષ્યોને જે સુંદર આશા આપવામાં આવેલી છે તેવી જ આશા કેટલેક અંશે બીજા ધર્મોમાં–ભાગવત અને ખ્રિસ્તી ધર્મોમાં–પણ આપવામાં આવી છે. પણ આખા વિશ્વમાં રામરાજ્ય સ્થાપવાને માટે બધાય મનુષ્યોને ઇશ્વરની સાથે સક્રિય સહકાર કરવો જ જોઇએ એવી ગીતા અને ખ્રિસ્તી ધર્મની એક વિશિષ્ટતા છે.

યાહુદી લોકો પોતાના દેશમાં–પેલેસ્ટાઇનમાં–જેટલાં વર્ષો રહ્યા હશે તેના કરતાં વધારે વર્ષો તેઓ જગતના જુદા જુદા ભાગોમાં વિખરાઇને રહ્યા છે. આ બાબતમાં યાહુદી ધર્મ અદ્વિતીય છે. જગતમાં કોઇ પણ ધર્મને પરદેશમાં હેરાનગતી થઇ હશે તેના કરતાં યાહુદી લોકોને ઘણી વધારે કનડગત થઇ છે; આમ છતાં પણ યાહુદીઓએ પોતાના ધર્મના અને જાતિના લાક્ષણિક રિવાજો છોડયા નથી.

યાહુદીધર્મનો ઇતિહાસ ઘણો લાંબો છે. આ લાંબા સમયમાં યાહુદી-ધર્મની અંદર અનેક સુધારાવધારાઓ થયા છે. જેમ બીજા બધા ધર્મોએ કર્યું છે તેમ યાહુદી ધર્મે પણ બીજા ધર્મોમાંથી કેટલાંક તત્ત્વો લીધાં છે. છતાં પણ ધર્મના ક્ષેત્રમાં આ ધર્મનો ફાળો વધારે છે. વાસ્તવિક રીતે તો ખ્રિસ્તીધર્મ અને ઇસ્લામધર્મ–જેમનું પ્રચારકાર્ય ઘણા જોરથી ચાલી રહેલું છે–તેમનું મૂળ યાહુદી ધર્મમાં છે. નીતિના સિદ્ધાન્તો ઉપર રચાએલો એકેશ્વરવાદ એ યાહુદીધર્મનું ઉત્તમોત્તમ તત્ત્વ છે અને તેણે જગતના ધાર્મિક વિચારોમાં સારામાં સારો ઉમેરો કર્યો છે.

**યાહુદીધર્મનાં શાસ્ત્રો :–**

યાહુદીધર્મનાં શાસ્ત્રોમાં ચોવીસ ગ્રન્થો છે. તેના ત્રણ ભાગ કરવામાં આવેલા છે. (૧) નિયમ ગ્રંથ (Law), (૨) સંતોના ગ્રંથ (Prophets), અને (૩) લેખો (Hagiographa). આ બધાં શાસ્ત્રો હિબ્રુ ભાષામાં રચાએલાં છે. અપવાદ તરીકે ડેનિઅલનું અડધું પ્રકરણ. ઇઝ્રાના કેટલાક સરકારી લેખો અને જેરે-મિયાહ્માં એક શ્લોક એટલું આરામાઇક

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભાષામાં રચાએલું છે. ચુસ્ત યાહુદી લોકોની ધર્મસભામાં આ બધા શાસ્ત્રો આજે પણ મૂળ ભાષામાં જ વાંચવાની ફરજ પડે છે. આ બધા ગ્રન્થો જગતમાં સામાન્ય રીતે 'ખ્રિસ્તી ધર્મનો જૂનો કરાર' એ નામે ઓળખાય છે. જૂના કરારમાં તે જ ગ્રન્થોને ઓગણચાલીસ ભાગોમાં ફરીથી ગોઠવવામાં આવ્યા છે.

લગભગ દસ સૈકાઓની સાહિત્ય પ્રવૃત્તિના ફળ રૂપે આ બધા ધાર્મિક ગ્રન્થો મળ્યા છે. ઈશ્વરના જ્ઞાનમાં અનેક ભૂમિકાઓ વિષે આ શાસ્ત્રોમાં ચર્ચા કરવામાં આવેલી છે. જગતની ઉત્પત્તિ, યાહુદી પ્રજા અને યાહુદી ધર્મ એ ત્રણ વિષયોની ચર્ચા કરનારા પહેલા પાંચ ભાગો અથવા નિયમ-ગ્રન્થ (Torah) છે અને ધર્મચુસ્ત યાહુદીઓ તે ભાગોને ઘણા પવિત્ર માને છે, પણ ધાર્મિક ભાવનાથી જે ઉત્તમોત્તમ ફળ મળે છે તેની સુંદર ચર્ચા 'નિયમ ગ્રન્થ' ના પાંચમા ભાગમાં (Deuteronomy) 'પ્રાર્થનાઓ'માં (Psalms) અને 'સંતોના ગ્રન્થો' માં (Prophets) કરવામાં આવી છે અને તેથી તેટલો ભાગ ઘણો મહત્ત્વનો છે. આ પાછલા ભાગનો સિદ્ધાન્ત એવો છે કે માણસે ઈશ્વરની ભક્તિ કરવી. યાહુદીધર્મના આ સિદ્ધાન્તમાંથી જ ખ્રિસ્તી ધર્મની ઉત્પત્તિ થઈ છે.

**મૂળ સેમિટિક ધર્મથી આરંભ** ( ઈ. સ. પૂર્વે ૧૨૦૦ની પહેલાં )

સેમિટિક લોકોના શરૂઆતના ધાર્મિક જીવનમાંથી યાહુદી ધર્મ ઉત્પન્ન થયો છે, અને જગતના વિદ્યમાન ધર્મોમાં આવો પહેલવહેલો ધર્મ આ જ છે. આ સેમિટિક લોકો અસંસ્કારી હતા, છતાં પણ તેમનામાં ધાર્મિક વૃત્તિઓ હતી અને પશુઓને ઉછેરીને પોતાનું ગુજરાન કરતા હતા. આજે જે 'બેડૂએન' (Bedouin) નામની જાતના જે લોકો છે તેમનામાં સેમિટિક લોકોના આચાર વિચારો જોવામાં આવે છે. સેમિટિકો પહેલાં એમ માનતા કે જગતમાં જે બધા પદાર્થો છે–પછી તે પર્વત ઝરાના જેવા કુદરતી પદાર્થો હોય અથવા તો સ્તમ્ભ અને પેટી જેવા કૃત્રિમ પવિત્ર પદાર્થો હોય–તે બધાના ખાસ અધિષ્ઠાતા દેવો હોય છે અને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પદાર્થીનો અને તે દેવોનો સંબંધ ઘણો નિકટ હોય છે. તેમના સમાજની રચના ગોત્ર અથવા કુળ ઉપર રચાએલી હતી, અને દરેક ગોત્રમાં એક કુળદેવતા સ્વીકારવામાં આવી હતી. ગોત્રનાં બધાં માણસોને અને કુળ-દેવતાને કુટુંબનું ઐહિક સુખ સાધવાની અને કુટુંબના શત્રુઓને નુકસાન કરવાની ફરજ પડતી હતી. આ પ્રમાણે દેવની ભાવનામાં મુખ્યત્વે વંશ-પરંપરાગત કુળનાયકની ભાવના જ આવી જતી હતી. આ પ્રકારના ધર્મમાં માણસને પોતાના કુળની બહાર ફરજ બજાવવાની રહેતી નથી; અને પોતાના કુળની અંદર પણ મનુષ્યોનો એક બીજાની સાથેનો સંબંધ ઘણો સાદો અને પ્રાથમિક હતો. આ સંબંધ એવો હતો કે કુળના બધા માણસો સાથે ભોજન કરતા અને આહુતિઓ અથવા તો રક્તના બિંદુઓ દ્વારા કુળદેવતા પણ પ્રતીકરૂપે તેમાં ભાગ લેતી.

આ પ્રમાણે આરંભકાળમાં અનેક દેવોની સાદી કલ્પના અને નીતિના થોડા સિદ્ધાન્તો હતા. આવી સાદી ભૂમિકામાંથી અબ્રાહમ, મોઝેઝ, એલિજાહ અને ઇઝરાએલના સંતો જેવા મહાપુરુષોએ પોતાની શક્તિથી યાહુદીધર્મ, જેમાં નીતિના સિદ્ધાન્ત ઉપર એકેશ્વરવાદ સ્વીકારવામાં આવ્યો છે, તેનો વિકાસ કર્યો.

જેનેસિસમાં–જુના કરારના પહેલા ભાગમાં–અબ્રાહમનું જે ચિત્ર આપવામાં આવ્યું છે તે એકપત્નીવ્રત, સત્યપરાયણતા અને સામાન્ય નીતિના આદર્શ તરીકે આજે ચાલી શકે એમ નથી. તે પોતાની સ્ત્રીના સંબંધમાં અસત્ય બોલ્યા હતા. ધર્મના કામને માટે તે પોતાના પુત્રનો ભોગ આપવા તૈયાર થયા હતા. ઘણી બાબતોમાં તે પોતાના સમયના વિચાર બરોબર દર્શાવતા હતા. છતાં પણ વાસ્તવિક રીતે તે મહાપુરુષ હતા, કારણ કે તેમણે ધર્મના કામમાં હિમ્મત કરી હતી અને પોતાના પરંપરાગત અનેકેશ્વરવાદનો એકદમ ત્યાગ કર્યો હતો.

> "પ્રભુ અબ્રાહમ આગળ પ્રગટ થયા અને તેમણે તેને કહ્યું– 'હું સર્વ શક્તિમાન પ્રભુ છું: તું મારી આગળ ચાલ અને પરિપૂર્ણ થા'." ( જેનેસિસ ૧૭ : ૧ ).

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

યાહુદીઓ અને ખ્રિસ્તીઓ અબ્રાહમને 'ભક્તોના પિતા' માને છે, કારણ કે તે પ્રભુને માનતા હતા અને તેમાં જ ધર્મ રહેલો છે એમ તેમનું માનવું હતું. અબ્રાહમ માનતા કે સ્વર્ગના પ્રભુ અને પૃથ્વીના પ્રભુમાં મારી જે શ્રદ્ધા છે તેનાથી જ પૃથ્વી ઉપરનાં અસંખ્ય માણસોનો હું નેતા થઈશ અને આખા જગતને સુખી કરીશ. યાહુદીધર્મ અને ખ્રિસ્તી-ધર્મનાં શાસ્ત્રોમાં આબ્રાહમને 'પ્રભુનો મિત્ર' કહેવામાં આવ્યા છે. આટલું બધું સારૂં વર્ણન હોવા છતાં પણ અબ્રાહમે પોતાના સિદ્ધાન્તોને વ્યવસ્થિત રૂપ આપીને પ્રચાર કર્યો નહિ. આ કારણથી, જો કે અબ્રાહમ યાહુદીધર્મના ઇતિહાસમાં પ્રથમ મહાપુરુષ થયા છે, છતાં પણ તેમને ભાગ્યે જ આ ધર્મના સ્થાપક કહી શકાય.

**મોઝેઝ, જેહોવાહની પૂજાનો પ્રચાર કરનાર**

( આશરે ઇ. સ. પૂર્વે ૧૨૦૦ )

ઇસ્રાએલ, હિબ્રુ અને જયુ એ બધાં જુદાં જુદાં નામોથી ઓળખાતા લોકોનો જે ધર્મ હતો તેની પહેલ વહેલી વ્યવસ્થા એક મહાન ધાર્મિક અનુભવને પરિણામે થઇ હતી. મોઝેઝ એ ઇજીપ્તના હિબ્રુ હતા અને રાજયમાં તે સારે હોદ્દે પહોંચ્યા હતા. એક દિવસ એક ઇજિપ્શ્યને એક હિબ્રુને ગાળ ભાંડી અને તેથી મોઝેઝે તે ઈજિપ્શ્યનને મારી નાંખ્યો અને પોતે જંગલમાં જતા રહ્યા. ત્યાં તેમને લાગ્યું કે જેહોવાહ મને આજ્ઞા કરે છે કે 'આ મારા લોકોને ઇજીપ્શીઅનોનો ત્રાસ બહુ છે, માટે તું તેમને બચાવ.' ત્યારથી મોઝેઝે 'હું તે છું' એ નામ લઇને હિબ્રુ લોકોની સ્વતંત્રતાનો પ્રશ્ન હાથમાં લીધો. યાહુદીધર્મમાં આ દેવનું જે વિશિષ્ટ નામ છે તે ઘણા સમય સુધી 'જેહોવાહ' એ રીતે જાણીતું હતું, જો કે મૂળ નામ તો કદાચ 'જહ્વેહ' અથવા 'યહ્વેહ' હોય. અનેક જાતના અનુભવોને અંતે મોઝેઝ પોતાના કાર્યમાં સફળ થયા અને ઇસ્રાએલ લોકોને ઇજીપ્તમાં સ્વતંત્ર બનાવ્યા અને ચાળીસ વર્ષની અંદર પેલેસ્ટા-ઈનની સ્વર્ગીય ભૂમિની હદમાં લઇ ગયા. હોરેબ (સિનાઇ) પર્વત ઉપર

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જ્યારે વાદળાંઓમાં ગર્જનાઓ થઈ રહી હતી અને કુદરતનો દેખાવ ઘણો અદ્‌ભુત થયો હતો તે વખતે પ્રભુએ પોતે જે દસ આજ્ઞાઓ કરી હતી તે જ આજ્ઞાઓ મોઝેઝે આપી. જગતના પ્રશ્નોનો કેવળ બુદ્ધિના બળથી વિચાર કરીને નિરાકરણ કરવાને બદલે દુઃખી અવસ્થામાં જે સુખ ભોગવવાનું મળે છે તેને માટે પ્રભુનો આભાર માનવો અને પ્રભુની આજ્ઞાનું પાલન કરવું. એ પ્રમાણે ઇસ્રાએલે પ્રભુની ભાવના વિષે કહ્યું છે.

માનવજાતિના ધર્મોની અંદર જે મહત્ત્વની પ્રગતિઓ થઇ છે તેમાંની એક મહાન પ્રગતિ મોઝેઝના સમયમાં થએલી છે. તેણે લોકોને એવો સરસ અનુભવ કરાવ્યો કે લોકો તે અનુભવ કોઇ દિવસ ભૂલી શકે નહિ. સામાજિક અન્યાયમાંથી લોકોને ધર્મનિષ્ઠ પ્રભુએ જ બનાવ્યા છે એમ મોઝેઝે આ અનુભવનું રહસ્ય સમજાવ્યું. સગુણ ધર્મનિષ્ઠ ઈશ્વરમાં દરેક માણસે અને જનસમાજે શ્રદ્ધા રાખવી એમ કહીને મોઝેઝે પહેલ વહેલો ઇસ્રાએલનો ધર્મ સ્થાપ્યો.

## પેલેસ્ટાઈનમાં ધર્મોનો સમાગમ ( ૧૨૦૦–૯૦૦ ઈ. સ. પૂર્વે )

હિબ્રુઓ કેનનપ્રાન્તમાં પહેલ વહેલા દાખલ થયા ત્યારે તેમને એમ લાગ્યું કે આ દેશમાં રહેતા માણસોને અમુક પ્રમાણમાં મારી નાખવામાં આવે તો તે ધર્મની દૃષ્ટિએ યોગ્ય છે. પણ જ્યારે તેઓ તે દેશમાં સ્થિર થઇને રહ્યા અને પશુઓને ઉછેરીને ગુજરાન ચલાવવાને બદલે ખેતીવાડીનો ધંધો કરતા થયા ત્યાર પછી તેમના ધર્મમાં પણ કેટલાક મહત્ત્વના ફેરફારો થયા. જે કોઇ નવા વાતાવરણમાં તેમને જવાનું થાય તો તે વાતાવરણને દબાવી પોતાની શ્રેષ્ઠતા સિદ્ધ કરવાને બદલે હવે તેમનામાં વાતાવરણને અનુકૂળ થવાની વૃત્તિ ઉત્પન્ન થઇ. ધીમે ધીમે તેમણે કેનનવાસીઓને અને તેમના ધર્મનાં કેટલાંક તત્ત્વોને પોતાનામાં ભેળવી દીધાં. આ પ્રમાણે બાલોની ( જમીનના અધિષ્ઠાતા દેવોની ) અને અશ્તેરોથની ( સેમિટિક લોકોની દેવીની) પૂજામાં હિબ્રુઓએ ભાગ લેવા



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

માંડયો. મોઝેઝે જે લોકોને જેહોવાહના ધર્મને તદ્દન અલગ રાખવાનું કહ્યું હતું તે જ લોકો હવે કેનન લોકોના વસંત અને શરદ, પાક અને દ્રાક્ષના ઉત્સવો પાળવા લાગ્યા.

આ પ્રમાણે પરધર્મનાં તત્ત્વો ઘણા પ્રમાણમાં આ ધર્મમાં આવવાથી દેખીતી રીતે ઇસ્રાએલની ધાર્મિક પ્રગતિ ધીમી પડી ગઇ. સૈકાઓ પછી એઝેકિયલ નામના સંતે જેરૂસલેમ વિષે કહ્યું કે " તમારી માતા હિટાઇટ હતાં અને તમારા પિતા એમોરાઇટ હતાં." આ વાકયનું રહસ્ય એ છે કે જેરૂસલેમમાં હમ્મેશાં અસદ્ધર્મ હિબ્રુધર્મની સાથે ભળી જઇને ચાલ્યા કર્યો છે.

જેહોવાહના રક્ષણ તળે હિબ્રૂઓએ સેમ્યુએલ, સૉલ, ડેવિડ અને સોલોમનના સમયમાં સ્વદેશાભિમાન સારી રીતે વધાર્યું. આ જે એકતા થઇ હતી તે સોલોમનના રાજ્યના બે ભાગ થવાથી અને તેની વચ્ચે સ્પર્ધા વધવાથી નરમ પડી ગઈ, છતાં પણ જ્યારે જેઝેબેલે હિમ્મત કરીને ફિનિશ્યન દેવતાને દાખલ કરી ત્યારે એલિજાહ લોકોનો જેહોવાહ પ્રત્યે જે ગુપ્ત ભક્તિભાવ હતો તેને ફરીથી જાગૃત કરી શકયા અને આખરે 'બાલ'ની જે ચઢાઈ થઇ હતી તેને સંપૂર્ણ રીતે તેમણે દૂર કરી.

## યાહુદીઓના ધાર્મિક સાહિત્યનો આરંભ (૯૦૦–૭૫૦ ઇ. સ. પૂર્વે)

જ્યારે ઇ. સ. પૂર્વે આઠમા શતકમાં એમોસ અને હોસિઆ નામના સંતો ઉપદેશ કરતા હતા ત્યારે તેમણે એમ માની લીધું કે ભૂતકાળના ઇતિહાસની જે બાબતો અત્યારે જાણવામાં આવેલી છે તે બધી બાબતો ઇસ્રાએલ લોકો જાણતા હોવા જોઇએ. તેથી આપણે એમ અનુમાન કરી શકીએ કે બાઈબલમાં જેનેસિસથી માંડીને તે '૨, કિંગ્સ' સુધીમાં જે સંતોનાં વર્ણન આવે છે તેમાંનાં ઘણાં ખરાં ઇ. સ. પૂર્વે ૭૫૦ ની પહેલાં અસ્તિત્વમાં આવેલાં હોવાં જોઇએ. આ બધા ભાગોમાંથી પહેલા પાંચ ભાગ મોઝેઝે લખ્યા છે એમ તે તે ભાગના નામ ઉપરથી જણાય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પરંતુ પોતાના મરણની હકીકત અને પોતાની પછી થએલા સંતોની સાથે પોતાની તુલના તેણે ભાગ્યે જ લખી હોય. આ વિષયમાં વિદ્વાનોએ જે શોધખોળ કરી છે તે ઉપરથી જણાય છે કે જુના કરારના પહેલા છ ભાગોમાં જુદે જુદે સમયે લખાએલા અંશો છે. આ છ ભાગોમાંના ઘણા અંશો તો સોલોમોનથી માંડીને તે પહેલવહેલા વિદ્વાન સંતોના સમય સુધીના ગાળામાં લખાએલા છે.

આ સમયે હિબ્રૂઓના ભૂતકાળના ઇતિહાસને એક ચાલુ વાર્તાનું રૂપ આપવાને સંતોની બે જુદી જુદી પ્રવૃત્તિઓ શરૂ થઈ હતી; અને આજે આપણને જે ઇતિહાસ મળે છે તેમાં આ બન્ને ય પ્રવૃત્તિઓનાં ફળ મિશ્ર થએલાં જોવામાં આવે છે. આ ઉપરથી એમ જણાય છે કે ધાર્મિક સાહિત્ય લખવાની વૃત્તિ લોકોમાં થઈ અને તે સાહિત્ય અસ્તિત્વમાં આવ્યું. કાળક્રમે આ સાહિત્યને લોકો પવિત્ર માનતા થયા. જે જે ઐતિહાસિક સાધનો મળ્યાં તે બધાંને આકર્ષક અને યોગ્યરૂપમાં ગોઠવવામાં આવ્યાં, અને લોકોએ તેનો સ્વીકાર પણ કર્યો. સાથે સાથે લોકો એમ પણ ખાત્રીપૂર્વક માનતા થયા કે આ પવિત્ર ગ્રન્થોમાં જગતનો અને પ્રજાનો જે પ્રાચીન ઇતિહાસ આપવામાં આવ્યો છે તેનું ખરેખરૂં તાત્પર્ય ઈશ્વરનો જગત ઉત્પન્ન કરવામાં અને લોકોને મુક્ત કરવામાં જે હેતુ છે તેને બરોબર સમજાવવાનો છે.

## એક્ઝાઈલ પહેલાંના હિબ્રૂ સંતો (૭૫૦–૫૮૬ ઈ. સ. પૂર્વે)

બેબીલોનીઆમાં હિબ્રૂઓને કેદ કરવામાં આવ્યા તે પહેલાં બે સૈકાઓ સુધી આઠ ઉત્તમ ઉપદેશકોએ અથવા તો ઈશ્વરી સંતોએ તેમને ઉપદેશ આપી ધર્મના ઉચ્ચ આદર્શો શીખવ્યા હતા. ઇ. સ. પૂર્વે ૭૦૦ની પહેલાં પચાસ વર્ષ સુધી પહેલા ચાર સંત પુરુષોએ ઉપદેશ કર્યો કે યજ્ઞ અને બાહ્ય આચારના કરતાં નીતિના સિદ્ધાન્તોને અનુસરીને ઈશ્વરની આજ્ઞાનું પાલન કરવું વધારે સારૂં છે. આ પ્રમાણે તેમણે ધર્મની અંદર

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નવું દૃષ્ટિબિન્દુ દાખલ કર્યું.

દરેક માણસે અને આખી પ્રજાએ ધર્મનિષ્ઠ પ્રભુની આજ્ઞા પાળવી જોઇએ; જો આ પ્રમાણે કરવામાં નહિ આવે તો જેહોવાહના ભક્તોને શિક્ષા કરવામાં આવશે, અને તે જ પ્રમાણે હિબ્રૂઓ જેને ધિક્કારે છે તેવી પ્રજાના દેવોને પૂજનારાઓને પણ શિક્ષા થશે. આ પ્રમાણે ઍમોસે ઉપદેશ કર્યો. છે. વળી ઍમોસે જેહોવાહના નિરંકુશ ન્યાય વિષે ઉપદેશ કર્યો. તેમાં હોસીઆ નામના સંત પુરુષે 'પ્રભુ મનુષ્યોને ચાહે છે' એ પ્રકારનું નવું તત્ત્વ ઉમેર્યું. જગતના બધા ધર્મોમાં હોસીઆનો આ ઉપદેશ પ્રથમ જ હતો. હોસીઆને સંસારમાં ઘણાં દુઃખો પડચાં હતાં અને તેથી તેનામાં ધાર્મિક ભાવના ઘણી પ્રબળ થઇ હતી. તે એમ માનતા થઇ ગયા હતા કે પ્રભુ હમ્મેશાં બધાને ચાહે છે અને જે કોઇ પાપી પશ્ચાત્તાપ કરે છે તેને તે ક્ષમા આપવામાં તૈયાર હોય છે અને સાથે સાથે એ પણ ખરૂં કે પ્રભુ શિક્ષા કરતાં અટકતા પણ નથી.

ઈસાઈઆહને જેહોવાહની ભવ્ય પવિત્રતાનો સાક્ષાત્કાર થયો અને પછીથી તેમણે ધર્મના નેતા તરીકે કામ શરૂ કર્યું. ઈસાઈઆહના સમયમાં દેશમાં અને પરદેશમાં અનેક વિકટ પ્રશ્નો ઉપસ્થિત થયા હતા. એવા સમયમાં બીજા સમકાલીન કાર્યકર્તાઓની માફક ઈસાઈઆહે પોતાના કુળદેવતા જેહોવાહ તરફ લોકોની જે પરંપરાગત ભક્તિ હતી તેનું નીતિની દૃષ્ટિથી રહસ્ય સમજાવ્યું અને લોકો તે ભક્તિભાવ વધારે પ્રમાણમાં દર્શાવતા થાય એ હેતુથી ઉપદેશનું કામ ચાલુ રાખ્યું. ઈસાઈઆહે જે ઉપદેશ કરેલો છે તેમાંના પહેલા પ્રકરણમાં જેહોવાહ વિષે જે ઉપદેશ કરવામાં આવ્યો છે તે ઘણો ઉત્તમ છેઃ દા. ત. જેહોવાહને વંશપરંપરાનું અથવા તો યાગાદિ ક્રિયાઓનું પ્રયોજન હતું, પણ ધર્મ અને પાપીઓને મુક્તિ આપવાનું કાર્ય તેમને રુચિકર હતાં. ઇસ્રાએલની પ્રજાનાં અનેક પાપોને માટે જેહોવાહ તેમને શિક્ષા કરતા હતા, છતાં પણ ભવિષ્યમાં તે જ પ્રજા સુખી થશે એવો ઈસાઈઆહે સુંદર ચિતાર આપેલો છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આપણી કુળદેવતા આપણને ઐહિક સુખો અવશ્ય આપશે જ એ પ્રકારની યાહુદીઓની માન્યતા હતી. મિકાહ નામના સંતપુરુષે આ પ્રાચીન માન્યતાનો એકદમ ત્યાગ કર્યો અને તેમણે જણાવ્યું કે પ્રજાનાં નીતિનાં ધોરણો ઊંચા પ્રકારનાં રાખવા માટે જેહોવાહ બીજી પ્રજાઓના હાથે પણ આ પ્રજાને શિક્ષા કરાવશે. મિકાહે જે સંક્ષેપમાં ધર્મનું સ્વરૂપ સમજાવ્યું છે તે યાદ રાખવા જેવું છે. તે કહે છે :—

"ન્યાયથી વર્તવું, દયા રાખવી અને તારા પ્રભુની સાથે દીનતાથી ચાલવું." (મિકાહ ૬ : ૮).

એકઝાઇલ પહેલાંના જે સંતો છે તેમાંનો બીજો વર્ગ રાજશાસન-યુગના છેલ્લા સમયમાં થએલો છે. ઍમોસની માફક ઝેફનિઆહે પણ ઉપદેશ કરવા માંડચો કે જે લોકો હંમેશાં પાપ જ કર્યા કરે છે તેમને ઈશ્વર શિક્ષા કર્યા વિના રહેતા નથી. નહુમે ઉપદેશ કર્યો કે ઈશ્વર દયાળુ અને સાથે સાથે કડક પણ છે અને આખા વિશ્વમાં તે સૌથી શ્રેષ્ઠ છે. હબકકુકે એવો સિદ્ધાન્ત દર્શાવ્યો કે ધર્મનિષ્ઠ ઈશ્વર ન્યાય અને આશા આપે છે. કેટલાક સૈકાઓ પછી આ યાહુદી સંતના એક વાકયથી જ પૉલ, ઑગસ્ટાઇન અને લ્યુથર જેવા સુપ્રસિદ્ધ ખ્રિસ્તી નેતાઓના ઉપર ઘણી અસર થઇ હતી. આ સમયે જેરેમિયાહ નામના સંતે ધાર્મિક પ્રગતિ કરવામાં પોતાનો ઘણો સુંદર ફાળો આપ્યો હતો. ઘણા દુઃખના અને શોકના પ્રસંગોમાં પણ જેરેમિયાહ ઈશ્વરનો સાક્ષાત્કાર કરી આનન્દ અને શાન્તિ ભોગવતા હતા. તેમણે પણ ઉપદેશ કર્યો કે ધાર્મિક જીવન ગાળવાથી ઈશ્વર આપણને મદદ કરે છે અને ઉત્સાહ આપે છે.

જેરેમિઆહે જોયું કે જે સંઘમાં ધાર્મિક પુરુષ પોતાનુ જીવન ગાળે છે તે સંઘના કરતાં તે ધાર્મિક પુરુષ દ્વારા જ ઈશ્વર જગત પ્રત્યેનો પોતાનો પ્રેમ વ્યક્ત કરી વધારે છે. આ માન્યતાના પરિણામે એકેશ્વરવાદની ભાવના ઘણી મજબુત થઇ અને લોકોને ધર્મમાંથી સંતોષ મળવા ઉપરાંત બીજા લાભો પણ થવા લાગ્યા. ધર્મના પ્રચારકાર્યની યોજનાનાં બીજો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જેરેમિઆહે જ પહેલ વહેલાં વાવ્યાં એમ કહેવામાં કોઇ જાતની હરકત નથી. આ પ્રચારકાર્ય યાહુદીધર્મમાં આગળ જતાં વધ્યું અને અંતે નષ્ટ પણ થઇ ગયું, પરંતુ આજે તે પદ્ધતિ ખ્રિસ્તી ધર્મમાં પ્રચલિત થયેલી છે.

## એકઝાઇલના–દેશનિકાલના સમયના–બે મહાન ધાર્મિક નેતાઓ

( ૫૮૬–૫૩૯ ઈ. સ. પૂર્વે )

જ્યારે બેબિલોનિયામાં લગભગ પચાસ વર્ષ દેશવટો ભોગવવામાં આવ્યો ત્યારે બે મહાન સંતોએ યાહુદી કેદીઓના ધાર્મિક વિચારો ઉપર ઘણી અસર કરી હતી. ઈશ્વર સાર્વભૌમ સત્તા ભોગવે છે અને તેમનામાં દયા અને ક્ષમાના સદ્‌ગુણો રહેલા છે એ પ્રમાણે એઝેકિએલે ઉપદેશ કર્યો. તેમણે વધારામાં કહ્યું કે જે લોકોને દેશનિકાલ કરવામાં આવ્યા છે તે લોકો અધર્મી હતા અને તેથી તેમને દેશવટાની જે શિક્ષા કરવામાં આવી છે તે સર્વથા યોગ્ય છે. છતાં પણ તેમણે ઉપદેશ કર્યો કે આ જે દુઃખનો અનુભવ કરવામાં આવે છે તે માત્ર શિક્ષા છે એમ નહિ પણ તેનાથી હૃદયની શુદ્ધિ થશે અને જીવન નિયમિત બનશે. વળી લોકો એમ માનતા હતા કે મોઝેઝની દશ આજ્ઞાઓમાંથી બીજી આજ્ઞા પ્રમાણે ઈશ્વર પાપની શિક્ષા ત્રીજી અથવા ચોથી પેઢી સુધી પણ કરે છે. પરંતુ એઝેકિએલે જેરેમિઆહના અંગત જીવનને આધારે લોકોને ઉપદેશ કર્યો કે મોઝેઝની બીજી આજ્ઞાથી કોઇએ ગભરાવાનું નથી, કોઇ પણ કામને માટે તે કામ કરનારો માણસ જ જવાબદાર છે અને તે પોતે જ જવાબદારીમાંથી છૂટી શકે એવી તેને તક આપવામાં આવે છે. તેનાં કર્મોને માટે તેના વંશજો કોઇ પણ રીતે જવાબદાર નથી.

ખરેખર, ઈશ્વર પોતેજ પાપી પુરુષનામાં નવું હૃદય જ મૂકે છે. એઝેકિઅલે નવા સમાજ અને મંદિરનો સારો ચિતાર આપ્યો અને તે દ્વારા લોકોને તેમણે શાન્તિ, ઉત્સાહ અને પ્રેરણા આપ્યાં. આ પ્રમાણે લોકોને હિમ્મતથી ખાત્રી કરી આપવામાં આવી કે જુની રાજકીય

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભાંજગડો વિના પેલેસ્ટાઇનમાં ધાર્મિક જીવનનો ફરીથી આરંભ થશે. જેહોવાહ જે સુખ આપી શકે તે સુખ અવશ્ય મેળવવાને અને વધારવાને માટે, ધાર્મિક પૂજાવિધિ પરિપૂર્ણ અને વ્યવસ્થિત કરવાની એઝેકિએલને ઇચ્છા થઈ હતી. આ વિચાર જો કે ઘણો સારો હતો પણ તેમાં જેરૂસલેમમાં થતી ધાર્મિક ક્રિયાની વિગતો ઉપર જ દૃષ્ટિ રાખવામાં આવી હતી.

આ પ્રમાણે એઝેકિએલ યાહુદીધર્મના પિતા–ઘણા સંકુચિત અર્થમાં —થયા અને તેથી દેશનિકાલ પછીના હિબ્રૂઓ 'જ્યુ' તરીકે ઓળખાવા લાગ્યા.

બાઇબલના ઈસાઇઆહનાં પહેલાં ઓગણચાળીસ પ્રકરણોની અંદર ઇ. સ. પૂર્વે આઠમા સૈકામાં થઈ ગએલા ઈસાઇઆહ નામના સંતની પેલેસ્ટાઇનમાંની હકીકત આપવામાં આવેલી છે, અને જો કે ૪૦–૫૫ પ્રકરણો પહેલાંના પ્રકરણોની સાથે જોડાએલાં છે છતાં પણ તેમાં દેશનિકાલના સમયમાં જે દુઃખદ અનુભવો થયા તે વર્ણવવામાં આવ્યા છે અને તેને અંગે ધાર્મિક સિદ્ધાન્તોનો ઉપદેશ કરવામાં આવ્યો છે. આ પ્રકરણોના લેખક ઘણા બુદ્ધિમાન છે અને તેમનું ધાર્મિક જ્ઞાન ઊંડુ અને વિશાળ છે. ઇસાઇઆહને લીધે જ ઇસ્રાએલના ધાર્મિક વિચારો ઘણા સારા રૂપમાં વ્યક્ત થઇ શકયા છે. ઈસ્રાએલનો આખો ઇતિહાસ જ એક પ્રકારની ધાર્મિક તાલીમ છે એમ ઇસાઈઆહે સ્પષ્ટ રીતે લોકોને સમજાવ્યું. જગતમાં જેહોવાહ એકલો જ ઈશ્વર છે એવું પહેલ વહેલું સ્પષ્ટ રીતે વર્ણન કરનાર ઇસાઈઆહ જ છે. જગતનું દુઃખ ઓછું કરવાના કામમાં મદદ કરી શકે એ હેતુથી ઈશ્વરે ઇસ્રાએલને પસંદ કર્યો છે એમ ઇસાઇઆહે લોકોને સમજાવ્યું.

ઈશ્વરની અને પ્રવૃત્તિપ્રધાન ધર્મની આ ભાવનામાં ભવ્યતા, આધ્યાત્મિકતા અને ઉત્સાહ જોવામાં આવે છે. આ ભાવના યાહુદીધર્મની ઉત્તમોત્તમ ભાવનાઓમાંની એક છે. દશ આજ્ઞાઓમાંની બીજી આજ્ઞામાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જો કે મૂર્તિપૂજાનું સ્પષ્ટ ખંડન કરવામાં આવ્યું હતું, છતાં પણ દેશનિકાલ થયો તે પહેલાં યાહુદી લોકોનું વલણ મૂર્તિપૂજા તરફ હતું. પરંતુ દેશનિકાલની પછી તરત જ તેમણે એ વૃત્તિનો ત્યાગ કર્યો હતો.

## શાસ્ત્રવિહિત યાહુદીધર્મની ધીમી ધીમી સ્થાપના

( ૫૩૯–૪૦૦ ઇ. સ. પૂર્વે )

ઇ. સ. પૂર્વે ૫૩૯ માં સાયરસે બેબિલોન જીત્યું ત્યાર પછી યાહુદીઓને પોતાની જન્મભૂમિ પેલેસ્ટાઇનમાં જવા દેવામાં આવ્યા હતા. પણ આ વ્યવસ્થાનો લાભ ઘણા થોડાઓએ લીધો હતો. હવેથી યાહુદીઓનો ઘણો મોટો ભાગ પરદેશમાં રહેવા માંડ્યો હતો. ખેતીનું કામ ચાલુ રાખવાને બદલે હવે તેમણે વેપારનું કામ શરૂ કર્યું હતું. જેમ જેમ તેમને તક મળતી ગઇ તેમ તેમ તેઓ બધી દિશાઓમાં જવા લાગ્યા, છતાં પણ ધર્મમંડળો અને વિદ્વાનોને લીધે જેરૂસલેમમાં જે પ્રકારે યાહુદીધર્મ પળાતો હતો તે જ પ્રકારે આ લોકો પણ યાહુદીઓના આદર્શો અને રિવાજો પાળતા હતા. આ પ્રમાણે યાહુદીધર્મની અસર પોતાના મૂળ સ્થાનની બહાર ઘણે દૂર સુધી પહોંચી ગઈ હતી.

જેરૂસલેમ જે સમયે પડતી દશામાં હતું તે વખતે હગગાઈ અને ઝેકર્હારિઆહની વિનંતીઓથી ઝેરૂબ્બબેલ અને જોશુઆની આગેવાની નીચે ઈ. સ પૂર્વે ૫૧૬ માં જેરૂસલેમમાં એક બીજું દેવળ બાંધવામાં આવ્યું અને ફરીથી તેમાં વિધિસર પૂજા શરૂ કરવામાં આવી. લગભગ સો વર્ષ પછી નેહેમિઆહની આગેવાની નીચે જેરૂસલેમમાં ફરીથી કોટ બાંધવામાં આવ્યો અને લોકો રહેવા લાગ્યા અને આ પ્રમાણે યાહુદીધર્મમાં જેરૂસલેમની જે ઐક્યતા હતી તે ફરીથી અસ્તિત્વમાં આવી. ત્યાર પછી થોડા જ વખતમાં જે હીલચાલ બસો વર્ષથી ધીમે ધીમે ચાલી રહી હતી તે હીલચાલ લિપિકાર એઝ્રાની આગેવાની નીચે પૂર જોસમાં આવી. જોસીઆહ નામના રાજાએ લોકોને સમજાવીને કહ્યું કે

ડૉયટરોનોમી નામના (જુના કરારના) ભાગમાં મોઝેઝના સિદ્ધાન્તો જે ફરીથી ઘડવામાં આવેલા છે તેને બરોબર અનુસરીને દરેકે પોતાનું જીવન ગાળવું. આ નિયમ પ્રમાણે ડૉયટરોનોમીના સિદ્ધાન્તોને અનુસરીને જેરૂસલેમમાં બધી પૂજાવિધિ કરવામાં આવતી હતી. બસો વર્ષ સુધી યાહુદી લોકો આ નિયમોને અનુસરીને જ પોતાનું ધાર્મિક જીવન ગાળતા હતા. છતાં પણ દેશનિકાલ વખતે અને પછીના સમયમાં ભૂતકાળમાં જે બધી ધાર્મિક પૂજાવિધિઓ કરવામાં આવતી હતી તેને એક પ્રકારનું વ્યાપક રૂપ આપવાને માટે કેટલાક પ્રયત્નો થયા.

આ બધું કદાચ એઝેકિએલની અસરથી જ થયું હોય એમ લાગે છે. આ શાસ્ત્રવિહિત નિયમ જે "ધર્માચાર્યનો નિયમ" એ નામે ઓળખાતો હતો તે એઝ્રાના સમયમાં સંપૂર્ણ રૂપમાં આવી ગયો હતો. એકસોડસ, લેવિટિકસ અને નમ્બર્સ નામના જુના કરારના ભાગોની અંદર નિયમોની ચર્ચા કરનારાઓ જે ભાગો છે તેમાં આ 'ધર્માચાર્યનો નિયમ' જોવામાં આવે છે. આ કાયદો એઝ્રા બેબિલોનીઆથી પેલેસ્ટાનમાં લઇ ગયા. જેહોવાહ તરફ જે ભક્તિભાવ રાખવામાં આવે છે તેનું પરિપૂર્ણ સ્વરૂપ આ કાયદામાં વ્યક્ત થયું છે, માટે બધા લોકોએ તે સ્વીકારવો એમ એઝ્રાએ નેહેમિઆહની મદદથી લોકોને સમજાવવા માંડ્યું. આ સિદ્ધાન્તનું ધ્યેય ઉત્તમ હતું, કારણ કે તે ઇશ્વરની પવિત્રતા અને તેનાં માણસોને માટે પૂજ્યભાવ ઉત્પન્ન કરતો હતો. પરંતુ તેની પદ્ધતિ જરા વિલક્ષણ હતી, કારણ કે તેમાં બાહ્ય આચાર ઉપર વધારે ભાર મૂકવામાં આવ્યો હતો: દા. ત. કર્મ કરતી વખતે પૂજારીઓએ અને લોકોએ શુદ્ધ રહેવું જોઇએ, શાસ્ત્રમાં જે જે ક્રિયાઓનું અને યજ્ઞોનું વિધાન કરવામાં આવ્યું છે તે બધું કાળજીથી વિધિસર કરવું જોઇએ, સેબાથ–રવિવાર અથવા આરામદિન–બરોબર પાળવો જોઇએ, યાહુદીલોહીને બગાડે એવાં લગ્નો ન કરવાં. આ ઉપરાંત જેહોવાહ પ્રત્યેનો ભક્તિભાવ વધે એ હેતુથી આવા બીજા ઘણા નિયમો આપવામાં આવેલા છે. આ પ્રમાણે યાહુદીધર્મમાં ઇશ્વરની

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભાવનાનું મહત્ત્વ વધ્યું અને સાથે સાથે ધાર્મિક વિધિઓના અનેક નિયમો પણ વધ્યા; અને તેનું પરિણામ એ આવ્યું કે યાહુદીધર્મનું આધ્યાત્મિક તત્ત્વ આ બાહ્ય આચારોથી ઢંકાઇ ગયું. આગળ જતાં તો યાહુદીધર્મના ધારાશાસ્ત્રીઓએ નિયમોનું પ્રાધાન્ય ઘણું વધારી મૂક્યું.

**પ્રકટીકરણનો આરંભ** ( ઇ. સ. પૂર્વે ૪૦૦-ઇ. સ. ૧૦૦ ).

ઝેફનિઆહ, એઝેકિએલ અને જોએલ જેવા પછીથી થયેલા યાહુદી સંતોએ નીતિનો ઉપદેશ કર્યો એટલું જ નહિ પણ ' ગમે તેવો ન્યાય આપેલો હોય તેમાં જેહોવાહ પોતે પ્રકટ થાય છે ' એ સિદ્ધાન્ત ઉપર તેમણે ભાર મૂક્યો. તેમને લાગ્યું કે ઇરાનની પ્રજા જેવી સત્તાવાળી પ્રજાઓને હરાવવા જેટલી શક્તિ યાહુદી લોકોમાં નથી અને તેથી તેઓ આશા રાખતા કે યાહુદી પ્રજાની ઉન્નતિમાં જેટલાં પ્રતિબંધો છે તે બધાંને દૂર કરવાને માટે જેહોવાહની શક્તિ એકદમ પ્રગટ થશે આ સંતોની પછી ઘણા લાંબા કાળ સુધી વિચારયુગ ચાલ્યો. આ સમયની વિચારસરણી મૂળ સંતપુરુષોના સિદ્ધાન્તોથી જુદી જ હતી. જ્યારે મૂળ પુરુષો પાપને નીતિના સિદ્ધાન્તો લાગુ પાડતા હતા, ત્યારે આ ડેનિઅલ, એનોક અને બીજા એવા સાક્ષાત્કારવાદી લેખકો ભવિષ્યનો જ વિચાર કરતા હતા. ધર્મનિષ્ઠ ઈશ્વરની આજ્ઞા પાળવાની ફરજ દરેકને માથે રહેલી છે એમ કહેવાને બદલે આ નવીન વિચારકોએ ઈશ્વરના આદ્ય પ્રયત્ન અને સર્વશક્તિ ઉપર જ બધો આધાર રાખવા માંડ્યો. વર્તમાન પરિસ્થિતિ સુધારવાને બદલે આદર્શ ભવિષ્યનો જ તેઓ વિચાર કરવા લાગ્યા.

આ પ્રકટીકરણની પ્રવૃત્તિને લીધે દરેક જણ માનવા લાગ્યા કે ભવિષ્યમાં પોતાને મોક્ષ મળશે. આ માન્યતાની અંદર ઈશ્વર ઉપર પૂર્ણ શ્રદ્ધા રાખી તેને શરણે રહેવાનો ઉત્તમ ભાવ રહેલો છે; પરંતુ તેને પરિણામે લોકો પ્રયત્ન કરતા બંધ થવા લાગ્યા અને તેમને માથે કોઈ જાતની જવાબદારી રહી નહિ; છતાં પણ એક વાત તો નક્કી કે જે પરિસ્થિતિમાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અનેક લોકો મરી ગયા હોત તે પરિસ્થિતિમાં આ નવીન માન્યતાને લીધે યાહુદી લોકોની શ્રદ્ધા જેવી હતી તેવી ચાલુ રહી.

**યાહુદી ધર્મમાં પરમ તત્ત્વની ભાવના**

ઈશ્વરના સિદ્ધાન્તનો વિકાસ કરવામાં જ યાહુદી ધર્મની કીર્તિ રહેલી છે. આ વિકાસ જુદે જુદે રૂપે થએલો છે. મોઝેઝ એકેશ્વરવાદનો ઉપદેશ કરી શકયા નહિ. દશ આજ્ઞાઓમાંની પહેલી આજ્ઞામાં જેહોવાહ સિવાયના બીજા દેવોનો નિષેધ કરવામાં આવ્યો નથી; માત્ર એટલું જ કહેવામાં આવ્યું છે કે હિબ્રૂઓએ એ દેવોની પૂજા કરવી નહિ. ડેવીડ જેવા પ્રજાકીય જીવન બાંધનાર પ્રસિદ્ધ પુરુષને પણ લાગ્યું હતું કે દેશનિકાલ થવાથી જેહોવાહનો વિયોગ થયો છે. આઠમા શતક સુધી કદાચ બેબિલોનીઆમાં દેશવટો થયો તે જ અરસામાં, હિબ્રૂઓનો જેહોવાહ પ્રતિ એવા પ્રકારનો ભક્તિભાવ હતો કે બીજાઓને પોતપોતાના ઇષ્ટ દેવને ભજવાનો સરખો અધિકાર છે એમ તેઓ માનતા હતા. આ પ્રકારની માન્યતાને એકદેવ-પ્રાધાન્યવાદ ( Henotheism ) કહેવામાં આવે છે.

ઍમોસથી આરંભીને એકઝાઇલના મહાન અજ્ઞાત સંત સુધીના મહાપુરુષોએ ક્રમે ક્રમે એકેશ્વરવાદની સ્થાપના કરી અને લોકોને ઉપદેશ કર્યો કે આ વિશ્વનો એક જ ઈશ્વર છે. પહેલાં તો ઍમોસ, હોસીઆ, ઈસાઈઆહ અને મિકાહ નામના આઠમા શતકના ચાર સંત પુરુષોએ નીતિની દૃષ્ટિએ જ જેહોવાહનું સ્વરૂપ વર્ણવ્યું હતું : તે-જેહોહ-ધર્મ-નિષ્ઠ, પવિત્ર, પ્રેમી અને બુદ્ધિમાન છે; તે લોકોની પાસેથી દીનતાની અપેક્ષા રાખનારી માત્ર શક્તિ જ છે એમ નહિ. પછીથી ઇ. સ. પૂર્વે સાતમા અને છઠ્ઠા શતકમાં ખાસ કરીને જેરેમિઆહ અને એઝેકિએલ નામના સંતોએ ઉપદેશ આપ્યો કે દરેક જણે જેહોવાહ તરફ પોતાની નૈતિક જવાબદારી બજાવવી જ જોઇએ. તે બે સંતોએ કહ્યું કે આખી પ્રજાના સંઘને બદલે દરેક ધર્મિષ્ઠ પુરુષની દ્વારા આખા જગતને માટે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નિર્માણ થએલી ઇશ્વરની કૃપાશક્તિ સફળ થઇ શકે છે. યાહુદીઓ સિવાયના લોકો પણ જેહોવાહની પૂજામાં ભાગ લઇ શકે એ અર્થનો ધ્વનિ પહેલીજવાર બાઇબલના જેરેમિઆહ નામના પ્રકરણમાં જોવામાં આવે છે. અંતમાં જ્યારે દેશનિકાલ પૂરો થયો તે વખતે લખાએલાં ઈસાઈઆહનાં ચિરંતન પ્રકરણોમાં ઇશ્વરની સુંદર ભાવનાઓ આપવામાં આવેલી છે. આ ભાવના પ્રમાણે ઈશ્વર જાતિ, દેશ અને કાળના પ્રતિબંધોનો વિચાર જ કરતા નથી. આ સર્વશક્તિમાન, સર્વદ્રષ્ટા, સર્વધર્મી જગતના સ્રષ્ટા, નિયામક અને ઉદ્ધારક પોતાના સેવકોને એટલું જ કહે છે કે આત્માનો ભોગ આપીને અને દુઃખ વેઠીને આ ઉત્તમ પ્રેરક સંદેશનો બધે પ્રચાર કરવો.

આ પ્રમાણે આખા જગતમાં ધર્મનો પ્રચાર કરવો એ જ ઈશ્વરનો હેતુ છે એમ સમજાવવામાં આવ્યું અને આમાંથી જ જીસસ ક્રાઇસ્ટના સિદ્ધાન્તો ઉદ્ભવ્યા. યાહુદી લોકો એકંદરે પોતાના ધર્મના ઉચ્ચ આદર્શો પ્રમાણે પોતાનું જીવન ગાળી શકયા ન હતા. ધર્મમાં તેમને મુખ્યત્વે બાહ્ય આચારોમાં જ રસ પડતો હતો. પણ તેમનો બાહ્ય આચાર અને વિધિનો જે અત્યાગ્રહ હતો તેને લીધે કદાચ એમ પણ બન્યું હોય કે ક્રાઈસ્ટના પ્રાદુર્ભાવ સુધી સૈકાઓનો જે અંધકાર યુગ ચાલી રહ્યો હતો તે સમયે તેમના ધર્મનાં કિંમતી બીજોનું રક્ષણ થઇ શકયું. જીવનના અનેક વિકટ અનુભવોમાંથી આ એકેશ્વરવાદની ભાવના ધીમે ધીમે વિકાસ પામી હતી અને આ જ ભાવનાને લીધે યાહુદી લોકો પોતાના સમયમાં આખા જગતમાં સારામાં સારા નૈતિક અને ધાર્મિક ઉપદેશકો તરીકે ગણાતા હતા. તેમણે જ ખ્રિસ્ત ધર્મને માટે રસ્તો સરળ કરી આપ્યો.

### મોસાઈઆહની ભાવના

મોસઇઆહ અથવા ઈશ્વરનો એક અભિષિક્ત પુરુષ ભવિષ્યમાં થશે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અને તે બધાનો ઉદ્ધાર કરશે એવી દરેક માણસે આશા રાખવી એ સિદ્ધાન્ત યાહુદીધર્મનું ખાસ લક્ષણ છે. ઈશ્વરની ભાવનાની માફક આ ભાવનાનો ઇતિહાસ પણ બહુરંગી છે.

જયારે આઠમા શતકમાં હિબ્રૂ સંતોએ ઈશ્વરની ઉચ્ચ ભાવનાનો ઉપદેશ કર્યો ત્યારે સાથે સાથે તેમણે ઈશ્વરનો હેતુ પાર પડે તેટલા સારુ એક વ્યાવહારિક યોજના પણ ઘડી કાઢી. ઈશ્વરનો હેતુ શી રીતે પાર પડે તેનો વિચાર ખાસ કરીને ખ્રિસ્તીધર્મની શરૂઆતમાં ઘણો મહત્ત્વનો થઈ પડયો હતો. પહેલાંના સંતોએ ધર્મમાર્ગને ઉત્તેજન આપવાને માટે ઉપદેશ કર્યો કે ભવિષ્યમાં લોકોને જે ન્યાય મળશે તે ગમે તે પ્રકારનો હશે અને ઘણે ભાગે વિનાશકારક હશે. છતાં પણ ઈશ્વરની શક્તિ અને સાધુતામાં તેમને એટલો બધો વિશ્વાસ હતો કે તેઓ એમ માનતા કે મનુષ્યો ઈશ્વરની આજ્ઞાનું ઉલ્લંઘન કરે છે તો પણ બધાનો ઉદ્ધાર કરવાનો ઈશ્વરનો જે હેતુ છે તે પાર પડશે, કારણ કે હમ્મેશાં કોઈ પણ માણસ પશ્ચાત્તાપ કરતોજ હશે. ઈસાઈઆહ કહે છે કે આ 'બાકીના રહેલા' માણસોને એક ઉદ્ધારક અને નેતા આપવામાં આવશે અને તે પેલા માણસોને પોતાનો દૈવી હેતુ પાર પાડવામાં ઘણી મદદ કરશે. તે સૈકાની પછી જેહોવાહના પરમ ભક્તો હમ્મેશાં આશા રાખતા કે ભવિષ્યમાં ઈશ્વર કોઈ નેતાને જરૂર મોકલશે. કેટલીકવાર આવા નેતાને ભવિષ્યનો રાજા કહેવામાં આવે છે, કેટલીકવાર સારો ભરવાડ કહેવામાં આવે છે, અને કેટલીકવાર ભક્ત, સેવક, પણ કહેવામાં આવે છે.

શરૂઆતમાં તો બધા મોટી આશા રાખી રહ્યા હતા કે ઈસ્રાએલનું નષ્ટ થએલું રાજય ફરીથી સત્તામાં આવશે. થોડા વખત પછી રાજયના પુનરુદ્ધારની સાથે ઉદ્ધારકને પણ મહત્ત્વ આપવામાં આવ્યું. કેટલાક પુરાવાઓ ઉપરથી એમ જણાય છે કે યાહુદીધર્મનાં શાસ્ત્રોમાં ભવિષ્યમાં મળનારા ભૌતિક સુખની ભાવનાને આધ્યાત્મિક સ્વરૂપ આપવામાં આવ્યું છે અને તેથી અખિલ વિશ્વમાં સમાજની આદર્શ સ્થિતિ થશે એવી આશા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રાખવામાં આવી છે. આ ઉત્તમ વિચારોને મહત્ત્વ આપી વિસ્તાર કરવાનું કામ ખ્રિસ્તી ધર્મમાં હાથ ઉપર લેવામાં આવ્યું છે. યાહુદીધર્મનો ઇતિહાસ તપાસતાં જણાય છે કે ખ્રિસ્તીધર્મના આરંભથી તે મોઝેઝ હય્યીમ લ્યુઝટયે (મરણ ઈ. સ. ૧૭૪૭ માં) સુધીમાં ઓછાંમાં ઓછા એવા ચોત્રીસ યાહુદીઓ થયા છે કે જેમણે પોતાની જાતને ખાસ કરીને રાજકીય અભિલાષાઓ પૂર્ણ કરનારા ભાવી ઉદ્ધારકો તરીકે ઓળખાવ્યા છે. યાહુદીધર્મની ઉદ્ધારકની ભાવનામાં જે આધ્યાત્મિક રહસ્ય રહેલું છે તેનો પરિપૂર્ણ અને સુંદર વિકાસ જો કોઇ પણ યાહુદી માબાપના પુત્રોમાં થયો હોય તો જીસસ ક્રાઈસ્ટમાં જ થયો છે એમ જીસસ પોતે અને બીજા માણસો પણ કહે છે.

### ઈશ્વરના કાયદાને માન આપનાર યાહુદીધર્મ

ઇ. સ. પૂર્વે પાંચમા શતકનો જે યાહુદીધર્મ હતો તેણે મનુષ્યની ધાર્મિકતાનું સ્વરૂપ નક્કી કરવાને ઘણો સારો પ્રયત્ન કર્યો પણ તેમાં તે નિષ્ફળ નીવડયો. દેશનિકાલ પછીના યાહુદીધર્મની અંદર ફરીથી જેરૂસલેમના યાહુદીઓએ એક પવિત્ર કરાર કર્યો કે “ઈશ્વરના સેવક મોઝેઝે જે ઈશ્વરનો કાયદો આપ્યો છે તે પાળવો અને આપણા પ્રભુ જેહોવાહની બધી આજ્ઞાઓ પાળવી.” (નેહેમિઆહ ૧૦ : ૨૯). આગળ ચાલતાં યાહુદીધર્મના વિદ્વાનોને માલમ પડયું કે કાયદાના પહેલા પાંચ ભાગોમાં જેહોવાહે જે આજ્ઞાઓ આપેલી છે તેની સંખ્યા ૬૧૩ છે.

બીજા બધા ધર્મોની માફક યાહુદીધર્મમાં પણ બે પ્રકારના અનુયાયીઓ જોવામાં આવે છે. એક વર્ગ એવા માણસોનો છે કે જે મુખ્યત્વે ધર્મના નિયમોનું બરાબર પાલન કરે છે, અને બીજા વર્ગમાં એવા માણસો છે કે જે જગતના નિયામક પ્રભુના સહવાસને માટે ઘણા આતુર હોય છે. પછીથી રચાએલાં જે ભજનો છે તેમાંના ઘણાખરાના રચનારાઓ બીજા વર્ગના છે; તેમ છતાં પણ તેમણે જેહોવાહની આજ્ઞાઓની વાહવાહ ગાઇ છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આવા કેટલાક સાચા ભક્ત લેખકોએ જીસસને માટે ખૂબ તૈયારી કરી અને તેઓ જ પહેલ વહેલા માનવા લાગ્યા કે યાહુદીધર્મની મહત્ત્વાકાંક્ષાઓ જીસસના પ્રાદુર્ભાવથી જ સફળ થશે. આવા કેટલાક યાહુદી મનુષ્યોનાં નામ નવા કરારમાં આપવામાં આવેલાં છેઃ—મેરી, જીસસનાં માતા; ઝેકહરિઆહ અને ઇલિઝાબેથ, બૅપ્ટિસ્ટ જૉનનાં માબાપ; સીમિઓન અને અન્ના, જેરૂસલેમના દેવળમાં પૂજા કરનારાઓ; અને બૅપ્ટિસ્ટ જૉન, જીસસની પહેલાં થઇ ગએલા એક મહાપુરુષ છે.

યાહુદી ધર્મમાં બે પ્રકારની ભાવનાઓ ચાલુ રહેલી છે. ઈશ્વરનો કાયદો મુખ્યત્વે કર્મકાંડનો, આચારનો અને ધર્મબંધુઓને લગતો છે, અને તે બરોબર પાળવો એવી એક ભાવના છે. બીજી ભાવના પ્રમાણે ઈશ્વરનો કાયદો મુખ્યત્વે ધર્મનિષ્ઠ પરમ તત્ત્વની આજ્ઞા પાળવામાં રહેલો છે. પહેલી ભાવના જીસસના સિદ્ધાન્તથી વિરુદ્ધ હતી, જ્યારે બીજી ભાવનાવાળા માણસો જીસસના શિષ્યો થયા હતા.

## આજે જગતમાં યાહુદીધર્મનું સ્થાન

યાહુદીઓ એક ભાગી પડેલી પ્રજાના અવશેષ છે અને આજે જગતમાં તે બધે વીખરાઇ ગએલા છે. તેમની એકંદર સંખ્યા લગભગ સવા કરોડની છે. આમાંનો અડધા ઉપરનો ભાગ રશીઆમાં રહે છે. પેલેસ્ટાઇનમાં જેટલા યાહુદી વસે છે તેનાથી દસ ઘણા અને તેથી પણ વધારે યાહુદીઓ ન્યુયૉર્ક શહેરમાં વસે છે. આ બળવાન લોકો માને છે કે અમે ધર્મની દૃષ્ટિએ અમર છીએ અને અમે ત્રણ હજાર કરતાં વધારે વર્ષોથી અમારો ભક્તિભાવ દર્શાવ્યા કર્યો છે. ઇ. સ. ૧૮૯૭ માં પ્રજાઓના પરસ્પર સંબંધની ચર્ચા કરનારી સભા ભરવામાં આવી હતી. તે વખતે પેલેસ્ટાઇનના રાજ્ય તરફથી યાહુદી પ્રજાને માટે એક સ્થાન રાખવાને માટે હીલચાલ શરૂ થઇ હતી. યાહુદી ધર્મનો વર્તમાન કાળમાં પુનરુદ્ધાર કરનારી આ પ્રવૃત્તિને સામાન્ય રીતે ઝીઓધર્મ (Zionism)–

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કહેવામાં આવે છે. પહેલા મહાયુદ્ધ (૧૯૧૪–૧૯૧૮ ઇ. સ.) પછી જે સંધિઓ કરવામાં આવી તેમાં આ યોજનાની ભાવના કેટલેક અંશે સાચવી રાખવામાં આવી છે. બીજા વિશ્વયુદ્ધ પ્રસંગે હિટલરે જર્મનીમાં વસેલા કેટલાક યાહુદીઓને ઘણો ત્રાસ આપી મારી નાખ્યા અને બાકીના બધાને દેશમાંથી કાઢી મૂકયા. હજુ પણ આ પ્રશ્ન ઉકલ્યો નથી.

જે સમયમાં યાહુદી ધર્મનાં શાસ્ત્રો રચાયાં અને નવા વિચારોનો પ્રચાર થવા લાગ્યો તે સમયે તે ધર્મના મુખ્ય વિદ્વાનો ઇશ્વરના કાયદાનું પાલન કરવાને માટે ઉત્સાહી હતા. તેઓ આ કાયદાને ઘણો પવિત્ર માનતા અને તેમના પ્રત્યે પૂજ્યભાવ રાખતા અને તેથી તેમણે તે કાયદાની મર્યાદાઓ બાંધી. આજે ઉદારવિચારવાળા યાહુદીઓ પોતાનાં શાસ્ત્રોમાં જેહોવાહના જે નીતિના સિદ્ધાન્તો છે તેના ઉપર ભાર મૂકે છે, જ્યારે કાયદાના બાહ્ય સ્વરૂપને પ્રધાન ગણનારા યાહુદીધર્મના વિદ્વાનો એક જ ધર્મનિષ્ઠ પ્રભુની ભક્તિ કરવાની નૈતિક જવાબદારી અને લાભો ઉપર ભાર મૂકવાને બદલે કાયદાના બાહ્ય સ્વરૂપ ઉપર ભાર મૂકે છે. વિદ્વાનોએ ધર્મને આ પ્રકારનું રૂપ આપ્યું, છતાં પણ યાહુદીધર્મની પોતાના અનુયાયીઓને સંસ્કારી બનાવવાની શક્તિ નષ્ટ થઇ નથી. પરંતુ એટલું તો કહેવું પડે કે યાહુદીધર્મના પ્રથમ કોટિના વિદ્વાનોએ પ્રચારકાર્યના ઉપર ભાર મૂકયો છે, તો પણ એકંદરે યાહુદીધર્મમાં આખા જગતમાં ધર્મનો પ્રચાર કરવાની પ્રવૃત્તિ બંધ જ થઇ ગઇ છે.

'તમે પવિત્ર થાવ, કારણ કે હું, જેહોવાહ, તમારો ઈશ્વર, પવિત્ર છું' એ પ્રમાણેનો યાહુદીધર્મનો લાક્ષણિક અને વ્યાપક ઉપદેશ તેનાં શાસ્ત્રોમાં ઘણા સ્પષ્ટ સ્વરૂપમાં જોવામાં આવે છે. આ ઉપદેશ ખ્રિસ્તી ધર્મમાં પૂરેપૂરો સ્વીકારવામાં આવેલો છે. નવા કરારની અંદર ( મૅથ્યુ ૫ : ૪૫; ૧ પિટર : ૧૬–૧૭ ) આ ઉપદેશ અક્ષરશઃ આપવામાં આવ્યો છે. માત્ર ફેર એટલો જ કે ઈશ્વર પિતા છે એ ખ્રિસ્તીધર્મના સિદ્ધાન્તને અનુસરીને તે-ઉપદેશનું રહસ્ય ફરી સમજાવવામાં આવેલું છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ખ્રિસ્તીધર્મે અને ઇસ્લામધર્મે યાહુદી ધર્મમાંથી એકેશ્વરવાદની ભાવના લીધી છે. યાહુદી ધર્મના ચુસ્ત અનુયાયીઓ અને ઉદાર વિચાર-વાળા અનુયાયીઓ જેમ આચારમાં ખ્રિસ્તીધર્મ અને ઇસ્લામધર્મના અનુયાયીઓથી જુદા પડે છે તેમ પરસ્પર પણ જુદા પડે છે. અખિલ વિશ્વના એક જ ઈશ્વરની આજ્ઞાનું પાલન કરી પવિત્ર થવાના અનેક માર્ગો છે અને તેમાં જ આ બધા વર્ગોનો ભેદ રહેલો છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ દસમું

## ૮ ઝોરોસ્ટરધર્મ

### સાધુ, પણ મર્યાદિત, ઈશ્વરને સાથે રાખીને જગતનાં ખરાબ તત્ત્વો સામે લઢવાનો ધર્મ

**જગતના વિદ્યમાન ધર્મોમાં સ્થાન**

બાઇબલ સિવાયનાં શાસ્ત્રો ઉપર રચાએલા જગતના બધા વિદ્યમાન ધર્મોમાં જો કોઇ પણ ધર્મનો બાઇબલ સાથે વધારે ગાઢ સંબંધ હોય તો તે ઝોરોસ્ટરધર્મનો છે. આ ધર્મને જરથોસ્તીધર્મ અથવા પારસીઓના ધર્મ તરીકે પણ ઓળખવામાં આવે છે. આ ધર્મના મૂળ અનુયાયીઓ ઇરાન દેશના પાર્સ ગામમાં રહેવાથી પારસીઓ કહેવાય છે.

**ઝોરોસ્ટરધર્મનો બાઇબલ સાથેનો સંબંધ**

બાઇબલમાં આ ધર્મનું નામ જોવામાં આવતું નથી, પણ જુના કરારના આઠ ભાગોમાં ઝોરોસ્ટરધર્મ પાળનારા ઇરાનના રાજાઓનાં નામ આપવામાં આવ્યાં છે. નવા કરારના પહેલા ભાગમાં એમ કહેવામાં આવ્યું છે કે સૌથી પહેલાં પૂર્વ દિશામાંથી કેટલાક ડાહ્યા અને બુદ્ધિમાન માણસો જીસસના જન્મ પછી તરત જ તેમને જોવા આવ્યા હતા. આ માણસો ઝોરોસ્ટરધર્મના દસ્તુરો, પુરોહિતો, હતા એમ માનવામાં આવે છે.

બાઇબલની સાથે સંબંધ રાખનારા બહારના જેટલા ધર્મો છે, ભલે પછી તે યુરોપના અથવા આફ્રિકાના અથવા એશિઆના હોય, તે બધામાં એકલો ઝોરોસ્ટરધર્મ જ આજ સુધી પ્રચલિત રહેલો છે. બીજા બધા બાઇબલવ્યતિરિક્ત ધર્મોના અનુયાયીઓમાંથી એકલા જરસ્થુસ્તી લોકોની જ બાઇબલમાં નિન્દા કરવામાં આવી નથી, એટલું જ નહિ પણ તેમની ખુલ્લી રીતે પ્રશસ્તિ કરવામાં આવી છે. સાયરસ નામના જરથુસ્તી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રાજાને જેહોવાહ જે વખતે બોલાવે છે તે વખતે તે તેમને ઈશ્વરના અવતારી પુરુષ તરીકે સંબોધે છે. આ પ્રમાણે નવા કરારમાં જીસસને માટે ‘ મેસાઈઆહ ’ નામનો હિબ્રૂ શબ્દ પારિભાષિક અર્થમાં વપરાયો, જો કે ઘણી વાર ‘ ક્રાઈસ્ટ ’ એ ગ્રીક ભાષાનો પર્યાયશબ્દ વપરાએલો, તેની પહેલાં સૈકાઓ પૂર્વે તે શબ્દ જુના કરારમાં જરથુસ્તીના સંબંધમાં વપરાતો હતો. જેહોવાહે જરથુસ્તી રાજા સાયરસને પણ ‘ મારા ભરવાડ ’ એ પ્રમાણે સંબોધ્યો છે. આ જ પદ જુના કરારની અંદર ઈશ્વરને પોતાને માટે વાપરવામાં આવેલું છે.

## જરથુસ્તીધર્મના સિદ્ધાન્તોની બાઈબલ ઉપર અસર

જગતમાં આજે બાઇબલવ્યતિરિક્ત નવ ધર્મો વિદ્યમાન છે. આ બધા ધર્મોમાં જરથુસ્તી ધર્મ એ એવો એક જ ધર્મ છે કે જેમાંથી અમુક ધાર્મિક માન્યતાઓ બાઇબલમાં લેવામાં આવેલી છે. જુના કરારમાં પહેલેથી માંડીને તે ઠેઠ એકઝાઇલના ઇસાઈઆહ સુધી એક સરખી રીતે એમ કહેવામાં આવ્યું છે કે બધા પદાર્થોનું, અને પાપનું પણ, અંતિમ મૂળ જેહોવાહ પ્રભુ છે. ડેવીડ રાજાના અનુભવોની બે સરખી હકીકતોની જો તુલના કરવામાં આવે તો માલમ પડશે કે એકઝાઇલ પહેલાંની હકીકતમાં જ્યાં ‘જેહોવાહ’ શબ્દ આવે છે ત્યાં એકઝાઇલ પછીની હકીકતમાં ‘ સેટન ’ શબ્દ વાપરવામાં આવ્યો છે. આ પ્રમાણે સેટનની ભાવના મૂળ બાઇબલની નથી પણ જરથુસ્તી ધર્મમાંથી લેવામાં આવેલી છે.

જ્યારે હિબ્રૂઓ બેબીલોનીઆમાં દેશવટો ભોગવતા હતા ત્યારે તેઓ ઝોરોસ્ટરધર્મના અનુયાયીઓના સમાગમમાં આવ્યા અને તેમની કેટલીક ધાર્મિક માન્યતાઓ તેમણે સ્વીકારી : દા. ત. દેવો અને અસુરોના ગણની ભાવના, ભવિષ્યમાં એક મહાન ઉદ્ધારક અથવા મોક્ષદાતા પ્રકટ થશે એ માન્યતા, અન્તે પુનરુત્થાન અને ઈશ્વરનો ન્યાય એ માન્યતા, અને ભાવી જીવનની સુંદર રૂપરેખા. જીસસ જે ‘ સ્વર્ગ ’ (Paradise) શબ્દ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વાપરે છે. (ગ્રીક Paradeisos) તે વ્યુત્પત્તિની દૃષ્ટિએ મૂળ ઇરાની ભાષામાંથી આવેલો છે. (અવસ્તા ભાષાનો શબ્દ Pairidaeza છે.)

## વિશ્વધર્મને માટે પ્રથમ પ્રયાસ

બાઇબલના ઇતિહાસમાં વિશ્વને માટે વિશાળ દૃષ્ટિ અને ધ્યેયનો વિકાસ થયો તે પહેલાં જગતના બધા વિદ્યમાન ધર્મોના સ્થાપકોમાં ઝોરોસ્ટરે જ પ્રથમ એવા પ્રકારના ધર્મનો ઉપદેશ કર્યો કે જગતમાં બધાં માણસો પોતાની ઇચ્છાથી જ તે ધર્મ સ્વીકારી લે. ઝોરોસ્ટર ધર્મમાં એક પ્રકારની પ્રતિજ્ઞા લેવામાં આવે છે. આ પ્રતિજ્ઞા તે ધર્મનાં પ્રાચીન શાસ્ત્રોમાં મળી આવે છે અને આજે પણ જરથુસ્તીઓ પૂજા કરે છે તે વખતે તે પ્રતિજ્ઞાનો પાઠ કરે છે. આ પ્રતિજ્ઞાનો ભાવ એવો છે કે જરથુસ્તી-ધર્મ હમ્મેશાં જગતના બધા ધર્મોમાં સૌથી શ્રેષ્ઠ છે.

ઝોરોસ્ટર ધર્મના અનુયાયીઓમાં કેટલાક ઘણી ઉત્તમ કોટિના પુરુષો થઈ ગયા છે, તો પણ અનુયાયીઓની સંખ્યા જગતના અગીયાર ધર્મોમાં સૌથી ઓછી છે. આજે તેમની સંખ્યા લગભગ સવા લાખ છે, અને તેનો ઘણો મોટો ભાગ—૧૧૧૮૦૦—હિંદુસ્તાનમાં, અને ખાસ કરીને ગુજરાતમાં વસે છે. આ લોકોના પૂર્વજો ઘણા ધર્મિષ્ઠ અને સ્વતંત્ર હતા અને જ્યારે ઇ. સ. ના સાતમા શતકમાં આરબ લોકોએ ઇરાનનો નાશ કરવા માંડ્યો ત્યારે આ પૂર્વજો નાસીને હિન્દુસ્તાનમાં આવ્યા.

## ઝોરોસ્ટરનું જીવન (૬૬૦–૫૮૩ ઇ. સ. પૂર્વે)

ઝોરોસ્ટરના અનુયાયીઓ ઝોરોસ્ટરને ઇતિહાસના એક પરમ પૂજ્ય મહાપુરુષ તરીકે માનતા આવ્યા છે; પરંતુ ખરેખરી રીતે તે ક્યારે થઇ ગયા તે વિષે નિર્ણયપૂર્વક કહી શકાતું નથી. કેટલાક તેમનો સમય ઇ. સ. પૂર્વે ૬૦૦૦ માને છે, કેટલાક ઇ. સ. પૂર્વે ૧૪૦૦ માને છે તો બીજા કેટલાક ઇ. સ. પૂર્વે ૧૦૦૯ માને છે. પ્રો. એ. વી. વિલિઅમ્સ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જેકસનના અભિપ્રાયે ઝોરોસ્ટરનો સંભવિત સમય ૬૬૦–૫૮૩ ઇ. સ. પૂર્વે છે.

**અલૌકિક તૈયારીઓ :** ઝોરોસ્ટરધર્મના પાછલા ગ્રન્થોમાં ઝોરોસ્ટરના જીવનના આરંભ સમયના ઘણા આશ્ચર્યજનક બનાવો વર્ણવામાં આવ્યા છે. ઝોરોસ્ટરના જન્મ પહેલાં ત્રણ હજાર વર્ષો ઉપર અને ત્રણસો વર્ષ ઉપર પણ, આ મહાપુરુષના સંબંધમાં ઘણી જાતની ભવિષ્યવાણી કહેવામાં આવી હતી. જે કન્યા ઝોરોસ્ટરની માતા થઇ તેનામાં ઈશ્વરની કીર્તિ ( અહુર મઝ્દ: મૂકવામાં આવી હતી. તે દૈવી કીર્તિ અનન્ત પ્રકાશમાંથી નીચે આવી અને પંદર વર્ષની ઝોરોસ્ટરની માતામાં મળી ગઇ. આ અવિવાહિત સ્ત્રીના સંબંધમાં જે ચમત્કારો થયા તે તેનાં કુટુંબીજનો સમજી શકયાં જ નહિ. તે લોકો તો એમ માનવા લાગ્યા કે કોઇએ આ જાદુગીરી કરી છે. લૅટીન ભાષાના લેખક, પ્લીની સિકડસ (ઇ. સ. ૨૩–૭૯) પોતાના " પ્રકૃતિનો ઇતિહાસ " એ નામના ગ્રન્થમાં (૭ : ૧૫ ) એક એવી વાત લખે છે કે જે ઝોરોસ્ટરધર્મનાં શાસ્ત્રોમાં પાંચ વાર આવે છે. " જન્મ વખતે તે ખૂબ હસ્યો "; " આ બાળક અનેકવાર અદ્‌ભુત રીતે બચી ગયો હતો".

**દૈવી આજ્ઞા થઇ ત્યાં સુધીનું જીવન** (ઉમ્મર ૧–૩૦). ઝોરોસ્ટર નાની ઉમ્મરમાં પણ વાત કરવામાં ઘણા કુશળ હતા. જ્યારે તે પંદર વર્ષના થયા ત્યારે ધાર્મિક જીવનના ચિહ્ન તરીકે તેમણે એક પવિત્ર મેખલા પસંદ કરી. ગરીબ માણસો અને પશુઓના ઉપર તેમને ઘણી દયા હતી અને તેમને બધાંને તે મદદ કરતા હતા. ત્રીસ વર્ષની ઉમ્મરે ઝોરોસ્ટરના જીવનમાં પલટો થયો. તે વખતે ઝોરોસ્ટરને લાગ્યું કે અહુર મઝ્દ મને બોલાવે છે અને શુદ્ધ થઇને પેગંબરનું કાર્ય કરવાની આજ્ઞા કરે છે. આખા અવસ્તા સાહિત્યમાં જે ફકરો પહેલ વહેલો આવે છે તેમાં ગાયોના આર્તનાદ દ્વારા ઇશ્વરનો હુકમ અને અધિકાર આવે છે એમ વર્ણન કરવામાં આવ્યું છે. તુરાનીઅન લોકો ખેતીવાડી કરનારા માણસો ઉપર

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ચઢાઇ કરીને તેમને ઘણો ત્રાસ આપતા હતા, અને તેથી આ ખેડૂત લોકો મદદ માગી રહ્યા છે એમ ગાયોના આર્તનાદનું રહસ્ય છે. ઝોરોસ્ટર એકદમ તત્પર થઇ જવાબ આપતા અને બધી રીતે યોગ્ય હતા તેથી 'અહુર મઝ્દ' દેવે તેમના ઉપર કૃપા કરી તેમની પસંદગી કરી હતી.

**વિશ્વધર્મની ઉદાત્ત ભાવનાઓ** (ઉમ્મર ૩૦–૪૨). બીજાં દસ વર્ષોમાં ઝોરોસ્ટરને અહુર મઝ્દ સાથે સાત વાર મુલાકાત થઈ. તેમને પૂરેપૂરી ખાત્રી થઈ કે અહુર મઝ્દે મને પસંદ કરીને પેગંબરનું કામ કરવાની આજ્ઞા આપી છે. તેમણે પ્રગતિમાન વિશ્વધર્મનો ઉપદેશ કરવાનો અને દુષ્ટોને પણ સુધારવાનો હેતુ બરોબર સમજાવ્યો; તેમણે ઈશ્વરને પોતાના આત્માનો સંપૂર્ણ ભોગ આપી દીધો. તે મલિન અને ઉન્માદ કરનારા પદાર્થોને ધિક્કારતા હતા. તેમણે સર્વદ્રષ્ટા ઈશ્વરના ધર્મનો ઉપદેશ કર્યો. જે સત્યનાં પ્રથમ દર્શન તેમને થયાં હતાં તેનો તે આગ્રહપૂર્વક ઉપદેશ કરતા અને પોતાના વિરોધીઓને ધિક્કારતા હતા.

શિયાળામાં એક દિવસે ઝોરોસ્ટરના બે ઘોડાઓ ટાઢથી ધ્રુજતા હતા. તે વખતે આ ઘોડાઓને પણ એક ઘરમાં આશરો આપવામાં આવ્યો નહિ. આ વખતે અસત્યભાષી આસુરી શક્તિએ મઝ્દનો ધર્મ છોડી ઐહિક સુખ મેળવવાને ઝોરોસ્ટરને બહુ લલચાવ્યા, પણ પ્રાર્થના અને પૂજાથી તે કપટી હુમલામાંથી બચી ગયા. ઝોરોસ્ટર જરા નિરાશ થઈ ગયા. તેમના સરદારોએ અને ઉમરાવોએ તેમનો ત્યાગ કર્યો આ સ્થિતિમાં ઝોરોસ્ટરે મદદને માટે ઈશ્વરની પ્રાર્થના કરી :—

"હું કયા દેશમાં જતો રહું ? મઝ્દ અહુર, હું તને કેવી રીતે પ્રસન્ન કરી શકું ? મને સફળતા મળતી નથી ! મારી પાસે થોડાંક ઢોર છે ! મારી પાસે થોડાક લોકો છે ! હું તને બોલાવું છું. અહુર, તું તેના તરફ જોજે અને એક મિત્ર પોતાના મિત્રને મદદ કરે તે પ્રમાણે તું મને મદદ કરજે ! સારા વિચારો કેવી રીતે મેળવવા તે સત્યથી મને શીખવ !"

(યશ્ન, ૪૬ : ૧–૨)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઈશ્વર મને વચનો પ્રમાણે ફળ આપશે કે નહિ તે વિષે તેમને સંદેહ થયો હતો.:

"હું આ પૂછું : હે અહુર, હે સત્ય, હે મઝદ, તમે મને ખરેખરૂં કહો કે મને તમે વચન આપેલું પેલું ફળ મળશે કે નહિ મળે–ફક્ત દસ ઘોડીઓ, એક ઘોડો અને એક ઊંટ; તેમ તમારી દ્વારા મને ભવિષ્યમાં સુખ અને અમરતા મળે.:" (યશ્ન, ૪૪ : ૧૮)

દશ વર્ષ સુધી ઉપદેશ કરવામાં આવ્યો ત્યારે માત્ર એક ગરીબ માણસે જ આ ધર્મ સ્વીકાર્યો. ગાથાઓને અંતે જે શબ્દો આવેલા છે તેમાં કહ્યું છે કે ધર્મનિષ્ઠ ઈશ્વર ઉપર બધાએ વિશ્વાસ રાખવો.

**ઈરાનના રાજ્યદરબારમાં વિજય** ( ઉમ્મર ૪૨–૫૭ ) : વિસ્તશ્પ નામના રાજાએ જ્યારથી આ ધર્મ સ્વીકાર્યો ત્યારથી ઝોરોસ્ટરના જીવનમાં એક બીજો પલટો થયો. રાજાના ભાઈએ, પુત્રે અને મન્ત્રસચિવે પણ આ નવો ધર્મ સ્વીકાર્યો શરૂઆતમાં રાજાની સાથે બીજા નેવાશી માણસોએ આ ધર્મ સ્વીકાર્યો હતો, અને તેમનાં નામો આ ધર્મનાં શાસ્ત્રોમાં આપવામાં આવેલાં છે. ઝોરોસ્ટરે રાજાના મન્ત્રસચિવની પુત્રી સાથે લગ્ન કર્યું. તેમને ત્રણ પત્નીઓ હતી અને તે ત્રણે ય તેમના કરતાં વધારે સમય જીવ્યાં હતાં. તેમને ત્રણ પુત્રો અને ત્રણ પુત્રીઓ હતાં. 'અઉવરતાદ–નર' અને 'ખુરસેદ–શિહાર' નામના બે પુત્રોની માતા કુલીન હતી. 'ખુરસેદ–શિહાર' સૈનિક હતો અને વિસ્તશ્પના પુત્રની સેનાનો અધિપતિ હતો. તેમની એક પુત્રીનું લગ્ન મોટા વઝીર સાથે કરવામાં આવ્યું હતું. તેના લગ્ન વખતે જે મંત્રી બોલાવવામાં આવ્યા હતા તે ઝોરોસ્ટરે રચેલાં શાસ્ત્રોમાં એક પ્રકરણ રૂપે જોવામાં આવે છે. રાજા પોતે પણ નવા ધર્મનો ઉત્સાહથી પ્રચાર કરવા લાગ્યો.

**ધર્મયુદ્ધો, છેલ્લાં વીસ વર્ષો** (ઉમ્મર ૫૭–૭૭) : આ ધર્મના મૂળ સ્થાપકે શારીરિક બળ અને જુલમ વાપરવાની પદ્ધતિનો શાસ્ત્રોમાં ફક્ત એક વાર ઉપદેશ કરેલો છે, જ્યારે તેમની પછીના પુરુષોએ આ પદ્ધતિનો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉપદેશ અનેકવાર કર્યો છે. આ સમયમાં ઝેરોસ્ટર ધર્મે રાષ્ટ્રિય લશ્કરી શિક્ષણમાં કેટલા પ્રમાણમાં ફાળો આપ્યો તેનો બરોબર નિર્ણય કરવાને માટે આપણી પાસે સાધનો નથી. રાજા વિસ્તશ્પે અને તેના ભાઈએ આઠ નાસ્તિક બળવાન શત્રુઓ ઉપર ઈશ્વરની પ્રાર્થનાને બળે વિજય મેળવ્યો હતો એમ આ ધર્મના સાહિત્યમાં જણાવવામાં આવ્યું છે. જયારે પડોશનો રાજા ચઢી આવ્યો ત્યારે વિસ્તશ્પે તેને ખંડણી આપવાની ના પાડી, અને ઝોરોસ્ટરે તેનો ધાર્મિક દૃષ્ટિએ બચાવ કર્યો. આ સમયે ઇરાનના એક લાખ કરતાં વધારે સૈનિકોએ યુદ્ધમાં ભાગ લીધો હતો.

ઝોરોરટરના મરણની વાત અવસ્તા સાહિત્યમાં જોવામાં આવતી નથી. પણ બીજા ગ્રન્થોમાં અનેકવાર કહેવામાં આવે છે કે બલ્ખ શહેરના ઉપર જયારે ઘેરો ઘાલવામાં આવ્યો ત્યારે તુરાનીઅનોને હાથે સીત્તોતેર વર્ષની ઉમ્મરે ઝોરોરટરનું મરણ થયું.

## ૯. ઝોરોસ્ટરનું ચારિત્ર્ય :

ઇરાનમાં જન્મેલા કોઇ પણ માણુસે સર્વશક્તિમાન પવિત્ર પ્રભુ તરફ મનુષ્યોનું ધ્યાન ખેંચ્યું હોય તેના કરતાં પણ વધારે પ્રમાણમાં ઝોરોસ્ટરે ધ્યાન ખેંચ્યું છે. આખા ઇરાનના ઇતિહાસમાં ઝોરોસ્ટર એ એક જ એવા મહાન પુરુષ થઇ ગયા કે જેમને માટે પૂજયભાવ રાખવામાં આવતો હતો. આ ધર્મના પ્રાચીન શાસ્ત્રોમાં કેટલેક સ્થળે ઝોરોસ્ટરે પોતાના જીવનની કેટલીક હકીકત આપી છે. તે ઉપરથી જણાય છે કે તે ઘણા ખંતીલા અને નમ્ર હતા; તેમને નિરાશા થઇ અને મોહજાળમાં ફસાવાનો વખત આવ્યો હતો, છતાં પણ તેમને લાગ્યું કે ઈશ્વરે ઇરાનના અને આખા જગતના મનુષ્યોનો ઉદ્ધાર કરવાને માટે એક પ્રાજ્ઞ પ્રભુના ધર્મનો ઉપદેશ કરવાની મને આજ્ઞા કરી છે. થોડા લાંબા સમયને અંતે ઝોરોસ્ટરે ઇરાનના રાજયદરબારમાં કેટલાક નવા શિષ્યો બનાવ્યા અને પછીથી પોતાની પ્રજા અને ધર્મના હિતને માટે તેમણે લશ્કરી શિક્ષણનો પ્રચાર

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કરવા માંડયો. આ બધી તૈયારી કર્યાં પછી પાસેની પ્રજાઓ સાથે તેમણે યુદ્ધ કરવાનું શરૂ કર્યું.

આ ધર્મના પાછળથી લખાએલા સાહિત્ય ઉપરથી જણાય છે કે ઝોરોસ્ટર નીતિની દૃષ્ટિએ ઘણા ઉચ્ચ કોટિના હતા, તેમનામાં મનુષ્યત્વ પરિપૂર્ણ હતું, તેમનો જન્મ અલૌકિક રીતે થયો હતો, અને અહુરમઝ્દ અને બીજા બધા જગતના દેવોની માફક તે પૂજાપાત્ર હતા.

## ઝોરોસ્ટરધર્મનાં શાસ્ત્રો

આ ધર્મનાં શાસ્ત્રોનું વ્યાપક નામ **અવસ્તા** છે. તેનો અર્થ હિન્દુધર્મના વેદ શબ્દની માફક જ્ઞાન થાય છે. આ શાસ્ત્રોની ભાષા અવસ્તા છે અને તે સંસ્કૃતને મળતી છે. મૂળ અવસ્તા ગ્રન્થોમાંથી અત્યારે જે સાહિત્ય મળે છે તેમના મુખ્ય પાંચ વર્ગો પાડવામાં આવ્યા છે.

(૧) પાંચ વર્ગોમાં **'યશ્ન'**—પૂજા અથવા યજ્ઞ–સૌથી વધારે છે અને તેનું મહત્ત્વ પણ વધારે છે. યશ્નની અંદર જ સત્તર ગાથાઓ પણ આવેલી છે અને આખા અવસ્તા સાહિત્યમાંથી આ સત્તર ગાથાઓ જ ઝોરોસ્ટરે પોતે લખી છે એમ મનાય છે. (૨) બીજા વર્ગનું નામ **'વીસ્પરદ'** છે, અને તેનો અર્થ 'બધા દેવોનાં આવાહન' એ પ્રમાણે થાય છે. આમાં કર્મ કરતી વખતે અને પૂજામાં યશ્નની સાથે બોલવાના મંત્રોનો સંગ્રહ કરવામાં આવેલો છે. (૩) ત્રીજો વર્ગ **'વંદીદાદ'** ને નામે ઓળખાય છે. વંદીદાદનો અર્થ 'રાક્ષસી શક્તિની સામેનો કાયદો' એ પ્રમાણે થાય છે. આ ગ્રન્થમાં કર્મ કરતી વખતે દસ્તુરોએ, પુરોહિતોએ, જે નિયમો પાળવાના છે તે આપવામાં આવેલા છે. તે ઉપરાંત તેમાં કેટલેક સ્થળે જગતની ઉત્પત્તિ વિષે, ઐતિહાસિક બાબતો વિષે અને પુનર્જન્મ વિષે કેટલીક માહીતી આપવામાં આવેલી છે.

ઉપર જણાવેલા ત્રણ વર્ગો આખા અવસ્તા સાહિત્યમાં મુખ્ય અને વધારે મોટું સ્થાન ભોગવે છે. તે બધાનો કર્મકાંડ સાથે સંબંધ હોવાથી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એકલા દસ્તુરો જ તેમનો ઉપયોગ કરે છે. (૪) **'યશ્ત'**–પૂજામંત્રો –નામનો ચોથો વર્ગ છે. તેમાં ધાર્મિક કાવ્યો અને ઝોરોસ્ટરધર્મના એકવીસ દેવદૂતો અને વીરોની સ્તુતિ કરવાના મંત્રો આપેલા છે. (૫) **'ખોર્દેહ અવસ્તા'** (નાના અવસ્તા) નામનો છેલ્લો ગ્રન્થ છે. તેમાં આ ધર્મના બધા માણસોને રોજ જે પ્રાર્થના કરવાની હોય છે તેનો સંગ્રહ કરેલો છે. પાછળથી આ ધર્મમાં વિશાળ અને મહત્ત્વનું સાહિત્ય રચવામાં આવેલું છે.

## ઝેરોસ્ટરધર્મનો ઇતિહાસ

છેલ્લા યુગ સિવાયનો આ ધર્મનો બધો બહારનો ઇતિહાસ પોતાની મૂળભૂમિ–ઇરાન–ના ઇતિહાસ સાથે ઘણો ગાઢ સંબંધ ધરાવે છે.

**પ્રજાકીય પુનરુદ્ધાર અને વિસ્તાર,** સો વર્ષ (૫૮૩–૪૮૦ ઇ. સ. પૂર્વે): આ નવા ધર્મથી ઇરાનમાં તરત જ ફરીથી ચેતન આવ્યું હતું. તેના લશ્કરે પશ્ચિમ દિશામાં પાસે આવેલા બેબીલોનીઆના બળવાન રાજ્યને હરાવ્યું (ઇ. સ. પૂર્વે ૫૩૯), ઇરાનના રાજ્યનો ડેરીઅસના સમયમાં વિસ્તાર કર્યો અને ઠેઠ યુરોપમાં આગળ વધવા માંડયું, પણ સાલામીસની લઢાઇથી તેની પ્રગતિ અટકી ગઇ.

**ગ્રીસની સાથે યુદ્ધ,** ૧૫૦ વર્ષ (૪૮૦–૩૩૦ ઇ. સ. પૂર્વે): એશીઆમાંથી આવેલા પ્રતિસ્પર્ધીઓના ધર્મની ગ્રીક વિદ્વાનો ઉપર ઘણી ઉંડી અસર થઇ હતી. હિરોડોટસ ઇરાન ગયા અને તેનું તેમણે સુંદર રીતે વર્ણન કર્યું હતું. પ્લૅટોને પણ ઇરાન જઇને ઝોરોસ્ટર ધર્મનો અભ્યાસ કરવાની ઇચ્છા હતી પણ ગ્રીકો અને ઇરાનીઓ વચ્ચેની લઢાઇઓને લીધે તે પોતાની ઇચ્છા સફળ કરી શકયા નહિ. આ યુદ્ધોમાં અંતે એલેકઝાન્ડરનો સંપૂર્ણ વિજય થયો.

**પરવશતા અને અવગતિ,** ૫૦૦ વર્ષ (ઇ. સ. પૂર્વે ૩૩૦–ઇ. સ. ૨૬૬): ઇરાન પરદેશીઓની સત્તા નીચે આવી ગયું; પહેલાં, એલેકઝાન્ડરની

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પછી થએલા ગ્રીક રાજાઓની સત્તા તળે, અને પછીથી પાર્થીઅનોની સત્તા તળે. આ યુગમાં ઝોરોસ્ટરધર્મમાં એક ખાસ ફેરફાર જોવામાં આવે છે અને તે એ કે મિથ્રના ધર્મની સાથે સૂર્યપૂજા અને અનેકદેવવાદ જોડી દેવામાં આવ્યા.

**સ્વતંત્રતા,** ૪૦૦ વર્ષ ( ઇ. સ. ૨૨૬–૬૫૧ ): પહેલો અરદેશર ઝોરોસ્ટરધર્મનો ચુસ્ત અને ઉત્સાહી અનુયાયી હતો. તેણે ઇરાનને ફરીથી સ્વતંત્ર બનાવ્યું, પાસે આવેલા આર્મિનિઆ દેશને હરાવ્યો અને સેસાનીઅન વંશની સ્થાપના કરી. તેના વખતમાં પર્વતોમાં જે લેખો અને ચિત્રો તૈયાર કરવામાં આવ્યાં હતાં તેમાં એક ચિત્ર એવું છે કે જેમાં એક જરથોસ્તી દેવ અરદેશરને સામ્રાજ્યની વીંટી આપે છે.

**ઇરાનમાંથી દેશનિકાલ અને શાન્તિ** (ઇ. સ. ૬૫૧થી): આરબ નામની એક નાની પ્રજા ઉપર નવા ઇસ્લામધર્મની ઘણી અસર થઈ અને તે લોકોમાં ઘણો ઉત્સાહ આવ્યો. આ આરબોએ જરથોસ્તી લોકોને ઇરાનમાંથી કાઢી મૂકચા અથવા તો ઘણા ખરાને મુસલમાન બનાવી દીધા. આજે પારસીઓ આખા જગતમાં વિખરાઇ ગએલા છે અને વ્હેપારમાં ઘણા આગળ વધ્યા છે, પરંતુ તેમનો મોટો ભાગ મુંબઈ રાજ્યમાં વસ્યો છે. હિન્દુસ્તાનમાં જે ઉત્સાહી નાગરિકો થઈ ગયા છે તેમાંના કેટલાક તો પારસી વર્ગમાંના જ છે. ડૉ. દાદાભાઈ નવરોજી, ફીરોજશાહ મહેતા અને દિનશા વાચ્છા જેવા પારસી દેશનેતાઓનાં નામો સુપ્રસિદ્ધ છે. ડૉ. દાદાભાઈ તો ભારતના સ્વાતંત્ર્ય યુદ્ધના આદ્ય સેનાપતિ છે. તેઓ હિન્દી રાષ્ટ્રીય મહાસભાના ત્રણ વાર પ્રમુખ તરીકે ચૂંટાયા હતા (ઇ. સ. ૧૮૮૬, ૧૮૯૩ અને ૧૯૦૬ ). શ્રી. ફીરોજશાહ મહેતા અને શ્રી. દિનશા વાચ્છા પણ અનુક્રમે ઇ. સ. ૧૮૯૦ માં અને ઇ. સ. ૧૯૦૧ માં રાષ્ટ્રીય મહાસભાના પ્રમુખ તરીકે ચૂંટાયા હતા. આખા જગતના ધર્મોના અનુયાયીઓ કરતાં પારસીઓએ ધર્માદા દાન પણ ઘણા વધારે પ્રમાણમાં કરેલાં છે. શ્રી. જમશેદજી ટાટા અને શ્રી. કાવસજી જહાંગીર જેવા દાનેશ્વરીઓએ ઘણી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉદારતાથી નાતજાતના ભેદ વિના, મોટી સખાવતો કરી છે અને ઈશ્વરે આપેલા દ્રવ્યનો કેવી રીતે ઉપયોગ કરવો એ જગતને દર્શાવ્યું છે. શ્રી. ભાભા જેવી વિશિષ્ટ વ્યક્તિઓએ તો ભારતનું ગૌરવ વધાર્યું છે. એકંદરે પારસી પ્રજા ઘણી પવિત્ર અને ભલી છે, અને બધાના તરફ પ્રેમ રાખે છે. તેઓ સર્વમાન્ય બન્યા છે.

## પરમતત્ત્વ-અહુરમઝ્દ-ની ભાવના

જરથોસ્તી ધર્મ કહે છે કે જગતમાં એક જ દેવ છે અને તે શ્રેષ્ઠ છે એમ માનીને તેમની પૂજા કરવી. આ દેવ પ્રકાશ, જીવન, સત્ય અને સાધુતાની શક્તિ છે. તેમનું ખાસ નામ અહુરમઝ્દ-બુદ્ધિમાન પ્રભુ અથવા પ્રજ્ઞાના દેવ-છે. સમય જતાં આ બે શબ્દવાળા નામનું જરથોસ્તી ધર્મમાં 'અહુર્-મઝ્દ' અથવા 'ઓર્મઝ્દ' એવું ટૂંકું નામ થઈ ગયું. આખા અવસ્તામાં જે પહેલો શ્લોક છે તેમાં આ દેવની સ્તુતિ આ પ્રમાણે કરવામાં આવેલી છેઃ 'અહુરમઝ્દ જગતના કર્તા છે, તેજોમય છે, ઉત્કૃષ્ટ છે, સર્વોત્તમ છે, અને સર્વથી મહાન છે. તે સૌથી વધારે સુંદર, દઢ, બુદ્ધિમાન, પરિપૂર્ણ અને ઉદાર છે.''

ઈરાનમાં જે અનેક પદાર્થોની પૂજા કરવામાં આવતી હતી તેમાંના અહુરમઝ્દ એક છે એમ જણાય છે. જે પ્રમાણે એમૉસ અને અન્ય ઈસ્રાએલના સમકાલીન સંતપુરુષોએ જેહોવાહની ભાવનામાં સુધારો વધારો કર્યો તે પ્રમાણે ઝોરોસ્ટરે પણ અહુરમઝ્દની ભાવના ઉપર ભાર મૂકી તેમાં નીતિના સિદ્ધાન્તોનું મિશ્રણ કર્યું. આ ઝોરોસ્ટરનું ખાસ કાર્ય હતું. અવસ્તામાં જે ભાગ ગાથા તરીકે ઓળખાય છે તે ઝોરોસ્ટરે પોતે રચેલો છે, અને તે ભાગમાં અહુરમઝ્દનું વર્ણન કરવામાં આવેલું છે.

ઝોરોસ્ટરને અહુરમઝ્દનાં જે વીસ નામો જણાયાં તે બધાં પહેલા યસ્તમાં આપેલાં છે. બીજે સ્થળે ચુંવાળીસ નામોની યાદી આંપવામાં આવેલી છે. પાછળથી સ્તુતિને લગતા જે ગ્રન્થો રચાયા તેમાં અહુરમઝ્દનાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

માનસૂચક નામો આપવામાં આવેલાં છે. આ નામોનો રાત દિવસ જપ કરવાનો ઉપદેશ કરવામાં આવ્યો છે.

## દુષ્ટ શક્તિ, અંગ્ર મઇન્યુ

ઝોરોસ્ટરધર્મના મૂળસ્થાપકના સિદ્ધાન્તોમાં અને તેમની પછીના સમયમાં પણ જગતમાં દુષ્ટ તત્ત્વો અને અપવિત્રતાને ધિક્કારી કાઢવું એ આ ધર્મનું ખાસ લક્ષણ હતું. દ્રુજ (અસત્યનો રાક્ષસ) એ ઠગાઇનો દેવ છે એમ માનવામાં આવે છે. તેની અને જગતના બીજા બધા ઠગારાઓ અને અસત્ય બોલનારાઓની ગાથાઓમાં ઓછામાં ઓછી છાસઠવાર નિન્દા કરવામાં આવેલી છે. મહાન વિરોધી શક્તિનું જે 'અંગ્ર મઇન્યુ' ખાસ નામ છે તે ઝોરોસ્ટરના ઉપદેશમાં માત્ર એક વાર આવે છે; પણ તે જ સ્થળે સ્પષ્ટતાથી કહેવામાં આવ્યું છે કે જગતના આરંભથી જ એ અસંગત અને વિરોધી શક્તિઓ ચાલતી આવી છે. પછીથી લખાએલા જરથોસ્તી ધર્મના ગ્રન્થોમાં 'અંગ્ર મઇન્યુ' એ નામ જેનું સંક્ષિપ્ત રૂપ 'અહ્રિમાન' થાય છે તે, 'અહુરમઝ્દ'ની માફક અનેકવાર વપરાએલું છે.

જગતમાં પહેલેથી બે તત્ત્વો–સાધુ ઇશ્વર અને દુષ્ટ રાક્ષસ, અથવા તો દૈવી સંપત્તિ અને આસુરી સંપત્તિ–ચાલતાં આવ્યાં છે, અને તે બેની વચ્ચે અનાદિ કાળથી યુદ્ધ ચાલ્યા કરે છે. આ સિદ્ધાન્ત જગતના બધા ધર્મોમાં ગીતાની માફક ઝોરસ્ટરધર્મમાં મૂળથી લાક્ષણિક રીતે ચાલતો આવ્યો છે. જગતની આ બે શક્તિઓ આરંભકાળથી જ સાથે સાથે ચાલી આવી છે, અને જગતનો પ્રલય થશે ત્યાં સુધી તે બન્ને એકબીજાની સત્તાને મર્યાદિત પણ કર્યા કરશે.

## સહચારી તત્ત્વો

ઝોરોસ્ટર જ્ઞાની પ્રભુને ઉત્તમોત્તમ પદાર્થ માની તેમની આજ્ઞા પાળતા હતા. પણ તે સિવાય બીજાં કેટલાંક તત્ત્વોને પણ માનવાની પદ્ધતિ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તેમને વારસામાં મળી હતી અને તેથી તે જ્ઞાની પ્રભુને આ અનેક તત્ત્વોની ભાવનાથી તદ્દન છૂટા રાંખી શકયા નહિ. આમાંના કેટલાક સમકાલીન ધર્મના પ્રકૃતિદેવો હતા અને કેટલાક ભયાનક દુષ્ટ રાક્ષસો હતા. અવસ્તાના પહેલા ભાગના પહેલા પ્રકરણમાં કહેવામાં આવ્યું છે કે સૌથી પહેલાં અહુમરઝદની પૂજા કરવી, અને પછીથી બીજા પદાર્થોની પૂજા કરવી. આ પદાર્થોમાં સૂર્ય, ચંદ્ર, તારાઓ, અગ્નિ, પવન, જળ, પર્વતો અને મરી ગયેલા સંતાનોના આત્માઓની ગણના કરવામાં આવી છે. તે ઉપરાંત સ્પેન્ત મઇન્યુની બધી પવિત્ર પ્રજા–સ્ત્રી અને પુરુષ–ની પણ પૂજા કરવાની હોય છે.

**સારાં તત્ત્વો**

જે તત્ત્વ અહુરમઝદની સાથે હમ્મેશાં જોડાએલું છે, છતાં પણ તેમાંથી ભિન્ન છે, તેનું ગાથાઓમાં પાંચ વાર 'ઉદાર તત્ત્વ' (સ્પેન્ત મઇન્યુ) અને આઠ વાર 'સૌથી વધારે ઉદાર તત્ત્વ' (સ્પેનિશ્ત મઇન્યુ) એ પ્રમાણે વર્ણન કરવામાં આવ્યું છે. કેટલાક ઉદાર અને અમર તત્ત્વોનો એક વર્ગ છે, અને તેને 'અમેષ સ્પેન્ત–સંક્ષિપ્તરૂપ' અમષારપદ'– કહેવામાં આવે છે. ગાથાઓમાં આમાંનાં જુદાં જુદાં તત્ત્વોનાં નામો અનેકવાર આવે છે; પણ બધાં તત્ત્વોનાં નામ એક જ શ્લોકમાં માત્ર એકવાર આવેલાં છે. તે આ પ્રમાણે છે—

"વોહુ મનહ્–સારૂં મન, સારા વિચારો અને સારી વૃત્તિ."
"અશ–સત્ય, સત્યતા, વ્યવસ્થા અને ન્યાય."
"ક્ષથ્ર–શક્તિ, અધિકાર, રાજ્ય."
"આરમઇતિ–પવિત્રતા, પ્રેમ."
"હઉર્વતાત–સર્વતા, આરોગ્ય, સુખ."
"અમરતાત–અમરતા."

શરૂઆતમાં આ બધાં સામાન્ય નામો હતાં અને તેમનો અર્થ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

'ધાર્મિક લક્ષણો અથવા ગુણો' થતો હતો. પણ કદાચિત્ એમ બન્યું હોય કે અલંકારની વાણીમાં તેમને અહુરમઝદના દૂતો, ફિરસ્તાઓ અથવા ગુણો તરીકે વર્ણવ્યા હોય. આ ધર્મના ઇતિહાસમાં આગળ જતાં આ નામો પારિભાષિક અર્થમાં વપરાવા લાગ્યાં. જે પદાર્થો અહુરમઝ્દની સાથે જોડાએલા છે, છતાં તેમનાથી જુદા છે, તેમને જીવતા કલ્પવામાં આવ્યા અને ઉપર જણાવેલાં નામો તેમને આપવામાં આવ્યાં. આ બધાને દેવદૂતો તરીકે પણ વર્ણવામાં આવ્યા છે. આ ધર્મમાં જે નાની પવિત્ર વસ્તુઓ–સામાન્ય શક્તિઓ–છે તેને યઝત અથવા દૂત કહેવામાં આવે છે. મનુષ્યોને મદદ આપી રક્ષણ કરનારા જે કેટલાક દૈવી દૂતો છે તેને 'ફ્રવશી'–ફરોહર–કહેવામાં આવે છે.

**દુષ્ટ તત્ત્વોનો વર્ગ** : અહુરમઝદ અને તેમનાં શુભ તત્ત્વોથી વિરુદ્ધ અંગ્ર મઇન્યુ અને અસંખ્ય રાક્ષસોનો સમુદાય છે. આ વિરુદ્ધ વર્ગમાં ક્ષુધા, તરસ, ક્રોધ, ઉદ્ધતાઈ, લોભ, અસત્ય ભાષણ, સૂકો કાળ, શિયાળો અને વેશ્યાની ગણના કરવામાં આવી છે. આ દુષ્ટ તત્ત્વોને માટે 'દએવ' એ સામાન્ય નામ છે. આ શબ્દે પછીની ફારસી ભાષામાં 'દિઉ' રૂપ ધારણ કર્યું અને આખરે તે 'દઉ' શબ્દમાંથી અંગ્રેજી શબ્દ–devil–(રાક્ષસ)–ઉતરી આવ્યો છે. આવાં અસંખ્ય ખરાબ તત્ત્વોની માણસો ઉપર ખરાબ અસર ન થાય તેટલા માટે અનેક જાતની શુદ્ધિઓ કરવામાં આવે છે અને આ બધો વિષય અવસ્તાના મુખ્ય ત્રીજા વર્ગના સાહિત્યમાં આપેલો છે.

## ક્રિયા કરતી વખતની પવિત્રતા, પૂજા અને પ્રાર્થના

જરથુસ્તી લોકો અગ્નિપૂજક છે. તેઓ અગ્નિને–અને ખાસ કરીને સૂર્યને–પ્રકાશ, પવિત્રતા અને ઉપકારક ઉષ્ણતાના દેવનું પ્રતીક માને છે. લાંબા કાળ સુધી જરથોસ્તી લોકોએ પૂજાવિધિને અંગે હમ્મેશાં પવિત્ર અગ્નિને પ્રજ્વલિત રાખેલો છે અને આ તે ધર્મનું ખાસ લક્ષણ છે. આ ધર્મનાં શાસ્ત્રોમાં શુદ્ધીકરણની અનેક વિધિઓ આપવામાં આવેલી છે :

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દા. ત. કેશ અને નખને બરાબર કાપી નાખવા, જ્યારે કોઈ માણસ છીંક ખાય ત્યારે તેણે શાસ્ત્રમાં જણાવેલી પ્રાર્થના કરવી, સારી બનાવેલી દાંત ખોતરવાની સળીનો જ ઉપયોગ કરવો ઇત્યાદિ.

કેટલાક મંત્રોથી જુદી જુદી અસર થાય છે. બધાં પાપોમાંથી છૂટવાને માટે મંત્રો હોય છે. મનુષ્યને માટે પવિત્રતા, જીવનથી બીજે નંબરે જ, ઘણો લાભ કરનારી છે.

આ ધર્મમાં મડદાં મૂકવાને માટે એક કૂવો હોય છે. આ મડદાં પૃથ્વીને અથવા અગ્નિને પોતાના સ્પર્શથી અપવિત્ર ન બનાવે તેટલા માટે તેમને ઘણી કાળજીથી કૂવામાં તદ્દન ખુલ્લાં રાખવામાં આવે છે. મનુષ્યોનું આરોગ્ય સચવાઈ રહે તેને માટે સ્વચ્છતાની આવશ્યકતા છે અને તેથી ધર્મને સ્વચ્છતાની સાથે જોડી દેવાની જરૂર છે. જરથોસ્તી લોકો માને છે કે વંદીદાદમાં આપેલા શુદ્ધીકરણના નિયમો આ કામ સારી રીતે કરી શકે છે, અને આવું કામ કરનારા આ નિયમો ઘણા પ્રાચીન છે.

દરરોજ અને ઋતુએ ઋતુએ જરથોસ્તી લોકોને પૂજા કરવાની હોય છે અને તેમાં શાસ્ત્રમાં જણાવેલી સ્તુતિઓ કરવામાં આવે છે. આવી સ્તુતિઓ અનેક છે. જેમ ખ્રિસ્તીધર્મમાં " પ્રભુ પ્રાર્થના " માટે "અમારા પિતા " ( Pater Noster ) એ લૅટીન શબ્દો વાપરવામાં આવે છે તેમ જરથોસ્તીધર્મની બે મુખ્ય પ્રાર્થનાઓ માટે તે પ્રાર્થનાના પહેલા શબ્દો વાપરવામાં આવ્યા છે : (૧) **'અહુન-વૈરો'**નું અનેકવાર વપરાતું સંક્ષિપ્ત રૂપ 'હોનોવર' છે; પ્રભુની ઇચ્છા તે જ સત્યનો કાયદો. (૨) **'અશેમ-વોહુ'** : પવિત્રતા એ શ્રેષ્ઠ વસ્તુ છે.

જ્યારે જરથોસ્તી લોકો આ ધર્મનો વિધિપૂર્વક સ્વીકાર કરે છે ત્યારે એક પ્રકારનો પાઠ કરવામાં આવે છે. તેમાં કેટલોક ભાવ નીચે પ્રમાણે છે :—

> " જે દએવને ( રાક્ષસોને ) ધિક્કારે છે અને જે અહુરનો કાયદો પાળે છે એવા ઝોરોસ્ટરનો હું અનુયાયી છું. હું મઝ્દનો ભક્ત છું."

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ઝોરોસ્ટરધર્મની નીતિના સિદ્ધાન્તો

ક્રિયાત્મક અને આચારમાં આવતા ઝોરોસ્ટરધર્મનો જો ટુંકામાં સાર આપવો હોય તો એક ઉપદેશવાક્યમાં જ કહી શકાય એમ છે, અને આ વાક્ય અક્ષરશઃ અને તાત્પર્યદષ્ટિએ યથાર્થ છે. તે વાક્ય "પ્રકાશ પ્રજ્વલિત રાખો" એ પ્રમાણે છે. મૂળ સ્થાપકે આદર્શ જરથોસ્તીનું વર્ણન કરતાં કહ્યું છે કે "હે મઝ્દ, તારા જેવો આ માણસ વફાદાર, બહુશ્રુત અને ઉદાર છે." દાન કરવાથી ઈશ્વરનું સામ્રાજ્ય આગળ વધે છે: "જે ગરીબોને મદદ આપે છે તે અહુરને રાજા બનાવે છે."

સારા માણસોની સાથે સારી રીતે વર્તવું પણ ખરાબ માણસોની સામે શઠતા વાપરવી. "ભલે માણસ ગરીબ હોય કે તવંગર, પણ તેણે ધર્મિષ્ઠ માણસના પ્રત્યે પ્રેમ રાખવો; પણ જે જુઠો છે તેની સાથે તો તેણે ખરાબ રીતે જ વર્તવું." શત્રુઓની સામે શારીરિક બળ વાપરવું એમ શાસ્ત્રમાં કહેવામાં આવ્યું છે: "તેમની સામે હથીઆર લઇને ઉભા થઇ જાવ અને લઢો, શત્રુઓની સાથે પ્રામાણિકતાથી લઢો, મિત્રની સાથે મિત્ર તરીકે રહો."

કરકસરથી ખેતી કરવી અને ઘર ચલાવવું, નહિ કે એકાન્તમાં અથવા જંગલમાં જઇ તપશ્ચર્યા કરવી, એ ધર્મની આવશ્યકતા છે. અને તે જ રીતે ધર્મને વ્યવહારમાં આચરી શકાય છે. "જે માણસ અનાજ, ઘાસ અને ફળ વધારે પ્રમાણમાં વાવે છે તે ધર્મનાં બીજ વાવે છે; તે મઝ્દના ધર્મની પ્રગતિ કરે છે. જે માણસ બીલકુલ ખાતો નથી, તેનામાં પવિત્ર કામો કરવાની શક્તિ હોતી નથી."

ઝોરોસ્ટરધર્મમાં જો સૌથી વધારે મહત્ત્વનો સદ્‌ગુણ હોય તો તે **પવિત્રતા** છે.

"હે ધર્મનિષ્ઠ પુરુષ, તું તારી જાતને પવિત્ર બનાવ. પૃથ્વી ઉપરનો ગમે તે માણસ વિચાર, વાણી અને આચારથી જો



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પોતાની જાતને પવિત્ર કરે તો તે હમ્મેશાં પવિત્ર જ રહે છે."

જયારે પારસીઓ એક બીજાની સાથે વાતચીત કરે છે ત્યારે એક મંત્ર બોલે છે. આ મંત્ર આ ધર્મનાં શાસ્ત્રોમાં આપેલો છે અને તે નીતિના સિદ્ધાન્તોનો ટુંકાણુમાં સારો ખ્યાલ આપે છે. આ મંત્ર નીચે પ્રમાણે છે—

> "હુ-મત, હુ-ઉકથ, હુ-વર્ષ્ત : સારા વિચાર, સારી વાણી, અને સારાં કર્મ."

### ઝોરોસ્ટરધર્મમાં અંતિમ ફળ

જગતમાં અંતે પવિત્રતા પાપને હમ્મેશાં હરાવે છે એ પ્રમાણે વૈદિક ધર્મની માફક ઝોરોસ્ટરધર્મ ઉપદેશ કરે છે. ઝોરોસ્ટરે પોતે શરૂઆતમાં આગ્રહપૂર્વક જે ઉપદેશો કર્યા હતા તેમાંનો એક ઉપદેશ એવો હતો કે ઈશ્વર ભવિષ્યમાં કર્મ પ્રમાણે ન્યાય આપે છે–દુષ્ટ માણસોને શિક્ષા કરે છે અને પુણ્યશાળી પુરુષોને લાભ આપે છે.

સત્તર ગાથાઓમાં ઝોરોસ્ટરે ઓછામાં ઓછું સત્તર વાર અમરતાની ઇચ્છા દર્શાવી છે અથવા તો તેની ખાત્રી આપેલી છે. મરેલાંઓને અજબ રીતે ફરી જીવતા કરવામા આવ્યા હતા એ પ્રમાણેની સૂચના ઝોરોસ્ટર માત્ર એક વાર કરે છે. પરંતુ આ ભાવના પછીનાં શાસ્ત્રોમાં અનેક વાર જોવામાં આવે છે. વળી તે કહે છે કે :—

> "જે પ્રમાણે એક ધોળું ઘેટું કાળા ઘેટાના જૂથમાં તરત જ દેખાઇ આવે છે તે પ્રમાણે તે સભામાં દુષ્ટ માણસ તરત જ ઓળખાઇ જાય છે."

'ચિન્વત' નામના એક નાના પૂલનું વર્ણન અનેક વાર આ ધર્મનાં શાસ્ત્રોમાં કરવામાં આવેલું છે. મરણ પછી પુણ્યશાળી અને પાપી જીવોને એક બીજાથી છૂટા પાડવાને માટે આ પૂલનો ઉપયોગ થાય છે અને શાસ્ત્રોમાં તેનું સવિસ્તર વર્ણન આપવામાં આવ્યું છે.

ભવિષ્યમાં જે છેલ્લું ફળ આપવામાં આવે છે તેનો ખ્યાલ આપવાને માટે બીજા કેટલાક દાખલાઓ આપવામાં આવ્યા છે : દા. ત.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"મરણ પછી દરેક માણસનાં કર્મ તેની સામે સારા અથવા ખરાબ રૂપમાં આવશે." "બે દેવદૂતો દરેક માણસનાં સારાં અને ખરાબ કર્મોની નોંધ લે છે." "જીવોને ત્રાંજવામાં તોળવામાં આવશે."

જેના વિચારો સારા છે તેને સ્વર્ગનું ફળ મળે છે. સ્વર્ગની અંદર જે અવસ્થા ભોગવવામાં આવે છે તેમાં વિષયની ગંધ બીલકુલ નથી. જે લોકો અસત્ય બોલે છે તે નરકમાં જાય છે. આ નરક લાંબા સમય સુધી ચાલે છે અને તેમાં જીવો દુઃખ ભોગવે છે. ગાથાઓમાં માત્ર બે વાર નરકનાં દુઃખોનું વર્ણન કરવામાં આવેલું છેઃ "અંધકાર, ખરાબ ખોરાક અને આર્તનાદ."

માણસોનો ઉદ્ધાર કરનાર 'સોષ્યન્ત' ભવિષ્યમાં થશે એમ આશા રાખવામાં આવે છે. જગતનો અંત થાય તે પહેલાં દર હજાર વર્ષે ત્રણ ઉદ્ધારકો થશેઃ **અઉષેદર, અઉષેદર–મહ્, અને સોષ્યન્ત.** દરેક મહાપુરુષ ઝોરોસ્ટરના વંશમાં અદ્દ્ભુત રીતે પ્રકટ થશે, અને ઝોરોસ્ટરના જન્મ વખતે તેમની કુમારિકા માતાની જેટલી ઉમ્મર હતી તેટલી જ ઉમ્મરવાળાં કુમારિકા માતાને પેટે જન્મ લેશે.

જગતના અંત સમયે પ્રકટીકરણમાં દર્શાવેલા શુદ્ધીકરણની અને ક્રિયાની પરિપૂર્ણતા થશે. ભવિષ્યમાં પ્રજ્વલિત અગ્નિ વડે પરીક્ષા કરવામાં આવશે અને ગાળેલી ધાતુથી શુદ્ધિ થશે એમ ઝોરોસ્ટરે પોતે પણ, જરા અસ્પષ્ટતાથી, કહ્યું છે એમ જણાય છે. પણ પછીથી લખાએલા એક ગ્રન્થમાં પુનર્જીવન પછીના બનાવો, છેવટનો નિર્ણય, પાપીઓ અને પુણ્યશાળી જીવોને છૂટા પાડવા અને તેમને અનુક્રમે નરક અને સ્વર્ગમાં મોકલવા વગેરે બાબતોનો સારો ચિતાર આપવામાં આવ્યો છે.

આર્યો અને ઇરાનીઓ ઘણા લાંબા સમય સુધી સાથે રહ્યા તેને પરિણામે બન્નેના ધર્મો વચ્ચે ઘણું સામ્ય જોવામાં આવે છે. જેમ વેદની ભાષા અને અવસ્તાની વચ્ચે સામ્ય છે તેમ ધર્મની બાબતમાં પણ સામ્ય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૧૧મું

સિદ્ધાંતો ઇસ્લામધર્મ

## જગતના બાદશાહને શરણે જવાનો ધર્મ

**જગતના વિદ્યમાન ધર્મોમાં સ્થાન :**

ખ્રિસ્તીધર્મ સિવાયના બીજા બધા ધર્મોમાં સંખ્યાની દૃષ્ટિએ ઇસ્લામ કૉન્ફ્યૂશ્યસધર્મની પછી આવે છે; અને જગતના બધા ધર્મોમાં ઝડપથી વધવાની અંદર ઇસ્લામ ખ્રિસ્તીધર્મની પછી આવે છે.

આ ધર્મ કયે પ્રકારે ઉત્પન્ન થયો એનો જો વિચાર કરીએ તો માલમ પડે છે કે જગતની અંદર જે નવ ધર્મો જુદા જુદા મહાપુરુષોના ધાર્મિક ઉપદેશ અને અનુભવમાંથી ઉત્પન્ન થયા છે તેમાંનો ઇસ્લામ એક છે. બીજા બે ધર્મો–હિન્દુધર્મ અને શિન્તોધર્મ–સમાજમાં સ્વયં પ્રકટ થઇ પ્રસર્યા છે. આ ધર્મની જગત વિષેની માન્યતાનો વિચાર કરીએ તો માલમ પડે છે કે ઇસ્લામ ત્રણ વિશ્વધર્મમાંનો એક છે–બીજા બે વિશ્વધર્મો તે બૌદ્ધધર્મ અને ખ્રિસ્તીધર્મ. બાકીના આઠ ધર્મો વંશ–વંશપરંપરાના અથવા તો પ્રજાના છે. ઈશ્વરના સિદ્ધાન્તનો વિચાર કરતાં જણાય છે કે ઇસ્લામ ચાર એકેશ્વરવાદી ધર્મોમાંનો એક છે–બીજા ત્રણ ધર્મો તે યાહુદીધર્મ, શીખધર્મ અને ખ્રિસ્તીધર્મ. બાકીના સાત ધર્મોમાં સર્વબ્રહ્મવાદ, અથવા દ્વૈતવાદ અથવા અનેકેશ્વરવાદ જોવામાં આવે છે. આ પ્રમાણે જગતના અગીઆર વિદ્યમાન ધર્મોમાં ઇસ્લામ ત્રણ બાબતમાં ખ્રિસ્તી ધર્મના જેવો છેઃ (૧) મહાપુરુષથી સ્થપાએલો, (૨) વિશ્વધર્મ અને (૩) એકેશ્વરવાદ.

શીખધર્મ, જેના અનુયાયીઓ ઘણા થોડા છે અને હિન્દુસ્તાનમાં જ વસે છે, તેને બાદ કરીએ તો કાળગણનાની દૃષ્ટિએ જગતના બધા ધર્મોમાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઇસ્લામ સૌથી છેલ્લો આવે છે. આજે બીજા કેટલાક નવા ધર્મો પણ અસ્તિત્વમાં આવ્યા છે : દા. ત, બહાઇઝમ, થિઓસોફી અને એથિકલ કલ્ચર સોસાયટી વગેરે. આ ધર્મોને બીજા કોઇ પણ જુના ધર્મ સાથે કશો સંબંધ નથી અને તે પોતાના દેશની બહાર પણ પ્રચલિત થએલા છે. આ ધર્મોમાંના એક પણ ધર્મને હજુ સો વર્ષ પણ થયાં નથી. ઇસ્લામનો ઇતિહાસ તેરસો વર્ષનો છે, અને આ બધા મહાન સુપ્રસિદ્ધ ધર્મોમાં આ એક જ એવો ધર્મ છે કે જે ખ્રિસ્તી શક પછી અસ્તિત્વમાં આવ્યો છે. મૂળ સ્થાપકે પોતાના ધર્મને માટે જે શબ્દ વાપર્યો હતો તે આ ધર્મનું ખરેખરૂં રહસ્ય સમજાવે છે. આ શબ્દ તે ઇસ્લામ, અને તેનો અર્થ 'ઇશ્વરને શરણે જવું' એ પ્રમાણે થાય છે. બીજો શબ્દ, **મુસ્લીમ** અથવા વધારે પ્રચારમાં આવેલો 'મોસ્લેમ' અરબી ભાષાના તે જ ધાતુમાંથી બનેલો છે, અને તે "જેઓ શરણે જાય છે" એ પારિભાષિક અર્થમાં વપરાય છે.

જગતનો સર્વોપરિ નિયામક, ઇશ્વર, જગતમાં સ્વતંત્ર રીતે પોતાની સત્તા ચલાવે છે અને ધર્મિષ્ઠ માણસો દીનતાથી તેને શરણે જાય છે એ પ્રમાણે આ ધર્મના આદેશો છે. મુસલમાનોનો ઇતિહાસ તપાસીએ તો જણાય છે કે તેમણે જુદા જુદા દેશોમાં કેટલાંક પ્રસિદ્ધ રાજ્યો સ્થાપેલાં છે. પાકીસ્તાનમાં મુસલમાન લોકોની મોટી સંખ્યા લગભગ સાડા છ કરોડની છે, જ્યારે ભારતમાં લગભગ સાડા ત્રણ કરોડની સંખ્યા છે.

**મૂળ સ્થાપક મહમદનું જીવન** ( ૫૭૦–૬૩૨ ઇ. સ. )

મહમદ સાહેબના જીવનની કેટલીક હકીકત કુરાનમાં અને કેટલીક પ્રાચીન અરબી જીવન ચરિત્રો અને પરંપરાઓમાં આપેલી છે. મહમદનો જન્મ મક્કામાં થયો હતો. મક્કા અરબસ્તાનનું મોટું સ્થળ હતું, અને સર્વચેતનવાદ અને મૂર્તિપૂજાનું મુખ્ય ધામ હતું. મહમદ કોરેશ જાતના હતા અને તે પોતાના બીજા જાતિભાઇઓની માફક ભરવાડનું અને વ્હેપારનું કામ કરતા હતા. વ્હેપારનિમિત્તે તે સિરિયા અને પેલેસ્ટાઇન

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગયા હતા અને ત્યાં તેમને યાહુદીઓ અને ખ્રિસ્તીઓ સાથે સમાગમ થયો હતો. એક વખતે મક્કાની અંદર ત્રણ શેખો વચ્ચે તકરાર ચાલતી હતી તે મહમદે વચ્ચે પડીને બંધ કરી અને સમાધાન કર્યું. આ ઉપરથી મહમદને જણાયું કે અત્યારે બધા લોકો ઘણા દુઃખી છે અને તેમના ધાર્મિક નેતા તરીકે હું કામ કરી શકીશ. તે સમયની નૈતિક અને સામાજિક પરિસ્થિતિ જોઇને મહમદને ઘણો અસંતોષ થયો હતો. યાહુદીઓ અને ખ્રિસ્તીઓ પાસેથી તેમણે એકેશ્વરવાદનાં બીજો મેળવ્યાં. કુરાનના પહેલા પ્રકરણ ફાતિહાહ્‌માં એક સુંદર પ્રાર્થના આપવામાં આવેલી છે અને બધા ધર્મનિષ્ઠ મુસલમાનો તેનો રોજ બત્રીસ વાર પાઠ કરે છે. જ્યારે મહમદ સત્ય ધર્મની શોધમાં હતા ત્યારે તે હંમેશાં ઇશ્વરની પ્રાર્થના કરતા હતા અને કદાચ ફાતિહાહ્‌ની પ્રાર્થનામાં આ જ પ્રાર્થનાનાં બીજ રહ્યાં હોય.

**પ્રત્યક્ષ દર્શન** ( ઉમ્મર ૪૦–૫૨ )

મહમદનો કેટલોક સમય નિરાશામાં ગયો અને તે સમયે તેમને એકદમ જણાયું કે ઇશ્વર મને આજ્ઞા કરે છે: ‘ તું બધે ફર અને એક સ્વતંત્ર ઇશ્વર જગતનો કર્તા, બાદશાહ અને ન્યાયાધીશ છે એ પ્રમાણે ઉપદેશ કર. ’ કુરાનના ૯૬ મા પ્રકરણમાં મહમદના પ્રથમ પ્રત્યક્ષ દર્શન અને અલ્લાના પેગંબર તરીકેની તેમની નિમણૂંકની હકીકત આપવામાં આવી છે એમ સામાન્ય રીતે મનાય છે. બાર વર્ષ સુધી તેમને આવાં પ્રત્યક્ષ દર્શન થયાં. તે એકેશ્વરવાદ અને ભવિષ્યના ફળનો ઉપદેશ કરતા હતા અને સાથે સાથે મૂર્તિપૂજા અને બાળહત્યાનું ખંડન કરતા હતા. પણ મક્કામાં અને તેની પાસે આવેલા તાઇફ શહેરમાં આ બધા ઉપદેશની ઘણી થોડી અસર થઇ.

**પલાયન અથવા હિજરા** ( ઉમ્મર ૫૨ )

પોતાનો જીવ બચાવવાને માટે મહમદ પોતાના એક મિત્ર સાથે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જન્મભૂમિમાંથી નાસી ગયા, અને મક્કાથી ઉત્તરે ત્રણ માઇલ ઉપર આવેલી એક ગુફામાં સંતાઇ ગયા. આ પ્રમાણે તે શત્રુઓના પંઝામાંથી ઘણી બારીકીથી છટકી ગયા. આનું વર્ણન કરતાં કુરાન કહે છે :—

" પહેલાં જ્યારે અધર્મી લોકોએ તેમને નસાડી મૂકયા અને જ્યારે તે એક મિત્રની સાથે ગુફામાં ભરાઇ ગયા ત્યારે ઇશ્વરે તેમને મદદ કરી હતી. આ વખતે મહમદે પોતાના મિત્રને કહ્યું 'જરા પણ ગભરાઇશ નહિ ! ખરેખર ! ઇશ્વર આપણું રક્ષણ કરે છે !' અને ઇશ્વરે પોતાની શાન્તિ મહમદને આપી અને બીજા માણસો પણ મદદને માટે આપ્યા. આ માણસોને તમે જોયા નહિ." ( ૯ : ૪૦ )

મહમદનું પલાયન ઇ સ. ૬૨૨ માં થયું. આ સમય મહમદના જીવનમાં ઘણો ખરાબ હતો, પરંતુ તે જ સમયથી તેમના વિજયનો આરંભ થયો હતો. મુસલમાન લોકોનો શક આ જ વર્ષથી શરૂ થાય છે, અને લૅટીન ભાષામાં તેને "હિજરાનું વર્ષ–Anno Hegirae–સંક્ષેપમાં એ. એચ "–કહેવામાં આવે છે.

### મદિનામાં ઈશ્વરસત્તાનો વધારો ( ઉમ્મર ૫૦–૬૦ )

ઉત્તર અરબસ્તાનના એક મોટા શહેરમાં મહમદે અલ્લાના કાયદાની સ્થાપના કરી અને અકૂબની છ પ્રતિજ્ઞાઓને આધારે કહ્યું કે તે બધાની વ્યવસ્થા કરનાર હું છું. આ પ્રતિજ્ઞાઓ નીચે પ્રમાણે છે :—

" એક ઇશ્વર વિના બીજાની પૂજા અમે કરીશું નહિ. અમે ચોરી નહિ કરીએ, તેમ જ અમે વ્યભિચાર નહિ કરીએ. અમે અમારાં બાળકોને મારીશું નહિ, અને કોઈની નિન્દા નહિ કરીએ. જે સત્ય વાત છે તે બાબતમાં અમે પેગંબરની આજ્ઞાનું ઉલ્લંઘન નહિ કરીએ."

રોજ પ્રાર્થના કરવાને માટે અને દર શુક્રવારે બધાને મળવા માટે મહમદે એક મસજીદ બંધાવી. તેમણે પોતાના અનુયાયીઓને ભક્તિની, ધાર્મિક શિક્ષણની અને ઉત્સાહથી લઢાઇ કરવાની તાલીમ આપી. સર્વ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શક્તિમાન ઈશ્વરના આ ઉત્સાહી પેગંબરની સત્તા અને અનુયાયીઓની સંખ્યા પણ વધવા લાગી. પહેલાં મહમદ એકલા ધર્મના પ્રચારનું કાર્ય કરતા હતા પણ હવેથી તેમણે લશ્કરી શિક્ષણની નવી યોજના દાખલ કરી. તે પોતે કબુલ કરતા કે કેવળ અલ્લાની મદદથી જ બદ્રના યુદ્ધમાં અને ખાડીના યુદ્ધમાં બળવાન શત્રુઓને હું જીતી શક્યો હતો. આ વખતે એક ધાર્મિક અને યુદ્ધ કરનાર નેતા તરીકે તે પ્રસિદ્ધિમાં આવ્યા હતા અને તેમની સત્તા અને સ્વતંત્રતા વધવા માંડી હતી. આ જ સમયે તેમણે પોતાની કાર્યપદ્ધતિમાં અને જીવનમાં કેટલાક જાણવા યોગ્ય ફેરફારો કર્યા હતા. પહેલાં પ્રાર્થના કરતી વખતે જેરૂસલેમ તરફ મુખ રાખવામાં આવતું હતું (કિલ્લહ્), પણ મહમદે જાહેર કર્યું કે અરબસ્તાનના મધ્ય ભાગ મક્કા તરફ મુખ રાખીને દરેકે પ્રાર્થના કરવી. પહેલાં યાહુદી લોકોના પ્રાયશ્ચિત્તના દિવસે ઉપવાસ કરવામાં આવતા હતા પણ હવે મહમદે તેમાં ફેરફાર કર્યો અને કહ્યું કે બધા મુસલમાનોએ રમદાન અથવા રમઝાનના મહિનામાં ઉપવાસ કરવા. મહમદ પહેલાં યાહુદીઓના પ્રત્યે ભ્રાતૃભાવ રાખતા હતા, પણ હવે તે તેમને હેરાન કરવા લાગ્યા અને મારવા પણ લાગ્યા. તેમની પહેલી સ્ત્રીના મરણ પછી તેમણે એકંદરે અગીઆર સ્ત્રીઓ કરી.

**મક્કામાં સ્વતંત્ર સત્તા** (ઉમ્મર ૬૦-૬૨).

મક્કા મહમદને શરણે આવ્યું અને ત્યારથી પેગંબર સાહેબે આખા અરબસ્તાનમાં સાર્વભૌમ સત્તા ચલાવી. તેમણે મૂર્તિપૂજાનું ખંડન કરવાનો અને યાહુદીધર્મ અને ખ્રિસ્તીધર્મની સત્તા તોડવાનો નિશ્ચય કર્યો. તેમણે ગ્રીસ, ઇરાન, ઇજીપ્ત અને એબીસીનીઆના રાજાઓને ત્યાં એલચીઓ મોકલ્યા અને તેમને ઇસ્લામધર્મ સ્વીકારવાનું કહેવડાવ્યું. સંખ્યાબંધ માણસો આ ધર્મ સ્વીકારતા થયા અને મહમદને તેની ખબર પણ પડી. તેમને થોડા દિવસ તાવ આવ્યો અને પોતાની પ્રિયતમ સ્ત્રી આ—ઇષાના હાથમાં માથું નાખીને તે મરણ પામ્યા. છેલ્લી ક્ષણે તેમણે પ્રાર્થના કરી કે—

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"પ્રભુ ! મને ક્ષમા આપો ! હું ઊંચે જાઉં છું ત્યાં મારી સાથે આવો ! સ્વર્ગમાં અમરતા આપો ! ક્ષમા આપો ! ઊંચે મારી સાથે તમે રહો !"

**મહમદનું ચારિત્ર્ય**

મહમદને ધર્મનાં સત્યોનો અનુભવ થયો હતો એમાં જરા પણ શંકા નથી. તેમને ખાત્રી થઇ હતી કે જગતમાં એક જ સર્વશક્તિમાન ઇશ્વર છે અને આ જ્ઞાનને પરિણામે તે એક વ્હેપારીમાંથી ધર્મના ઉત્સાહી પેગંબર બની ગયા. તે પોતે ઇશ્વરની પ્રાર્થના કરતા હતા અને પોતાના અનુયાયીઓને પણ તે પ્રમાણે કરવાનું કહેતા; અને આશ્ચર્ય અને આનન્દની વાત એ છે કે આ બાબતમાં આજ સુધી મુસલમાન લોકો પેગંબરની આ આજ્ઞા પાળી રહ્યા છે. તેમણે ધર્મનો જે આદર્શ કલ્પેલો હતો તે પ્રમાણે જ પોતે પોતાનું જીવન ગાળતા હતા. પોતાના ધર્મને માટે તેમણે અનેકવાર પોતાની જીંદગી જોખમમાં નાખી હતી. તેમના અનુયાયીઓ હંમેશાં ઇશ્વરની નિયામક શક્તિમાં વિશ્વાસ રાખતા આવ્યા છે. કુરાન કહે છે :—

ઇશ્વર જ મારો સહાયક છે. તેમનામાં મને વિશ્વાસ છે, અને તેમના તરફ જ હું નજર નાખું છું. અલ્લા ઉપર વિશ્વાસ રાખો, અને અલ્લા રક્ષણ કરવાને માટે સમર્થ છે. આપણે મનુષ્યને ઉત્પન્ન કર્યા છે અને તેમનો આત્મા શું ગણગણે છે તે આપણે જાણીએ છીએ; કારણ કે તેમના ડોકાની નસ કરતાં આપણે વધારે પાસે છીએ.

મહમદ નેતા તરીકે આકર્ષક, અને વ્યવસ્થાપક તરીકે સમર્થ હતા. જે આરબ જાતિઓ લઢતી હતી તેમને મહમદે આ નવો ધર્મ આપીને એકઠી કરી; અને ધર્મથી બધા મુસલમાનો આજ સુધી એકઠા રહ્યા છે. કુરાન કહે છે :—

પેગંબર શ્રદ્ધાળુ અને ધર્મિષ્ઠ લોકોની તેમની પોતાની જાત કરતાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પણ વધારે પાસે છે. ખરેખર જે લોકોને ધર્મ ઉપર શ્રદ્ધા છે અને જે ઘરનો ત્યાગ કરીને ઈશ્વરના કામમાં પોતાની મિલકત વાપરે છે, અને જે પેગંબરને અનુસરીને મદદ કરે છે તે બધા એક બીજાની પાસે છે.

મહમદ જો કે કેટલીકવાર દયાળુ હતા છતાં પણ કેટલીક બાબતોમાં તે કડક હતા. જ્યારે યાહુદીઓએ, મક્કાના રહેવાસીઓએ અને કોરેશ જાતિએ મહમદની સત્તા સ્વીકારવાની ના પાડી ત્યારે મહમદે એ ત્રણના ઉપર વેર વાળ્યું હતું. મહમદ બધાંના ઉપર સત્તા ચલાવતા હતા, યુદ્ધ કરવાને તત્પર રહેતા અને આપખુદી બજાવતા. તેમણે યુદ્ધ કરવાની છૂટ આપી અને જે લોકો મુસલમાન ન હોય તેમના તરફ જુલમ વાપરવાની પણ પરવાનગી આપી. કુરાન કહે છે :—

તમારે માટે યુદ્ધ છે. તમે યુદ્ધ કરો, જેથી કોઇ જાતનું તોફાન થાય નહિ અને બધે ઈશ્વરનો જ ધર્મ ફેલાય. જે ઈશ્વરને માનતા નથી તેમની સાથે યુદ્ધ કરો, જ્યાં સુધી તે પોતાના હાથથી ખંડણી આપે નહિ અને દીન બને નહિ ત્યાં સુધી. ખરેખર જે લોકો ઈશ્વરના નિમિત્તે લઢે છે તેને ઈશ્વર ચાહે છે. જે લોકો નાસ્તિક અને દંભી છે તેમની સામે ઘણા આગ્રહથી યુદ્ધ કરો અને તેમના પ્રત્યે કડકાઈ રાખો.

મહમદને ઘણી સ્ત્રીઓ હતી. બધાની સાથેની તેમની વર્તણુકથી અનેકવાર ઉપાધિઓ ઉત્પન્ન થઇ હતી. આ બધું બરોબર હતું એમ મહમદના અનુયાયીઓ માનતા હતા અને આજે પણ તે પ્રમાણે માને છે. મૂળ સ્થાપકને જે સ્ત્રીઓ ગમતી ન હોય તેમની જોડે તે છૂટા છેડા કરે અને ઈશ્વરની મદદથી તે સારી સ્ત્રીઓ ભવિષ્યમાં મેળવશે એ પ્રમાણે કુરાનમાં કહેવામાં આવ્યું છે.

ઝૅદ નામના એક દત્તક પુત્રે જેની સાથે છૂટા છેડા કર્યા હતા એવી ઝૅનબ નામની સ્ત્રી સાથે મહમદે લગ્ન કર્યું હતું, અને તે લગ્ન બરોબર છે એમ બતાવવા તે અલ્લાના તરફથી મળેલી ખાસ આજ્ઞાનું પ્રમાણ આપતા હતા. મુસલમાનોએ વધારેમાં વધારે ચાર સ્ત્રીઓ કરવી એમ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મહમદે આજ્ઞા કરી છે. છતાં પણ પેગંબરને પોતાને માટે ઈશ્વરની ખાસ આજ્ઞાને આધારે આ સંખ્યાનો નિયમ કાઢી નાખવામાં આવ્યો હતો.

**મહમદનું પૂજન**

કુરાનમાં ઘણે ઠેકાણે મહમદે પોતાની દીનતા દર્શાવી છે. તેમણે પોતાના જીવનની શરૂઆતમાં અનેકવાર કહેલું છે કે હું તો બીજા બધા સાધારણ માણસોના જેવો માત્ર મર્ત્ય માણસ છું અને ઈશ્વરે મને લોકોને ચેતવણી આપવા સારુ મોકલ્યો છે.

મહમદને જો કે અલ્લાએ મોકલ્યા છે, છતાં પણ તે 'નિરક્ષર પેગંબર' છે એ પ્રમાણે કુરાનમાં બે સ્થળે કહેવામાં આવ્યું છે. (૭ : ૧૫૬, ૧૫૮). ઓછામાં ઓછું પાંચ વાર તો તેમને ઈશ્વરની માફી માગવાનું કહેવામાં આવ્યું છે. પોતે પેગંબર છે અને સાધારણ માણસ નથી એની ખાત્રી આપવાનું મહમદને કહેવામાં આવ્યું હતું, છતાં તેમણે સ્પષ્ટ રીતે કહ્યું કે મારામાં ચમત્કારો કરવાની શક્તિ નથી. પરંતુ ઘણે સ્થળે એમ કહેવામાં આવ્યું છે કે મહમદનો અલ્લા સાથેનો સંબંધ ઘણો ગાઢ છે, તે એટલે સુધી કે પેગંબરની આજ્ઞા પાળવી એ ઈશ્વરને શરણે જવાની ક્રિયાનું એક અંગ છે. મહમદ પોતે અલૌકિક વ્યક્તિ છે એમ પાછળથી ગણાવા લાગ્યું. પંદરમા શતકમાં મીરખોદે પેગંબરનું જીવનચરિત લખેલું છે અને તેમાં તેમના ચમત્કારો પચાસ પાનામાં વર્ણવવામાં આવ્યા છે. જન્મની પહેલાં પણ પોતાનું અસ્તિત્વ હતું એમ મહમદે કોઈ દિવસ કહ્યું નથી. જે મુસલમાનો ઘણા ધર્મચુસ્ત છે તેઓ કહે છે કે મહમદ પહેલાં અસ્તિત્વમાં ન હતા, તેમનામાં વચ્ચે પડવાની શક્તિ નથી, અને તેમની જાતની અને કબરની પૂજા કરવાની જરૂર નથી. પરંતુ સુન્ની અને શિઆ વર્ગના મુસલમાનો જુની પરંપરાઓ સ્વીકારે છે અને તેને આધારે કહે છે કે જગતની ઉત્પત્તિની પૂર્વે પણ મહમદ પ્રકાશ રૂપે અસ્તિત્વમાં હતા. મહમદ પાપરહિત હતા એમ અનેક વાર કહેવામાં આવ્યું છે, અને તેમના નામનો જપ કરવાથી માણસનો ઉદ્ધાર થાય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

### ઇસ્લામનાં શાસ્ત્રો, કુરાન

ઈશ્વરે આ ધર્મનાં શાસ્ત્રોનું મહમદને દર્શન કરાવ્યું છે એમ માનવામાં આવે છે, અને આ દૃષ્ટિએ જગતના ધર્મોમાં ઇસ્લામ અદ્વિતીય છે. કુરાનમાં મુખ્ય વક્તા અલ્લા છે. કેટલીક વાર અલ્લા પોતે મહમદની સાથે વાત કરતા હોય અને કેટલીક વાર તે મહમદને પોતાના પ્રતિનિધિ તરીકે બોલવાનું કહેતા હોય એ પ્રમાણે વર્ણન કરવામાં આવ્યું છે.

પરંતુ ઐતિહાસિક દૃષ્ટિએ વિચારીએ તો માલમ પડે છે કે જે રૂપમાં આજે કુરાન મળે છે તે કુરાનનો એક પણ શબ્દ મહમદે પોતે લખ્યો નથી. પેગંબરની પછી અબુ બેકર ધર્મની ગાદીએ બેઠા હતા, અને તેમણે મહમદના મરણ પછી એક વર્ષે પેગંબરનો જે ઉપદેશ શુદ્ધ સ્વરૂપમાં સ્મરણમાં રહ્યો હતો અથવા તો બીજી રીતે પેગંબરના શિષ્યોએ કાળજીપૂર્વક સાચવી રાખ્યો હતો તે બધા ઉપદેશનો સંગ્રહ કરવાનો હુકમ કર્યો. મહમદ સાહેબનાં જે વચનામૃતો પરંપરાથી ચાલતાં આવ્યાં હતાં તેમાં તેમના મરણને અગીઆર અથવા બાર વર્ષ થયાં એટલામાં જ ફેરફારો થયા અને કેટલીક ગુંચવણ પણ ઊભી થઇ. તેથી ત્રીજા ખલીફ ઉસમાને એકદમ હુકમ કર્યો કે બધા પુસ્તકનું સંશોધન કરવું, અને જુના સંગ્રહની જેટલી નકલો હોય તેનો નાશ કરવો. આ પ્રમાણે આજે જે કુરાનની નકલ મળે છે તે પહેલી આવૃત્તિ નથી પણ બીજી આવૃત્તિ છે. જે પ્રમાણે યાહુદીઓ અને ખ્રિસ્તીઓ પોતાનાં શાસ્ત્રોને અંગે એક બીજાથી છૂટા પડચા તે પ્રમાણે મુસલમાનો છૂટા ન પડે તેટલા સારુ આ બીજી આવૃત્તિ તૈયાર કરાવવામાં આવી હતી.

કુરાનની જો સાહિત્યની દૃષ્ટિએ સમીક્ષા કરવામા આવે તો માલમ પડશે કે મહમદે ઉપદેશ કર્યો તે પહેલાં તેમણે ઘણે સ્થળેથી હકીકતો એકઠી કરી હતી. કેટલીક પરંપરાગત અરબી માન્યતાઓ અને લોકકથાઓ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કુરાનમાં જોવામાં આવે છે. કેટલાંક તત્ત્વો મૂળ ઝોરોસ્ટર ધર્મમાંથી આવ્યાં હોય એમ લાગે છે; દા. ત. રાક્ષસો, દેવ દૂતો, છેલ્લો ન્યાય આપવાનો દિવસ અને પુનરુત્થાન. જુના કરારના માણસોની અને બનાવોની ઘણી વાતો કુરાનમાં આવે છે. યાહુદી તાલમદના વિચારો પણ કુરાનમાં જોઇ શકાય છે. કુરાનમાં અનેક સ્થળે નવા કરારના "ઇન્જીલ" ઉપદેશનો અને ખ્રિસ્તીધર્મનો ઉપન્યાસ કરવામાં આવ્યો છે અને મેસાઇઆહનું નામ ઓછામાં ઓછું આઠ વાર અને જીસસ ક્રાઇસ્ટનું પચીસ વાર જોવામાં આવે છે. ખરેખર આશ્ચર્યની વાત એ છે કે ગ્રીક શબ્દ "પેરેક્લેટ" (Paraclete) અને અરબી શબ્દ "અહમદ"–જે "મહમદ" નો પર્યાય છે તે–એના અર્થની વચ્ચે સામ્ય છે, અને તેથી અનુમાન થાય છે કે ખ્રિસ્તીધર્મના મૂળ સ્થાપક ઇસ્લામના ભાવી સ્થાપકનું અક્ષરશઃ ભવિષ્ય ભાખે છે (જૉન ૧૪; ૧૬; ૧૬ : ૭, ૧૨–૧૪). કુરાન (૬૧. ૬) કહે છે :—

"મેરીના પુત્ર જીસસે કહ્યું–હે ઇસ્રાએલનાં બાળકો! હું ઈશ્વરનો દૂત છું અને તમારી પાસે આવ્યો છું. જે કાયદો મારી પહેલાં હતો તે સત્ય છે એમ સિદ્ધ કરવા હું આવ્યો છું. અને બીજા આનંદદાયક સમાચાર તમને આપવાના કે મારા પછી અહમદ નામના એક ઈશ્વરના દૂત પ્રકટ થશે."

કુરાનમાં ૧૧૪ પ્રકરણ અથવા સુરત છે અને તે નવા કરારથી જરાક જ ઓછું અને જુના કરારનો લગભગ $\frac{1}{4}$ ભાગ છે. પહેલા પ્રકરણની શરૂઆત ફતિહા નામની એક પ્રસિદ્ધ નાની પ્રાર્થનાથી થાય છે. ત્યાર પછી પ્રકરણોની ગોઠવણી માત્ર તેમની લંબાઇને આધારે કરવામાં આવી છે. લાંબામાં લાંબુ પ્રકરણ શરૂઆતમાં છે, અને તેમાં ૨૮૬ આયતો છે. આ પ્રમાણે પ્રકરણોનો ક્રમ છે, તેથી ટૂંકાં પ્રકરણો છેડે આપવામાં આવેલાં છે. સૌથી ટૂંકા પ્રકરણમાં માત્ર ત્રણ આયતો છે.

હાલના વિવેચક વિદ્વાનો માને છે કે જે સુરતોની પ્રેરણા મહમદને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એમના જીવનમાં જુદે જુદે પ્રસંગોએ થઇ હતી તે બધી સુરતો ઓળખી કઢાય એમ છે. કેટલીક સુરતો પહેલાં મક્કામાં, પછી મદીનામાં, અને ફરીથી મક્કામાં પ્રકટ થઇ હતી. રોડવેલે કુરાનનું જે ભાષાન્તર કરેલું છે તેમાં કુરાનનાં પ્રકરણોનો ક્રમ ઉપર જણાવ્યું તે પ્રમાણે કાળાનુક્રમ પ્રમાણે આપવામાં આવેલો છે; અને આ પ્રકારે મહમદનામાં ધીમે ધીમે વિચારોનો વિકાસ કેવી રીતે થયો તે બતાવવાનો ભાષાન્તરકારે પ્રયાસ કર્યો છે.

નવમા પ્રકરણ સિવાય બીજાં બધાં પ્રકરણોના આરંભમાં એક જ પ્રકારનો મંત્ર આપવામાં આવેલો છે. આ મન્ત્ર ' બિસ્મીલ્લા, હીર્રહમા નીર્ રહીમ ' એ પ્રમાણે છે, અને તેનો અર્થ " દયાળુ અને કૃપાસાગર અલ્લાના નામમાં " એ પ્રમાણે થાય છે. ઘણે સ્થળે એમ કહેવામાં આવ્યું છે કે અલ્લાએ મહમદને અરબી ભાષામાં કોઈ પણ પ્રકારના ફેરફાર અને વિરોધ વિના કુરાનનાં દર્શન કરાવ્યાં છે. સૌથી વધારે સ્થળે કુરાનનું નામ આવે છે અને તેની ઉત્તમતાનાં વખાણ કરવામાં આવ્યા છે. મુસલમાનો કુરાનને સ્વતઃપ્રમાણ માને છે. આ ધર્મના વિદ્વાનોએ એવા સિદ્ધાન્તો કાઢયા છે કે કુરાનમાં સંપૂર્ણ પ્રેરણા છે, શબ્દોમાં કોઇ જાતની ભૂલ નથી અને તેમાં સ્વયંપ્રકાશ સત્ય રહેલું છે. કુરાન (૩. ૫) કહે છે :–

> " છતાં પણ અલ્લા વિના બીજો કોઇ તેનું ( કુરાનનું ) રહસ્ય સમજતો નથી ".

ઇતિહાસ તપાસતાં જણાય છે કે બધા અરબી સાહિત્યમાં કુરાનની સૌથી વધારે અસર થએલી છે. પાછળથી કોઈ પણ અરબી પુસ્તક એવું ભાગ્યે જ લખાયું હશે કે જેમાં કુરાનની વાતો અથવા તો કુરાનનાં વાક્યો જોવામાં ન આવે. આજે કેરોની અલ–અઝહરની મુસ્લીમ યુનિવર્સિટિમાં કુરાનને મુખ્ય પાઠ્ય પુસ્તક તરીકે રાખવામાં આવ્યું છે.

### પરમતત્ત્વની ભાવના, અલ્લા

એકેશ્વરવાદ એ મહમદનો મુખ્ય ધર્મોપદેશ છે. છતાં પણ જયારે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અલ્લા પોતાની જાતની વાત કરે છે ત્યારે, જેમ જુના કરારના શરૂઆતના ભાગમાં ( જેનેસિસ ૧ : ૨૬ ) [ " Elohim " ] ઇશ્વર પોતાને માટે બહુવચન વાપરે છે. જેમ આજે પણ કેટલાક રાજાઓનાં સરકારી લખાણોમાં હોય છે અને જેમ વર્તમાનપત્રોના અધિપતિઓ પોતાને માટે " અમે " એ પ્રમાણે બહુવચન વાપરે છે, તેમ અલ્લા પણ " અમે " " અમને " એ પ્રમાણે બહુવચનનો પ્રયોગ કરે છે. પરંતુ અલ્લા નામનો એક જ ઇશ્વર છે એવો કુરાનનો મુખ્ય ઉપદેશ બહુ સ્પષ્ટ છે.

ઇસ્લામના આ એકેશ્વરવાદની ઉત્પત્તિ ઐતિહાસિક દૃષ્ટિએ વિચારીએ તો જણાય છે કે તેમાં ત્રણ વસ્તુઓ કારણભૂત છે. એક તો મહમદને પોતાની દીર્ઘ અને ઊંડી દૃષ્ટિથી વિચારતાં જણાયું હતું કે જગતનું પરમતત્ત્વ અંતે એક જ છે. બીજું એ કે મહમદને આ ઉદાત્ત વિચાર યાહુદીલોકોના એકેશ્વરવાદમાંથી સ્ફુરી આવ્યો છે, અને ત્રીજું કારણ એ કે મહમદ સિરિઆના ખ્રિસ્તીઓના સમાગમમાં આવ્યા અને તેમને જણાયું કે તે લોકોનો દેવતાવાદ અપૂર્ણ છે અને તેમાં ત્રણ દેવોને સ્વીકારવામાં આવ્યા છે, તેથી તે તે સિદ્ધાન્તની સામે થયા. એક પરમ તત્ત્વ એક સ્ત્રી સાથે સંભોગ કરી શકે અને તેથી એક ઇશ્વરનો પુત્ર ઉત્પન્ન થાય અથવા તો એક જ તત્ત્વના ત્રણ ભાગો બનાવી ત્રણ દેવોને સ્વીકારવા–આ અયોગ્ય સિદ્ધાન્તની સામે કુરાનમાં અનેક સ્થળે વિરોધ દર્શાવવામાં આવ્યો છે.

સર્વશક્તિમાન અને પરોપકારી જગત્કર્તાનાં ઉત્તમ વર્ણનો કુરાનમાં આપેલાં છે, અને તે એટલાં બધાં સુંદર છે કે બીજાઓ પણ તે સ્વીકારી શકે. ઇશ્વરનું સર્વોત્તમ વર્ણન કુરાનમાં આવેલી સુપ્રસિદ્ધ ' ખુરસીની આયતમાં ' અથવા તો 'શક્તિની આયતમાં' આપવામાં આવેલું છે અને આ આયત ઘણીવાર મસજીદોમાં કોતરવામાં આવે છે. (૨. ૨૫૬)

ધર્મચુસ્ત મુસલમાન વિદ્વાનો અલ્લાનાં સાત મુખ્ય લક્ષણો આપે છે :—સર્વથા અદ્વિતીય (આ વિશેષણ ઘણી વાર વપરાય છે), સર્વદ્રષ્ટા,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સર્વશ્રોતા, સર્વવક્તા, સર્વજ્ઞ, સર્વ ઇચ્છા રાખનાર ( અર્થાત્ તેમની સામે થઈ શકાય નહિ એવા અગમ્ય ) અને સર્વશક્તિમાન. મુસલમાન લોકોની માળામાં ૯૯ મણકા હોય છે અને તે વડે અલ્લાનાં ૯૯ નામોનો તેઓ જપ કરે છે, "પ્રભુ" ( રબ્બ્ ) એ વિશેષણ કુરાનમાં ઘણી વાર વપરાએલું છે અને શરુઆતનાં પ્રકરણોમાં તો આ એક જ વિશેષણ અલ્લાને માટે વપરાયું છે. કુરાનમાં અલ્લાને માટે બીજાં પણ વિશેષણો વપરાએલાં છે; દા. ત. એક, સમર્થ, શક્તિમાન, બાદશાહ, વિજેતા, વેર વાળનાર, સત્તા ચલાવનાર, મારી નાખનાર, પોષણ કરનાર, દયાળુ, કૃપાસાગર અને ક્ષમા આપનાર. અલ્લા ચાહે છે (વદૂદ) એમ પણ વર્ણન કરવામાં આવ્યું છે, પરંતુ તે જેને ચાહે છે તે લોકો નીચે પ્રમાણે છે :—

"જે સારાં કર્મો કરે છે તે", "જે મહમદને અનુસરે છે તે",
"જે અભિમાની નથી અને જે ડંફાસ મારતા નથી તે",
"જે શ્રદ્ધાળુ છે અને સત્ય રીતે વર્તે છે તે", અને
"જે ઈશ્વરને નિમિત્તે યુદ્ધ કરે છે તે".

મહમદે ઈશ્વર વિષે જગતને એક મુખ્ય ઉપદેશ આપેલો છે અને તે એ કે અલ્લા દુષ્ટ માણસોને શિક્ષા કરશે અને પુણ્યશાળી માણસોને સારૂં ફળ આપશે. જે લોકો અલ્લાની સત્તા આગળ દીન થઇ નમી પડે છે તેમના તરફ તે દયા અને ક્ષમા દર્શાવે છે એમ અલ્લાનું ઘણી વાર વર્ણન કરવામાં આવેલું છે. અલ્લામાં નીતિને લગતા દોષો નથી એમ કુરાનમાં અનેક સ્થળે કહેવામાં આવ્યું છે. ઘણીવાર એમ કહેવામાં આવ્યું છે કે અલ્લાની સત્તા સ્વતંત્ર છે. અલ્લા કેટલાક લોકોને ભમાવે છે એમ પણ કુરાનમાં સ્પષ્ટ વર્ણન કરેલું છે. કુરાનમાં એવાં અનેક સ્થળો છે કે જ્યાં સ્પષ્ટતાથી કહેવામાં આવ્યું છે કે અલ્લાની ઇચ્છા–જે કોઈ સમજી શકતું નથી અને જેની સામે કોઇ બોલી પણ શકતું નથી–જે પ્રમાણે હોય તે પ્રમાણે તે સારે રસ્તે દોરે અથવા ખરાબ રસ્તે દોરે અને શિક્ષા કરે અથવા ક્ષમા આપે. એકંદરે અલ્લા એ જગતનો ઉદાર, સમૃદ્ધ અને અજેય બાદશાહ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છે એ પ્રમાણે વર્ણન કરવામાં આવ્યું છે: અર્થાત્ જગતના પ્રમાણમાં તે એક મહાન પ્રતાપી આરબ શેખ છે એમ માનવામાં આવ્યું છે.

આ પ્રકારના ધર્મની અંદર મોક્ષને માટે **ઇસ્લામ** એ સાદો શબ્દ વાપરવામાં આવે છે, અને મહમદે પોતે પણ આ ધર્મને માટે તે જ શબ્દ ઇસ્લામ (ઈશ્વરને શરણે જવું) વાપરેલો છે.

**મુસલમાનોની મુખ્ય માન્યતાઓ.**

જે મુસલમાન ધર્મ પરંપરાથી ઉતરી આવેલો છે તેમાં મુખ્ય છ માન્યતાઓ છે.

**એક જ ઈશ્વર–અલ્લા–ની માન્યતા.** ઇસ્લામમાં સૌથી મુખ્ય સિદ્ધાન્ત એકેશ્વરવાદનો છે, અને તેનો ઉપદેશ કુરાનમાં અનેક વાર કરવામાં આવેલો છે. આ સિદ્ધાન્તમાં અડધો મુસલમાન ધર્મ આવી જાય છે એમ કહેવામાં કોઇ જાતની હરકત નથી.

**દેવદૂતોની માન્યતા.** માણસોને ક્ષમા આપવાને માટે આ દેવદૂતો વચ્ચે પડે છે અને અલ્લાની સાથે મસલત ચલાવે છે. આઠ દેવદૂતો અલ્લાની ખુરસીને ટેકો આપે છે. ઓગણીસ દૂતો નરક ઉપર દેખરેખ રાખે છે. જબ્રૂ–રઈલ એ મહાદૂત છે. તેમને "પવિત્ર તત્ત્વ (Holy Spirit)" કહેવામાં આવે છે. જીન–ભૂત–એ મનુષ્ય અને દેવદૂતોની વચ્ચેનો વર્ગ છે, અને તે સારા અને ખરાબ હોય છે. તેમાંના કેટલાક અલ્લાને શરણે આવ્યા છે અને મુસલમાન થયા છે. એક જીન તો રાક્ષસ છે. કુરાનમાં તેને "શયતાન" અને "ઇબ્લીસ" પણ કહેવામાં આવે છે. "શયતાન" શબ્દ હિબ્રૂ ભાષાના 'સેટન' (Satan) શબ્દમાંથી આવ્યો છે અને "ઈબ્લીસ" શબ્દ ગ્રીક ભાષાના "ડાએબોલોસ" (daibolos) શબ્દમાંથી ઉતરી આવ્યો છે. આ શયતાન કુરાનમાં મુખ્ય સ્થાન ભોગવે છે અને લોકોને મોહપાશમાં બાંધે છે. તેની સાથે બીજાં કેટલાંક તોફાની તત્ત્વો ફરે છે અને તેમને "શયાતીન"–રાક્ષસો–કહેવામાં આવે છે.



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

'**કુરાનની માન્યતા.** અલ્લાએ જગતમાં લોકોને અનેક ગ્રન્થો આપ્યા છે. તેમાં હિબ્રૂ તોરાહ–" તઉરાત " કાયદો–મોઝેઝને આપ્યો છે; પ્રાર્થનાઓ–" ઝાબુર "–ડેવીડને આપી છે; ઉપદેશ– " ઈન્જીલ "– જીસસને આપ્યો છે અને છેવટે કુરાન મહમદને આપ્યું છે.

**અલ્લાના પેગંબરોની માન્યતા** અઠ્ઠાવીસ પેગંબરોનાં નામ કુરાનમાં આપેલાં છે; આમાંના બાવીસ જુના કરારમાંથી છે. આ બાવીસ નામોમાં નીચેના મહાપુરુષોની ગણના થઈ છે:

> આદમ, ઇનોક, મેથુસાલેહ, નોઆ, અબ્રાહમ, લૉટ, ઇશ્મએલ, આઈઝેક, જેકબ, મોઝેઝ, ડેવીડ, સોલોમન, ઇલિજાહ્, ઇલિષા અને જોનાહ.

નવા કરારમાંથી ત્રણ નામો લેવામાં આવ્યાં છે—ઝેકહારિઆહ્, બૅપ્ટિસ્ટ જૉન અને જીસસ. બાઇબલની બહારના મુસલમાન પેગંબરોમાં મહાન એલેક્ઝાન્ડરની ગણના થાય છે. મહમદ એ છેલ્લા અને સૌથી મોટા પેગંબર છે. પહેલાં થઈ ગએલા બધા પેગંબરોનું કામ કરવાને માટે તે પ્રકટ થયા છે અને તે બધા તેની સાક્ષી પણ પૂરે છે.

**છેલ્લો ન્યાય, સ્વર્ગ અને નરકની માન્યતા.** જગતનો જ્યારે અંત આવશે ત્યારે એક દિવસે બધા મરી ગએલા માણસો ફરીથી જીવતા થશે. કુરાન ( ૩૬.૫૧ ) કહે છે :—

> " વાજાં વાગશે અને તમે જોશો કે તે બધા પોતાની કબર- માંથી પ્રભુ પાસે જશે. "

મહમદ સાહેબના બધા ઉપદેશોમાં પહેલેથી તે છેવટ સુધી બે ઉપદેશો મુખ્ય છે–(૧) અલ્લાનો ન્યાય આપવાનો દિવસ અને (૨) એક ઈશ્વરની ભાવના. આ બધા ઉપદેશોને કાળાનુક્રમ પ્રમાણે ફરીથી ગોઠવવામાં આવ્યા છે અને તે ક્રમની અંદર પહેલાં બે દર્શનોમાં ન્યાયદિનનો સંદેશો આપવામાં આવેલો છે. ( ૭૪. ૮+૧૦; ૯૬. ૮ ). ઓછામાં ઓછી ૮૫૨ આયતોમાં, બીજા કેટલાક યાહુદી સંતોની માફક, મહમદે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

• ભાર દઇને કહ્યું છે કે ભવિષ્યમાં એવો એક દિવસ આવશે કે અલ્લા પાપી લોકોને શિક્ષા કરશે અને પુણ્યશાળી જીવોને સારાં ફળ આપશે. દરેક જીવનાં સારાં અને ખરાબ કર્મોને એક સરસવના દાણાના વજન સુધી પણ બરોબર તોળવાને માટે સારાં ત્રાજવાં રાખવામાં આવ્યાં છે અને તેનો ચિતાર પણ બરોબર આપવામાં આવ્યો છે.

અલ્લા ઉપર જે માણસો પૂર્ણ વિશ્વાસ રાખે છે અને પવિત્ર જીંદગી ગાળે છે તે સ્વર્ગમાં જાય છે અને ત્યાં બધી જાતના આનન્દો ભોગવે છે. કુરાનમાં ઘણે સ્થળે સ્વર્ગનો ખ્યાલ આપવામાં આવ્યો છે અને તેમાં બાગબગીચાઓ, વહેતી નદીઓ, સુંદર ખોરાક અને આરામ, અને એવી જાતના બીજા ઘણા આનન્દો મળે છે એમ કહેવામાં આવ્યું છે જે લોકો ખરાબ કામ કરે છે તે નરકમાં જાય છે અને ત્યાં અનેક પ્રકારનાં દુઃખો ભોગવે છે. કુરાનમાં નરકનો ભયંકર ચિતાર પણ આપવામાં આવેલો છે.

**ઈશ્વરી આજ્ઞાઓની માન્યતા.** અલ્લાએ પહેલેથી જ બધું નક્કી કરી રાખેલું છે. માણસોની શ્રદ્ધા અને અશ્રદ્ધા પણ પહેલેથી જ નક્કી થએલી છે. કુરાન કહે છે:—

"ઈશ્વરની રજા વિના કોઈ પણ માણસ મરતો નથી, અને પહેલેથી જ અમુક સમયે મરણ થશે એમ નક્કી થઈ ગયેલું હોય છે." (૩. ૧૩૯). "ઈશ્વરે આપણા માટે જે લખ્યું છે તે સિવાય બીજું કશું પણ આપણા વિષે થવાનું નથી." (૯. ૫૧). "તમે (મુસ્લિમોએ) માર્યાં નથી, પણ ઈશ્વરે તેમને માર્યાં છે. તમે જ્યારે ગોળીથી માર્યો ત્યારે તમે તેને ગોળીબાર કર્યો નથી પણ ઈશ્વરે ગોળીબાર કર્યો છે." (૮. ૧૭).

**મુસલમાનોની મુખ્ય ફરજો**

આ ફરજોને ઈસ્લામના પાંચ સ્તમ્ભો કહેવામાં આવે છે.

**ધર્મના સિદ્ધાન્તોનો પાઠ** દરરોજ દરેક મુસલમાનને મૂળ અરબી ભાષામાં લખેલી ધર્મની પ્રતિજ્ઞા અથવા કલેમહનો પાઠ કરવાનો હોય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"અલ્લા વિના બીજો કોઇ ઇશ્વર નથી, અને મહમદ એ અલ્લાનો પેગંબર છે."

'લાએલાહા ઇલ્લલ્ લાહો'

'મહમદુર્ રસુલુલલાહ્'

આ મંત્ર કુરાનમાં આ રૂપમાં જોવામાં આવતો નથી, પરંતુ તેના બે ભાગ અનેકવાર જોવામાં આવે છે. દાખલા તરીકે ૪૭. ૨૧; ૪૮. ૨૯. આ સિદ્ધાન્તના મંત્રનો ફક્ત પાઠ કરવાથી ઇસ્લામ ધર્મનો સ્વીકાર થઇ શકે છે.

**પ્રાર્થના.** દરેકે પ્રાર્થના કરવી એમ ઘણી વાર કુરાન કહે છે. પ્રાર્થનાને માટે દરરોજ પાંચ વાર દરેક મસજીદના મિનાર ઉપરથી બૂમ પાડવામાં આવે છે. કુરાનનો સિદ્ધાન્ત એવો છે કે દિવસમાં ત્રણ વાર–સવારે, બપોરે અને રાત્રિએ–દરેકે ઇશ્વરની પ્રાર્થના કરવી. મક્કામાં આવેલી પવિત્ર મસજીદ તરફ મુખ રાખીને આ પ્રાર્થના કરવામાં આવે છે. કુરાન (૪. ૪૬) કહે છે:—

"તમે જયારે દારૂ પીધેલો હોય ત્યારે તમારે પ્રાર્થના કરવા આવવું નહિ, પણ તમે જે બોલો છો તે જયારે સમજી શકો ત્યારે જ તમારે પ્રાર્થના કરવી. તેમજ કોઇ સ્ત્રીના સ્પર્શથી પણ તમે અપવિત્ર થયા હો ત્યારે તમારે પ્રાર્થના કરવા આવવું નહિ."

**દાન.** દાન આપવું એ દરેક ધર્મિષ્ઠ મુસલમાનની ફરજ છે એમ કુરાનમાં સ્પષ્ટતાથી કહેવામાં આવ્યું છે. કુરાન ( ૮. ૪૨ ) કહે છે:–

"જયારે તમે લઢાઇમાંથી કાંઇ પણ લૂંટી લાવો ત્યારે તેનો પાંચમો ભાગ અલ્લાને, પેગંબરને, પાસેના સગાઓને, અનાથોને, ગરીબને અને વટેમાર્ગુઓને આપવાનો હોય છે."

**રમઝાન માસમાં દિવસે ઉપવાસ.** કુરાન ( ૨. ૧૭૯–૧૮૩ ) ઉપવાસ વિષે કહે છે:–"હે આસ્તિક લોકો, તમારે રમઝાન માસમાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉપવાસ કરવાનો છે. જ્યારે તમારામાંનો કોઈ પણ ચન્દ્રનાં દર્શન કરે કે તરત જ ઉપવાસ શરૂ કરજો અને પ્રાતઃકાળે અંધકારમાંથી જરાક પ્રકાશ નીકળે ત્યાં સુધી તમે ખાનપાન કરો. પછીથી રાત્રિ પડે ત્યાં સુધી સખત ઉપવાસ કરો."

**મક્કાની યાત્રા (હજ).** પોતાના જીવનમાં એક વાર મક્કે જવાની, પવિત્ર મસજીદની પ્રદક્ષિણા કરવાની અને સાત વાર કાબા પત્થરને ચુંબન કરવાની દરેક મુસલમાનની ફરજ છે. પણ જો કોઈ મુસલમાન મક્કા જઈ શકે એવી સ્થિતિમાં ન હોય તો તેણે આ પવિત્ર કામને માટે પોતાના વતી બીજા માણસને મોકલવો. આ યાત્રા અમુક ચાન્દ્ર માસોમાં કેટલીક વિધિઓ પ્રમાણે કરવાની હોય છે.

## ઇસ્લામનો ઇતિહાસ

મહમદ મરણ પામ્યા ત્યારે તેમને પુત્ર ન હતો, તેમજ તે કોઇને પોતાની પછી ગાદી ઉપર બેસવાને નીમી ગયા ન હતા. તેથી અઠ્ઠાવીસ વર્ષ સુધી મહમદના ચાર પ્રતાપી અંગત મિત્રોએ વારાફરતી ધર્મ ચલાવ્યો. આ ચારનાં નામ અબુબક, ઉમર, ઉસમાન અને અલી એ પ્રમાણે છે. અબુબક્રે મહમદનાં વચનામૃતોનો સંગ્રહ કરવાનો હુકમ કર્યો. ઉમરે સીરીઆ અને ઇરાનને જીત્યાં. ઉસમાને કુરાનની નવી આવૃત્તિ તૈયાર કરાવી અને વ્યંજનાત્મક મૂળ ગ્રન્થમાં સ્વરનાં ચિહ્નો દાખલ કર્યાં. અને અલી જે મહમદના જમાઇ થતા હતા તેમને મારી નાખવામાં આવ્યા હતા; અને ત્યારથી જ ઇસ્લામમાં હંમેશને માટે બે ભાગલાઓ પડી ગયા. ત્યાર પછી ઘણા ખલીફો થયા.

**ઇસ્લામમાં રાજકીય વિભાગો :** ઉમય્યદ ખલીફાતે (ઇ. સ. ૬૬૦-૭૫૦) ડમસ્કસમાં વંશપરંપરાની પદ્ધતિ શરૂ કરી અને આખા ઉત્તર આફ્રિકા અને સ્પેનમાં બળ વાપરીને ઇસ્લામનો પ્રચાર કર્યો. પશ્ચિમ દિશામાં ઇસ્લામનું જોર વધવા માંડયું અને યુરોપમાં છેક દૂર સુધી તેનો પ્રચાર થવા લાગ્યો, પણ મહમદના મરણ પછી બરોબર સો વર્ષે, અર્થાત્

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઇ. સ. ૭૩૨ માં, ફ્રાન્સ ટુર્સ અથવા પોઇટિઅર્સનું યુદ્ધ થયું અને તેમાં ચાર્લ્સ માર્ટલે ઇસ્લામનો પ્રચાર અટકાવ્યો. અબ્બાસાઇડ ખલીફાત (ઇ. સ. ૭૫૦–૧૨૫૮) ના સમયમાં એવું સિદ્ધ કરવામાં આવ્યું કે મહમદના કાકા અબુલ અબ્બાસના વખતથી ઇસ્લામ ધર્મ ચાલતો આવ્યો છે. આ યુગમાં હરૂન–અલ–રશીદ નામના એક મહાન ખલીફ થઇ ગયા છે. તેમનું સ્થળ બગદાદ હતું. એક સ્પેનીશ ખલીફાતની કોર્ડોવામાં સત્તા જામી હતી (ઇ. સ. ૭૭૫–૧૨૩૬) અને મૂરીશ ખલીફાતની ગ્રેનેડામાં સત્તા જામી હતી (ઇ. સ. ૧૨૩૮–૧૪૯૨). ફાતિમાઇત ખલીફાતની સત્તા ઇ. સ. ૧૨૨૯ માં જામવા લાગી. તે લોકોએ ઇ. સ. ૧૪૫૩ માં કોન્સ્ટન્ટિનેપલ અને ઇ. ૧૫૧૭ માં ઇજીપ્ત જીત્યાં. લગભગ છસો વર્ષ સુધી આ શાખાએ મુસ્લિમ સત્તા સારી રીતે ભોગવી છે. અંતે ઇ. સ ૧૯૨૨ માં અંગોરામાં ભરાએલી ટર્કીશ નેશનલ એસેમ્બલીએ કોન્સ્ટન્ટિનોપલના સુલતાનને ગાદી ઉપરથી ઉઠાડી મૂકયો.

**ઇસ્લામના જુદા જુદા પંથો :** બહારથી ઇસ્લામના જુદા જુદા દેશોમાં જુદા જુદા વિભાગો જેવી રીતે પડયા તેવી જ રીતે સાથે સાથે ઇસ્લામની અંદર પણ જુદા ધાર્મિક અનુભવો અને માન્યતાઓને લીધે જુદા જુદા પંથો પડયા.

મુસલમાનોનો મોટો ભાગ **સુન્ની** પંથનો છે. આ પંથના લોકો પ્રાચીન પરંપરાને અનુસરે છે. તેમને સુન્નનો આગ્રહ હોય છે. સુન્ન એટલે માર્ગ, અર્થાત્ મૂળ સ્થાપકના સમયથી આજ સુધી જે માર્ગ ચાલતો આવ્યો છે તે. તુર્કસ્તાનના મુસલમાનો ઘણે ભાગે સુન્ની છે.

**શિઆ પંથ** ઇસ્લામના ઇતિહાસમાં ઘણો વહેલો અસ્તિત્વમાં આવેલો છે. આ પંથના અનુયાયીઓ કહે છે કે મહમદ સાહેબ પછી ખરેખરા વારસ અને હકદાર અલી હતા, કારણ કે મહમદના સગા હોવાથી તેમને મહમદની પછી ગાદીએ આવવાનો પૂરેપૂરો હક હતો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અલીએ અને તેમના હસન અને હુસેન નામના બે પુત્રોએ ધર્મને માટે પોતાનો પ્રાણ આપ્યો હતો, અને તેથી શિઆ મુસલમાનો તેમના તરફ ઘણો પૂજ્યભાવ દર્શાવતા આવ્યા છે. શિઆ પંથના પણ અનેક ભાગલાઓ પડયા છે, કારણ કે ઇમામ અથવા અલ્લાએ મોકલેલા નેતાઓની સંખ્યા વિષે અને છેલ્લા મહ્દી વિષે ઘણો મતભેદ ઉભો થયો છે. શિઆ મુસલમાનો મુખ્યત્વે ઇરાન અને આફ્રિકામાં વસે છે. તેમનામાં સામાન્ય રીતે વિચારોની ઉદારતા, ગૂઢવાદ અને સર્વેશ્વરવાદ તરફ પણ વલણ જોવામાં આવે છે. તેમના ઉપર બીજા ધર્મોની, અને તેમાં ખાસ કરીને ઝોરોસ્ટરધર્મની, અસર ઘણી થઈ છે.

મુસલમાનોનો એક ત્રીજો પંથ છે અને તેને **સુફીધર્મ** કહે છે, કારણ કે આ પંથના અનુયાયીઓ પહેલાં સુફ અથવા બરછટ ઊનનાં વસ્ત્રો પહેરતા હતા. આ ધર્મમાં પણ વિલક્ષણતા જોવામાં આવે છે. શિઆ લોકો માનતા કે ઇશ્વર પણ મનુષ્ય રૂપે જગતમાં અવતરે છે. મહમદનો સિદ્ધાન્ત એવો હતો કે ઈશ્વર એ વ્યવહારથી તદ્દન અતીત છે અને તેથી તેમને જગતનો કોઈ પણ પ્રકારનો સંબંધ હોઈ શકે નહિ. આથી શિઆ લોકોની માન્યતા મહમદના ચુસ્ત અનુયાયીઓને ગમે નહિ એ સ્વાભાવિક હતું. પણ મહમદને કેટલીક વાર અલ્લાનો સાક્ષાત્કાર થયો હતો અને અલ્લાનો તેમનામાં આવેશ પણ થયો હતો. ઈશ્વરના અવતારનો સિદ્ધાન્ત સુફી લોકોએ સ્વીકાર્યો અને તેનો વિકાસ પણ કર્યો. તેમણે સર્વેશ્વરવાદ–સર્વ અલ્લા છે એ વાદ–સ્વીકાર્યો અને તેઓ માનવા લાગ્યા કે જગતનો સામાન્ય માણસ પણ તપશ્ચર્યા અને ભક્તિના સાધન વડે ઈશ્વર રૂપ ધારણ કરી શકે. આ ધર્મના મુસલમાનો મોટે ભાગે ઇરાન અને હિન્દુસ્તાનમાં વસે છે. **જલાલ્–ઉદ્દ–દિન્ રૂમી** ( ઇ. સ. ૧૨૦૭–૧૨૭૩ ) નામના ઇરાનના મહાપુરુષ આ ધર્મમાં વધારે પ્રસિદ્ધ થએલા છે. આખા ઇસ્લામના ઇતિહાસમાં જો કોઇ પણ માણસે સૌથી વધારે ધર્મિષ્ઠ જીવન ગાળ્યું હોય, ધર્મનું પુનર્જીવન કર્યું હોય

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અને ગ્રન્થો લખ્યા હોય તો તે **અલ્-ગઝઆલી** છે. તેમનું મરણ ઈ. સ. ૧૧૧૧ માં થયું હતું.

આજે મુસલમાનોમાં લગભગ બોંતેર જુદા જુદા વિભાગો અથવા પંથો છે. કુરાન તો કહે છે :—

> "અલ્લાનું દોરડું છે તે તમે બધા એકઠા થઇને બરોબર પકડી રાખો. તમે જુદા જુદા ભાગલાઓ પાડશો નહિ." (૩.૯૮).
>
> "તેમના આગળ સ્પષ્ટ દૈવી ચિહ્નો દેખાવા લાગ્યાં ત્યાર પછી પણ જેમ તેઓએ એક બીજાથી છૂટા પડી નવા પંથો સ્થાપ્યા તેમ તમે કરશો નહિ" ( ૬.૧૬૦ ).
>
> ધર્મમાં તમે નિશ્ચલ અને દૃઢ રહો, અને તેમાં તમો ભાગલાઓ પાડશો નહિ." (૪૨.૧૧).

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૧૨મું

## ૮ ખ્રિસ્તીધર્મ

### જીસસ ક્રાઇસ્ટના જીવનમાં વ્યક્ત થએલા ઈશ્વરપ્રેમ અને મનુષ્ય પ્રેમના ધર્મ

**જગતના વિદ્યમાન ધર્મોમાં સ્થાન**

અધ્યાત્મ જ્ઞાનવાળા મહાપુરુષોએ જે નવ ધર્મો સ્થાપેલા છે તેમાંનો ખ્રિસ્તીધર્મ એક છે અને તેના સિદ્ધાન્તો સ્વીકારનારો વર્ગ હંમેશને માટે ચાલુ રહ્યો છે. ફક્ત હિન્દુધર્મ અને શિન્તોધર્મ એ બે ધર્મમાં મૂળ સ્થાપક તરીકે કોઈ ઐતિહાસિક વ્યક્તિ મળી આવતી નથી.

જગતના ચાર ધર્મો એવા છે કે જે એકલા મહાપુરુષના પ્રયાસથી જ અસ્તિત્વમાં આવ્યા છે એમ નહિ પણ સૈકાઓ સુધીના કોઇ વ્યવસ્થિત ધર્મમાં થતા ધાર્મિક અનુભવોને પરિણામે ઉત્પન્ન થયા છે. ખ્રિસ્તીધર્મ આવા ચાર ધર્મોમાંનો એક છે અને બાકીના ત્રણ ધર્મો તે જૈનધર્મ, બૌદ્ધધર્મ અને શીખધર્મ છે. પણ ખ્રિસ્તીધર્મ અને આ ત્રણ ધર્મો વચ્ચે એક મહત્ત્વનો તફાવત રહેલો છે. ખ્રિસ્તીધર્મે પોતાની પહેલાં થઇ ગએલા યાહુદીધર્મનાં શાસ્ત્રો પોતાનાં શાસ્ત્રો સાથે મેળવી દીધાં, જ્યારે હિન્દુધર્મમાંથી નીકળેલા બીજા ત્રણ ધર્મોએ–જૈન, બૌદ્ધ અને શીખે–પોત પોતાનાં શાસ્ત્રોમાં હિન્દુધર્મના વેદોની નિન્દા કરી છે.

જગતના બીજા બધા વિદ્યમાન ધર્મોની માફક ખ્રિસ્તીધર્મ પણ એશિઆમાં જ સ્થપાયો છે, પરંતુ આશ્ચર્યની વાત એ છે કે તેનો વિકાસ અને અસર મોટે ભાગે પશ્ચિમમાં જ થયાં છે. પશ્ચિમના લોકોએ ન્યાય, સ્વાતંત્ર્ય, લાભ, સહકાર અને પ્રગતિના સુંદર આદર્શો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ફક્ત ખ્રિસ્તીધર્મમાંથી જ મેળવ્યા છે એ વાત પણ ધ્યાન ખેંચે એવી છે. છેલ્લી નોંધવા જેવી બાબત એ છે કે ખ્રિસ્તીઓ પોતાના પ્રતિસ્પર્ધીઓની માફક, અને તેમના કરતાં વધારે ભાર દઇને પણ, સ્પષ્ટ કહે છે કે હજુ સુધી જીસસ ક્રાઇસ્ટના આદર્શો અમલમાં મૂકી શકાયા નથી. આ પ્રમાણે એકલા ખ્રિસ્તીઓ જ મુક્ત કંઠે પોતાની અશક્તિ સ્વીકારે છે.

## ખ્રિસ્તીધર્મનાં શાસ્ત્રો

આ ધર્મનાં શાસ્ત્રો **બાઈબલમાં** આપવામાં આવેલાં છે. ક્રાઇસ્ટ અને ખ્રિસ્તી ધર્મસંઘ વિષેની બધી માહીતી મુખ્યત્વે બાઇબલમાંથી જ મળી આવે છે. તેમાં ખ્રિસ્તીધર્મના સિદ્ધાન્તોનું સપ્રમાણ નિરૂપણ કરવામાં આવેલું છે અને ખ્રિસ્તી જીવન કેવી રીતે ગાળવું તે જાણવાને માટે આ ગ્રન્થ ઘણો ઉપયોગી છે.

બાઇબલમાં જુના કરારના ૩૯ ભાગો અને નવા કરારના ૨૭ ભાગો આપેલા છે. જુના કરારના ભાગો મુખ્યત્વે હિબ્રૂ ભાષામાં લખાએલા છે અને તે લખવાને ઘણા સૈકાઓ લાગ્યાં હતાં. આ જુના કરારને યાહુદી લોકો પોતાના શાસ્ત્ર તરીકે માને છે. નવા કરારનાં ભાગો ઇ. સ. ના પહેલા સૈકામાં ગ્રીક ભાષામાં લખાએલા છે. બાઇબલમાં ખ્રિસ્તીઓનો જો કોઈ પણ ખરેખરો ધાર્મિક ભાગ હોય તો તે નવો કરાર છે. તેમાં જીસસના જીવન અને સિદ્ધાન્તોની માહિતી આપવામાં આવેલી છે, અને તે ઉપરાંત જીસસના શરૂઆતના શિષ્યોના વિચારો અને અનુભવો પણ આપવામાં આવેલા છે. ગ્રીક અને લૅટીન ધર્મસંઘોના બાઈબલમાં જુના કરારની સાથે બીજા ચૌદ ભાગો આપવામાં આવેલા છે અને તેને "પ્રક્ષિપ્ત" (Apocrypha) કહેવામાં આપે છે. ગ્રીક અને લૅટીન ધર્મસંઘો તેની ગણના પોતાનાં શાસ્ત્રોમાં કરે છે, પણ પ્રોટેસ્ટંટ લોકો તે પ્રમાણે માનતા નથી. ઇ. સ. ૨૦૦ ની પૂર્વે આ બધાં લખાણોનો એક ગ્રંથમાં સંગ્રહ કરવાનું કામ શરૂ થઇ ગયું હતું, અને ઇ. સ. ૩૨૫ ની લગભગમાં કોન્સ્ટન્ટાઇનના હુકમથી આખા બાઇબલની નકલો તૈયાર કરવામાં આવી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ ધર્મનાં શાસ્ત્રોનો અભ્યાસ કરવાથી માલમ પડે છે કે બાઇબલની અંદર જુદાં જુદાં લખાણોનો સંગ્રહ છે, છતાં પણ તેમાં એક પ્રકારની એકતા રહેલી છે અને તે દૃષ્ટિએ તેનું મહત્ત્વ રહેલું છે. બાઇબલના જુદા જુદા ભાગોમાં જે વિલક્ષણતા રહેલી છે તેનો સારો દાખલો નવા કરારના પહેલા ભાગમાં ( મૅથ્યુ, ૫ : ૧૭–૪૮ ) જોવામાં આવે છે. આ ભાગમાં સ્પષ્ટ માલમ પડે છે કે છ બાબતોમાં જીસસે જુના કરારના સિદ્ધાન્તોને ચોખ્ખી રીતે છોડી દઇને નવા સિદ્ધાન્તો સ્વીકાર્યા છે; અને આમ હોવા છતાં પણ જીસસ પોતે કહે છે કે " મારે કોઇનો નાશ કરવો નથી પણ જે પહેલાં કહેવામાં આવ્યું છે તે સિદ્ધ કરવું છે " ઇશ્વર, મનુષ્ય અને જગતનું જ્ઞાન મેળવવાં માટે અનેક સૈકાઓ સુધી જે ઐતિહાસિક પ્રવૃત્તિ ચાલી રહી અને જીસસના જીવન અને ઉપદેશથી જે પ્રવૃત્તિ બરોબર સફળ અને પૂર્ણ થઇ તે બધી પ્રવૃત્તિનો ઇતિહાસ બાઇબલમાં આપવામાં આવ્યો છે; અને આ દૃષ્ટિએ વિચારીએ તો બાઇબલમાં એકતા તથા સમન્વય સ્પષ્ટ રીતે જણાઇ આવે છે.

બીજા બધા ગ્રન્થો કરતાં બાઇબલનું પ્રામાણ્ય વધારે છે, કારણ કે તેમાં વિશ્વનો ઉદ્ધાર કરી શકે એવાં ધાર્મિક સત્યોનું સંપૂર્ણ નિરૂપણ કરવામાં આવેલું છે. આખા માનવ જાતિના ઇતિહાસમાં જો કોઇ પણ ગ્રન્થની વધારેમાં વધારે અસર થઇ હોય તો બાઇબલની થઇ છે. આજે બાઇબલના બધા ભાગનાં અથવા કેટલાક ભાગનાં લગભગ ૬૦૦ ભાષામાં ભાષાન્તરો મળે છે. હજુ સુધી જો કે જીસસ ક્રાઇસ્ટના આદર્શો પૂરેપૂરા અમલમાં આવ્યા નથી, છતાં પણ આપણે એમ કહી શકીએ કે મનુષ્યની સંસ્કૃતિ ઉપર ખ્રિસ્તી ધર્મની ઘણી ઊંડી અસર થએલી છે. અને એક વાત તો સાચી કે બધાં શાસ્ત્રોમાં ખ્રિસ્તીધર્મનાં શાસ્ત્રોની અસર ઘણી વધારે થઇ છે, તેણે ઘણા લોકોને આકર્ષ્યા છે અને જીવન ઉપર પણ તેણે ઘણી સારી છાપ પાડી છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**જીસસ ક્રાઇસ્ટનું જીવન** (ઇ. સ. પૂર્વે ૪–ઇ. સ. ૨૯)

ખ્રિસ્તીધર્મના સ્થાપક જીસસ ક્રાઇસ્ટના જીવન વિષેની હકીકત ચાર નાનાં ' ગૉસ્પેલ ' નામનાં વ્યાખ્યાનોમાંથી અને નવા કરારમાં આપવામાં આવેલી કેટલીક વિગતો ઉપરથી મળી આવે છે. ક્રાઇસ્ટના જીવન વિષેની સામગ્રીને આધારે જ ઘણા લેખકોએ જીસસનું જીવનચરિત લખ્યું છે, તે એટલે સુધી કે જગતમાં થઇ ગએલા મહાપુરુષોમાં એકલા જીસસનાં જીવનચરિત્રો વધારે પ્રમાણમાં મળી આવે છે.

મૅથ્યુ અને લ્યુક નામના બે ગૉસ્પેલોમાં ખ્રિસ્તીધર્મની પરંપરા આપવામાં આવેલી છે અને તે ઉપરથી જણાય છે કે જીસસની માતા કુમારિકા હતી અને તેથી જીસસનો જન્મ અલૌકિક પ્રકારે થયો હતો. પરંતુ જીસસ જ્યાં સુધી જીવ્યા ત્યાં સુધી લોકો તેમને જૉસેફ અને મેરીના પુત્ર તરીકે ઓળખતા હતા. તેમનો જન્મ જુડિઆમાં બેથ્લેહેમ નામના સ્થળમાં થયો હતો અને ગૅલિલીમાં નેઝરેથ નામના સ્થળમાં તેમને ઉછેરવામાં આવ્યા હતા. તે એક નમુનેદાર યાહુદીપુત્ર હતા. તેમના જન્મ સમયે અને તેમની બાલ્યાવસ્થામાં તેમનાં માબાપ દરેક રીતે યાહુદી રીત રીવાજો પાળતા હતા. જેરુસલેમના યાહુદી દેવળમાં જે આબેહુબ વર્ણન કરવામાં આવ્યું છે (લ્યુક, ૨ : ૪૧–૫૧) તે ઉપરથી જણાય છે કે જીસસ એક અલૌકિક બાળક હતા. એક ગરીબ કુટુંબમાં તે સાધારણ જીવન ગાળતા હતા અને તે સમયે જે શિક્ષણ અને અનુભવો મળી શકે એવાં હતાં તે તેમણે મેળવ્યાં. જ્યારે તે પુખ્ત ઉમ્મરના થયા ત્યારે તેમનામાં ઘણા ઊંડા અને વિશાળ સંસ્કારો જણાવા લાગ્યા.

જીસસ જ્યારે લગભગ ત્રીસ વર્ષના થયા ત્યારે બૅપ્ટિસ્ટ જૉન જે ' લ્યુક ' પ્રમાણે તેમના પિત્રાઇ ભાઇ થતા હતા તેમણે જોર્ડન નદીના કિનારા ઉપર નૈતિક અને ધાર્મિક ઉપદેશો આપવા માંડયા અને પોતાના દેશના નિરાશ થઈ ગએલા માણસોને હિંમત આપવા માંડી. આ નવા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉપદેશકે ઉપદેશ આપ્યો કે " તમે પશ્ચાત્તાપ કરો, કારણ કે સ્વર્ગનું રાજ્ય હવે પાસે છે." જીસસે આ ઉપદેશ સ્વીકાર્યો અને સુધારાની પ્રવૃત્તિમાં ભાગ લીધો. જીસસનો જ્યારે જળસંસ્કાર ( Baptism ) કરવામાં આવ્યો ત્યારે તેમને પૂરેપૂરી ખાત્રી થઈ કે ઈશ્વર જે મારો પ્રેમાળ દૈવી પિતા છે તે મને બોલાવે છે. તેમણે ઈશ્વરની આજ્ઞા સ્વીકારી અને એકાન્તમાં જઈને નિશ્ચય કર્યો કે પોતાની જાતને લાભ કરવાથી કે બહુ પ્રસિદ્ધિમાં આવવાથી કે આદર્શોને નીચા કરી નાખવાથી ખરેખરી રીતે ઈશ્વરના પુત્ર થઈ શકાતું નથી. જ્યારે જૉનને કેદખાનામાં પૂરવામાં આવ્યા ત્યારે જીસસને લાગ્યું કે હવે મારે નેતા તરીકે આગળ આવીને કાર્ય કરવું જોઈએ.

**જાહેર ઉપદેશ.** સામાન્ય માણસોએ જીસસનો સંદેશો આનન્દથી સાંભળ્યો. તેઓ જીસસને એક પેગંબર તરીકે માનવા લાગ્યા અને પહેલાં તેમનો ઉપદેશ સાંભળવાને તેમની પાસે જવા લાગ્યા. પરંતુ યાહુદી કાયદાના અનુભવી વિદ્વાનોએ જોયું કે જીસસના સિદ્ધાન્તો ઘણા ઉદ્દામ અને તોફાની અને તેથી હાનિકારક છે. શરૂઆતમાં આ યાહુદી વિદ્વાનો જીસસના કાર્યમાં વચ્ચે પડ્યા નહિ, પણ જ્યારે તેમને લાગ્યું કે જીસસના ઉપદેશ અને વર્તનથી આપણી બધી સત્તા જતી રહેશે ત્યારે તેઓ તેમના કટ્ટા શત્રુઓ થયા. ત્યાર પછી જીસસે બાર શિષ્યો પસંદ કર્યા અને તેમને કાળજીપૂર્વક અભ્યાસ કરાવી પોતાના સિદ્ધાન્તો બરોબર સમજાવ્યા અને તેમને તેનો પ્રચાર કરવાનું કહ્યું. પરંતુ એટલું તો ખરૂં કે તે વખતના લોકો માનતા હતા કે ભવિષ્યમાં જે યાહુદી મેસાઇઆહ આવવાના છે તે આ જીસસ નથી પણ તેમનાથી કોઇક જુદો માણસ આવશે. જીસસના પોતાના ગામના માણસો પણ તેમને ગણકારતા ન હતા અને તેમના પોતાના કુટુમ્બના માણસો પણ તેમની અલૌકિકતા ધીમે ધીમે સ્વીકારતા થયા હતા. જીસસે જીવનમાં જે કાર્ય કર્યું હતું તેનું સરસ વર્ણન તેમના એક તોફાની શિષ્યે પાછળથી આપેલું છે: "નઝરેથના

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જીસસ : પ્રભુએ તેમને આત્માનો સાક્ષાત્કાર કરાવી સત્તા આપી. તે બધે ફરતા અને લોકોનું હિત કરતા, અને જે લોકોને આસુરી તત્ત્વોથી દુઃખો થતાં હતાં તેમનાં દુઃખો તે દૂર કરતા હતા.”

જીસસે જાહેર કર્યું કે હું હિબ્રૂ પેગંબર છું અને તે પ્રમાણે જગતમાં કાર્ય કરીશ: “ પ્રભુએ મને ગરીબોને શુભ સમાચાર આપવાને માટે આજ્ઞા કરી છે. કેદીઓને છૂટા કરવાને, આંધળાંઓને દેખતા કરવાને, જેમને શિક્ષા થતી હોય તેમને બચાવવાને અને પ્રભુ સ્વીકારી શકે એવું વર્ષ જાહેર કરવાને માટે પ્રભુએ મને મોકલ્યો છે.” આખરે જેરુસલેમના મુખ્ય ધર્મનેતાઓએ જીસસને પકડયા. જીસસે જાહેરમાં કહ્યું હતું કે હું પ્રભુપુત્ર ક્રાઇસ્ટ છું અને તેથી યાહુદી લોકોની વરિષ્ઠ કોર્ટે તેમને દેહાન્તની શિક્ષા કરી. રોમના ગવર્નરને લાગ્યું હતું કે જીસસ નિર્દોષ છે, છતાં પણ તેને દેહાન્તની સજા મંજુર કરવી પડી અને જીસસને બે આડા લાકડાઓ ઉપર મારી નાખવામાં આવ્યા. આ પ્રમાણે જીસસના સુંદર ઉપદેશો બંધ થયા.

ઉપદેશક તરીકે જીસસ સફળ થયા હતા, કારણ કે ઉપદેશ કરવાની તેમની પદ્ધતિ અને ઉપદેશમાં રહેલું રહસ્ય ઉત્તમ કોટિનાં હતાં. પહેલા ગૉસ્પેલમાં જીસસનો ઉપદેશક તરીકેનો ચિતાર સારો આપેલો છે, અને તેમનાં વચનામૃતોનો સંગ્રહ કરવામાં આવ્યો છે. આ સંગ્રહ ઉપરથી ઉપદેશના વિષયો અને તેની મહત્તાનો સારો ખ્યાલ આવી શકે એમ છે : દા.ત. પર્વત ઉપર આપેલો ઉપદેશ. આ ઉપદેશમાં ખ્રિસ્તી દૃષ્ટિબિન્દુને એક સારા યાહુદીના દૃષ્ટિબિન્દુ સાથે સરખાવવામાં આવ્યું છે અને વધારામાં એમ કહેવામાં આવ્યું છે કે ખ્રિસ્તીઓનું દૃષ્ટિબિન્દુ વધારે સૂક્ષ્મ, જીવનોપયોગી અને દૈવી છે. જીસસની વાતો ઉપરથી તેમની બુદ્ધિનો સારો ખ્યાલ આવે છે. જીવનમાંથી આવી નાની નાની વાતો આપીને અથવા તો કુદરતના દાખલાઓ આપીને સત્યના મહાસિદ્ધાન્તો તે શીખવતા હતા અને દરેક જણના હૃદયમાં તે બરોબર ઠસી જતા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જીસસ જ્યારે ઉપદેશ કરતા ત્યારે તે દરેક વખતે કહેતા કે ઈશ્વરનું રાજ્ય હવે પાસે આવ્યું છે. તે ભાર દઈને કહેતા કે ધાર્મિક જીવન ગાળવાથી અને બધાની સાથે મિત્રભાવ રાખવાથી આ આધ્યાત્મિક રાજ્ય હૃદયમાં જ મળી શકશે. જીસસનો ઉપદેશ શ્રવણ કરનારા લોકોમાં જે ભાવના રહેલી હતી તેનાથી તદ્દન જુદી જ ભાવના જીસસની હતી. આના પરિણામે જીસસના શ્રોતાઓ તેમને શેખસલ્લી અથવા તો મૂર્તિ-ખંડક કહેવા લાગ્યા.

લોકોને રોગમાંથી બચાવવાને માટે જીસસે ઘણાં અદ્દભુત કાર્યો કર્યાં હતાં. તેમણે ઘણા માંદા માણસોને સાજા બનાવ્યા અને જે લોકો ગાંડા થઈ ગયા હતા—અને તે વખતના લોકો એમ માનતા કે કોઈ ભૂત પિશાચ લોકોને પજવે છે અને તેથી તે ગાંડા થાય છે—તેમને પણ જીસસે સારા કરી નાખ્યા. જીસસે આવાં અસરકારક કાર્યો કેવળ દયાભાવથી કર્યાં છે. કેટલીકવાર લોકોને તે વધારામાં કહેતા કે હવે તમે સારૂં જીવન ગાળો કારણ કે નૈતિક ચારિત્ર્ય સૌથી વધારે આવશ્યક છે. આવાં કાર્યો ઉપરથી તેમની સત્તા અને ઈશ્વરી મદદનો સારો ખ્યાલ આવી શકે છે. જીસસનાં આ બધાં સુંદર કાર્યો તે કેવળ પોતાની માન્યતાને લીધે નહિ પણ તેમની પ્રેમભાવનાને લીધે સ્વતઃ પ્રકટ થયાં હતાં.

**જીવનનો અસાધારણ અંત !** સૈનિકોએ જ્યારે જીસસને પકડ્યા ત્યારે તેમના બધા શિષ્યો તેમનો ત્યાગ કરીને નાસી ગયા. કેટલાક તો પહેલેથી જ નિરાશ થઈ ગયા અને પોતપોતાને ઘેર ગયા. તેમની કબરને સીલ મારવામાં આવી હતી, પરંતુ બે દિવસ પછી તે ખાલી જણાઈ હતી. બાઈબલ કહે છે :—

" તે અહીં નથી, પણ જતા રહ્યા છે." ( માર્ક, ૧૬ : ૬ ) "ઈશ્વર તેમને મૃત્યુની વેદનામાંથી મુક્ત કરી ઊંચે લઈ ગયા; કારણ કે તેમને વેદના થાય એમ સંભવિત ન હતું." ( એકટસ, ૨ : ૨૪ )

જીસસ પોતે કબરમાંથી ચાલ્યા ગયા છે એ વાત એમના શિષ્યો પણ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

માનવાને તૈયાર ન હતા, પણ જ્યારે તેમને જીસસનો ફરીથી સમાગમ થયો ત્યારે તેમની ખાત્રી થઇ કે જીસસ ફરીથી જીવે છે. અંતિમ સમયે જીસસે આશીર્વાદ આપ્યો અને પોતાના શિષ્યોને કહ્યું કે હું હંમેશાં જીવતો જ છું અને આ વાતની અને મારા સિદ્ધાન્તોની આખા જગતમાં તમે સાક્ષી પૂરજો. પછીથી જીસસ સ્વર્ગમાં જવા લાગ્યા એમ એમના શિષ્યોને જણાવા લાગ્યું, અને તે બધા તેમની એકદમ પૂજા કરવા મંડી પડયા. બાઇબલ કહે છેઃ—

"અને એવું બન્યું કે જ્યારે તે તેમને આશીર્વાદ આપતા હતા ત્યારે તેમનાથી તે છૂટા પડયા અને સ્વર્ગમાં ગયા. અને તેમણે તેમની પૂજા કરી અને ઘણા આનન્દથી જેરુસલેમ ગયા." (લ્યુક ૨૦ : ૫૧–૫૨)

"અને તેઓ બધે ગયા અને દરેક ઠેકાણે ઉપદેશ કરવા લાગ્યા. આ કાર્યમાં પ્રભુ પણ તેમની સાથે કામ કરતા હતા અને જે ઉપદેશ આપવામાં આવતો હતો તેને પુષ્ટિ આપતા અને તેના પૂરાવા તરીકે કેટલાંક ચિહ્નો પછીથી જણાતાં હતાં." (માર્ક ૧૬ : ૨૦)

## જીસસ ક્રાઈસ્ટનું ચારિત્ર્ય

ખ્રિસ્તીધર્મનું જો કોઇ પણ ખાસ લક્ષણ હોય તો તે તેના સ્થાપકનું ચારિત્ર્ય છે, અને જો ખ્રિસ્તીધર્મ આજે વ્યક્તિને અને આખા વિશ્વને કોઈ પણ પ્રકારનો ફાળો આપતો હોય તો તે જીસસનું સુંદર ચારિત્ર્ય છે. જીસસના ચારિત્ર્યનો અનેક દૃષ્ટિએ વિચાર થઈ શકે છે. એકંદરે તેમનું ચારિત્ર્ય જ્વલંત, વિશાળ, પ્રેરક અને ભવ્ય હતું અને આવા સુંદર ચારિત્ર્યનો અભ્યાસ અનેક દૃષ્ટિએ કરવાની જરૂર છે. આ ચારિત્ર્યનો સૌથી સારો અભ્યાસ કરવો હોય તો ખ્રિસ્તીધર્મનાં શાસ્ત્રોમાં જે મૂળ હકીકત આપવામાં આવી છે તેને પ્રથમ જાણવાની જરૂર છે અને જેમ બીજા બધા ધર્મોના સ્થાપકો પોતાને માટે પોતે અભિપ્રાય આપી ગયા છે તેમ જીસસે પણ પોતે પોતાને માટે અભિપ્રાય આપ્યો છે. આ અભિપ્રાય પણ ધ્યાનમાં લેવો જોઇએ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સાધારણ મનુષ્યોને જે અનુભવો થાય છે તે જીસસને પણ થતા હતા અને આ વાતનો પૂરાવો ગૉસ્પેલના દરેક પૃષ્ઠ ઉપર જોવામાં આવે છે. આ પ્રમાણે જીસસમાં મનુષ્યત્વ હતું. જીસસ જ્યારે બાળક હતા ત્યારે તેમને વાત કરવામાં ઘણો ઉત્સાહ હતો અને ખાસ કરીને ધર્મમાં રસ લેતા હતા. મુસાફરીથી તે કંટાળી ગયા હતા અને અનેક વાર તેમને તરસ લાગી હતી એમ કહેવામાં આવે છે. તે પાણી પીતા, ખોરાક ખાતા અને સૂઈ જતા. અનેક વાર તે રડયા હતા. તે ઘણી વાર આશ્ચર્યચકિત થતા અને શોક અને દુઃખનો અનુભવ કરતા હતા. તેમની શક્તિ અને જ્ઞાન પરિમિત હતાં. તેમને મનુષ્યોની મિત્રતા ગમતી હતી અને તેમનો સમાગમ તેમને રુચિકર હતો. તેમને દેશ ઘણો વ્હાલો હતો અને દેશની સ્થિતિ જોઇને તે ઘણી વાર શોક કરતા હતા. ફૂલ, ઘાસ, પક્ષી અને હવાનાં ચિહ્નો જેવી કુદરતી વસ્તુઓ તેમને બહુ ગમતી હતી. નવા કરારની અંદર છ સ્થળોએ વર્ણન કરવામાં આવ્યું છે કે તે મોહના પાશમાં ફસાયા હતા. દુઃખની અંદર તે પ્રભુની પ્રાર્થના કરતા અને પરસેવાનાં અનેક ટીપાંઓ જમીન ઉપર પડતાં. છવ્વીસ સ્થળોએ એમ કહેવામાં આવ્યું છે કે તેમણે પ્રભુની પ્રાર્થના કરી હતી અને તેમને સ્વર્ગમાંથી પુષ્ટિ આપનારો જવાબ પણ મળ્યો હતો (લ્યુક ૨૨ : ૪૩) તે ઈશ્વરની ઇચ્છા જાણવા પ્રયત્ન કરતા હતા એમ વર્ણન કરવામાં આવ્યું છે તે પ્રભુને પિતા તરીકે માનતા અને તેમની આજ્ઞા પાળતા. તે કહેતા કે "મારા કરતાં પિતા વધારે મોટા છે." (જૉન, ૧૪ : ૨૮).

તે પોતાને માટે "મનુષ્યનો પુત્ર" એ વિશેષણ ઘણી વાર વાપરતા હતા. આ વિશેષણ ચાર ગૉસ્પેલમાં થઇને ઓછામાં ઓછાં સિત્તેર સ્થળે વપરાએલું છે. અનેક વિદ્વાનો આ વિશેષણનું રહસ્ય જુદી જુદી રીતે સમજાવે છે. પરંતુ એમ પણ કદાચ હોય કે આ વિશેષણ દ્વારા જીસસે માનવ જાતિ સાથે પોતાનો જે સંબંધ હતો તેના ઉપર ભાર મૂકયો છે અને સૂચન કર્યું છે કે હું એક નમુનેદાર અથવા આદર્શ મનુષ્ય છું.



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉપર જણાવેલા અનુભવો જીસસની માફક બીજા ઘણા માણસોને થાય છે એ વાત ખરી, પરંતુ જીસસને સાથે સાથે આ બધા અનુભવો કરવામાં અસાધારણ જ્ઞાન અને હેતુ પણ હતાં. આ બધાં લક્ષણો ઉપ- રથી જીસસનો પ્રભુ સાથે કેવા પ્રકારનો સંબંધ હતો તે જણાઈ આવે છે અને તેને પરિણામે ખ્રિસ્તી ધર્મસંઘ જીસસને હંમેશાં દિવ્ય કહેતો આવ્યો છે.

**જીસસનો પ્રભુ સાથેનો ગાઢ સંબંધ.** જીસસને માનવજાતિની સેવા કરવી હતી અને તેમનો પ્રભુ સાથે સંબંધ થયો હતો એ બાબતના અનેક પુરાવાઓ જીસસના જીવનચરિતમાંથી મળી આવે છે. સાડત્રીસ પંક્તિઓમાં તો તે પોતે કહે છે કે મને ઈશ્વરે મોકલેલો છે. ત્રીસ કરતાં પણ વધારે સ્થળે વર્ણન કરવામાં આવ્યું છે કે તે જુના કરારના બધા નિયમો પાળે છે, અને સાથે સાથે એમ પણ કહેવામાં આવ્યું છે કે જુના ધર્મના સિદ્ધાન્તો સ્વીકારવાને બદલે તે નવા સિદ્ધાન્તોનો ઉપદેશ કરે છે. તે પ્રભુની સાથે ઘણા ઉત્સાહથી કામ કરતા હતા. તેમણે પહેલેથી જ ભવિષ્ય ભાખ્યું હતું કે આ સિદ્ધાન્તોનો પ્રચાર આખા વિશ્વમાં થશે. તેમણે આખા જીવનમાં મનુષ્યની સેવા કરી છે અને પોતાના શિષ્યોને પોતાનો દાખલો આપ્યો છે.

મનુષ્યો અને પ્રભુની સાથે તેમનો અનેક જાતનો સંબંધ હતો અને તે રીતે હું મનુષ્યોનો ઉદ્ધાર કરનાર છું એમ તેમણે જાહેર કર્યું હતું. બાઈબલમાં આપેલાં વર્ણનો ઉપરથી આ બધા સંબંધોનો ખ્યાલ આવી શકે છે: દા. ત. મુક્તિનું દ્વાર (જૉન, ૧૪ : ૯), આત્મભોગ આપીને પણ ઘેટાંની સેવા કરનાર અને કાળજી રાખનાર ભરવાડ (જૉન, ૧૦ : ૧૦), જેના વગર ન જ ચાલી શકે એવા પ્રકારની દ્રાક્ષની લતા—અને જીસસના શિષ્યો તે આ લતાની ફળવાળી શાખાઓ— (જૉન, ૧૫ : ૧–૬), મરેલાઓનું પુનરુત્થાન અને જીવન (જૉન ૧૧ : ૨૫), માર્ગ, સત્ય અને જીવન (જૉન ૧૪ : ૬), જીવનનું અન્ન

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(જૉન, ૬ : ૩૫, ૪૮), જીવન આપનાર ઈશ્વરની રોટલી (જૉન ૬ : ૩૩), પ્રભુનો ખરેખરો પ્રતિનિધિ (મૅથ્યુ, ૧૧ : ૨૭; ૨૬ : ૫૩; જૉન ૮ : ૧૬, ૧૯; ૧૨ : ૪૪-૪૫; ૧૩ : ૩; ૧૪ : ૬, ૭, ૯), તે અને તેમના પિતા પ્રભુ એક છે. જીસસે પોતે કહ્યું છે કે હું જે શબ્દો બોલ્યો છું તે આકાશ અને પૃથ્વીના કરતાં પણ વધારે સમય ટકી શકશે, અને હું પોતે જગતને ન્યાય આપીશ. તેથી લગભગ બાર વાર તેમણે જાહેર કર્યું છે કે બધાઓએ મારી આજ્ઞાનું પાલન કરવું જ જોઇએ. દરેક સંક્ષિપ્ત ગૉસ્પેલની અંદર તેમણે સૂચન કર્યું છે કે હું પ્રભુનો પુત્ર છું. તેમણે દરેકને છાતી ઠોકીને કહ્યું હતું કે તમારાથી બને તો મારામાં પાપ દેખાડો.

### જીસસ ક્રાઇસ્ટનું પૂજન

જગતમાં જેટલા મનુષ્યો થઇ ગયા છે તે બધામાં ખ્રિસ્તીધર્મના સ્થાપક, જીસસ ક્રાઇસ્ટ, પ્રભુના અને મનુષ્યના ઉત્તમોત્તમ પ્રતિનિધિ છે એમ ખ્રિસ્તીઓ માને છે. જે ધર્મનેતાઓએ જીસસને મારી નાખ્યા હતા અને જે બીજા જીસસના મિત્રો હતા તે બધાનો જીસસને માટે તદ્દન જુદોજ અભિપ્રાય હતો. તે લોકો તેમને સર્વોત્કૃષ્ટ માનતા ન હતા. નવા કરારની અંદર જીસસના જીવનની કેટલીક ઐતિહાસિક કથાઓ આપવામાં આવેલી છે અને તેમાં જીસસ વિષે કેટલાક વિરુદ્ધ અભિપ્રાયો પણ દર્શાવવામાં આવ્યા છે.

જીસસના કેટલાક મિત્રો પણ જીસસને માટે ખરાબ અભિપ્રાય ધરાવતા હતા. આ પ્રમાણે તેમના ગામના જ માણસો માનતા હતા કે જીસસ એક સાધારણ સુથાર છે, પણ તેમની કેટલીક બાબતો સમજી શકાય એમ નથી. એક વખતે તો આ માણસોએ તેમને લગભગ મરણતોલ કરી નાખ્યા હતા. જીસસના ભાઈઓ પણ તેમને માનતા ન હતા. કેટલાક મિત્રો તો જીસસને ગાંડા જ માનતા હતા. યાહુદી નેતાઓ તેમને ધિક્કારતા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હતા અને તેમણે જીસસને મારી નાખવાની અનેક વાર ધમકી પણ આપેલી હતી. જીસસના શત્રુઓ માનતા કે જીસસ એક રાક્ષસી ભૂઓ અને સેતાની રાક્ષસ છે. જીસસ પેગંબર હોઇ શકે નહિ તેમ જ ભવિષ્યમાં જે મેસાઇ-આહ્ આવવાના હતા તે પણ હોઇ શકે નહિ, કારણ કે ગેલિલી નામના ખરાબ પ્રાન્તમાં તેમનો જન્મ થયો હતો. તે ખરાબ સંસારી માણસો સાથે ફરતા હતા એમ કહેવામાં આવતું હતું. તેમના ઉપર રાજદ્રોહનો આરોપ મૂકવામાં આવ્યો હતો; અને તે રોમના રાજ્યને હાનિકર્તા ગણાતા હતા. હું ઇશ્વરના જેવો છું એમ કહેવામાં જીસસને લાજ આવતી ન હતી અને તે તદ્દન નફ્ફટ હતા એ પ્રમાણે યાહુદી શાસ્ત્રોમાં જીસસની નિન્દા કરવામાં આવી છે.

બીજી બાજુએ એવા કેટલાક માણસો હતા કે જીસસને માટે સારો અભિપ્રાય ધરાવતા હતા. ગરીબ અને પાપી માણસો તેમને ચાહતા હતા અને ખાસ કરીને બધાં ઘરોમાં અને બાળકોમાં જીસસનો ઘણો સારો સત્કાર થતો હતો. ઉપદેશક અને રોગ મટાડનાર તરીકે તે ઘણા લોકપ્રિય થયા હતા અને તેમની સત્તા ઘણી સારી જામી હતી. તેમનામાં ડહાપણ પણ અદ્‌ભુત હતું. એ રોમના અધિકારીઓએ તેમને નિર્દોષ જાહેર કર્યા હતા. મનુષ્યોએ તેમને રાજા તરીકે માની સત્કાર કર્યો હતો અને કેટ-લાક તો એવું માનતા કે જે યાહુદી મેસાઈઆહ્ પ્રકટ થવાના હતા તે જ આ જીસસ છે. નવા કરારના પહેલા પાંચ ભાગોમાં કહેવામાં આવ્યું છે કે જીસસની વર્તણુકથી ઘણા માણસ ઇશ્વરને ભજતા થયા હતા. ચારે ય ગૉસ્પેલો કહે છે કે જે માણસોએ જીસસને જોયા હતા તે એવું માનતા થઇ ગયા હતા કે જીસસ એ ઇશ્વરના પુત્ર છે.

ખ્રિસ્તી લોકો જીસસ વિષે એમ માને છે કે તે સર્વોત્તમ ચારિત્ર્યવાળા એક પુરુષ હતા. એ દૃષ્ટિએ તે ખરેખરા મનુષ્ય છે. તેમનામાં મનુષ્યનાં અનેક લક્ષણો જોવામાં આવે છે, પણ આ લક્ષણો ઘણી ઉત્તમ કોટિનાં છે. આ પ્રમાણે મનુષ્ય વાસ્તવિક રીતે કેવો છે અને ઇશ્વરની કૃપાથી તે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કેવો થશે એ બધાનો ખ્યાલ જીસસના જીવન ઉપરથી આવે છે, કારણ કે જીસસનામાં આ બન્ને તત્ત્વો હતાં. જીસસ એક આદર્શ છે અને દરેક ખ્રિસ્તીને તે આદર્શ ધ્યાનમાં રાખવાનો હોય છે. બાઇબલ કહે છે:— "જીસસ ક્રાઇસ્ટનું જેવું મન હતું તેવું તમે રાખો" (ફિલિપિઅન્સ, ૨ : ૫,). બીજી દૃષ્ટિએ જીસસ ખરેખરા દૈવી છે. તે સમયના મનુષ્યોના વાતાવરણમાં તે રહ્યા હતા, છતાં પણ તેમનામાં સનાતન ઈશ્વરનાં લક્ષણો જોવામાં આવતાં હતા. આ પ્રમાણે જીસસ ઇશ્વરના એક અદ્ભુત પ્રતિનિધિ છે. ખાસ કરીને માનવજાતિનો ઉદ્ધાર કરવાનો પ્રભુનો જે હેતુ છે તેના પ્રતિનિધિ છે એમ માનીને જીસસનું પૂજન કરવામાં આવે છે.

## ખ્રિસ્તીધર્મનો ઇતિહાસ

જીસસે ધાર્મિક માન્યતા અને જીવન વિષે ઘણા સારા સિદ્ધાન્તો જગતને આપેલા છે, અને આજે જે ખ્રિસ્તી ધર્મસંઘ જોવામાં આવે છે તેના વિકાસમાં આ સિદ્ધાન્તોનો અનેક રીતે વિનિયોગ કરવામાં આવ્યો છે.

જીસસને જ્યારે ક્રૉસ ઉપર મારી નાખવામાં આવ્યા ત્યારે તેમના અનુયાયીઓ ઘણા દિલગીર થયા હતા, પણ જ્યારે તે જ અનુયાયીઓને ખાત્રી થઇ કે જીસસ મરણ પછી ફરીથી જીવતા થયા છે અને હંમેશાં જીવતા રહેશે ત્યારે તેમના આનન્દનો પાર રહ્યો નહિ, અને મુક્તકંઠે તેઓ કહેવા લાગ્યા કે જીસસને અમે મરણ પછી પણ જીવતા જોયા છે. જે ખ્રિસ્તીઓ આ પ્રમાણે માનતા હતા તેમનો એક જુદો જ વર્ગ ઉભો થયો અને તે જીસસને પોતાના પ્રભુ તરીકે માનીને પૂજવા લાગ્યો. પરંતુ તે વખતના રાજાઓએ આ માણસોને ઘણા હેરાન કર્યા અને તેમને દેશમાંથી કાઢી મૂકયા. આ પ્રમાણે જુદા જુદા દેશમાં આ અનુયાયીઓ વિખરાઇ ગયા, છતાં પણ તેમની સંખ્યા હંમેશાં વધતી હતી.

**પૉલનું કાર્ય (ઇ. સ. ૫૦–૬૫).** શરૂઆતમાં પૉલને યાહુદીઓનું શિક્ષણ મળ્યું હતું અને પછીથી તેમણે ખ્રિસ્તીધર્મ સ્વીકાર્યો હતો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ પ્રકારે તેમણે ઘણો સારો અનુભવ મેળવ્યો હતો. તે ઉપરાંત તે સારા વિચારક અને કાર્યકર્તા હતા. આ બધાં કારણોને લીધે જીસસના ઉપદેશનું ખરેખરૂં રહસ્ય સમજવાને માટે તેમનામાં ઉત્તમ પ્રકારની યોગ્યતા હતી અને એ રીતે તે ખ્રિસ્તીધર્મના પ્રથમ નેતા કહી શકાય. જો ખ્રિસ્તીધર્મનો બધી પ્રજામાં પહેલવહેલો પ્રચાર કોઇએ કર્યો હોય તો તે પૉલે જ કર્યો છે. પૉલને લાગ્યું હતું કે જીસસે ઈશ્વરની જે ભાવના જગતને દર્શાવી છે અને જે પ્રકારનું જીવન ગાળ્યું છે તે એટલાં બધાં સુંદર છે કે તે દ્વારા જગતમાં ધાર્મિક સ્વતંત્રતા અને સત્તાનો એક નવો યુગ જ શરૂ થયો છે. પૉલે યુરોપ અને એશિયામાં દેવળો સ્થાપ્યાં હતાં અને તે ધર્મસંઘો ઉપર કેટલાક પત્રો પણ લખ્યા હતા. આ પત્રો નવા કરારનાં લખાણોમાં ઘણા જુના છે અને તેમાં ખ્રિસ્તીધર્મના વિચાર અને આચારનું સુંદર નિરૂપણ કરવામાં આવેલું છે.

**નવા કરારની સંપૂર્તિ** (ઇ. સ. ૬૫–૧૫૦). શરૂઆતમાં જીસસ ક્રાઇસ્ટનું જીવનચરિત લખવામાં આવ્યું અને તે દ્વારા એક પ્રકારનું સાહિત્ય ઉત્પન્ન થયું. ખ્રિસ્તી સંઘોની બધે સ્થાપનાઓ થઇ, જીસસના સિદ્ધાન્તો વિષે જુદા જુદા વિચારો દર્શાવવામાં આવ્યા અને ખ્રિસ્તીઓએ કેવા પ્રકારનું જીવન ગાળવું એને માટે પણ સર્વત્ર ઉપદેશો આપવામાં આવ્યા. આ બધી પ્રવૃત્તિઓ ખ્રિસ્તીધર્મના ઇતિહાસમાં ઘણી મહત્ત્વની છે, કારણ કે તેમની આ ધર્મ ઉપર ઘણી અસર થઇ છે. આ જ સમયે ખ્રિસ્તી ધર્મસંઘોએ જાહેર પ્રાર્થનાને માટે આ બધાં લખાણોનો ઉપયોગ કરવા માંડ્યો.

**ખ્રિસ્તીધર્મનો કટોકટીનો સમય** (ઇ. સ. ૧૫૦–૩૨૫) સૌથી પહેલા યાહુદીઓએ–જેમના ધર્મમાંથી ખ્રિસ્તીધર્મની ઉત્પત્તિ થઇ છે તેમણે–ખ્રિસ્તીઓને ઘણા હેરાન કર્યા હતા. ત્યાર પછી કેટલાક રોમના રાજાઓએ પણ તે લોકોને અનેક પ્રકારનાં દુઃખો આપ્યાં હતાં, છતાં પણ ખ્રિસ્તીઓ જીવતા રહ્યા હતા. રોમના રાજાઓમાંથી જો કોઈ પણ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રાજાએ પહેલવહેલો ખ્રિસ્તીધર્મ સ્વીકાર્યો હોય અને જળસંસ્કાર કર્યો હોય તો તે કોન્સ્ટન્ટાઇન છે. તેમણે પોતે ઇ. સ. ૩૨૫ માં નાઇસિઆ મુકામે બધા ખ્રિસ્તી સંઘોની પ્રથમ પરિષદ ભરી. તેમણે ખ્રિસ્તીધર્મને આખા રાજ્યના ધર્મ તરીકે જાહેર કર્યો અને ક્રૉસને ખ્રિસ્તીધર્મના રાજ્યચિહ્ન તરીકે સ્વીકાર્યો.

**રાજ્યધર્મ તરીકે પ્રચાર** (ઇ. સ. ૩૨૫–૧૦૫૪). આ યુગમાં ખ્રિસ્તી ધર્મસંઘની અંદર ક્રાઇસ્ટના આધ્યાત્મિક સ્વરૂપ વિષે અનેક પ્રકારના સિદ્ધાન્તો અને મતભેદો ઉભા થયા અને ખ્રિસ્તીઓ મઠની અંદર ધર્મના સિદ્ધાન્તો પૂરેપૂરી રીતે આચારમાં મૂકતા ન હતા, છતાં પણ અમેરિકા સિવાયના બીજા બધા દેશોમાં ભૂતકાળમાં જે કાંઇ થઇ શકયું નહિ તે સર્વ આ સાતસો વર્ષમાં કરવામાં આવ્યું અને આ બધું ખ્રિસ્તી-ધર્મના પ્રચારને માટે. આના પરિણામે આખા યુરોપમાં બધાં રાજ્યોએ ખ્રિસ્તીધર્મનો સ્વીકાર કર્યો.

**પોપની સર્વોપરિ સત્તા** (ઇ. સ. ૧૦૫૪–૧૫૧૭). પછીનાં લગભગ પાંચસો વર્ષ સુધી રોમના બિશપની સર્વોપરિ સત્તા બધે ફેલાવા લાગી અને પશ્ચિમ યુરોપમાં આવેલાં કેટલાંક રાજ્યો ઉપર પણ બિશપની સત્તા જામી. આ મધ્યકાલીન યુગના ખ્રિસ્તી ધર્મસંઘની અંદર ઘણા દોષો હતા એમ કહ્યા વિના ચાલે તેમ નથી. પરંતુ સાથે સાથે એમ પણ કહેવું જોઇએ કે આ જ યુગની અંદર ગરીબ અને અશક્ત માણસોને મદદ કરવાને માટે અને આ સમયના આખા યુરોપના ઇતિહાસમાં કાયદો, વ્યવસ્થા અને કેળવણીની પ્રગતિ કરવાને માટે આ જ ધર્મસંઘોએ ઘણો સારો પ્રયત્ન કર્યો છે. આજ સુધી અસિદ્ધ રહેલા આદર્શોને થોડા ઘણા અંશે પણ સિદ્ધ કરવાનું, રાજકીય અને કોમી ભેદો ન ગણતાં બધા લોકોની એકતા કરવાનું અને ન્યાય, શાન્તિ, દયા, સહકાર અને ભ્રાતૃભાવ વધારવાનું આખા જગતમાં જો કોઈ પણ સંસ્થાએ સુંદર કાર્ય કર્યું હોય તો તે આ મધ્યકાલીન ધર્મસંઘોએ જ કર્યું છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**સુધારો, અને આખા વિશ્વમાં પ્રચાર** ( ઇ. સ. ૧૫૫૭–આજ સુધી ). રોમના પોપની વધારે પડતી સત્તા અને વિચિત્ર પદ્ધતિની સામે વિકલીફ, હસ અને બીજા કેટલાક સુધારકોએ ઘણા ઉત્સાહ અને બળથી વિરોધ ઉઠાવ્યો પણ તેમાં તેઓ સફળ થયા નહિ. આખરે **માર્ટિન લ્યુથર** નામનો એક જર્મન સંત પોપની સામે થયો અને **પ્રોટેસ્ટંટ રેફર્મેશનની** સ્થાપના કરી. આ સુધારાની હીલચાલ ઘણી લોકપ્રિય થઈ પડી હતી અને તેનું ખાસ પ્રયોજન સામાજિક, આર્થિક, કેળવણીની અને રાજ્યની સ્થિતિમાં, અને ધર્મસંઘ અને તત્ત્વજ્ઞાનમાં સુધારો કરવાનું હતું. રોમન કૅથોલિક ધર્મની અંદર પણ રેફર્મેશનની અસરથી કેટલાક સુધારાઓ કરવામાં આવ્યા અને ધર્મમાં ફરીથી ચેતન આણ્યું. ખ્રિસ્તીધર્મના ઇતિહાસમાં સૌથી મહત્ત્વની વાત એ છે કે રોમન કૅથોલિક અને પ્રોટેસ્ટન્ટ ધર્મના અનુયાયીઓએ આખા જગતમાં જુદે જુદે સ્થળે ખ્રિસ્તીધર્મનો પ્રચાર કર્યો છે.

આજના ખ્રિસ્તી તત્ત્વચિન્તકો માને છે કે મનુષ્યજીવનને પૂરેપૂરી રીતે ખ્રિસ્તી બનાવવાને માટે પૃથ્વી ઉપર સર્વત્ર ખ્રિસ્તી સિદ્ધાન્તોનો પ્રચાર કરવાનો છે એટલું જ નહિ પણ તે ઉપરાંત બુદ્ધિ, સમાજ, ઉદ્યોગ, પ્રજા અને આન્તરપ્રજાકીય વિષયમાં પણ પ્રગતિની જરુર છે. આ ખ્રિસ્તી જીવન ફક્ત પરસ્પર સહાનુભૂતિ, સહકાર અને પ્રગતિથી જ સિદ્ધ થઈ શકે છે. આ મહાન આદર્શ સિદ્ધ કરવાને માટે પૂર્વ અને પશ્ચિમના લોકોએ એકબીજાનો સહકાર સાધવાની જરૂર છે. ઈશ્વર વિષે ખ્રિસ્તી-ધર્મનો જે ઉપદેશ છે તેનું મહત્ત્વ સમજી તેને જીવનમાં અમલમાં મૂકવો એ ખ્રિસ્તીધર્મનો આજે સૌથી મોટામાં મોટો પ્રશ્ન છે, અને તેનું આ કાર્ય બીજાઓને પ્રેરણા આપે એવું છે.

## ખ્રિસ્તીધર્મમાં ઈશ્વરની ભાવના

દરેક ધર્મમાં નિયામક અને વ્યાપક ભાવના ઈશ્વરના સ્વરૂપ વિષે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આપવામાં આવે છે. ઐતિહાસિક દૃષ્ટિએ વિચાર કરતાં જણાય છે કે યાહુદીધર્મમાં ઈશ્વરની ઊંચામાં ઊંચી ભાવના આપવામાં આવી છે. તેમાંથી જ ખ્રિસ્તીઓની ઈશ્વરની ભાવના ઉત્પન્ન થઈ છે. જ્યારે જીસસે ધર્મમાં પહેલી મહાન આજ્ઞા કરી ત્યારે તેમણે કાંઇ નવો વિચાર અથવા નવાં વાકચો આપ્યાં ન હતાં, પણ તેમણે "શેમા"–ધર્મપ્રતિજ્ઞા–માંથી અવતરણો આપ્યાં હતાં. ધર્મમંડળોમાં જે દરરોજ પૂજા કરવામાં આવતી હતી તેનો "શેમા" એ એક ભાગ હતો અને દરેક પવિત્ર યાહુદીને દરરોજ તે "શેમા" બે વાર પાઠ કરવાની ફરજ હતી. આ ભાવના નીચે પ્રમાણે છે:—

> "પ્રભુ અમારા ઈશ્વર છે. પ્રભુ એક છે, અને તું તે પ્રભુ ઉપર, તારા ઈશ્વર ઉપર, હૃદયથી, આત્માથી અને તારી બધી શક્તિથી પ્રેમભાવ રાખજે". (ડૅાયટરોનોમી, ૬ : ૪–૫).

**એક ઈશ્વરનો પ્રેમ.** જેમ યાહુદીધર્મમાં છે તેમ ખ્રિસ્તીધર્મમાં પણ ઈશ્વર જગતનો સ્વતંત્ર નૈતિક નિયામક છે. નવા કરારની અંદર ઘણે સ્થળે ઈશ્વરનું વર્ણન આપવામાં આવેલું છે; દા, ત. સર્વદ્રષ્ટા, સર્વજ્ઞ, આકાશ અને પૃથ્વીના અધિપતિ, ધર્મિષ્ઠ, પવિત્ર, દયાળુ, જગતને સાચો ન્યાય આપનાર ન્યાયાધીશ, અને મહાન રાજા. પરંતુ યાહુદીધર્મના એકેશ્વરવાદ ઉપર જીસસે અમુક પ્રકારનો ભાર મૂકયો અને ઉપદેશ કર્યો કે પરમેશ્વર બધાંને બહુ ચાહે છે અને પરમેશ્વર પ્રત્યે જે પ્રેમભાવ રાખવામાં આવે તેનું અનિવાર્ય પરિણામ એ આવે છે કે દરેક માણસે પોતાના પાડોશીની પ્રત્યે નિઃસ્વાર્થ પ્રેમ રાખવો. આ જ સિદ્ધાન્તની પુષ્ટિમાં તેમણે ફરીથી જુના કરારમાંથી અક્ષરશઃ અવતરણો આપેલાં છે. "તું તારા પાડોશી પ્રત્યે તારા આત્માની પ્રત્યે રાખે છે તે પ્રમાણે પ્રેમભાવ રાખજે" (લેવિટિકસ, ૧૯ : ૧૮). આમ છે છતાં પણ જીસસના ઉપદેશો જુના કરારના સિદ્ધાન્તોથી ઘણા આગળ ગએલા છે. યાહુદી ધર્મની દૃષ્ટિએ પાડોશી એ અમુક સામાજિક ગણુની એક વ્યક્તિ છે,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જ્યારે જીસસે ‘સારા સેમેરિટન (Good Samaritan)’ ની કથામાં સ્પષ્ટ કહ્યું છે કે પાડોશમાં રહેવું એટલે ગમે તે માણસને મદદની જરૂર પડે ત્યારે પ્રેમભાવથી મદદ કરવી.

**ઈશ્વરનું રાજ્ય.** યાહુદીઓ અને ખ્રિસ્તીઓ બન્ને માને છે કે માણસો શ્રદ્ધા રાખતા નથી અને આજ્ઞા પાળતા નથી, છતાં પણ ભવિષ્યમાં એક દિવસ એવો આવશે કે જ્યારે ઈશ્વરનું નીતિપ્રધાન રાજ્ય આખા જગતમાં પૂરેપૂરી રીતે સ્થપાઈ જશે. “ઈશ્વરનું રાજ્ય” એ વચન જુના કરારમાં એક વાર પણ આવતું નથી, જો કે તેના જેવી ભાવના ઓછામાં ઓછાં સાત સ્થળોએ જોવામાં આવે છે. “ઈશ્વરનું રાજ્ય” એ વચન ચારેય ગૅારપેલોમાં અનેક વાર વપરાએલું છે, પરંતુ મૅથ્યુની અંદર “સ્વર્ગનું રાજ્ય” એ પ્રમાણે બીજો પાઠ મળી આવે છે.

યાહુદી અને ખ્રિસ્તી એ બે ધર્મો વચ્ચે જે તફાવત છે તે ફક્ત શબ્દોનો નથી પરંતુ ભાવનાનો પણ છે. યાહુદી ધર્મની એવી માન્યતા છે કે ભવિષ્યમાં કોઈ પણ અનિર્દિષ્ટ સમયે આખરે ઈશ્વર પોતાની દિવ્ય શક્તિથી પોતાનું રાજ્ય સ્થાપશે. ખ્રિસ્તિધર્મમાં આ ભાવના સ્વીકારવામાં તો આવી છે, પણ વધારામાં જીસસ પોતાના અનુયાયીઓને કહે છે કે ભવિષ્યમાં ઈશ્વરનું રાજ્ય પૂરેપૂરી રીતે સ્થપાય એટલા માટે તમારે રોજ પ્રાર્થના કરવી, ઈશ્વરની આજ્ઞાઓ ઉત્સાહથી પાળવી અને પૃથ્વીના અંતિમ છેડા સુધી ખ્રિસ્તીધર્મના સિદ્ધાન્તોનો પ્રચાર કરવો.

**ઈશ્વરની ક્ષમા આપવાની શક્તિ.** ઈશ્વર પાપીઓને ક્ષમા આપે છે એમ જીસસે ઉપદેશ કર્યો છે. આ સિદ્ધાન્ત ખ્રિસ્તીધર્મના મુખ્ય સિદ્ધાન્તોમાં એક છે. આ સિદ્ધાન્તમાં યાહુદીધર્મની ભાવના એક રીતે ચાલુ રહી છે ખરી, પણ બીજી રીતે ખ્રિસ્તીધર્મ યાહુદીધર્મથી આ સિદ્ધાન્તને લીધે જ જુદો પડે છે. જુના કરારમાં ઘણે સ્થળે કહેવામાં આવ્યું છે કે જેહોવાહ્ એ વેર લેનાર ક્રોધી ઈશ્વર છે. આ ભાવનાને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પરિણામે જો કોઇ યાહુદીને નુકશાન થયું હોય તો તેનો બદલો લેવાની તેને પરવાનગી આપવામાં આવતી હતી અને કોઇક વાર તો તેને તે પ્રમાણે હુકમ કરવામાં આવતો હતો : દા. ત.

> "તારી આંખો દયા નહિ લાવે. જીવને માટે જીવ જશે, આંખોને માટે આંખો, દાંતને માટે દાંત, હાથને માટે હાથ, અને પગને માટે પગ." (ડૅાયટરોનોમી. ૧૯ : ૨૧; એક-સોડસ, ૨૧ : ૨૩–૨૫; લેવિટિકસ, ૨૪ : ૧૭–૨૧ ).

જુના કરારમાં ધર્મવિધિને માટે જે નિયમો આપવામાં આવ્યા છે તેમાં કેટલાક મોટા દ્રવ્યયજ્ઞો કરવાના હોય છે. કેટલેક સ્થળે એમ કહેવામાં આવ્યું છે કે જેહોવાહ્ કોઇ પણ પ્રકારની સરત કરાવ્યા વિના એમને એમ પાપોની ક્ષમા આપે છે. પરંતુ માણુસ પશ્ચાત્તાપ કરે તો ઈશ્વર પાપોની માફી આપે એમ ઘણાં થોડાં સ્થળોએ જ વર્ણન કરવામાં આવ્યું છે. ઈશ્વર ચાર પ્રકારે પાપોની માફી આપે છે એમ યાહુદી લોકો માનતા હતા. જીસસે આ ચાર પ્રકારમાંથી છેલ્લો પ્રકાર પસંદ કર્યો છે અને તે સૌથી વધારે સારો અને કઠિન છે. એમ કરવામાં પણ જીસસે બીજાં બે સારાં તત્ત્વો ઉમેર્યાં છે.

પ્રથમ તો જીસસે ઉપદેશ કર્યો કે એકલો પશ્ચાત્તાપ કરવાથી ઈશ્વર પાપોની માફી આપે છે એમ નથી, પણ પાપી પોતે પોતાનું અહિત કરનારા માણસોને અને શત્રુઓને પણ જ્યારે માફી આપે ત્યારે પણ ઈશ્વર તે પાપીને તેનાં પાપ માટે ક્ષમા આપે છે, કારણ કે ઈશ્વર પણ હંમેશાં બધાં માણસોનો સત્કાર કરે છે. જગતના બધા ધર્મોમાં આ ભાવના અનુપમ છે.

યાહુદીઓના ધાર્મિક જીવનમાં અને આખા જગતમાં પણ જીસસે બીજું એક નવું તત્ત્વ ઉમેર્યું છે, અને તે તેમનો પોતાનો જ દાખલો. જુના કરારના ઇતિહાસમાં અને જગતના ધર્મોના બધા સ્થાપકોમાં એવો એક પણ પુરુષ નથી કે જેણે જીસસની માફક લોકોને ક્ષમા આપી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હોય. જ્યારે જીસસને ક્રોસ ઉપર મારી નાખવામાં આવ્યા અને જ્યારે તેમના તરફ આવી અયોગ્ય વર્તણુક રાખવામાં આવી હતી ત્યારે પણ જીસસને પોતાના શત્રુઓનો વિચાર આવતો હતો અને તેમને માટે તેમણે પ્રાર્થના કરી હતી કે

> "પિતા, તેમને ક્ષમા આપો; કારણ કે તેઓ પોતે શું કરે છે તે જાણતા નથી." (લ્યુક, ૨૩ : ૩૪).

ખ્રિસ્તીધર્મની ક્ષમા આપવાની આ ભાવનાને આધારે ઈશ્વરનું સ્વરૂપ અને જગતને મુક્ત કરવાની ઈશ્વરની યોજના સાથે જીસસનો પ્રેમ-મય સંબંધ લોકો બરોબર સમજી શક્યા છે.

**ઈશ્વરનું પિતૃત્વ.** ખ્રિસ્તીધર્મમાં ઈશ્વરને માટે ખાસ ભાવના એ છે કે તે બધા જીવોનો પિતા છે. જુના કરારમાં દેવને માટે 'જેહોવાહ્' એ ખાસ નામ વાપરવામાં આવ્યું છે અને તેમના કેટલાક ગુણો-પવિત્ર એકાન્તતા અને સાર્વભૌમ સત્તા-ઉપર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે. અનેક સ્થળે કહેવામાં આવ્યું છે કે જેહોવાહ્ વ્યક્તિઓની કાળજી રાખે છે અને જુના કરારમાં અઠ્ઠાવીસ સ્થળોએ, સ્પષ્ટતાથી અથવા તો ધ્વનિમાં, કહેવામાં આવ્યું છે કે ઈશ્વર પિતા છે. પરંતુ તેમાં ઈશ્વર ઇસ્રાએલ જેવા અમુક વર્ગનો જ પિતા છે અથવા તો જે લોકો તેનાથી ભય પામે છે તેમનો તે પિતા છે એવી સંકુચિત દૃષ્ટિ જોવામાં આવે છે. એક વાર પણ આખા જુના કરારમાં એમ કહેવામાં આવ્યું નથી કે જેહોવાહ્ એ સર્વનો પિતા છે. માત્ર બે સ્થળે એમ કહેવામાં આવ્યું છે કે ઈશ્વર "અમારા" પિતા છે, અને આ બંને જગ્યાએ ઈશ્વર સર્વ રીતે સ્વતંત્ર છે એમ વર્ણન કરેલું છે. કોઈ પણ માણસે ઈશ્વરની પ્રાર્થના કરતી વખતે ઈશ્વરને "મારા પિતા" એ પ્રમાણે કહ્યું હોય એમ જુના કરારમાં કોઈ પણ સ્થળે જોવામાં આવતું નથી. યાહુદી લોકો ઈશ્વરને માટે જે વિશિષ્ટ શબ્દો વાપરતા હતા તે જીસસે અને નવા કરારના લેખકોએ એક વાર પણ વાપર્યા નથી. જીસસે જ્યારે સાંમમાંથી (Psalm) અને પદ્યમાંથી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અવતરણો લીધાં ત્યારે, સામમાં જેહોવાહ નામ દસ વાર આવતું હતું, અને પદ્યમાં પણ આવતું હતું તો પણ, તેમણે ઈશ્વરને માટે પરંપરાથી વપરાતું તે પવિત્ર નામ વાપર્યું નહિ પણ પિતા એ સાદું નામ વાપર્યું.

જીસસ ઈશ્વરને માટે જે વિશિષ્ટ નામ વાપરતા હતા તે ચાર ગૉસ્પેલોમાં લગભગ દોઢસો વાર આવે છે અને તે નામ પિતા. આ શબ્દનો પ્રયોગ અનેક પ્રસંગોએ થયેલો છે. એકંદરે નવા કરારમાં ઈશ્વરને માટે "પિતા" એ નામ લગભગ ત્રણસો વાર વપરાયું છે.

આ પ્રમાણે ખ્રિસ્તીધર્મનાં શાસ્ત્રોમાં "ઈશ્વર" એ શબ્દની સાથે સાથે "પિતા" એ સાદો ભાવવાળો અને ગાઢ સંબંધ દર્શાવનારો શબ્દ નિયમપૂર્વક વાપરવામાં આવેલો છે અને આખા જગતના બધા ધર્મોનાં શાસ્ત્રોમાં કોઈ પણ સ્થળે આ પ્રકારે આ "પિતા" શબ્દનો વિશાળ ઉપયોગ કરવામાં આવ્યો નથી.

**ઈશ્વરના સ્વરૂપની વિશિષ્ટતા.** યાહુદીઓ પોતાના ઈશ્વરને સર્વોપરિ સત્તા ભોગવનાર સમ્રાટ તરીકે માને છે. આ ભાવનામાં જે ઉત્તમ અંશો રહેલો છે તેનો સ્વીકાર ખ્રિસ્તીધર્મે કર્યો છે અને ઈશ્વરને પિતા તરીકે માનવાનો જે સિદ્ધાન્ત છે તેમાં તેનો અંતર્ભાવ પણ કરવામાં આવ્યો છે. ખ્રિસ્તીધર્મ આટલેથી જ અટક્યો નથી, પણ બીજા કેટલાક ઉત્તમ અંશોનો પણ તેણે ઈશ્વરની ભાવનામાં અંતર્ભાવ કરેલો છે.

યાહુદીઓ અને ખ્રિસ્તીઓની ઈશ્વર વિષેની ભાવનાઓમાં કેટલાંક સમાન તત્ત્વો છે: દા. ત. આખા ગણમાં સર્વોપરિ સત્તા ભોગવનાર, કાયદાનું પાલન કરવા ઉપર મૂકવામાં આવતો ભાર અને દુષ્ટ કામ કરનારાઓને શિક્ષા. પણ બન્ને ભાવનામાં મુખ્ય ભેદ એ છે કે યાહુદીઓ ઈશ્વરને સમ્રાટ તરીકે માને છે જ્યારે ખ્રિસ્તીઓ સમ્રાટ અને પિતા તરીકે માને છે.

**ખ્રિસ્તીધર્મના અશુભ તત્વ અને મોક્ષ વિષેના પ્રશ્નનું પૃથક્કરણ અને સ્વરૂપ.**

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અશુભ તત્ત્વના ઓછામાં ઓછા બાર પ્રકાર આપી શકાય એમ છે, અને તેથી બાર પ્રકારનાં શુભ તત્ત્વોની પણ અપેક્ષા રહે છે.

| અશુભ તત્વનો પ્રકાર | વિશિષ્ટ દુઃખ | મોક્ષનો પ્રકાર |
|---|---|---|
| (૧) ભૌતિક. | દુઃખ, પીડા, માંદગી. | આરોગ્ય. |
| (૨) બુદ્ધિવિષયક. | અજ્ઞાન. | જ્ઞાન. |
| (૩) અધ્યાત્મિક. | વ્યક્તિની પરતંત્રતા. | સર્વાત્મક પદાર્થની સાથે એક થઈ જવું, પરિપૂર્ણ થવું. |
| (૪) મનોભાવના સંબંધી. | ખેદ. | શાન્તિ ગભીરતા. |
| (૫) ઇચ્છાવિષયક. | નિષ્ફળતા. | સત્તા, વિજય. |
| (૬) સામાજિક. | અવ્યવસ્થા, અન્યાય. | વ્યવસ્થિત રીતે ન્યાય આપવાની પદ્ધતિ. |
| (૭) કાયદા સંબંધી. | ગુનાઓ. | કાયદાનું પાલન. અધીનતા. |
| (૮) સૌન્દર્ય સંબંધી. | કદ્રૂપાપણું. | સૌન્દર્ય. |
| (૯) ક્રિયા સંબંધી. | અનૌચિત્ય. | ઔચિત્ય, ક્રિયા |
| (૧૦) નીતિવિષયક. | ખરાબ કામ. | સારૂં કામ. |
| (૧૧) ધાર્મિક. | દેવોના સામે અપરાધ. | ધર્મિષ્ઠતા, સત્યતા. |
| (૧૨) ખ્રિસ્તી ધર્મની ભાવના. | સ્વાર્થ. | પ્રેમ. |

ધર્મમાં અશુભ તત્ત્વનું કેવી રીતે પૃથક્કરણ કરવામાં આવ્યું છે અને તેમાંથી કયે પ્રકારે મુક્ત થઈ શકાય એમ છે એ પ્રશ્નની ચર્ચા ઉપરથી તે ધર્મની વિશાળતા અને ઊંડાઇનું માપ કાઢી શકાય છે. આ પ્રમાણે જૈનધર્મમાં મુખ્યત્વે ભૌતિક અસત્તત્ત્વનો વિચાર કરેલો છે, છતાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પણ જૈનો પોતાના ધર્મની ભાવનાને અનુસરીને શરીરનું આરોગ્ય ભોગવવાને બદલે શરીરની તપશ્ચર્યા કરે છે. બૌદ્ધધર્મમાં મુખ્યત્વે મનોભાવનાને લગતા અસત્તત્ત્વનો વિચાર કરેલો છે, છતાં પણ બૌદ્ધો સામાજિક જીવન વધારે પ્રમાણમાં ગાળવાને બદલે પોતાની વ્યક્તિને સંપૂર્ણ રીતે દબાવી દે છે. બધા ધર્મોના સ્થાપકોમાં કૃષ્ણની માફક જીસસે પોતાના અનુયાયીઓને કહ્યું કે તમે બધા જીવો અને સુખેથી જીવન ગાળો એટલા સારુ હું આવ્યો છું (જૉન, ૧૦ : ૧૦).

અનેક જાતનાં અસત્ તત્ત્વોને દૂર કરી પુષ્કળ સુખ ભોગવી શકાય એવી વ્યાપક અને સુંદર અવસ્થા જો જગતમાં કોઇ પણ ધર્મે દર્શાવી હોય તો તે ગીતાએ અને ખ્રિસ્તી ધર્મે દર્શાવી છે. ખ્રિસ્તી ધર્મમાં જો કે નિરાશાવાદ નથી, છતાં પણ અંતે સુધરી શકે એવા અસત્ તત્ત્વોને કોઈ પણ ધર્મે જેટલા પ્રમાણમાં જગતમાં જોયાં હશે તેના કરતાં વધારે પ્રમાણમાં ગીતા અને ખ્રિસ્તી ધર્મે જોયાં છે. આશાવાદની દૃષ્ટિએ વિચારતાં જણાય છે કે ખ્રિસ્તીધર્મ ગીતાધર્મની માફક આશાવાદથી ભરેલો છે, કારણ કે તે સ્પષ્ટતાથી કહે છે કે અસત્ તત્ત્વોને દૂર કરવાને માટે જગતમાં માણસો મળી આવે છે, અને આ માણસો ઈશ્વરનો સહકાર સાધીને અનેક પ્રકારનાં સુખો ભોગવી શકે છે. જો બધા મુખ્ય ધર્મોની તુલના કરીને તેમના સ્વરૂપનો નિર્ણય કરવો હોય અને તેમનું વર્ગીકરણ કરવું હોય તો અસત્ તત્ત્વ અને તેમાંથી છૂટવા સંબંધી જે પાંચ સરલ પણ ગહન પ્રશ્નો છે તેનો કેવી રીતે ધર્મોમાં નીકાલ કરવામાં આવ્યો છે તે જાણવાની ખાસ જરૂર છે.

આ પાંચ પ્રશ્નો નીચે પ્રમાણે છે :—

(૧) અસત્ તત્ત્વ કેટલું વ્યાપક છે?

(૨) અસત્ તત્ત્વને માટે કોણ જવાબદાર છે?

(૩) ખરેખરૂં અસત્ તત્ત્વ શું છે?

(૪) માણસ કેવી રીતે મોક્ષ મેળવી શકે?

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(૫) સમાજના ઉદ્ધારને માટે કેવી યોજના રાખવામાં આવી છે?

આ પાંચ પ્રશ્નોના આઠ ધર્મોની અંદર અનુક્રમે નીચે પ્રમાણે જવાબ આપવામાં આવેલા છે.

**(૧) અસત્ તત્ત્વની ખરેખરી રીતે ઉપેક્ષા કરવાની છે.**
**તાઓધર્મ કહે છે કે**

(૧) જગતમાં અસત્ તત્ત્વ બહુ જ થોડા પ્રમાણમાં છે.
(૨) કોઈ પણ માણસ જવાબદાર નથી. પરમ સગુણ ઈશ્વર નથી, તેમ સગુણ આસુરી તત્ત્વ પણ નથી, અને અમૂર્ત કાયદો પણ નથી. મનુષ્ય કદાચ મૂર્ખ હોય અને તેથી દુઃખ સહન કરે, પણ તે પાપી તો નથી જ.
(૩) અસત્ તત્ત્વ માનવાની આવશ્યકતા નથી.
(૪) જગતના અવ્યક્ત માર્ગને (તાઓ) શાન્તિથી અનુસરવો.
(૫) "કુદરતી જીવન ગાળવા" સિવાય સમાજના ઉદ્ધારના માટે બીજો કોઈ કાર્યક્રમ નથી.

**(૨) અસત્ તત્ત્વ અંતે મિથ્યા છે, (કારણ કે તે ભ્રાન્તિ છે).**
**હિંદુધર્મ કહે છે કે**

(૧) ખરેખરી રીતે અસત્ તત્ત્વ નથી; માત્ર કેટલોક વખત અજ્ઞાનને લીધે ભ્રમ રહે છે.
(૨) કોઈ પણ જવાબદાર નથી; જીવાત્મા તેમ બ્રહ્મ પણ જવાબદાર નથી. જગતમાં ભ્રમ અનાદિકાળથી જ રહેલો છે.
(૩) બ્રહ્મવાદનું અજ્ઞાન હોવાથી કેટલોક વખત જીવાત્માની ભ્રાન્તિ ચાલુ રહે છે.
(૪) બ્રહ્મવાદના જ્ઞાનથી અને બ્રહ્માનન્દના આસ્વાદથી, ભક્તિમાર્ગથી અને કર્મમાર્ગથી પણ મોક્ષ મળી શકે છે.
(૫) વર્ણાશ્રધર્મ, અનાસક્તિ કર્મયોગ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(૩) અસત્ તત્ત્વ સાપેક્ષ દૃષ્ટિએ મિથ્યા છે, કારણ કે સ્વતંત્ર છે.

ઇસ્લામ કહે છે કે

(૧) જગતમાં અસત્ તત્ત્વ બહુ પ્રમાણમાં નથી; જે લોકો મુસલમાન નથી તેમનામાં મોટે ભાગે અસત્ તત્ત્વ હોય છે.

(૨) માણસ નિરંકુશ કદાચ હોઇ શકે; પરંતુ ખરેખરી રીતે તો સર્વશક્તિમાન અલ્લા જ બધું કરે છે, અને કોઇ પણ મનુષ્ય આ ગૂઢ પરમતત્ત્વને કોઇ રીતે જવાબદાર ગણી શકે નહિ.

(૩) અલ્લાને શરણે ન જવાથી.

(૪) ગમે તે માણસ અલ્લાને શરણે જાય અને ઇસ્લામનો પ્રચાર કરે તો તેને સ્વર્ગ અવશ્ય મળે છે.

(૫) અલ્લા અને ઇસ્લામની સત્તા વધારવી.

અસત્ તત્વ અતિસત્ય છે.

બૌદ્ધધર્મ કહે છે કે

(૧) આખું જગત્ દુઃખરૂપ છે. જન્મવું એટલે દુઃખી થવું.

(૨) માણસને પૂર્વજન્મમાં કરેલાં કર્મોનું ફળ કર્મના સિદ્ધાન્તને અનુસરીને ભોગવવું પડે છે ખરૂં, છતાં પણ જગતમાં જે અસત્ તત્ત્વ રહેલું છે તેને માટે કોઇ જવાબદાર નથી.

(૩) ઇચ્છા કોઇ દિવસ તૃપ્ત થતી નથી. બધા માણસોને પરિણામમાં દુઃખ ભોગવવું પડે છે અને બધી પ્રવૃત્તિઓ પણ અન્તે દુઃખદાયક છે.

(૪) વાસનાઓ નાશ કરવાથી; ઇચ્છાના શમનથી માણસ મનુષ્યજીવન, પ્રવૃત્તિ અને પુનર્જન્મમાંથી મુક્ત થાય છે.

(૫) સમાજમાંથી જતા રહીને એકાન્તમાં રહેવું અને ખાસ કરીને મઠ અને વિહારોમાં.



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**જૈનધર્મ કહે છે કે**

(૧) આખું જગત દુઃખરૂપ છે. જડ પદાર્થ આત્માથી ભિન્ન છે અને વસ્તુતઃ તે હંમેશને માટે દુઃખરૂપ છે.

(૨) કોઇ પણ જવાબદાર નથી. આ જગતમાં પહેલેથી જ કુદરતી રીતે બે તત્ત્વો–જડ અને ચેતન–ચાલતાં આવ્યાં છે.

(૩) જીવાત્મા નિત્ય અને અને ચેતન છે અને તેના ઉપર આ દુષ્ટ ભૌતિક શરીર ભાર રૂપે રહેલું છે.

(૪) શરીરને કષ્ટ આપી આત્માને મુક્ત કરવાથી.

(૫) ખરેખરો ધર્મિષ્ઠ પુરુષ હોય છે તે તપસ્વી હોય છે.

**ઝોરોસ્ટરધર્મ કહે છે કે**

(૧) આખું જગત દુઃખરૂપ અને અસત્ છેઃ દા. ત. અંધકાર, અસત્ય, અપરાધ અને મરણ.

(૨) જગતમાં જે અસત્ તત્ત્વ છે તેને માટે અંગ્રમઇન્યુ (રાક્ષસ) એકલો જ ખરેખરી રીતે જવાબદાર છે.

(૩) સારાં અને ખરાબ તત્ત્વો વચ્ચે સ્વાભાવિક વિરોધ; આ જગતમાં પહેલેથી જ કુદરતી રીતે બે તત્ત્વો–સારૂં અને ખરાબ–રહેલાં છે.

(૪) સત્ પ્રભુ–અહુર મઝ્દ–ની આજ્ઞાઓ પાળવાથી; ખાસ કરીને સારા વિચાર, સારી વાણી અને સારાં કર્મોથી.

(૫) શરૂઆતમાં ઝોરોસ્ટરે ખેતીવાડીમાં સુધારો કરવાની ભલામણ કરી હતી. દરેક માણસે સારાં કર્મો કર્યાં કરવાં અને જગતનો જ્યારે અંત આવશે ત્યારે પ્રભુનો વિજય જ છે.

**કૉન્ફ્યુશ્યસ ધર્મ કહે છે કે**

(૧) જગતમાં અસત્ તત્ત્વ બહુ નથી : મનુષ્ય સ્વાભાવિક રીતે સારો હોય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(૨) શ્રેષ્ઠ લોકોમાં શ્રેષ્ઠતાને શોભાવે એવા ગુણો ન હોય ત્યારે તે પોતે જ જવાબદાર છે; અને તાબાના માણસો બરાબર આજ્ઞાપાલન કરે નહિ ત્યારે તે પણ તેટલે અંશે જવાબદાર કહી શકાય.

(૩) સમાજમાં જે કેટલીક અનિષ્ટ વસ્તુઓ છે તે જ ખરેખરૂં અસત્ તત્ત્વ છે.

(૪) સમાજમાં એક બીજાને મદદ કરવી અને તેના નિયમોનું પાલન કરવું.

(૫) સમાજમાં પરસ્પર સારો સંબંધ, બધા કાર્યમાં સારો હેતુ, સારો દાખલો અને સારો રાજ્યકારભાર–આમાં જ સમાજના ઉદ્ધારની યોજના આવી ગઈ.

**ખ્રિસ્તીધર્મ કહે છે કે**

(૧) અસત્ તત્ત્વ એ મનુષ્યના જીવનમાં સર્વત્ર વ્યાપી રહેલું ભયંકર તત્ત્વ છે. માણસને પહેલેથી સારો બનાવવામાં આવેલો છે, છતાં પણ માણસો પાપ કરે છે. તે ઈશ્વરનો, બીજાઓનો અને પોતાની ઉત્તમ જાતનો પણ અપરાધ કરે છે.

(૨) ઈશ્વરે મનુષ્યોને સ્વતંત્રતા આપી અને તેને પરિણામે જગતમાં પાપ આવ્યું. આ રીતે પાપને માટે ઈશ્વર જવાબદાર છે. આ પાપને વંશપરંપરામાં ઉતારીને અને બીજે પ્રકારે ચાલુ રાખવાને માટે સામાજિક વ્યવસ્થા જવાબદાર છે. સારૂં કામ કરવાને બદલે જો કોઈ ખરાબ કામ જ કરે તો તેને માટે તે જ માણસ જવાબદાર છે.

(૩) ઈશ્વરે આપણને જે સ્વતંત્ર ઇચ્છા આપેલી છે તેનો પોતાના સ્વાર્થને માટે ઉપયોગ કરવામાં આવે તો પાપ થાય. બીજાઓ ને ઇજા કરવાથી પણ પાપ થાય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(૪) માણુસો એક બીજા તરફ પ્રેમભાવ દર્શાવે, સમાજ સેવાનાં કાર્યો ઉઠાવી લે અને ઈશ્વર કૃપા કરીને મદદ કરે તો દુઃખમાંથી છૂટા થવાય.

(૫) વ્યક્તિના પોતાના મોક્ષ માટે પણ સામાજિક કાર્યક્રમની આવશ્યકતા છે. બધા માણુસોએ પરસ્પર મદદ કરવી અને ઈશ્વરની મદદ માગી જીસસ ક્રાઇસ્ટનો સમાગમ કરવો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ તેરમું

## વિદ્યમાન ધર્મોની સંક્ષિપ્ત તુલના

જગતના બધાય ધર્મોમાં કેટલાંક તત્ત્વો સમાન છે. આ સમાન અંશોનું નિરૂપણ કરવાની જરૂર છે અને તે નીચે પ્રમાણે છે.

**એક પરમ તત્ત્વની માન્યતા**

આરંભમાં જૈન અને બૌદ્ધધર્મે આ માન્યતાનું મુક્તકંઠે ખંડન કરેલું હતું. પણ સમય જતાં આ બન્નેય ધર્મોમાં મૂળ સ્થાપકની પૂજા થવા લાગી અને તેનો પ્રચાર થયો.

એકઝાઇલ સુધી યાહુદી ધર્મે જેહોવાહ્ નામનો પૂજનીય પરમ પદાર્થ ઈશ્વર તરીકે સ્વીકાર્યો હતો અને ઉપદેશ કર્યો હતો કે બીજી પ્રજાઓ પોત પોતાના ઇષ્ટ દેવોની વિધિસર પૂજા કરી શકશે. પરંતુ એકઝાઇલ પછી યાહુદીઓ ઠેઠ સુધી એકેશ્વરવાદી જ રહ્યા છે.

કૉન્ફ્યૂશ્યસધર્મમાં એક જ પરમ તત્ત્વ સ્વીકારવામાં આવ્યું છે. આ તત્ત્વને જ્યારે સગુણ માનવામાં આવે છે ત્યારે તેને "સર્વોપરિ શાસક" કહેવામાં આવે છે, અને જ્યારે નિર્ગુણ માનવામાં આવે છે ત્યારે "આકાશ" કહેવામાં આવે છે. પરંતુ આ ધર્મમાં પરમ તત્ત્વની પૂજાનો સંકોચ કરીને એકલા ચીનના રાજાની જ પૂજા કરવામાં આવતી અને તે પણ વર્ષમાં એક વાર, અર્થાત્ ઉત્તરાયણની રાત્રીએ–ડીસેમ્બરની ૨૨ મી તારીખે. અત્યારે પ્રચલિત થએલા કૉન્ફ્યૂશ્યસધર્મની અંદર લોકોને પ્રકૃતિદેવો અને પૂર્વજોના આત્માઓની પૂજા કરવાનો ઉપદેશ આપવામાં આવે છે. આ પ્રમાણે અનેક આત્માઓની પૂજા રૂઢ થઇ છે.

ઝોરોસ્ટરધર્મની અંદર એક જ વિશ્વની શક્તિ સ્વીકારવામાં આવી છે, અને તે પરમ પૂજ્ય અહુરમઝ્દ છે. અંગ્ર મઇન્યુ નામની બીજી રાક્ષસી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વિશ્વની શક્તિ હંમેશાં અહુરમઝ્દની સામે થાય છે. આ ધર્મની અંદર બીજા અનેક સારા દેવો સ્વીકારવામાં આવેલા છે અને જો કે તે અહુર-મઝ્દના તાબામાં રહે છે છતાં પણ તે પૂજા કરવાને યોગ્ય છે.

હિન્દુ અને તાઓ ધર્મમાં એક જ અમૂર્ત વિશ્વનું તત્ત્વ સ્વીકારવામાં આવ્યું છે. હિન્દુઓ આ તત્ત્વને બ્રહ્મ કહે છે અને તાઓધર્મ તાઓ કહે છે. લોકો આ તત્ત્વની પૂજા કરવાને બદલે તેનું ધ્યાન ધરે છે. પણ આ બન્નેય ધર્મોની અંદર ઘણા લોકો અનેક દેવોને પૂજતા આવ્યા છે. આ રીતે વ્યવહારમાં અનેકેશ્વરવાદ પ્રચલિત થએલો છે.

જગતમાં એક જ સર્વોત્કૃષ્ટ તત્ત્વ છે અને તેની જ બધાઓએ પૂજા કરવી જોઇએ એ પ્રકારનો ખરેખરો એકેશ્વરવાદ ચાર ધર્મોમાં જોવામાં આવે છે:–એકઝાઇલ પછીનો યાહુદીધર્મ, ખ્રિસ્તીધર્મ, મુસલમાનધર્મ અને શીખધર્મ.

## ઈશ્વરના અવતારની માન્યતા

ઈશ્વર પોતે અવતાર લઇ શકે છે એ માન્યતા કેટલાક ધર્મોમાં સ્વીકારવામાં આવેલી છે, પરંતુ તેની અંદર કેટલોક ભેદ પણ રહેલો છે.

હિન્દુધર્મનું તત્ત્વજ્ઞાન વેદો અને ઉપનિષદોના સમયથી શરૂ થાય છે. જગતના દરેક પદાર્થમાં અવ્યકત, અતીત અને નિત્ય બ્રહ્મનું પ્રાકટય થાય છે એમ માનવામાં આવતું હતું. અર્થાત્ જગતના પદાર્થો નિત્ય બ્રહ્મનો અનિત્ય આવિર્ભાવ છે. લોકમાં પ્રચલિત થએલા હિન્દુધર્મમાં અનેક દેવો સ્વીકારવામાં આવેલા છે. ભગવાન વિષ્ણુના અનેક અવતારો થઇ ગયા છે. ગીતામાં વર્ણવેલો અવતારવાદ અને વિભૂતિવાદ ઘણો આકર્ષક છે. કૃષ્ણ એ પૂર્ણાવતાર છે.

બૌદ્ધધર્મમાં શરૂઆતમાં જ સ્પષ્ટ રીતે ઈશ્વરનો સ્વીકાર કરવામાં આવ્યો નથી, છતાં પણ કાળક્રમે લોકો બુદ્ધને અવતારી પુરુષ તરીકે માનવા લાગ્યા. તેમાં પણ બુદ્ધ ચોવીસ અવતારી બુદ્ધોમાંના એક હતા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અને પચીસમા બુદ્ધ હજુ ભવિષ્યમાં અવતરવાના છે એમ મનાય છે.

મુસલમાનધર્મમાં અલ્લાને અતીત તત્ત્વ માનવામાં આવે છે છતાં પણ તેમાં અવતારની માન્યતા સ્વીકારવામાં આવી છે. ચોથા ખલીફ અલી એ ખરેખર ઇમામ–અવતારી પુરુષ–હતા અને તેથી પેગંબરની ગાદીના ખરેખરા હકદાર હતા. એ પ્રશ્નને લીધે જ કેટલાક લોકો સુન્નીઓથી જુદા પડચા અને તેમણે શિઆ પંથ સ્થાપ્યો. પરંતુ શિઆ મુસલમાનોની અંદર પણ જે બીજા અવતારો થવાના છે તેની સંખ્યા વિષે અને છેલ્લા અવતારી પુરુષના સ્વરૂપ વિષે મતભેદ છે. કેટલાક બીજા સાત અવતારો માને છે તો કેટલાક બાર માને છે.

ખ્રિસ્તીધર્મમાં સ્પષ્ટ રીતે ઉપદેશ કરવામાં આવ્યો છે કે જીસસ ક્રાઇસ્ટ અપૂર્વ અવતારી પુરુષ છે અને તેમનામાં ઈશ્વરની વાણી પૂર્ણ રીતે પ્રકટ થએલી છે, કારણ કે જીસસનું ચારિત્ર્ય, મનુષ્યજીવનમાં જેટલે અંશે સંભવિત હોય તેટલે અંશે, અદૃશ્ય અને પવિત્ર ઈશ્વરના ચારિત્ર્ય અને હેતુને મળતું છે.

## મૂળ સ્થાપકનો અલૌકિક જન્મ

કેટલાક ધર્મોના સ્થાપકોનો જન્મ અદ્ભુત પ્રકારે થયેલો હતો એમ તે તે ધર્મમાં માનવામાં આવે છે. હિન્દુધર્મમાં ઘણા આચાર્યોનો જન્મ અલૌકિક રીતે થએલો છે.

બૌદ્ધધર્મનાં કેટલાંક પાછળથી લખાએલાં શાસ્ત્રોમાં બુદ્ધના સંબંધમાં અનેક અદ્ભુત વાતો આપવામાં આવેલી છે, અને તે ઉપરથી જણાય છે કે બુદ્ધ પહેલેથી જ અસ્તિત્વમાં હતા, અને જ્યારે એક પીસતાળીસ વર્ષની રાણીને સ્વપ્ન આવ્યું ત્યારે તેને ત્યાં તેમણે જન્મ લીધો.

કેટલાક ગ્રન્થો લાઓ–ત્ઝે પછી હજાર વર્ષે લખવામાં આવ્યા છે. તેમાં લાઓ–ત્ઝેનું વર્ણન આપવામાં આવ્યું છે. આ ગ્રન્થો ઉપરથી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જણાય છે કે લાઓ-ત્ઝે જન્મ વખતે જ પાકી ઉમ્મરના હતા. તેમને માથે ધોળા વાળ હતા અને તે પોતાની માતાના ઉદરમાં બોંતેર વર્ષ સુધી, અથવા તો બીજી ગાથા પ્રમાણે એકાશી વર્ષ સુધી રહ્યા હતા. તેમને "બુદ્ધિમાન વૃદ્ધ બાલક" અથવા તો "બુદ્ધિમાન વૃદ્ધ તત્ત્વજ્ઞાની" કહેવામાં આવતા.

મહાવીરની પછી ૯૮૦ વર્ષે લખાએલા એક જૈન ગ્રન્થમાં વર્ણન કરવામાં આવ્યું છે કે મહાવીર આનાદિકાળથી અસ્તિત્વમાં છે, અને ચૌદ અદ્ભુત સ્વપ્નોને ફળીભૂત કરવાને માટે તેમણે રાણીના ઉદરમાં અલૌકિક રીતે પ્રવેશ કર્યો.

ઝોરોસ્ટરના જન્મ વિષે પણ એમ કહેવામાં આવે છે કે તેમણે કુમારિકાના ઉદરે જન્મ લીધો હતો. એક પાછળથી લખાએલા ગ્રન્થમાં તો વર્ણન કરવામાં આવ્યું છે કે જ્યારે ઝોરોસ્ટરની ભાવી માતા પંદર વર્ષની એક અવિવાહિત કન્યા હતી ત્યારે તેમના ઉદરે અલૌકિક પ્રકારે ઝોરોસ્ટરનો જન્મ થયો હતો. વળી આ ધર્મમાં એવી પણ માન્યતા છે કે ભવિષ્યમાં ઝોરોસ્ટરધર્મના ત્રણ ઉદ્ધારકો થશે અને ઝોરોસ્ટરની માફક તે પણ પંદર વર્ષની કુમારિકાને પેટે જન્મ લેશે.

ખ્રિસ્તીધર્મના નવા કરારની અંદર જીસસના લૌકિક અથવા અલૌકિક જન્મ વિષે જુદી જુદી હકીકતો મળે છે. પરંતુ જીસસ પોતે કહે છે કે હું ઈશ્વરને ત્યાંથી આવ્યો છું, ઈશ્વર મારા પિતા છે અને હું તેમનો પુત્ર છું અને તે રીતે મારો તેમની સાથે ગાઢ સંબંધ છે. બીજા લોકો પણ જીસસને આ જ પ્રમાંણે માને છે.

## ઈશ્વરે પ્રકટ કરેલા સત્ય સિદ્ધાન્તો

જગતમાં આજે અગીઆર મુખ્ય ધર્મો પ્રચલિત છે. આ બધા ધર્મોની અંદર એમ માનવામાં આવે છે કે તેમના પોતાના સિદ્ધાન્તો સત્ય છે, જગતનો તે ઉદ્ધાર કરી શકે એમ છે અને તે ઈશ્વરે જ આપેલા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છે. આ સિદ્ધાન્તો માણસોએ આપેલા નથી તેમ તેમણે શોધી પણ કાઢયા નથી. ગીતાની માફક બાઇબલ પણ કહે છે કે ઈશ્વરે જગતના બીજા ધર્મોની અંદર પણ કેટલાક સિદ્ધાન્તો પ્રકટ કર્યા છે, જેથી જગતની બધી પ્રજાઓમાં ઈશ્વરના સિદ્ધાન્તોનો પ્રચાર થએલો છે. (ઍકટસ, ૧૪ : ૧૭). જુદા જુદા ધર્મોની અંદર નીચે પ્રમાણે સત્યનો આવિર્ભાવ થયો છેઃ—

| | |
|---|---|
| (૧) હિન્દુધર્મ. | જગતમાં સર્વત્ર બ્રહ્મ છે. જનસમાજની વ્યવસ્થા ઈશ્વરે કરેલી છે. બ્રહ્મની સાથે એક થઇ જવું એ જીવનનો આદર્શ છે. |
| (૨) જૈનધર્મ. | મોક્ષ મેળવવાને માટે સ્વાર્થત્યાગ અને વૈરાગ્યની આવશ્યકતા છે. શરીરને કષ્ટ આપી તપશ્ચર્યા કરવાથી આત્માને મુક્તિ મળે છે. |
| (૩) બૌદ્ધધર્મ. | દુઃખનું મૂળ કારણ સ્વાર્થ છે, વાસના છે. હૃદયની પવિત્રતા અને સંયમથી મોક્ષ મળે છે. |
| (૪) શીખધર્મ. | એક જ ' સત્ય ' ઈશ્વરના શિષ્ય થવું અને તેના નામનો શ્રદ્ધાપૂર્વક જપ કરવો એ જ ખરેખરો ધર્મ છે. |
| (૫) કૉન્ફયૂશ્યસધર્મ. | મનુષ્યમાં ઈશ્વરે પહેલેથી જ સાધુતા મૂકેલી છે. જનસમાજમાં માણસો પરસ્પર યોગ્ય રીતે વર્તન રાખે એનું નામ ધર્મ છે. |
| (૬) તાઓધર્મ. | પવિત્ર અને દૈવી માર્ગને શ્રદ્ધાથી અનુસરવું એ જ ધર્મ છે. |
| (૭) શિન્તોધર્મ. | પ્રકૃતિ એ ઈશ્વરની સુંદર કૃતિ છે. પવિત્ર જીવન ગાળવામાં અને સર્વોપરિ સત્તાને માન આપવામાં ધર્મ રહેલો છે. |
| (૮) યાહુદીધર્મ. | ધર્મનિષ્ઠ ઈશ્વરની આજ્ઞા પાળવાથી ઉત્તમ પ્રકારનું સુખ મળે છે. |

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| | |
|---|---|
| (૯) ઝોરોસ્ટરધર્મ. | રાક્ષસી તત્ત્વોની સામે યુદ્ધ કરતી વખતે જગતની સત્ શક્તિનો સહકાર સાધવો એનું નામ ધર્મ. |
| (૧૦) મુસલમાનધર્મ. | ઈશ્વર એક છે; તે સર્વશક્તિમાન રાજા છે: વળી તે ન્યાય આપે છે, અને પાપ પુણ્યનું ફળ આપે છે. આવા ઈશ્વરને શરણે જવાથી ઉત્તમ સુખ મળે છે. |
| (૧૧) ખ્રિસ્તીધર્મ. | જગતની અંદર જે પરમ સત્તા છે તે પરિપૂર્ણ પુરુષ છે, તે પિતા છે, એમ માનીને તેની સાથે સંબંધ રાખવો. જીસસ ક્રાઈસ્ટ તેના પુત્ર છે અને તેથી તેમને તેના પ્રતિનિધિ ગણવા. ઈશ્વરની આજ્ઞાનું પ્રેમપૂર્વક પાલન કરવાથી અને જનસમાજની પ્રેમપૂર્વક સેવા કરવાથી દરેક માણુસને ઉત્તમ પ્રકારનું સુખ મળે છે. |

## ઈશ્વરપ્રેરણાથી રચાએલાં શાસ્ત્રો

જે બાર ધર્મો ભૂતકાળમાં એક સમયે પ્રચલિત હતા પણ અત્યારે જેનાં નામનિશાન જોવામાં આવતાં નથી તેમાંના એક પણ ધર્મની અંદર આપણે જેને શાસ્ત્ર કહી શકીએ એવો ગ્રન્થ મળતો નથી. પરંતુ આજે જે અગીઆર ધર્મો વિદ્યમાન છે તેમાં સત્ય સિદ્ધાન્તો દર્શાવનારાં શાસ્ત્રો જોવામાં આવે છે અને મોક્ષ મેળવવાને માટે આ શાસ્ત્રોના જ્ઞાનની જરૂર છે. આ બધાં શાસ્ત્રો ઈશ્વરે રચેલાં છે અથવા તો ઈશ્વરની પ્રેરણાથી રચાએલાં છે અને તેથી સ્વઃતપ્રમાણુ તરીકે સ્વીકારવામાં આવેલાં છે.

| ધર્મ | તેનું શાસ્ત્ર |
|---|---|
| (૧) હિન્દુધર્મ | "વેદ"—જ્ઞાનગ્રન્થ. |
| (૨) જૈનધર્મ | "અંગ"—જ્ઞાનશરીર. |

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| | |
|---|---|
| ( ૩ ) બૌદ્ધધર્મ | " ત્રિપિટક "—ઉપદેશની ત્રણ ટોપલીઓ. |
| ( ૪ ) શીખધર્મ | " ગ્રન્થ "—પુસ્તક. |
| ( ૫ ) કૉન્ફ્યુશ્યસધર્મ | " પાંચ ક્લાસિક્સ " અને " ચાર બુક્સ " —બે વર્ગ, એકમાં પાંચ ગ્રન્થો અને બીજામાં ચાર ગ્રન્થો. |
| ( ૬ ) તાઓધર્મ | " તાઓ–તેહ–કિંગ "—બુદ્ધિ અને ધર્મના સિદ્ધાન્તો. |
| ( ૭ ) શિન્તોધર્મ | ' કો–જી–કી '—પ્રાચીન વસ્તુઓની હકીકત, "નિહોન્–ગી"—જાપાનનો ઇતિહાસ. |
| ( ૮ ) યાહુદીધર્મ | " નિયમ ગ્રન્થ ", " સંતોના ગ્રન્થ " અને " પવિત્ર લેખો ". |
| ( ૯ ) ઝોરોસ્ટરધર્મ | " અવસ્તા "—જ્ઞાન. |
| (૧૦) ઇસ્લામ | " કુરાન "—વાચન અથવા પઠન. |
| (૧૧) ખ્રિસ્તીધર્મ | " બાઇબલ "—પુસ્તક. |

**ચમત્કારોની હકીકત**

બધાય અગિઆર વિદ્યમાન ધર્મોની અંદર મૂળ સ્થાપકના જીવનમાં કેટલાક રહસ્યથી ભરેલા ચમત્કારો થયા છે એમ સામાન્ય રીતે માનવામાં આવે છે. આ ચમત્કારો ધર્મની દૃષ્ટિએ ઘણા બોધક છે.

**બુદ્ધ**

" નાવ વિના તેમણે ગંગા નદી એકદમ ઓળંગી."

" ન સમજાય એવી રીતે ક્ષણમાં દેખાય અને ક્ષણમાં તિરોહિત થઇ જાય."

" એક માંદી પડેલી સ્ત્રીને પોતાની દૃષ્ટિથી જ તેમણે સારી બનાવી દીધી."

" ઘણા ચમત્કારો કરીને તેમણે અસંખ્ય માણસોને પોતાના અનુયાયીઓ કરી દીધા."

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

" પહેલાં અન્નનો સંગ્રહ કરેલો ન હતો તો પણ તેમણે પાંચસો શિષ્યોને જમાડ્યા.

**ઝોરોસ્ટર**

ગાથાઓના પ્રાચીન સાહિત્યમાં ઝોરોસ્ટરે ચમત્કારો કર્યા નથી એમ કહેવામાં આવ્યું છે. પણ પાછળથી તેમના જન્મના સંબંધમાં અનેક અદ્‌ભુત વાતો કહેવામાં આવી છે.
" તેમણે ઘણા રોગો મટાડ્યા, વરૂ અને બીજાં હિંસક પ્રાણીઓને કાઢી મૂક્યાં, વરસાદ આણ્યો, અને કરા, કરોળીઆ, તીડ અને બીજી બાધક વસ્તુઓને બંધ કરી. "

**મહમદ**

" તેમને કહેવામાં આવતું છતાં પણ તે પોતે કહેતા કે મારામાં ચમત્કારો કરવાની શક્તિ નથી."
" પણ પછીથી તેમણે ઘણાં અદ્‌ભુત કામો કર્યાં એમ કહેવામાં આવે છે. "

**ક્રાઇસ્ટ**

બીજા ધર્મોનાં શાસ્ત્રોમાં જે પ્રમાણે ચમત્કારો વર્ણવવામાં આવ્યા છે તે જ પ્રમાણે બાઇબલમાં પણ ક્રાઇસ્ટ વિષે ચમત્કારો વર્ણવેલા છે. વિશેષતઃ જીસસ ક્રાઇસ્ટ મરણ અને દફન પછી તરત જ ઉઠ્યા.

## શિષ્ટાચાર

માણસોએ એક બીજાની સાથે કેવી રીતે વર્તવું અને પોતાનું જીવન કેવી રીતે ગાળવું તેના સંબંધમાં જુદા જુદા ધર્મોમાં નિયમો આપેલા છે. આ બધા નિયમોમાં આશ્ચર્યજનક સામ્ય છે.

**હિંદુધર્મ**

"જે વર્તણુકથી તમને પોતાને દુઃખ થાય તેવી વર્તણુક બીજાની સાથે રાખવી નહિ. મનુષ્યનાં કર્તવ્યોનો બધો સાર આ છે."
( મહાભારત ૫. ૩૯. ૫૭, સમીક્ષિત આવૃત્તિ, પૂના ).

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**બૌદ્ધધર્મ**

" જાતિભાઇએ પોતાના મિત્રો અને પરિચિત માણસો સાથે પાંચ પ્રકારે વર્તવું...પોતાની જાત સાથે જેમ તે વર્તે છે તે પ્રમાણે તેમની સાથે તેણે વર્તવું."

" હે રાહુલ, એવું કોઇ કાર્ય છે કે જે કરવાની તને ઇચ્છા હોય ? તો પછી આ પ્રમાણે તું વિચાર કર : ' આ કામથી મને નુકશાન થાય એવું છે, કે બીજાઓને, કે અમને બધાને. ' જો તેમ હોય તો તે કામ ખરાબ છે, કારણ કે તે બધાંને દુઃખ આપે છે. આવું કામ તારે કોઇ પણ દિવસ કરવું નહિ. "

( મજ્ઝિમ નિકાય, ૧ : ૪૧૫ )

**કૉન્ફ્યૂશ્યસધર્મ**

આ ધર્મનો સર્વોત્કૃષ્ટ સિદ્ધાન્ત આ ધર્મનાં શાસ્ત્રોમાં છ જુદે જુદે સ્થળે આપવામાં આવેલો છે, પણ સર્વત્ર તે નિષેધાત્મક છે. ગુરુએ કહ્યું..."જે વર્તણુક તમને પોતાને ગમતી ન હોય તેવી વર્તણુક બીજાઓની સાથે રાખવી નહિ " (એનાલેકટસ, ૧૫ : ૨૩; વળી ૫ : ૧૧; ૧૨ ; ૨; મહાવિદ્યા, ૧૦ : ૨; મધ્યમ માર્ગ, ૧૩ : ૩; લીકી, ૨૮ : ૧.૨૨; સે. બુ. ઈ; ૨૮ : ૩૦૫ ).

**તાઓધર્મ**

" તમને કોઇએ નુકશાન કર્યું હોય તો પણ તમે તેનું ભલું કરજો." ( સે. બુ. ઈ; ૩૯ : ૧૦૬ ).

" જે લોકો મારી સાથે ભલી રીતે વર્તે છે, તેમની સાથે હું સારી રીતે વર્તુ છું, અને જે લોકો મારી સાથે સારી રીતે વર્તતા નથી તેમની સાથે પણ હું સારી રીતે વર્તુ છું. આ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પ્રમાણે બધાને સારી રીતે વર્તવાની ફરજ પડે છે. જે લોકો મારા ઉપર શુદ્ધ અન્તઃકરણથી ભાવ રાખે છે તેમના ઉપર હું તેવો જ ભાવ રાખું છું, અને જે લોકો તેવો ભાવ રાખતા નથી તેમના ઉપર પણ હું શુદ્ધ ભાવ રાખું છું, આ પ્રમાણે બધાને શુદ્ધ ભાવના રાખવાની ફરજ પડે છે."

( સે. બુ. ઈ; ૩૯ : ૯૧ )

## ઝોરોસ્ટરધર્મ

" જે વાત તમને પોતાને ગમતી ન હોય તે વાત બીજાને પણ ન ગમે એ ધ્યાનમાં રાખવું. જયારે તમે આ પ્રમાણે વર્તશો ત્યારે તમે પવિત્ર અને ધર્મિષ્ઠ ગણાશો."

( સે. બુ. ઇ; ૨૪ : ૩૩૦ ).

" પોતાને જે કાર્ય ન ગમે તે કાર્ય બીજાના સંબંધમાં જો કોઇ માણસ ન કરે ત્યારે જાણવું કે તે માણસ સજ્જન છે."

( સે. બુ. ઇ; ૧૮ : ૨૭૧ ).

" જો ઈર્ષાથી કોઇ સારા માણસને શિક્ષા કરવામાં આવી હોય તો દરેક માણસે એમ જાણવું કે એ શિક્ષા પોતાની જાતને જ થઇ છે." (સે. બુ. ઇ; ૩૭ : ૫૧ )

## યાહુદીધર્મ

" હે મારા બાળ, જે કામ કરે તેની અંદર બરોબર કાળજી રાખજે અને બધાંની સાથે વિવેકથી વર્તજે. અને જે વાત તને પોતાને ગમતી ન હોય તે વાત બીજાના સંબંધમાં કરીશ નહિ." ( ટોબિટ, ૪ : ૧૪–૧૫ )

" બીજાઓની જે વર્તણુક તને પોતાને ગમતી ન હોય તે વર્તણુક તું બીજાઓની સાથે રાખીશ નહિ."

( બેબીલોનિઅન શેબ્બાથ, ૩૧ अ )

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**ગ્રીક તત્ત્વજ્ઞાન**

"જે વાત તમને ગમતી ન હોય તે બીજાના સંબંધમાં કરશો નહિ."

(ઇસોક્રેટીસ, "નિકોકલેસ, ઓર ધી સાઇપ્રિઅન્સ," ૬૧; ઇ. એસ. ફ્રૉસ્ટર, ઇસોક્રેટીસસ સાઇપ્રિઅન ઑરેશન્સ", ૧૪૯.)

"બીજા મિત્રો પાસેથી તમે જે વર્તણુકની આશા રાખતા હો તે વતણુંક તેમની સાથે તમારે રાખવી."

(ડાઓજીનસ લૅર્ટિઅસના "લાઇવ્ઝ એન્ડ ઓપિનિઅન્સ ઓફ એમિનન્ટ ફિલોસોફર્સ" એ નામના પુસ્તકમાં એરિસ્ટોટલ વિષેની હકીકત ૫ : ૨૧; બોન લાઇબ્રેરી ટ્રાન્સલેશન, ૧૮૮.)

"બીજાઓને દુ:ખ થાય એવું વર્તન ન રાખવું."

(યુસિબિઅસના "પ્રેપરેશિઓ ઇવેન્જીલિકા" નામના ગ્રન્થમાં વર્ણવવામાં આવેલો ફિલોનો સિદ્ધાન્ત. ૮. ૭. ૬.)

**ખ્રિસ્તીધર્મ**

"તમે જ્યારે એમ ઇચ્છા રાખો કે બીજાઓ મારી સાથે અમુક પ્રકારનું વર્તન રાખે ત્યારે તમારી પણ ફરજ છે કે તમારે તેમની સાથે તેવી જ રીતે વર્તવું."

(મૅથ્યુ, ૭ : ૧૨)

"બીજાઓ પાસેથી જે વર્તનની તમે આશા રાખો છો તે જ જાતનું વર્તન તમારે બીજાઓ સાથે રાખવું જોઇએ."

(લ્યુક. ૬ : ૩૧).

આ પ્રમાણે ઉપર જણાવેલા આઠેય દર્શનોની અંદર સ્પષ્ટ કહેવામાં આવ્યું છે કે જે વર્તણુક આપણને પોતાને ગમતી ન હોય તેવી વર્તણુક બીજાઓની સાથે રાખવી નહિ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## પવિત્ર સંઘોની માન્યતા

દરેક ધર્મની અંદર ધર્મના આદર્શો પાળનારા માણસોનો એક પવિત્ર વર્ગ હોય છે, અને તેમનો એક સંઘ સ્થપાય છે. જૈન અને બૌદ્ધધર્મોએ પોતાના ધર્મના સાધુઓનો એક સંઘ સ્થાપેલો છે. હિન્દુધર્મ કહે છે કે જગતમાં હિન્દુઓની વર્ણ અને આશ્રમની વ્યવસ્થા ઉત્તમ છે, અને તેથી સમાજનો વ્યવહાર સારી રીતે ચાલે છે. સાધુઓ અને સંન્યાસીઓના સંઘો અસ્તિત્વમાં આવેલા છે. મુસલમાન ધર્મ વંશપરંપરાથી ઉતરી આવેલી સત્તા, સમાજમાં ઉચ્ચ સ્થાન, અને પ્રજાનું એકલવાયાપણું–આ બધાનું ખંડન કરે છે અને સ્પષ્ટતાથી કહે છે કે જગતના નિયામક સર્વશક્તિમાન એક અલ્લાને શરણે જવું અને તે કાર્યમાં સર્વેએ એક બીજાની સાથે સહકાર સાધવો. એક જ ધર્મ પાળનારાઓનો સંઘ રચાય છે. ખ્રિસ્તીધર્મ ઉપદેશ આપે છે કે મનુષ્યોનું ચારિત્ર્ય સુંદર હોવું જોઇએ અને તે દ્વારા તેમણે પવિત્રતા મેળવવી જોઇએ. વળી દરેક મનુષ્યે અને દરેક પ્રજાએ બીજા મનુષ્યો અને બીજી પ્રજાઓ સાથે પ્રેમભાવથી રહેવું અને જગતના પિતા ઈશ્વરની દેખરેખ નીચે સંપથી જીવન ગાળવું.

## વિશ્વધર્મની આશા

જુદા જુદા ધર્મો જગતમાં કેવી કેવી આશાઓ રાખે છે તેનો જ્યારે વિચાર કરવામાં આવે ત્યારે આ બધા ધર્મોના અનેક વર્ગો પડી શકે. શીખધર્મ અને તાઓધર્મનાં શાસ્ત્રોમાં વિશ્વધર્મની ભાવના જોવામાં આવતી નથી; અને અત્યાર સુધીના આ બે ધર્મોના ઇતિહાસમાં પણ એ ભાવના રાખવામાં આવી હોય એમ પણ જાણવામાં આવ્યું નથી. કૉન્ફ્યૂશ્યસધર્મ અને શિન્તોધર્મ પોતાનાં શાસ્ત્રોની અંદર વિશ્વધર્મની વાત ચર્ચતા નથી, પરંતુ ઇ. સ. ૧૯૧૪–૧૯૧૮ ના વિશ્વયુદ્ધ પછી આ ત્રણે ય ધર્મોની અંદર કેટલાક સુધારકો થયા અને તેમણે પોતપોતાના

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ધર્મનો જગતમાં પ્રચાર કરવાનો પ્રયત્ન કર્યો છે. જૈનધર્મ, યાહુદીધર્મ અને ઝોરોસ્ટરધર્મ એ ત્રણ ધર્મોનાં શાસ્ત્રોની અંદર સ્પષ્ટતાથી કહેવામાં આવ્યું છે કે તે ધર્મો અખિલ વિશ્વમાં પ્રચલિત થશે અને વિશ્વધર્મ તરીકે પ્રસિદ્ધ થશે. પરંતુ આ ધર્મોનો પાછળનો ઇતિહાસ જોતાં જણાય છે કે આ ભાવના કાળક્રમે તિરોહિત થઈ ગઈ છે.

હિન્દુધર્મના સિદ્ધાન્તો–ખાસ કરીને ગીતાએ ઉપદેશેલા સિદ્ધાન્તો–વિશ્વધર્મ તરીકે સ્વીકારી શકાય એવા છે. હિન્દુઓને પોતાના ધર્મનો સમસ્ત વિશ્વમાં પ્રચાર કરવાની વૃત્તિ ન હોવાથી તેમનાં શાસ્ત્રોમાં પોતાના ધર્મ માટે 'વિશ્વધર્મ' એ પ્રમાણે સ્પષ્ટ રીતે કહેવામાં આવ્યું નથી. પરંતુ વાસ્તવિક રીતે ગીતાધર્મ જ વિશ્વધર્મ છે અને કૃષ્ણ જગદ્ગુરુ છે.

બૌદ્ધધર્મ, ખ્રિસ્તીધર્મ અને મુસલમાનધર્મ એ ત્રણ ધર્મોનાં શાસ્ત્રોમાં વિશ્વધર્મની ભાવના બહુ સ્પષ્ટ રૂપે જોવામાં આવે છે, અને આ ધર્મોના સ્થાપકોએ પોતાના ધર્મને વિશ્વધર્મ બનાવવાને માટે પહેલેથી જ પ્રયાસ કર્યો છે અને પછીથી પણ તે જ પ્રમાણે ધર્મના પ્રચારકાર્યથી આ ધર્મો જગતની જુદી જુદી પ્રજાઓમાં પ્રચલિત થઇ ગયા છે. એકંદરે બૌદ્ધધર્મ આજે શાન્ત અને નિવૃત્તિપરાયણ છે. તેથી વિશ્વધર્મ થવાની બાબતમાં એકલો મુસલમાનધર્મ જ ખ્રિસ્તીધર્મની સાથે સ્પર્ધા કરી રહ્યો છે. ખ્રિસ્તીધર્મનો મુખ્ય ઉપદેશ એ છે કે જગતનાં બધાં મનુષ્યો એક જ પિતાનાં–ઈશ્વરનાં–બાળકો છે. ખ્રિસ્તીધર્મ વિશ્વધર્મ કેવી રીતે થઈ શકે એ વિષે પણ એક વ્યાવહારિક અને રચનાત્મક યોજના આ ધર્મે દર્શાવી છે, અને તે એ કે બધા ખ્રિસ્તીઓએ પ્રેમથી આત્મભોગ આપવો, આનન્દથી ધાર્મિક જીવન ગાળવું અને જગતની અનેક પ્રકારે સેવા કરવી. આ મહત્ત્વાકાંક્ષાને સફળ કરવાને માટે બધાં ખ્રિસ્તીઓને પૂરેપૂરો સહકાર સાધવાની જરૂર છે.

## ભાવિ જીવનની આશા અને ભીતિ

મરણ પછી પણ મનુષ્યનો આત્મા રહે છે એમ બધા ધર્મોમાં માન-



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વામાં આવ્યું છે. પરંતુ મરણોત્તર જીવનના વર્ણન અને તે ભાવી જીવનની આવશ્યકતા વિષે જુદા જુદા ધર્મોની અંદર જુદા જુદા અભિપ્રાયો દર્શાવવામાં આવ્યા છે. હિન્દુધર્મ કહે છે કે પુણ્યકર્મથી સ્વર્ગ અને પાપકર્મથી નરક મળે છે. પુણ્યનો ક્ષય થાય છે એટલે આત્મા પાછો આ જગતમાં આવે છે. ભક્તિથી આત્મા વૈકુંઠમાં ભગવાનની પાસે રહી દિવ્ય આનન્દ ભોગવે છે, જ્યારે જ્ઞાનથી આત્મા બ્રહ્મરૂપ થઈ જાય છે. કેટલાકના અભિપ્રાયે જગત્ ભ્રાન્ત છે, જ્યારે બીજા હિન્દુઓના મત પ્રમાણે જગત્ એ પરમાત્માનું પરિણામ હોવાથી સત્ય છે.

**બૌદ્ધધર્મનો** એવો સિદ્ધાન્ત છે કે આ મનુષ્યજીવન દુઃખથી ઘણું ખરાબ થઈ ગયું છે અને તેથી ખરેખરી રીતે તેને વધારે વખત ચાલવા દેવા જેવું નથી. મનુષ્યના દુઃખી અને ક્ષણિક જીવનનો અંતે સંપૂર્ણ નાશ વાસનાત્યાગથી થઇ શકે છે. **જૈનધર્મ** ઉપદેશ કરે છે કે આત્માની અમરતા સ્વાભાવિક અને અનિવાર્ય છે અને અંતે આત્મા કર્માનુસાર સ્વર્ગ અથવા નરકમાં વસે છે. હિન્દુસ્તાનમાં ઉદ્ભવ પામેલા ચારેય ધર્મોની અંદર **પુનર્જન્મની માન્યતા** સ્વીકારવામાં આવેલી છે. **કર્મનો સિદ્ધાન્ત** એટલો બધો આવશ્યક અને બળવાન છે કે માણસે આ જન્મમાં જે કર્મો કર્યાં હોય તેને અનુસરીને તેને મરણ પછી બીજો જન્મ લેવો પડે છે, અને આ પ્રમાણે તે ક્રિયા ચાલુ રહે છે.

**કૉન્ફ્યૂશ્યસધર્મ** એમ માને છે કે સદાચાર પાળવામાં જ ધર્મ રહેલો છે; આમ છતાં પણ તે કહે છે કે ભવિષ્યમાં જે જીવન ગુજારવાનું છે તે ઘણું ભયાનક અને ભૂતના જેવું છે; તેમાં સ્વર્ગ મેળવવાની આશા રાખવી નકામી છે, નરકનો પણ ભય રાખવાની જરૂર નથી; અર્થાત્ હાલ આપણે જે પ્રકારનું જીવન ગાળીએ છીએ તેનું ફળ ભોગવવાની જરૂર નથી. **ઝૅરોસ્ટરે** અને **મહમદના** ધર્મની અંદર એવું માનવામાં આવે છે કે ઈશ્વર ન્યાય આપવાને દિવસે મનુષ્યોને તેમનાં સારાં અને ખરાબ કર્મોનાં ફળ આપે છે; અને આ પ્રસંગે કોઇ પણ મનુષ્ય છટકી શકતો નથી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**મુસલમાનધર્મ**ની અંદર તો સ્વર્ગ અને નરકનું અદ્ભુત વર્ણન કરવામાં આવ્યું છે અને સાથે સાથે તેમાં એમ પણ કહ્યું છે કે જે પવિત્ર માણસો છે તે સ્વર્ગમાં જાય છે અને ત્યાં અનેક પ્રકારનો વિષયાનન્દ ભોગવે છે, અને જે અલ્લાને શરણે જતા નથી એવા નાસ્તિક પુરુષો નરકમાં જાય છે અને ત્યાં હંમેશાં અનેક પ્રકારનાં દુઃખો સહન કરે છે. **ઝોરોસ્ટરધર્મ**ની અંદર સ્વર્ગ અને નરકના વર્ણનમાં વિષયના સુખ અને દુઃખનું તત્ત્વ ઘણું ઓછું કરી નાખવામાં આવ્યું છે અને તેમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે પ્રકટીકરણના સંસ્કાર વડે અંતે પાપનો નાશ થઈ શકે છે.

બાઇબલમાં અને પછીથી લખાએલાં ખ્રિસ્તીધર્મનાં શાસ્ત્રોમાં મનુષ્યની મરણોત્તર ગતિ વિષે અનેક અભિપ્રાયો દર્શાવવામાં આવ્યા છે. પરંતુ એક વાત તો ઘણી સ્પષ્ટતાથી કહેવામાં આવી છે અને તે એ કે ભવિષ્યમાં એક એવો દિવસ આવશે કે બધા મનુષ્યોને પોતપોતાનાં કર્મો પ્રમાણે ન્યાય આપવામાં આવશે. જે સારા માણસો હશે તેમનો ઈશ્વરની સાથે ગાઢ સંબંધ થશે અને આનન્દ ભોગવશે, અને જે ખરાબ હશે તે ઈશ્વરથી છૂટા પડી અનેક પ્રકારનાં દુઃખો સહન કરશે અને આને માટે તે લોકો પોતે જ જવાબદાર છે; "ઈશ્વરને કોઈ છેતરી શકતું નથી. માણસ જેવું વાવશે તેવું લણશે." ( ગેલેટિઅન્સ ૬ : ૭ ). જીસસે પોતાના શિષ્યોને સ્પષ્ટ રીતે કહ્યું છે કે જો તમે મનુષ્યો ઉપર પ્રેમ રાખશો તો તમારી આધ્યાત્મિક ઉન્નતિ થશે જ. બીજાં જે પરિણામો આવે છે તે વિષે પણ અનેક જાતના સિદ્ધાન્તો આપવામાં આવ્યા છે. આ વિષયમાં એક અગત્યનો સિદ્ધાન્ત પૉલનાં વચનોમાં આપવામાં આવેલો છે. તે આ પ્રમાણે છેઃ— " પાપનું ફળ મરણ છે, પણ ઈશ્વરની બક્ષીસ અમર જીવન છે." ( રોમન્સ, ૬ : ૨૩ ).

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ચૌદમું

## પ્રાચીન અવિદ્યમાન ધર્મો

જગતમાં આજે જે મુખ્ય અગીઆર ધર્મો વિદ્યમાન છે તેનો વિચાર અને તુલના આપણે પાછલાં પ્રકરણોમાં કરી ગયા. ભૂતકાળમાં જગતના જૂદા જૂદા ભાગોમાં કેટલાક ધર્મો પ્રચલિત હતા, પણ આજે તે અસ્તિત્વમાં નથી. અમેરિકા, ઑસ્ટ્રેલીઆ, ગ્રીસ, અને રોમ જેવા દેશોમાં પ્રાચીન કાળમાં જે વિશિષ્ટ પ્રકારના ધર્મો હતા તે આજે જોવામાં આવતા નથી પણ તેને બદલે ત્યાં ખ્રિસ્તીધર્મ જોવામાં આવે છે. તે જ પ્રમાણે ઇજીપ્ત અને બેબીલોનીઆ જેવા દેશોમાં પહેલાં ધર્મનાં જે સ્વરૂપો હતાં તે આજે નથી, પણ તેને બદલે ત્યાં ઇસ્લામ ધર્મ જોવામાં આવે છે. આ પ્રકરણમાં આપણે કેટલાક મુખ્ય પ્રાચીન અવિદ્યમાન ધર્મોનો સંક્ષેપમાં વિચાર કરીશું.

પુરાતત્ત્વ ખાતાએ જગતના ભિન્ન ભિન્ન ભાગોમાં ખોદકામ કરીને માનવજાતિના ઇતિહાસ ઉપર અપૂર્વ પ્રકાશ નાખ્યો છે, અને હજુ ખોદકામો દ્વારા વધારે પ્રકાશની ઘણી જરૂર છે. ભારતમાં, અને ગુજરાતમાં સાબરમતી, મહી, વિશ્વામિત્રી અને ઓરસંગ જેવી નદીઓની ખીણોમાં જે ખોદકામ થયું છે તે ઉપરથી આપણને જણાય છે કે ગુજરાતમાં પ્રાચીન પાષાણયુગમાં (બે લાખ વર્ષો પહેલાં) માનવજાતિ વસતી હતી. તામ્રપાષાણયુગ અને લઘુપાષાણયુગના પણ અવશેષો મળે છે, પણ લઘુપાષાણયુગથી નવપાષણયુગ સુધીના સમયના ગાળા માટે હજુ સુધી આપણને સાધનસામગ્રી મળી નથી. આને માટે જૂદાં જૂદાં સ્થળોમાં ખોદકામની આવશ્યકતા છે.

પ્રાચીન પાષાણ યુગથી માંડીને નવપાષાણ યુગ (આશરે ૧૨૦૦૦–૫૦૦૦ ઇ. સ. પૂર્વે) સુધીનાં જે અવશેષો મળેલાં છે તેના ઉપરથી તે તે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પ્રજાના ધર્મના સ્વરૂપ ઉપર કોઈ પણ પ્રકારનો પ્રકાશ પડતો નથી. મોહેંજો-દડોમાં જે ખોદકામ થયું છે તેણે ધર્મ ઉપર સારો પ્રકાશ નાખ્યો છે. ઇ. સ. પૂર્વે ત્રણ હજાર વર્ષો ઉપર સિન્ધુ સંસ્કૃતિની પ્રજા શક્તિ, શિવ, ત્રિમૂર્તિ અને પ્રાણીઓની પૂજા કરતી હતી એટલું તો આજે સ્પષ્ટ રીતે સિદ્ધ થઇ ચૂકયું છે. ઇજીપ્ત, સુમેરિઆ અને ચીનની પ્રાચીન સંસ્કૃતિ સાથે સિન્ધુ સંસ્કૃતિ સરખાવવા જેવી છે. ઉર, સુસા વગેરે સ્થળોના ખોદકામોથી પ્રાચીન સંસ્કૃતિ ઉપર ઘણો પ્રકાશ પડયો છે.

**ઇજીપ્તનો પ્રાચીન ધર્મ**

ઇજીપ્તનો ઇતિહાસ લગભગ ઇ. સ. પૂર્વે ત્રણ હજાર વર્ષથી શરૂ થાય છે. ઇજીપ્તના જેટલા રાજવંશો થએલા છે તેટલા બધાની સાથે ઇજીપ્તના ધર્મનો ઇતિહાસ જોડાએલો છે. ગ્રીક પ્રજાએ ઇજીપ્તને જીતી લીધું ( ૩૩૨ ઇ. સ. પૂર્વે ) ત્યાં સુધીમાં ત્રીસ રાજવંશોએ ઇજીપ્તમાં રાજ્ય કર્યું છે. ઇજીપ્તમાં સિંહ, વાનર, બળદ, કુતરા, બીલાડી જેવાં પ્રાણીઓની પૂજા કરવામાં આવતી હતી. કુટુંબ અને ગામના દેવોને મંદિરોમાં સાથે સાથે રાખીને લોકો પૂજા કરતા હતા. આ પ્રમાણે અનેક-દેવવાદ પ્રચારમાં આવ્યો હતો. ઇજીપ્તની પ્રજા મુખ્યત્વે સૂર્યની પૂજક હતી. સૂર્યનાં જુદાં જુદાં સ્વરૂપોને પૂજવામાં આવતાં હતાં. **રા** અને **ઓસિરિસ** એ બે ઇજીપ્તના મુખ્ય દેવો સૂર્યનાં જ રૂપો છે. **હેલિઓ-પોલીસ** એ સૂર્યપૂજાનું મુખ્ય ધામ હતું. ઓસિરિસની સ્ત્રી **આઇ-સિસ** ની પૂજા કરવામાં આવતી હતી. **પ્તાહૂ** નામનો એક બીજો દેવ વિશ્વકર્માનું કામ કરતો હતો. કાળક્રમે **એમન, એમન-રા** વગેરે નવા દેવોની કલ્પના કરવામાં આવી અને તેમની પૂજાનો પ્રચાર થયો. બધા દેવોનો સંગ્રહ કરીને પિતા, માતા અને બાળક એમ ત્રિમૂર્તિ તરીકે પૂજા કરવામાં આવતી હતી. દા. ત. **મેમ્ફીસ** નામના સ્થળમાં પ્તાહ, સેખમેત અને તેમનો પુત્ર ઇમહોતેપ એ ત્રણની પૂજા થતી હતી: **થેબ્સ** નામના

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સ્થળમાં એમન–રા, મુત અને ખોન્સ એ ત્રણની પૂજા થતી હતી; **એબીડાસ** નામના સ્થળમાં ઓસિરિસ, આઈસિસ અને હોરસ એ ત્રણની પૂજા થતી હતી. **સેટ** એ સૌથી જૂનો દેવ છે, **હોરસ** એ રાજાઓનો દેવ છે, **ઓસિરિસ** એ પ્રજાનો દેવ છે અને **રા** એ રાષ્ટ્રનો દેવ છે. આ બધાય દેવો સૂર્યનાં જ રૂપો છે. મૃત રાજાઓને અને બીજા મનુષ્યોને દેવ તરીકે પૂજવામાં આવતા હતા અને એ રીતે પિતૃપૂજાનો પ્રચાર થએલો હતો.

ઇજીપ્તની પ્રજા આત્મા અને દેહ વિષે જે વિચારો ધરાવતી હતી તે જાણવા જેવા છે. મનુષ્ય જયારે જન્મે છે ત્યારે ક નામના તત્ત્વ સાથે જન્મે છે. મનુષ્યનો જે વાસ્તવિક આત્મા છે તેને **બ** કહેવામાં આવે છે. બ નિત્ય છે અને સ્વર્ગમાં હંમેશને માટે રહી શકે છે. **મરણ પછી દેહ–ખત**–ને મસાલો ભરી સાચવી રાખવામાં આવતો હતો, અને વિધિસર પ્રાર્થનાઓ કરવાથી તે દેહ અમર બનતો હતો. મૃતદેહની સાથે બીજી ઘણી વસ્તુઓ પ્રેતના ઉપયોગ માટે મૂકવામાં આવતી હતી. મરણ પછી જયારે આત્માને ફરીથી આ જગતમાં આવવું હોય ત્યારે આ મૃત દેહ તેને ધારણ કરવા માટે કામમાં આવે એ હેતુથી મડદાંઓને–મમીને–બહુ કાળજીથી સાચવી રાખવામાં આવતાં હતાં. ઇજીપ્તના રાજાઓનાં મડદાંઓ ઉપર **પીરામીડો** બાંધવામાં આવતા હતા. આજે પણ ઇજીપ્તનાં મમીઓ અને પીરામીડો જગપ્રસિદ્ધ છે. **પ્રેતગ્રન્થ** ( Book of the Dead ) નામના પુસ્તકમાં ઓસિરિસ મરણ પછી જીવોનો ન્યાય તેમના કર્મ પ્રમાણે કેવી રીતે કરે છે તેનું સરસ વર્ણન કરવામાં આવેલું છે. એક ત્રાજવામાં મૃત મનુષ્યનું હૃદય મૂકીને ન્યાય કરવામાં આવતો હતો. આ પ્રેતગ્રન્થ ઘણો પવિત્ર મનાતો હતો અને તેથી પત્ર ઉપર તે લખીને શબની સાથે દાટવામાં આવતો હતો. ઇજીપ્તની પ્રજાને જાદુમાં ઘણી શ્રદ્ધા હતી. ઇ. સ. ૩૯૧ માં થિઓડોસીઅસે ઇજીપ્તનાં દેવાલયોને બંધ કરવાનો હુકમ કર્યો તે ક્ષણે જ ઇજીપ્તના પ્રાચીન ધર્મની

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પૂર્ણાહુતિ થઇ. આજે ઇજીપ્તમાં પ્રજાસત્તાક રાજ્ય છે અને પ્રજાનો ધર્મ ઇસ્લામ છે. આફ્રીકાના બીજા બધા દેશોની પ્રજા પ્રાચીન કાળમાં જડ અને ચેતન પદાર્થોની અને કુદરતનાં તત્ત્વોની પૂજા કરતી હતી. આફ્રિકાની આજની કેટલીક આદિવાસી પ્રજામાં અને નીગ્રોમાં આ પ્રાચીનધર્મના અવશેષો જોવામાં આવે છે. આફ્રિકાની બીજી પ્રજામાં ઇસ્લામ અને ખ્રિસ્તી ધર્મનો પ્રચાર થએલો છે.

## સુમેરીઆનો પ્રાચીન ધર્મ

ઉર નામના સ્થળે પુરાતત્ત્વવિદોએ ખોદકામ કરીને જે પદાર્થો શોધી કાઢયા છે તેના ઉપરથી સુમેરિઅન પ્રજાની સંસ્કૃતિનો ખ્યાલ આવી શકે છે. સુમેરિઅનો સેમિટિકથી ભિન્ન હતા અને આશરે ઇ. સ. પૂર્વે ૫૦૦૦ વર્ષો પહેલાં તેમણે આ સ્થળે વાસ કર્યો હતો. તેમના નામ ઉપરથી જ તે દેશ **સુમેર** તરીકે ઓળખાયો હતો. તેમના જીવનમાં ધર્મનું મહત્ત્વ ઘણું હતું. શરૂઆતમાં તેઓ **એન્લીલ** (પૃથ્વીનો દેવ) અને **એન્કી** (જળનો દેવ) એ બે દેવોની ઉપાસના કરતા હતા. કાળક્રમે બીજા દેવો સ્વીકારવામાં આવ્યા તે એટલે સુધી કે દરેકને પોતાનો ઇષ્ટ દેવ હોય. દરેક નગરમાં ઊંચા ટાવરવાળું મન્દિર ( Ziggurat જેને બેબીલોનીઅનમાં Zikkuratu, Tower of Babel, કહેવામાં આવે છે ) બાંધવામાં આવ્યું હતું. આ ટાવર ઉપર એન્લીલની પૂજા કરવામાં આવતી હતી. જેમ જેમ બીજા દેવોની પૂજા દાખલ થઇ તેમ તેમ ટાવરવાળાં બીજાં મન્દિરો બાંધવામાં આવ્યાં.

આ દેવોની સત્તા ભવિષ્યના જીવન ઉપર ન હતી. ઐહિક સુખ અને દીર્ઘ આયુષ્ય માટે લોકો આ દેવોની પૂજા કરતા હતા. મરણોત્તર અવસ્થા એક જડ સ્થિતિ છે એમ લોકો માનતા હતા. તેઓ મરી ગએલા માણસને ઘરમાં જ દાટતા હતા, કારણ કે તેઓ એમ માનતા હતા કે પ્રેતો જો ઘરમાં હોય તો તેમની પૂજા થઇ શકે અને બધી વખતે તેઓ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હાજર રહી શકે. મડદાની સાથે અનાજથી ભરેલાં વાસણો મૂકવામાં આવતાં હતાં કબરોમાંથી જે ગોળ અને લાંબા મોહોર સીક્કાઓ જડી આવ્યા છે તે ઉપર દેવો, દેવીઓ અને પ્રાણીઓની આકૃતિઓ જોવામાં આવે છે. આ ઉપરથી દેવો વિષેની ભાવનામાં કેટલી વિવિધતા આવી છે તે જાણી શકાય છે. કેટલાક સીક્કાઓ ઉપર હિન્દુસ્તાનના પ્રાણીઓની આકૃતિઓ છે. તેથી અનુમાન થાય છે કે સુમેરિઅન પ્રજાનો હિન્દુસ્તાનની પ્રજા સાથે સંબંધ હોવો જોઇએ. મોહેન્જો-દડોના અવશેષોમાં સુમેરિઅન પ્રજાની વસ્તુઓ જોવામાં આવે છે. આ ઉપરથી જણાય છે કે સુમેર અને સિંધ વચ્ચે વ્હેપાર ચાલતો હશે.

ઉપરના ખોદકામથી રાજાઓની ઘણી કબરો (ઇ. સ. પૂ ૩૦૦૦ થી આરંભ થતી) જડી આવી છે. તેમાં રાજા અને રાણીના જુદા જુદા ખંડો હોય છે. તેમની આજુબાજુ સોના ચાંદીનાં ઘરેણાં, સંગીતનાં વાદ્યો અને બીજા સુંદર પદાર્થો મૂકવામાં આવેલા છે. આ ઉપરાંત ઘણા નોકરોને મારી નાખીને રાજાની સાથે દાટવામાં આવતા હતા રાજાને દાટતી વખતે જ આ પ્રકારનો મનુષ્યવધ કરવામાં આવતો હતો.

## બેબીલોનીઆનો પ્રાચીન ધર્મ

બેબીલોનની પ્રજાનો ઇતિહાસ લગભગ ૩૭૫૦ ઇ. સ. પૂ. થી ૫૦૦ ઇ. સ. પૂ. સુધીનો છે. **સાર્ગન** નામનો સેમિટિક સૈનિક આશરે ઇ. સ. પૂ. ૨૭૫૦ ની સાલમાં **અક્કડ** નામના પ્રદેશમાં રાજ્ય કરતો હતો. તેણે સુમેરિઅનોને અને બીજી પ્રજાઓને હરાવી મોટા રાજ્યની સ્થાપના કરી. સુમેરિઅનો અને સેમિટિકો સાથે સાથે શાન્તિથી રહેવા લાગ્યા. ઇ. સ. પૂ. ૨૨૦૦ની લગભગ એમોરાઇટ સેમિટિકોએ બેબીલોન આગળ આવી વાસ કર્યો. સમય જતાં તેમની સત્તા વધવા માંડી અને **હમ્મુરબી** નામના રાજાએ સામ્રાજ્ય સ્થાપવાનો નિશ્ચય કર્યો. તેણે સમાજને માટે કેટલાક સારા કાયદાઓ ઘડયા જે આજે **હમ્મુરબીના** કાયદા તરીકે ઓળખાય

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છે. પ્રજા ઊંચા ટાવરવાળાં દેવળોમાં પૂજા કરતી હતી અને પ્રાણીઓનું બલિદાન કરવામાં આવતું હતું. પૂજા વખતે અનેક પ્રકારનું સંગીત ચાલતું હતું. પૂજારીઓમાં સ્ત્રીઓનું સ્થાન ઊંચું હતું. મન્દિરોમાં હિન્દુસ્તાનની દેવદાસીઓની માફક સ્ત્રીઓનું એક મંડળ રહેતું હતું. ભવિષ્ય કહેનારા કેટલાક માણસો પણ મંદિરમાં રહેતા હતા, અને તેથી જ્યોતિષશાસ્ત્રનો અભ્યાસ શરૂ થયો.

બેબીલોન પ્રજા શરૂઆતમાં વૃષભ વગેરે પ્રાણીઓની પૂજા કરતી હતી. તેમના દેવોમાં પહેલા ત્રણ મુખ્ય દેવો હતા : સ્વર્ગનો દેવ **અનુ,** પૃથ્વીનો દેવ **એન્લીન** અથવા **બેલ,** અને જળનો દેવ ઇઆ. પછીથી બીજા ત્રણ દેવોનો એક વર્ગ અસ્તિત્વમાં આવ્યો : ચન્દ્રદેવ **સીન,** સૂર્યદેવ **શમાશ** અને અન્તરિક્ષદેવ **રમ્માન.** દેવોની માફક અનેક દેવીઓની પણ પૂજા થતી હતી. આ બધી દેવીઓમાં પ્રેમની દેવી **ઇસ્તર**નું સ્થાન મહત્ત્વનું હતું. તેને અંગે અનેક રસમય કથાઓ જોવામાં આવે છે. શરૂઆતમાં **એન્લીન** એ મુખ્ય દેવ હતો પણ હમ્મુરબીના સમયમાં બેબીલોનના **મર્દુક** અથવા **મેરોડાક** નામના દેવે તેનું સ્થાન લીધું. આ દેવ ઇડન નામના બાગમાં રહે છે. આ બાગમાં દેવોને પ્રિય થઇ પડેલું એક મોટું વૃક્ષ છે. મુખ્ય દેવો ઉપરાંત બીજા કેટલાક નાના દેવોની પણ પૂજા થતી હતી. દેવની પૂજા પોતે હંમેશાં કરે છે એ ભાવનાથી માણસો મંદિરોમાં દેવની પાસે પોતાની માટીની એક પ્રતિમા મૂકી રાખતા હતા. આ બધી પ્રતિમાઓ ખોદકામથી પ્રકાશમાં આવી છે. દરેક કુટુંબમાં કુલદેવતાની ભાવના હતી. આ કુલદેવનો મરી ગએલા માણસોના આત્મા સાથે સંબંધ છે એમ માનવામાં આવતું હતું, અને કુટુંબના સુખનો આધાર પણ આ કુલદેવની કૃપા ઉપર જ રહેતો હતો. દેવોની પૂજા ભયને લીધે કરવામાં આવતી હતી, પ્રેમ અથવા આદરભાવને લીધે નહિ. લોકોને જાદુમંત્રોમાં બહુ વિશ્વાસ હતો. મરણોત્તર અવસ્થા બહુ આકર્ષક ન હોવાથી આ જગતમાં સુખ, સંપત્તિ અને દીર્ઘ આયુષ્યને માટે જ દેવોને પ્રાર્થના

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કરવામાં આવતી હતી. બેબીલોનીઆની અનેક પ્રકારની કથાઓનું સાહિત્ય પણ અસ્તિત્વમાં આવ્યું હતું. અને તેમાં જગતની ઉત્પત્તિ અને મહાપ્રલય જેવી કથાઓની અસર બાઇબલ ઉપર થએલી છે.

## એસીરીઆનો પ્રાચીન ધર્મ

ઇ. સ. પૂ. ૩૦૦૦ ના અરસામાં સેમિટિક લોકો **અસર** અથવા **એસીરીઆમાં** વસ્યા. આગળ જતાં તેમમણે બેબીલોન વગેરે સ્થળોની સંસ્કૃતિ અપનાવી. તેમના ધાર્મિક વિચારો ઉપર બેબીલોનની પ્રજાના વિચારોની ઘણી અસર થએલી છે. એસીરીઆનો મુખ્ય દેવ **અસર** હતો, અને તેને બેબીલોનીઆના દેવો–બેલ, અનુ અને ઇયા–ના કરતાં ઉત્તમ માનવામાં આવતો હતો. **અસર** દેવ એસીરીઆના રાજાઓનો રક્ષક હતો. અસરની પત્નીનું નામ **બેલીત** હતું અને તે **ઇસ્તર** દેવીથી ભિન્ન નથી એમ માનવામાં આવતું હતું. અરબેલા નામના સ્થળમાં એક બીજી **ઇસ્તર** નામની યુદ્ધની દેવી હતી. યુદ્ધના દેવ **નીનીબ** અને શિકારના દેવ **નેર્ગલ** એ બે દેવોનું પૂજન આદરભાવથી કરવામાં આવતું હતું. સૃષ્ટિની ઉત્પત્તિ, ભવિષ્યકથન, જ્યોતિષ્શાસ્ત્ર, પૂજાવિધિ, જાદુમંત્ર વગેરે બાબતો બેબીલોનીઆની સંસ્કૃતિમાંથી જ લેવામાં આવેલી છે. એસીરીઆની પ્રજાને દરેક બનાવની યાદી કરવાનો શોખ હતો. આ શોખને પરિણામે તેમના જ્યોતિષ્શાસ્ત્રના અનુભવો લેખરૂપમાં સચવાઇ રહ્યા છે અને તેને લીધે જ આગળ જતાં ગ્રીક પ્રજા ખગોળ શાસ્ત્રનો સારો વિકાસ કરી શકી છે.

## ગ્રીસનો પ્રાચીન ધર્મ

ગ્રીસની સંસ્કૃતિનો ઇતિહાસ ઇ. સ. પૂ. ૨૦૦૦ થી શરૂ થઇ ઇ. સ. ના આરંભ કાળ સુધીમાં અનેક રંગો ધારણ કરે છે. તે બધામાં ગ્રીસની પ્રજાની અસાધારણ બુદ્ધિ સ્પષ્ટ દેખાઇ આવે છે. મધ્યમાર્ગ, સૌન્દર્ય અને સરલતાનો સમન્વય, શરીર અને બુદ્ધિનો એક સરખો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વિકાસ—આ વિશિષ્ટ લક્ષણોએ ગ્રીસના ધર્મને વિશિષ્ટ સ્વરૂપ આપ્યું છે. એટલું જ નહિ પણ જગતની વિચારધારાઓનું કેટલેક અંશે રૂપ પણ ઘડ્યું છે.

ગ્રીક પ્રજા મૂળ હિન્દીયૂરોપી પ્રજાનો જ એક ભાગ હતી. ગ્રીસમાં જ્યારે આ પ્રજા આવી ત્યારે ઋગ્વેદના જેવા પ્રકૃતિદેવોની પૂજા પોતાની સાથે લેતી આવી હતી. કુદરતના ભિન્ન ભિન્ન તત્ત્વોને દેવ અને દેવી માનીને, તેમનામાં મનુષ્યના જેવો આકાર અને ગુણો છે એમ કલ્પીને આ પ્રજા પૂજન કરતી હતી. ગ્રીકના આદ્ય કવિ **હોમરે** ( આશરે ઇ. સ. પૂર્વે ૧૦૦૦ ) ' ઇલિયડ ' અને ' ઓડીસી ' નામનાં બે મહાકાવ્યોમાં આ બધા દેવો અને દેવીઓનો સારો ખ્યાલ આપ્યો છે. **હિસિયડ** ( ઇ. સ. પૂર્વે ૮૦૦ ) નામના બીજા મહાકવિએ ' કાર્ય અને દિવસો ' (Works and Days) અને ' દેવોત્પત્તિ ' (Theogony) એ બે કાવ્યોમાં ગ્રીસના દેવો અને ધર્મ વિષે સારું નિરૂપણ કરેલું છે. પેરિકલેસના સમયમાં ( ઇ. સ. પૂ. પાંચમું શતક ) **હિરોડોટસ** જે ઇતિહાસના પિતા તરીકે પ્રસિદ્ધ છે તેણે લખેલો ઇતિહાસ અને **ફિડિઍસ** વગેરે શિલ્પકારોએ ઘડેલી દેવદેવીઓની મૂર્તિઓ પણ આ દેશના ધર્મ ઉપર સારો પ્રકાશ નાખે છે.

ગ્રીક લોકોનો મુખ્ય દેવ **ઝ્યૂસ** (Zeus અથવા Zeus Peter ) છે. તે આકાશનો દેવ છે અને તેની તુલના ઋગ્વેદના દ્યૌ પિતર્ અને પછીના રોમન **જ્યુપિટર**ની સાથે થઈ શકે એમ છે. આ દેવ **ઑલિમ્પિસ** નામના પર્વત ઉપર બિરાજે છે અને ' દયાનો સાગર ' અને ' દેવો અને મનુષ્યોનો પિતા ' એ ભાવનાથી પૂજવામાં આવતો હતો. આ પર્વત ઉપર બીજા પણ કેટલાક દેવો અને દેવીઓનાં સ્થાન છે. **હીરા** નામની દેવી ઝ્યૂસની સહચરી તરીકે પૂજાય છે. સમુદ્રનો દેવ **પોસીડન**, સૂર્યનો દેવ **ઍપૉલો**, યુદ્ધનો દેવ **ઍરીસ**, ગૃહદેવતા **હેસ્ટિઆ**, પૃથ્વીદેવી **ડીમીટર**, શોધ કરનાર **હિમીર્સ**, વગેરેની પૂજા કરવામાં આવતી હતી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કાળક્રમે **હેડીસ, ડાયોનીસીસ, ક્રોનસ, યુરેનસ** વગેરે દેવો અસ્તિત્વમાં આવ્યા. દેવોના પરિચારકો તરીકે કેટલાક નાના દેવો પણ સ્વીકારવામાં આવ્યા. રાત્રી અને દિવસ, અરુણોદય, અંધકાર, નિદ્રા વગેરેના દેવોની માન્યતા પણ અસ્તિત્વમાં આવી. નાના મોટા દેવોની એકંદર સંખ્યા ત્રીસ હજારની થઈ. ઇજીપ્ત અને હિન્દુસ્તાન સિવાય જગતના બીજા કોઈ પણ દેશમાં આટલા બધા દેવોની સંખ્યા જોવામાં આવતી નથી.

પોતાની ઇચ્છાઓ પરિપૂર્ણ કરવાને માટે ગ્રીક પ્રજા ઉપર જણાવેલા દેવોની પૂજા કરતી હતી. પૂજામાં મુખ્યત્વે પ્રાર્થના, ફળફૂલ વગેરેથી ભેટ અને પશુવધ એ તત્ત્વો હતાં. જૂદા જૂદા દેવોને માટે જૂદા જૂદા પશુઓનો વધ કરવામાં આવતો હતો. પૂજાને નિમિત્તે આખા વર્ષમાં અનેક ઉત્સવો થતા હતા, અને તેમાં ચાર મુખ્ય હતા : ઓલિમ્પિઆ, પીથીઆ, ઇસ્થમીઆ અને નીમીઆ. આ ઉત્સવોમાં આખા દેશના લોકો એકઠા થતા હતા. એથેન્સમાં ડાયોનીસીસનો મહોત્સવ ફેબ્રુઆરી માસમાં ઉજવવામાં આવતો હતો. ઑક્ટોબર માસમાં ડીમીટરનો ઉત્સવ ઉજવાતો હતો અને તેમાં સ્ત્રીઓ જ ભાગ લેતી હતી. એપૉલોના ઉત્સવમાં ભાગ લેવા ઘણા લોકો એથેન્સમાં આવતા હતા. જુલાઇ મહિનામાં સ્પાર્ટામાં જે વ્યાયામનો ઉત્સવ થતો હતો તેમાં ગ્રીક પ્રજાની વીરતાનાં દર્શન થતાં હતાં. **ડેલ્ફિમાં** ભવિષ્ય જાણવાને માટે અસંખ્ય લોકો આવતા હતા અને તેથી પ્રજાની એકતા સ્વાભાવિક રીતે સચવાતી હતી.

ગ્રીસની પ્રજામાં ચેતના અને ઉલ્લાસ હતાં. તેથી તેમના ઉત્સવોમાં ખરેખરો પ્રાણ હતો. મરણ પછીની અવસ્થા વિષે તેમને બહુ ચિન્તા ન હતી. મરણ પછી પ્રેતનો આત્મા નીચે આવેલા **હેડીસ**ના લોકમાં–જ્યાં સુખ અને આનન્દનો અભાવ છે ત્યાં–જાય છે એમ માનવામાં આવતું હતું. ત્યાં પુણ્યશાળી આત્માને માટે સ્વર્ગ (Elysium) અને પાપીઓને માટે નરક (Tartarus)ની યોજના કરવામાં આવેલી હતી. દેવો માણસોનાં શુભ અને અશુભ કર્મોનો બધો હિસાબ રાખતા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હતા. અને તે પ્રમાણે પ્રેતના આત્માનું સ્થાન નક્કી કરવામાં આવતું હતું.

અનેક દેવોની કલ્પના બાહ્ય આચારથી રંગાએલી દેવપૂજા, ભવિષ્ય-વાણીમાં અપૂર્વ શ્રદ્ધા—આ બધાં તત્ત્વોથી ગ્રીસના કેટલાક વિચારકોને અસંતોષ થયો હતો. તેમાં સૉક્રેટીસ ( આશરે ૪૬૯–૩૯૯ ઇ. સ. પૂ. ) અગ્રણી હતો. તેણે ન્યાય, સત્ય અને આત્માના જ્ઞાનની આવશ્યક્તા વિષે પ્રજાને ઉપદેશ આપ્યો. ઘણા નાગરિકો તેના શિષ્યો થયા. સૉક્રેટીસના નવા વિચારોથી રાજ્યના અધિકારીઓ તેના ઉપર બહુ ગુસ્સે થયા અને તેના ઉપર આરોપ મૂકીને ઝેર આપી 'માનવજાતિના રત્નનો' નાશ કરી નાખ્યો. સૉક્રેટીસ અને પ્લેટો જેવા તેના શિષ્યો, એરિસ્ટોટલ, ઝીનો અને બીજા તત્ત્વચિન્તકો—આ સર્વેએ જ્ઞાનમાર્ગનો ઉપદેશ કરી ગ્રીસને ખરેખર અમરતા અર્પી છે. 'તત્ત્વચિન્તક રાજા' એ પ્લેટોનો આદર્શ આજે પણ પ્રેરણાદાયક છે.

ગ્રીસની પ્રજામાં તત્ત્વજ્ઞાનની સાથે સાથે એક વિશિષ્ટ પ્રકારની ભક્તિનો પણ પ્રવાહ શરૂ થયો છે. આ ભક્તિનું નામ **મિસ્ટરી** (Mystery) છે. આ શાખામાં અમુક માણસો એકાન્તમાં ભક્તિ કરે છે અને મુખ્યત્વે ભાવનાવાદ અને પરલોકના વિચાર ઉપર ભાર મૂકવામાં આવે છે. આ સંપ્રદાયના કર્મકાણ્ડમાં ખાસ કરીને મનુષ્ય અને ઇશ્વરના સંબંધી ભાવના જોવામાં આવે છે.

ઇ. સ. ૫૨૯ માં રોમન સમ્રાટ જસ્ટિનીઅને (૪૯૨-૫૬૫) એથેન્સની બધી તત્ત્વજ્ઞાનની શાખાઓ બંધ કરી અને ગ્રીસના પ્રાચીન ધર્મનુ તિરોધાન થયું. આજે ગ્રીસમાં ખ્રિસ્તી ધર્મનો પ્રચાર છે.

## રોમનો પ્રાચીન ધર્મ

ઇટલીના મધ્ય ભાગમાં **લૅટીન** ખેડુતો રહેતા હતા. તેઓ માનતા હતા કે નદી, પર્વત, જંગલ વગેરે જગતના બધા ય પદાર્થોમાં એક પ્રકારનું ચેતન તત્ત્વ રહેલું છે. અર્થાત્ તેઓ **જીવવાદ** (Animism) સ્વીકારતા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હતા. વળી તેઓ જે ઘરમાં રહેતા હતા તે ઘરના જૂદા જૂદા ભાગોની પણ પૂજા કરતા હતા. આ સાદા લૅટીન ધર્મમાંથી રોમના પ્રાચીન ધર્મની ઉત્પત્તિ થએલી છે. અંગ્રેજી શબ્દ Religion–ધર્મ–લૅટીન શબ્દ Religio માંથી જ આવેલો છે. ચેતન તત્ત્વ જ્યાં રહેતું હોય એવા પવિત્ર સ્થળમાં મનુષ્યને જે ભય અને આદરભાવની લાગણી થાય છે તેનું નામ Religio છે એમ જણાય છે. મનુષ્યની આજુબાજુ સારાં અને ખરાબ તત્ત્વો અદશ્યરૂપે ફર્યા જ કરે છે એમ માનવામાં આવતું હતું. ઘરમાં પણ આવાં કેટલાંક તત્ત્વો હતાં: દા. ત. દ્વારરક્ષક **જનુસ,** કબાટનો રક્ષક **પેનાટેસ**. જીવનના જૂદા જૂદા પ્રસંગોએ જૂદાં જૂદાં તત્ત્વોની પૂજા કરવામાં આવતી હતી. બાળકના જન્મ વખતે **પિકમ્નસ** અને **પિલમ્નસ**ની પૂજા થતી હતી; લગ્ન પ્રસંગે **જ્યુપિટર** જે પ્રથમ આકાશદેવ હતો તેની પૂજા થતી હતી; કન્યા પરણીને સાસરે જાય ત્યારે તે પોતે ગભડી ન પડે એટલા માટે ઉમરા આગળ પોતાના હાથમાં ત્રણ સીક્કાઓ રાખતી—એક પોતાના **ધણી માટે,** બીજો ઘરના દેવ **લાર**ને માટે અને ત્રીજો ખેતરના દેવ **લારેસ**ને માટે. મરણ વખતે પણ આખા ઘરને વિધિસર શુદ્ધ કરવામાં આવતું હતું અને **સેરેસ**ના માનમાં યજ્ઞ કરવામાં આવતો હતો. વર્ષમાં બે વાર ફેબ્રુઆરી અને મે મહિનામાં પિતૃઓના માનમાં ક્રિયાઓ કરવામાં આવતી હતી અને એક પ્રકારનો ઉત્સવ ઉજવવામાં આવતો હતો. રોમન શબ્દ Pietas નો અર્થ 'દેવો અને કુટુંબની ભક્તિ' એ પ્રમાણે થાય છે. આ પ્રકારે પ્રાચીન રોમમાં દેવો અને કુટુંબનો સંબંધ ઘણો ગાઢ હતો.

આ પ્રમાણે રોમની પ્રજા ઘરમાં અને બહાર ઉત્સવો ઉજવતી હતી અને આનન્દમય જીવન ગાળતી હતી. કાળક્રમે વ્યક્તિના સાદા ધર્મમાંથી સમસ્ત રાષ્ટ્રના ધર્મનો ઉદય થયો અને જૂના **દેવોએ** ભવ્યસ્વરૂપ ધારણ કર્યું. રોમના **કૅપીટોલીન** પર્વત ઉપર ત્રિમૂર્તિનું-**જ્યુપિટર** ( સૌથી મહાન શ્રેષ્ઠ દેવ ), **માર્સ** ( જે પહેલાં ખેતીનો દેવ હતો અને હવે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

યુદ્ધનો દેવ બન્યો હતો) અને **ક્વીરીનસ** (રક્ષણ કરનારો દેવ) આ ત્રણ દેવોનું-મન્દિર બાંધવામાં આવ્યું. આગળ જતાં **જ્યુપિટર**, તેની પત્ની **જુનો**, અને **મિનેરવા** (શિલ્પી અને પ્રજ્ઞાની દેવી) એ ત્રણેએ મુખ્ય ત્રિમૂર્તિનું સ્થાન લીધું. ગામડાંઓમાં દેવદેવીઓની પૂજા ખુલ્લી જગ્યામાં વૃક્ષોની ઘટા નીચે થતી હતી, પણ રોમની અંદર મંદિરોમાં મનુષ્યના જેવી દેવદેવીઓની મૂર્તિઓની પ્રતિષ્ઠા કરી પૂજા કરવામાં આવતી હતી. પહેલાં ખેતી અને પશુઓને ઉદ્દેશીને ઉત્સવો થતા હતા પણ પછી લોકોનું દૃષ્ટિબિંદુ બદલાતાં પ્રજા અને રાષ્ટ્રના કલ્યાણ માટે ઉત્સવો ઉજવવામા આવતા હતા. પહેલાં રાજા જ મુખ્ય પૂજારી હતો પણ જ્યારે રાજશાસન બંધ થયું ત્યારે પૂજાનું કામ રાજકુટુંબના જુદા જુદા માણસોમાં, ફોજદારી ન્યાયાધીશોમાં અને મુખ્યત્વે પોન્ટીફોમાં વહેંચી નાંખવામાં આવ્યું હતું. દરેક દેવદેવીને પોતાના પૂજારીઓ હતા. ન્યાયમંદિર (Forum) પાસે આવેલાં દેવળમાં પવિત્ર કુમારિકાઓ (Vestal Virgins) રાષ્ટ્રના પવિત્ર અગ્નિની હંમેશાં સંભાળ રાખતી હતી. શકુન અને તેનું રહસ્ય સમજાવવા માટે શકુનવિદ્યા જાણનારાઓની એક સંસ્થા પણ સ્થાપવામાં આવેલી હતી.

સમય જતાં રોમની પ્રજા ગ્રીકપ્રજાના સમાગમમાં આવી (ઈ. સ. પૂ. બીજું શતક) અને રોમના ધર્મ અને સંસ્કૃતિનું સ્વરૂપ બદલાયું. ઈ. સ. પૂ. ૧૫૫ માં ગ્રીસના ત્રણ તત્ત્વચિન્તકો રોમમાં એલચી તરીકે આવ્યા અને તેમણે પોતાના તત્ત્વજ્ઞાનનો પ્રચાર કરવા માંડ્યો. થોડા જ વખતમાં સ્ટોઈક તત્ત્વચિન્તકોના વિચારો એક રૂપમાં કે બીજા રૂપમાં રોમની પ્રજામાં દાખલ થઈ ગયા. સાથેસાથે પૂર્વના બીજા કેટલાક દેશોની વિચારધારાઓની પણ અસર થઈ. કાર્થેજના યુદ્ધ વખતે એશીઆ માઈનરના ફ્રિજિઆમાંથી **સીબેલ**ની ઉપાસના રોમમાં દાખલ થઈ. **ડાયોનીસીસ**ની ઉપાસના અસ્તિત્વમાં આવી, પણ તેમાં અત્યાચારો થવાથી ઇ. સ. પૂ. ૧૮૬ માં તેને દબાવી દેવામાં આવી. કેપેડોસીઆમાંથી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**મ** ( ma ) ની ઉપાસના આવી ( ઈ. સ. પૂ. ૧૦૦ ), અને રોમની પ્રજાએ **મ** ને **બેલોના**ની સાથે ભેળવી દીધી. જ્યારે રોમનોએ ઇજીપ્તને જીતી લીધું ત્યારે ઇજીપ્તના **આઇસિસ** અને **ઓસિરિસ** એ બેની ઉપાસનાઓએ રોમનોનાં હૃદયમાં પ્રવેશ કરી દીધો. ઇજીપ્તના મરણોત્તર સ્થિતિ વિષેના વિચારોએ પણ રોમનોનું ધ્યાન ખેંચ્યું. ઇરાનમાંથી મિથ્રની ઉપાસના પણ રોમમાં દાખલ થઈ. જેમ જેમ રોમનો બીજી પ્રજાઓને વશ કરવા ગયા તેમ તેમ તે બીજી પ્રજાઓના ધર્મો રોમનોને વશ કરતા ગયા. પરિણામે રોમ ધર્મોનું સંગ્રહસ્થાન બની ગયું. રોમમાં ધર્મ વિષે બહુ સ્વતંત્રતા હતી. ગમે તે માણસ ગમે તે ધર્મ પાળી શકતો હતો. તેમાં રાજ્યની દખલગીરી ન હતી. રાજ્યને તો ફક્ત રાજ્ય તરફ અનન્ય ભક્તિની અપેક્ષા હતી.

રાજકીય દૃષ્ટિએ રોમન પ્રજાએ દિગ્વિજય કર્યો પણ ધર્મદૃષ્ટિએ પરાજિત થએલી પ્રજાના ધર્મોએ રોમ ઉપર વિજય મેળવ્યો. ખ્રિસ્તી ધર્મની સ્થાપના પછી રોમનો ખ્રિસ્તીઓના સંઘર્ષમાં આવ્યા અને તેમાં તેમનો પરાજય થયો. આખરે જ્યારે ઇ. સ. ના ચોથા શતકમાં રોમના પ્રાચીન ધર્મને રાજ્ય તરફથી દબાવી દેવામાં આવ્યો ત્યારે તે ધર્મની સમાપ્તિ થઇ. શહેરોમાં ખ્રિસ્તીધર્મનો પ્રચાર થયો, પણ ગામડાંઓમાં પ્રાચીન ધર્મ મધ્યકાલીન યુગ સુધી ચાલ્યો. રોમની સંસ્કૃતિએ જેવી રીતે કાયદો અને શાસનપદ્ધતિ જગતને આપી છે, તેવી રીતે રોમના ધર્મે જગતને જાદુ વિદ્યાના સિદ્ધાન્તો અને વિધિઓનો વારસો આપ્યો છે. આજે ઇટલીમાં ખ્રિસ્તીધર્મનો પ્રચાર છે અને ખ્રિસ્તીધર્મના વડા **પોપ** રોમમાં આવેલા **વેટીકનનગર** (Vatican City)માં રહે છે.

---

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ પંદરમું

## ઉપસંહાર

જગતના વિદ્યમાન અને પ્રાચીન અવિદ્યમાન ધર્મોની સંક્ષિપ્ત ચર્ચા અને તુલના કર્યા પછી એક વાત બહુ સ્પષ્ટ તરી આવે છે અને તે એ કે ધર્મો અનેક છે પણ ધર્મ એક છે. જેમ બધાં મનુષ્યોમાં મનુષ્યત્વ નામનો સામાન્ય ભાવ એક છે અને નિત્ય છે તેમ બધા ધર્મોમાં રહેલું ધર્મત્વ નામનું તત્ત્વ એક છે અને નિત્ય છે. અતિપ્રાચીન કાળમાં મનુષ્યની જે ધર્મભાવના હતી તે આજે પણ એક રૂપમાં કે બીજા રૂપમાં જોવામાં આવે છે. આ દૃષ્ટિએ વિચાર કરતાં 'જે સમાજને ધારણ કરે તે ધર્મ' धारणाद्धर्ममित्याहुः, એ ધર્મનું લક્ષણ યોગ્ય લાગે છે. અનાદિ કાળથી જગતની જુદી જુદી પ્રજાઓને પોતાના ધર્મે જ ધારણ કરી રાખેલી છે. જગત્ ગતિમાન્ છે, તેથી તેની પરિસ્થિતિ સમયે સમયે બદલાય છે. પરિસ્થિતિ બદલાતાં ધર્મના બાહ્ય સ્વરૂપમાં સ્વાભાવિક રીતે ફેરફાર થાય છે. વાસ્તવિક રીતે સમાજ અને ધર્મ એ બેનો સંબંધ બહુ ગાઢ છે અને તેથી તેમનો વિકાસ, બે સમાન્તર લીટીઓની માફક, સાથે સાથે થાય છે. પાણીની સપાટી બધે એક હોય છે તેમ સમાજ અને ધર્મની સપાટી એક હોય છે.

મનુષ્યોમાં સત્ત્વ, રજસ્ અને તમસ્ એ ત્રણ ગુણો ઓછા વધતા પ્રમાણમાં રહેલા છે. તેમાં કોઈનામાં સત્ત્વ ગુણ પ્રધાન હોય છે તો બીજાનામાં રજોગુણ કે તમોગુણ પ્રધાન હોય છે. આ ગુણભેદને લીધે મનુષ્યોના વિચાર અને આચારમાં કુદરતી રીતે ભેદ રહે છે. મહાકવિ કાલિદાસે આ દૃષ્ટિએ જ કહ્યું કે भिन्नरुचिर्हि लोकः । આ વિવિધ પ્રકારની રુચિવાળા મનુષ્યવર્ગને સંતોષ આપવા માટે વિવિધ પ્રકારના ધર્મોની

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આવશ્યકતા રહે છે. મહિમ્નસ્તોત્રમાં પુષ્પદન્ત કવિએ પ્રથમ બધાં દર્શનો ગણાવ્યાં–વેદ, સાંખ્ય, યોગ, પાશુપત અને વૈષ્ણવ, અને કહ્યું કે મનુષ્યો પોતાની ભિન્ન ભિન્ન રુચિને લીધે જુદા જુદા તત્ત્વજ્ઞાનના માર્ગો સ્વીકારે છે, પણ વસ્તુતઃ તે બધા ય માર્ગોમાં એક જ પરમાત્માની પ્રાપ્તિનો ઉપદેશ છે. કવિનો મૂળ શ્લોક આ પ્રમાણે છે—

त्रयी सांख्यं योगः पशुपतिमतं वैष्णवमिति
प्रभिन्ने प्रस्थाने परमिदमदः पथ्यमिति च ।
रुचीनां वैचित्र्यादृजुकुटिलनानापथजुषां
नृणामेको गम्यस्त्वमसि पयसामर्णव इव ॥७॥

જૈન દર્શનના મહાન્ તત્ત્વચિન્તક સિદ્ધસેન દિવાકરનો અભિપ્રાય પણ વિચાર કરવા જેવો છે. તે કહે છે કે

उदधाविव सर्वसिन्धवः
समुदीर्णास्त्वयि नाथ दृष्टयः।
न च तासु भवान् प्रदृश्यते
प्रविभक्तासु सरित्स्विवोदधिः ॥

( द्वात्रिंशद् द्वात्रिंशिकास्तोत्र ४. १५ )

જૈનદર્શનનો સ્યાદ્વાદનો સિદ્ધાન્ત બહુ મનન કરી વ્યવહારમાં પાળવા જેવો છે. આ સિદ્ધાન્તથી બધા દૃષ્ટિબિન્દુઓનો સારો સમન્વય થઇ શકે છે.

ધર્મોના ભેદોમાં રહેલી ધર્મની એકતા વિષે ભારતના તત્ત્વચિન્તકોની માફક પશ્ચિમના વિચારકોએ પણ પોતાના વિચારો દર્શાવ્યા છે. બધા ય ધર્મો પરમતત્ત્વની પ્રાપ્તિને માટે નિર્માણ થએલા છે અને પોતાના યુગમાં તે પ્રયોજન સિદ્ધ કરી ચાલ્યા જાય છે. આ રીતે ધર્મોનો પ્રવાહ જગતમાં અવિચ્છિન્ન રીતે ચાલ્યા કરે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કવિ ટેનિસન કહે છે કે

Our little systems have their day;
They have their day and cease to be;
They are but broken lights of Thee;
And thou, O Lord, art more than they.

( In Memoriam )

આ જ દૃષ્ટિથી કોન્ફ્યૂશ્યસે કહ્યું કે નીતિના સનાતન સિદ્ધાન્તોના ઉપર રચાયેલી શાસનપદ્ધતિ સમસ્ત વિશ્વમાં શાન્તિ અને સુખ આપી શકશે, આખા જગત ઉપર આવા પ્રકારનું એક જ શાસન સર્વ દુઃખનો અન્ત લાવશે અને કલ્યાણરાજ્યની સ્થાપના થશે. ખરેખર एष धर्मः सनातनः .

આ બધી ચર્ચા પછી આપણને એક વાત સ્પષ્ટ સમજાય છે કે ધર્મ-ભેદને લીધે માનવસમાજમાં ભેદ રાખવા માટે, જુદા ધર્મવાળા વર્ગ સામે દ્વેષ રાખવા માટે, અને ધર્મને નામે મનુષ્યોની હિંસા કરવા માટે કોઈપણ પ્રકારનું કારણ નથી, એટલું જ નહિ પણ ધર્મને નામે યુદ્ધ કરવાં એ ધર્મના સ્વરૂપથી જ વિરુદ્ધ છે. ધર્મ પાળનારાઓ જ્યારે હિંસા જેવાં પાપકર્મો કરે છે ત્યારે જીસસ ક્રાઈસ્ટની માફક આપણને પણ લાગે છે કે આ બધા ધાર્મિક કહેવાતા માણસો જે એક બીજાની હિંસા કરે છે તે પોતે ધર્મ શું છે તે બરોબર સમજતા નથી. ધર્મના શુદ્ધ સ્વરૂપના અજ્ઞાનને લીધે વિશ્વમાં ધાર્મિક વિગ્રહો ઉભા થાય છે. વિગ્રહોનું કારણ ધર્મ નથી પણ ધર્મનું ઘોર અજ્ઞાન છે. તેથી દરેક દેશમાં પ્રજાને ધર્મના સાચા જ્ઞાનની આવશ્યકતા છે. ધર્મોના તુલનાત્મક અભ્યાસથી બીજા ધર્મોનાં સુન્દર તત્ત્વો અને સર્વ ધર્મની એક પીઠિકાનો સારો ખ્યાલ આવી શકે છે. આપણા દેશના અભ્યાસક્રમમાં ધર્મના તુલનાત્મક અભ્યાસને દાખલ કરવાની ખાસ જરૂર છે. તેમ કરવાથી ભારતની બીનસામ્પ્રદાયિક રાજ્યનીતિ વધારે સફળ થશે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ધર્મને નામે સમાજના ભાગલા પાડવા, એક જ ધર્મ પાળનારાં રાષ્ટ્રો એકઠાં થઈ એક મહાયૂથ રચવું અને પછી બીજા ધર્મોની પ્રજા ઉપર પોતાનું વર્ચસ્વ સ્થાપવું, બધાં દેશોને જીતીને વિશ્વમાં પોતાનો જ ધર્મ સ્થાપવો—આ પ્રકારના મનોરથો સેવનારી આજની કેટલીક પ્રજાઓ સાચો માર્ગ ભૂલી ગઈ છે. ધર્મ જેવા નિર્દોષ તત્ત્વનો આધાર લઈ કેટલીક પ્રજા પોતાના વિચાર અને આચારથી અધર્મની જ સ્થાપના કરી રહી છે એ જગતની વિચિત્રતા છે. જગતની બધી ય પ્રજાઓને પોતપોતાનો ધર્મ હોય છે, અને પોતે તે ધર્મ બરોબર પાળે છે એમ માને છે અને મનાવે છે; પણ જ્યારે આપણે તેમની ક્રિયા જોઈએ છીએ ત્યારે આપણને જણાય છે કે આ તો બધો પ્રપંચ, છેતરપંડી છે. હિન્દુઓ, મુસલમાનો, ખ્રિસ્તીઓ વગેરે પોતાની જાતને ધાર્મિક કહી એક બીજાની હિંસા કરે એ દૃશ્ય આપણને કંપાવી નાખે છે. આપણાં બે વિશ્વયુધ્ધોમાં તો ઘણી ખરી પ્રજાઓ તો એક જ ધર્મ પાળનારી અને સામે સામે લઢનારી ! ધર્મના ઘોર અજ્ઞાનથી ધર્મની ધારણાશક્તિ આ બધી પ્રજા ગુમાવી બેઠી છે એ એક ખેદજનક હકીકત છે.

પહેલા વિશ્વયુદ્ધ પછી જગતનાં મુખ્ય રાષ્ટ્રોને શાન્તિની આવશ્યકતા જણાઇ અને તેની સિદ્ધિ માટે પ્રજાસંઘ (League of Nations) ની સ્થાપના કરી, પણ થોડા જ સમયમાં પ્રજાનો મૂળ રોગ–કામ, લોભ અને ક્રોધ–ફરીથી પ્રગટ થયો અને કેટલાંક રાજ્યોમાં સન્નિપાતના જેવાં લક્ષણો જણાવા લાગ્યાં. પરિણામે બીજું વિશ્વયુદ્ધ થયું અને ફરીથી પ્રજાસંઘ (United Nations Organisation) ની સ્થાપના કરવામાં આવી. હિન્દુસ્તાનમાં પણ ધર્મનું નિમિત્ત લઇને હિન્દી પ્રજાના હિન્દુ અને મુસલમાન એ પ્રમાણે બે ભાગો પાડવામાં આવ્યા, બન્ને વચ્ચે દ્વેષ વધતો ગયો, હિંસાઓ થઈ અને આખરે ધર્મને જ નામે ભારતના બે ભાગ થયા. ધર્મ એ તો વ્યક્તિગત બાબત છે. તેને અને રાજકીય બાબતને કશો સંબંધ નથી, અને વસ્તુતઃ બધા ધર્મો એક જ છે. છતાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જ્યારે રાજકીય વિષયોમાં ધર્મને ઘુસાડવામાં આવે ત્યારે કેવાં ભયંકર પરિણામ આવે છે એ વર્તમાન ઈતિહાસ ઉપરથી આપણે સહેલાઈથી સમજી શકીએ છીએ. આજે આપણે એક બોધપાઠ લેવાની જરૂર છે અને તે એ કે રાજ્યશાસનમાં ધર્મના પ્રશ્નને કોઈ પણ પ્રકારનું સ્થાન ન હોવું જોઈએ, રાજકીય પ્રશ્નમાં ધર્મને ભેળવી ધર્મના વિકૃત સ્વરૂપની ભૂમિકા ઉપર રાજ્યની રચના ન થવી જોઈએ.

પ્રજાસંઘ ( UNO ) ની સંસ્થા દસ વર્ષના સમયમાં જો કે અપૂર્વ સિદ્ધિઓ પ્રાપ્ત કરી શકી નથી છતાં પણ તે ઘણા અનિષ્ટ પ્રસંગો કેટલેક અંશે અટકાવી શકી છે. જગતના આજના અવિશ્વાસના વાતાવરણમાં આટલું પણ બન્યું છે તે ઓછું નથી. મહાત્મા ગાંધીજીના પ્રેમ અને અહિંસાના સિદ્ધાન્તનું રહસ્ય જગતની પ્રજાને ધીમે ધીમે ગળે ઉતરવા માંડયું છે. યુદ્ધો અટકાવવા માટે, સર્વત્ર શાન્તિ સ્થાપવા માટે, અને અણુશક્તિનો માનવજાતિના હિતમાં ઉપયોગ કરવા માટે જગતના માન્ધાતાઓ પરિષદો ભરે છે એ એક શુભ ચિહ્ન છે. આપણા પંતપ્રધાન પણ્ડિત જવાહરલાલના **પંચશીલ** સિદ્ધાન્તે સર્વત્ર વિશ્વાસ અને શાન્તિનું વાતાવરણ ઉભું કર્યું છે, અને તેથી વિરોધી રાષ્ટ્રોના નેતાઓ એક બીજાને મળતા થયા છે. પણ્ડિતજીનો પંચશીલનો સિદ્ધાન્ત એ સનાતન ધર્મનું જ બીજું રૂપ છે. આ સિદ્ધાન્તમાં સમસ્ત વિશ્વનું હિત રહેલું છે, આ જ સિદ્ધાન્ત સમાજને ટકાવી રાખનારો ખરો ધર્મ છે. ખરેખર, ધર્મનો આ વિજય છે.

આ પ્રમાણે ધર્મની ભૂમિકા ઉપર રાષ્ટ્રિય વિચારધારાઓ વહેવા માંડી છે, તો પણ જેટલા પ્રમાણમાં એ વિચારસરિતાઓમાં વેગ આવવો જોઈએ અને મહાસાગરને મળીને વ્યાપકતા આવવી જોઈએ તેટલા પ્રમાણમાં નથી બન્યું એમ આજની તારીખ સુધીનો જગતનો ઇતિહાસ સ્પષ્ટ દર્શાવે છે. ધર્મની ઉદાત્ત ભાવનાઓની વારંવાર ઘોષણા કરવામાં આવે છે, પણ વ્યવહારમાં તેની છાયા પણ જોવામાં આવતી નથી એ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ખરેખર ખેદની વાત છે. વાતો એક પ્રકારની કરવી અને વર્તવું બીજે પ્રકારે એ જાતની પરિસ્થિતિ આજે જગતમાં ઉભી થઈ ગઈ છે. આપણા દેશમાં પણ જીવનના દરેક ક્ષેત્રમાં વ્યવહારની જે શુદ્ધિ જોઇએ તે નથી એમ તટસ્થ વિચારકને જણાયા વિના નહિ રહે.

પ્રજાની પ્રગતિ, આધિભૌતિક અને આધ્યાત્મિક, સાધવાને માટે શિક્ષણ બહુ ઉપયોગી થઇ પડે છે એ સામાન્ય વાત સૌ કોઈ સમજી શકે એમ છે. આપણા દેશનું ધ્યેય તો આપણા માન્ય નેતાઓએ નક્કી કર્યું છે એ આનન્દની વાત છે. સર્વનું કલ્યાણ થાય, સર્વને અન્ન વસ્ત્ર અને નિવાસસ્થાન મળે, सर्वे जनाः सुखिनो भवन्तु– આ સર્વોદયનો આદર્શ આપણી રાષ્ટ્રિય સરકારે સ્વીકાર્યો છે, અને તેને સિદ્ધ કરવાને માટે પ્રયત્નો પણ કરવા માંડયા છે. લગભગ બસો વર્ષના વિદેશી શાસને સ્વાતંત્ર્ય-પ્રાપ્તિના સમયે જે વારસો આપ્યો છે–ધ્યેય વિનાનું શિક્ષણ, પ્રજાના ઘણા મોટા ભાગની નિરક્ષરતા, બેઠાડું જીવન, વિચાર શક્તિનો નાશ, અસહ્ય ગરીબાઇ, વેપારનો વિનાશ, ખેતીનો અવિકાસ અને ગામડાંઓની પામરતા–તે જોતાં દેશના પુનરુદ્ધારનું કામ ઘણું કઠિન છે. તે દિશામાં જેટલા પ્રયાસો થશે તેટલા ઓછા છે. ગાંધીજીએ આ બધા ય પ્રશ્નોનો તલસ્પર્શી અભ્યાસ કરી બહુ જ સુંદર માર્ગદર્શન આપ્યું છે. વિના વિલંબે તેનો સંપૂર્ણ સ્વીકાર કરવાથી આપણા રાષ્ટ્રનું ધ્યેય આપણે સારી રીતે સાધી શકીશું.

પ્રગતિને પંથે જવામાં મુખ્ય સાધન શિક્ષણ છે દેશના ખૂણે ખૂણે પ્રજાને જ્ઞાનનો દીપ મળે તો કુદરતી રીતે આખા દેશમાં અજવાળું થઇ જશે. શિક્ષણના વિષય ઉપર બહુ સૂક્ષ્મતાથી અને ગંભીરતાથી વિચાર કરવાની આવશ્યકતા છે. આપણી શિક્ષણની સંસ્થાઓનું–પ્રાથમિક શિક્ષણથી માંડીને તે ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ અને વિદ્યાપીઠો સુધીની સંસ્થાઓનું-હાલ પ્રવર્તી રહેલું વાતાવરણ બદલવાની બહુ જરૂર છે. ડૉ. રાધાકૃષ્ણન્ જેવા સમર્થ વિચારકો પણ આ પ્રકારની ચેતવણી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આપણી પ્રજાને આપી રહ્યા છે.

હજારો વર્ષો પહેલાં ઉપનિષદોના તત્ત્વચિન્તકોએ વિદ્યાનું પ્રયોજન દર્શાવતાં સ્પષ્ટ કહ્યું કે सा विद्या या विमुक्तये, જેનાથી વિમુક્તિ મળે તે વિદ્યા. ઐહિક દુઃખોમાંથી મુક્ત થઈ પારલૌકિક મુકિત મેળવવાનું જ્ઞાન એ એક જ સાધન છે એ અતિ પ્રાચીન વિચાર આજે પણ તેટલો સાચો છે. સત્ત્વ, રજસ્ અને તમસ્ એ ત્રણ ગુણોનું પરિણામ અનુક્રમે સુખ, દુઃખ અને મોહ છે. તમસમાંથી રજસ, અને રજસમાંથી સત્ત્વ—આ ક્રમ પ્રમાણે મનુષ્યે વિકાસ સાધવાનો હોય છે. સત્ત્વ ગુણ આવતાં જ્ઞાનનો પ્રકાશ થાય છે. सत्त्वात् संजायते ज्ञानम् એ ગીતાવાકયનો તો આપણે બધા રોજ પાઠ કરીએ છીએ. ભગવાનના આ ઉપદેશમાં જે રહસ્ય રહેલું છે તે શાન્તિથી વિચારવા જેવું છે.

શિક્ષણ સંસ્થાઓનું વાતાવરણ સત્ત્વ ગુણને પોષનારૂં હોય તો તે સંસ્થાઓનું પ્રયોજન બહુ સહેલાઇથી સિદ્ધ થઈ શકે છે. સાત્ત્વિક વાતાવરણમાં મનુષ્યની વૃત્તિઓ પણ સાત્ત્વિક રહે છે અને જેમ શિવાલયમાં, મસ્જિદ અને દેવળમાં જતાં અમુક પ્રકારની પવિત્ર ભાવનાઓનું સ્ફુરણ થાય છે તેમ વિદ્યામંદિરોમાં પ્રવેશ કરતાંની સાથે પવિત્ર હવા અથડાય, અને મનોવૃત્તિ સાત્ત્વિક બને એવું હોવું જોઇએ.

શિક્ષણનાં ત્રણ મુખ્ય અંગો–વિદ્યાર્થી, શિક્ષક અને અભ્યાસક્રમ–જો કે એક સરખી રીતે મહત્ત્વનાં છે, છતાં પણ શિક્ષક અને અભ્યાસક્રમ એ મહત્ત્વનો ભાગ ભજવે છે. વિદ્યાર્થી તો બાળક છે; ઘડાવાને માટે તે વિદ્યામંદિરમાં આવે છે અને ગુરુઓના રક્ષણ તળે રહે છે. તેથી ઘણી મોટી જવાબદારી શિક્ષકો અને પાઠ્ય પુસ્તકો ઉપર રહે છે.

જે વ્યક્તિને શિક્ષણ કલામાં રસ છે, સાત્ત્વિક જીવન ગાળવાની ઇચ્છા છે અને જ્ઞાન વધારી બીજાઓને તેનો લાભ આપવાની ઉત્સુકતા છે તેને જ શિક્ષણના ક્ષેત્રમાં પ્રવેશ કરવાનો અધિકાર મળે છે. આવા પ્રકારના અધિકારી શિક્ષકો—વિદ્યાપીઠોના પ્રાધ્યાપકો પણ શિક્ષકો જ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# પરિશિષ્ટ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# જગતના અગીઆર વિદ્યમાન ધર્મો.

(ઉત્પત્તિકાલની ગણના પ્રમાણે)

| નામ | ઉત્પત્તિનો સામાન્ય કાલ અથવા ધર્મ-સ્થાપકનો જન્મ | સ્થાપક | દેવ | હાલનું પ્રચાર-સ્થાન | શાસ્ત્રો | અનુયાયીઓની સંખ્યા આશરે (લાખની ગણત્રીએ) |
|---|---|---|---|---|---|---|
| હિન્દુધર્મ | ૪૦૦૦ ઇ. સ. પૂર્વે | કોઈ નહિ | બ્રહ્મ, અથવા, અનેક દેવો | હિન્દુસ્તાન, સિલોન, બાલી, સિયામ, દ. આફ્રિકા | વેદો | ૩૦૦૦ |
| યાહુદીધર્મ | ૧૨૦૦ ,, | મોઝેઝ | જેહોવાહ | યૂરોપમાં અડધો, અમેરિકામાં પા અને બાકીનો જુદે જુદે સ્થળે | જુનો કરાર | ૧૬૦ |
| શિન્તો | નામનું ૬૬૦ ,, | કોઈ નહિ | પ્રકૃતિ–દેવો | જાપાન | કોજીકી અને નિહોન્ગી | ૧૭૦ |
| ઝોરોસ્ટરધર્મ (પારસીધર્મ) | ૬૬૦ ,, | ઝોરોસ્ટર | અહુરમઝ્દ | ઇરાન અને હિન્દુસ્તાન | અવસ્તા | ૧૧ |
| તાઓધર્મ | ૬૦૪ ,, | લાઓત્ઝે | તાઓ | ચીન, કોરીઆ, મંચુરીઆ | તાઓ–તેહ્ કિન્ગ | ૬૦૦ |

P. P. Ac. Gunratnasuri M.S.
Jin Gun Aaradhak Trust

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| જૈનધર્મ | ૫૯૯ ,, | વર્ધમાન, મહાવીર | આરંભમાં કોઇ નહિ;હાલમાંસ્થાપક | હિન્દુસ્તાન | અંગો | ૧૬ |
| બૌદ્ધધર્મ | ૫૬૦ ,, | ગૌતમ, બુદ્ધ | આરંભમાં કોઇ નહિ; હાલમાં સ્થાપક | હિન્દુસ્તાન, સીલોન, બર્મા, થાઇલેન્ડ, હિન્દી-ચીન, ચીન, કોરીઆ, જાપાન, મોંગોલીઆ, રશીઆ | ત્રિપિટક | ૫૨૦૦ |
| કૉન્ફ્યૂશ્યસધર્મ | ૫૫૧ ,, | કૉન્ફ્યૂશ્યસ | આકાશ અથવા સ્થાપક | ચીન, કોરીઆ, મંચુરીઆ | કલાસિકસ | ૪૦૦૦ |
| ખ્રિસ્તીધર્મ | ૩૦ ઇ. સ. | જીસસ ક્રાઇસ્ટ | પિતા-ઈશ્વર | જગતના બધા ભાગોમાં | બાઇબલ | ૫૫૭૦ |
| મહમદધર્મ ઈસ્લામ | ૫૭૦ ઇ. સ. પછી | મહમદ | અલ્લાહ્ | મુસલમાન દેશો | કુરાન. | ૩૦૦૦ |
| શીખધર્મ | ૧૪૬૯ ,, | નાનક | સત્નામ | હિન્દુસ્તાન | ગ્રન્થ | ૬૨ |

P. P. Ac. Gunratnasuri M.S.
Jin Gun Aaradhak Trust